સાપ્તાહિક

# મુંબઈ સમાચાર

૨૦૪ વર્ષ

R.N.I. No. 1689/57 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૫ ■ Volume 69 ■ Issue 4 ■ વિક્રમ સંવત ૨૦૮૨
માઘ સુદ - ૭ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ REGD.No. MCS/121/2024-26

રવિવાર, ૨૫ જાન્યુઆરી ૨૦૨૬, કિંમત ₹ ૧૦.૦૦ | ઉત્સવ પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u



# નવનીત બાલધીયા કેસમાં એસઆઈટીએ જયરાજ માયાભાઈ આહીરની ધરપકડ કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ભાવનગરના બગદાણાના કોળી સમાજના યુવાન પર કથિત હુમલાના કેસમાં આખરે એસઆઈટી દ્વારા જયરાજ માયાભાઈ આહીરની ધરપકડ કરવામાં આવી હતી. ભાવનગર સહિત સમગ્ર રાજ્યમાં ભારે ચકચાર મચાવનાર બગદાણાના કોળી યુવાન નવનીત બાલધીયા ઉપર થયેલ હુમલામાં પોલીસ મુખ્ય આરોપીને છાવરી રહી હોવાના આક્ષેપો થયાં હતાં. તે બાદ કોળી સમાજના ધારાસભ્યો, સાંસદો દ્વારા મુખ્ય પ્રધાનને રજૂઆત કરવામાં આવી હતી. જેથી આ કેસની તપાસ એસઆઈટીને સોંપવામાં આવી હતી. આ કેસમાં મુખ્ય આરોપી જયરાજ માયાભાઈ આહીર છે, તેવું ભોગ બનનાર કોળી યુવાને કહ્યું હતું, પરંતુ પોલીસે જયરાજનું નામ ફરિયાદમાં પણ નહોતું લખ્યું. આ અંગે કથિત મુખ્ય આરોપીની ધરપકડ માટે ભારે દબાણ કરવામાં આવ્યું હતું. અંતે એસઆઈટીએ આ કેસમાં કાર્યવાહી કરતા જયરાજ આહીરની ધરપકડ કરી લીધી હતી. આ કેસમાં પહેલા બગદાણા પોલીસે ૮ આરોપીની ધરપકડ કરી હતી. આ કેસની સંવેદનશીલતાને ધ્યાનમાં રાખતા ૫ જાન્યુઆરીના રોજ એસઆઈટીની રચના કરવામાં આવી હતી. એસઆઈટીએ ૨૦ દિવસમાં સમગ્ર કેસની ઊંડાણપૂર્વક તપાસ હાથ ધરી આઠ આરોપીઓના ત્રણ દિવસના ફરી રિમાન્ડ મેળવ્યાં હતાં. સૂત્રોના જણાવ્યા અનુસાર આ રિમાન્ડ દરમિયાન આરોપીઓ સાથે કરવામાં આવેલી પૂછપરછના અંતે વધુ આરોપીઓ સંડોવાયેલ હોવાના પુરાવાઓ પ્રાપ્ત થતા કાનાભાઇ ભીખાભાઇ કામળીયા, સંજયભાઇ બેચરભાઇ ચાવડા, દિનેશભાઇ ઉર્ફે દાદુ લોમાભાઇ સોલંકીની ધરપકડ કરવામાં આવી હતી. આ તમામ પ્રકારની કાર્યવાહી અને તપાસમાં વધુ બે આરોપી ઉત્તમભાઇ ભરતભાઇ બાંભણીયા, અજયભાઇ ઉર્ફે મોટો મનજીભાઇ ભાલીયાની ધરપકડ કરાઈ હતી. આમાં પુરાવાઓ, સાંયોગિક નિવેદનો, આરોપીઓના એકબીજા સાથેના મોબાઇલ સંપર્કો, તેમના લોકેશન્સ તથા અન્ય ડીટેલ્સ અંગેની કડીઓની તપાસ કરતા જયરાજ આહીરની કથિત સંડોવણીના પુરાવા મળ્યાં હતાં. જેથી હુમલાના આ કેસમાં જયરાજ આહીરની પણ ધરપકડ કરી લેવામાં આવી હતી, તેમ સૂત્રો દ્વારા માહિતી મળી હતી. ■

# નલિયા પાંચ ડિગ્રીએ ઠુઠવાયું, સૌરાષ્ટ્ર સહિત ગુજરાતમાં ઠંડીનો ચમકારો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં માવઠાની આગાહી વચ્ચે ઠંડીનું જોર વધ્યું છે. મધ્ય ગુજરાતને બાદ કરતા સૌરાષ્ટ્ર, કચ્છ અને ઉત્તર ગુજરાતમાં લઘુતમ તાપમાનમાં ઘટાડો નોંધાયો હોવાથી ઠંડીનો ચમકારો વર્તાઈ રહ્યો છે. કચ્છનું નલિયા શનિવારે ૫ ડિગ્રીએ ઠુઠવાયું હતું જ્યારે સૌરાષ્ટ્રનાં ઘણાં શહેરોમાં ૯ ડિગ્રી આસપાસ લઘુતમ તાપમાન નોંધાયું હતું. જોકે અમદાવાદ, વડોદરામાં વહેલી સવારે અને મોડી રાત્રે ઠંડીનો અનુભવ વધારે થઈ રહ્યો છે, પરંતુ દિવસ દરમિયાન ખાસ ઠંડી વર્તાતી નથી.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર મોટાભાગના જિલ્લાઓમાં મહત્તમ તાપમાન સામાન્ય કરતાં ૧ થી ૫ ડિગ્રી જેટલું ઓછું નોંધાયું હતું, જ્યારે ઘણા વિસ્તારોમાં લઘુતમ તાપમાનમાં પણ નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો હતો.

કચ્છના નલિયામાં સૌથી ઓછું લઘુતમ તાપમાન ૫.૦ઓઈ નોંધાયું હતું. દરમિયાન, ભુજમાં ૯.૮ઈ અને ઉત્તર ગુજરાતના ડીસામાં તાપમાન ૮.૪ જેટલું નીચું નોંધાયું હતું.

સૌરાષ્ટ્રમાં પણ ઠંડીનો માહોલ રહ્યો હતો. અમરેલીમાં લઘુતમ ૯.૪ ડિગ્રી, રાજકોટમાં ૯.૫ ડિગ્રી અને પોરબંદરમાં ૧૦.૨ ડિગ્રી નોંધાયું હતું.

અમદાવાદમાં મહત્તમ તાપમાન ૨૬.૬ઓઈ નોંધાયું, જ્યારે લઘુતમ તાપમાન ૧૨.૫ ડિગ્રી રહ્યું હતું. જ્યારે ગાંધીનગરમાં લઘુતમ તાપમાન ૧૧.૦ ડિગ્રી અને વડોદરામાં ૧૨.૮ ડિગ્રી સુધી નોંધાયું હતું. ■

# સુરતમાં દેશનું પહેલું ટેકનોલોજી સંચાલિત ટોલ પ્લાઝા શરૂ થશે, લાંબી કતારોથી મુક્તિ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વાહનોને ટોલ પ્લાઝા પર લાંબો સમય રોકાવું ન પડે તે માટે કેન્દ્ર સરકાર સુરતના કામરેજમાં ચોર્યાસી ટોલ પ્લાઝા પર મલ્ટિ-લેન ફ્રી ફ્લો ટોલ સિસ્ટમ શરૂ કરી રહી છે. આ નવી સિસ્ટમ વાહનચાલકોને રોકાયા વિના ટોલ ચૂકવવાની સવલત આપશે. આ સિસ્ટમ શરૂ થતા આ દેશનો પહેલો ટોલ પ્લાઝા બનશે, જેને માણસો વિના સંચાલિત કરવામાં આવશે. અહેવાલો અનુસાર નેશનલ હાઇવે ઓથોરિટી ઓફ ઇન્ડિયા (એનએચએઆઈ) દ્વારા અમલમાં મૂકવામાં આવી રહેલી લેન-ફ્રી ટોલ કલેક્શન સિસ્ટમ ફેબ્રુઆરીના અંત સુધીમાં કાર્યરત થવાની શક્યતા છે. કેન્દ્રએ રાષ્ટ્રીય હાઇવે પર પરંપરાગત ટોલ બૂથ પદ્ધતિને ધીમે ધીમે નાબૂદ કરવાનો અને તેને ઇલેક્ટ્રોનિક અને ટેકનોલોજી દ્વારા ચાલાવવાનો નિર્ણય કરવામાં આવ્યો છે, જેથી ટોલ પ્લાઝા પર લાગતી લાંબી કતારોની સમસ્યા હળવી થાય. નવી ટેકનોલોજી અનુસાર વાહનો ટોલ લેનમાંથી સામાન્ય ગતિએ પસાર થશે. ઓટોમેટિક નંબર પ્લેટ રેકગ્નીશન કેમેરા વાહન નોંધણી પ્લેટને સ્કેન કરશે, અને ફાસ્ટટેગ-આધારિત ચુકવણી સિસ્ટમ દ્વારા થોડીક સેકન્ડોમાં ટોલની રકમ આપમેળે કાપવામાં આવશે. સમગ્ર પ્રક્રિયા માનવરહિત રહેશે, જેનાથી વાહનોને રોકવાની જરૂર રહેશે નહીં. હાઇવે ઓથોરિટીના અધિકારીઓએ જણાવ્યું હતું કે કામરેજના ચોર્યાસી ખાતે ભારતનો પ્રથમ મલ્ટિ-લેન ફ્રી ફ્લો ટોલ રોડ પ્રોજેક્ટ પૂર્ણ થવાના આરે છે. મોટાભાગનું કામ પૂર્ણ થઈ ગયું છે, અને ફેબ્રુઆરીના અંત સુધીમાં સિસ્ટમ શરૂ થવાની સંભાવના છે, તેમ તેમણે જણાવ્યું હતું. ચોર્યાસી ટોલ પ્લાઝા પાસે કામગીરી પર નજર રાખવા માટે એક કંટ્રોલ રૂમ સ્થાપિત કરવામાં આવ્યો છે. આ સિસ્ટમ અંદાજિત રૂ. ૧૬ કરોડના ખર્ચે વિકસાવવામાં આવી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ■

# દેવભૂમિ દ્વારકાના ૨૧ ટાપુ પર મંજૂરી વિના પ્રવેશ પર પ્રતિબંધ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ દેવભૂમિ દ્વારકા જિલ્લા ભારતની પશ્ચિમ આંતરરાષ્ટ્રીય સરહદે વિશાળ સાગરકાંઠો ધરાવતો અતિ સંવેદનશીલ જિલ્લો છે. જિલ્લામાં ૨૪ ટાપુ આવેલા છે. જે ટાપુઓમાંથી માત્ર બે ટાપુઓ પર માનવ વસતી વસવાટ કરે છે. જયારે ૨૨ ટાપુ માનવ વસાહતરહિત છે. જે પૈકી નરારા ટાપુ માટે વર્ષ ૨૦૧૬ના જાહેરનામામાં જણાવેલ શરતોને આધીન પ્રાંત અધિકારી અને સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટની લેખિત પરવાનગી લેવામાંથી મુક્તિ આપવામાં આવી છે.

નિર્જન ટાપુઓ પર ધાર્મિક સ્થળો આવેલ હોવાથી વિવિધ ધાર્મિક પ્રસંગોએ દર્શનાર્થે શ્રદ્ધાળુઓ અવર જવર કરતા હોય છે. આ શ્રદ્ધાળુઓ સાથે રાષ્ટ્રવિરોધી તેમ જ દાણચોરી જેવી ગેરકાયદેસર અને અસામાજિક પ્રવૃત્તિઓ કરતા ઇસમો નિર્જન ટાપુઓ પર આશ્રય મેળવે અથવા હથિયાર કે નશાકારક પદાર્થો છુપાવે તેની શકયતા નકારી શકાય નહીં. ત્રાસવાદી જૂથો, સંગઠનો દ્વારા દેશના મહત્ત્વના ચાવીરૂપ સંસ્થાઓ તેમજ મહત્ત્વનાં ધાર્મિક સ્થાનો, ભીડવાળાં સ્થળોએ હુમલા કરી ભાંગફોડ તથા હિંસા કરે તેવી શકયતા રહેલી છે. આવી પ્રવૃતિઓના કારણે જન સલામતી ન જોખમાય તેમજ જાહેર સુલેહ શાંતિનો ભંગ ન થાય તે હેતુથી અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દેવભૂમિ દ્વારકાએ તેમને મળેલ સતાની રૂએ એક જાહેરનામું પ્રસિદ્ધ કર્યુ છે.

જે અનુસાર કુલ ૨૧ ટાપુ પર જવા માટે મંજૂરી લેવી પડશે. આ ટાપુઓની યાદીમાં ધાની ઉર્ફે ડની ટાપુ, ગાંધીયોકડો ટાપુ, કાલુભાર ટાપુ, રોઝી ટાપુ, પાનેરો ટાપુ, ગડુ (ગારૂ) ટાપુ, સાનબેલી (શિયાળી) ટાપુ, ખીમરોઘાટ ટાપુ, આશાબાપીર ટાપુ, ભૈદર ટાપુ, ચાંક ટાપુ, ધબધબો (દબદબો) ટાપુ, દીવડી ટાપુ, સામીયાણી ટાપુ, નોરૂ ટાપુ, માન મરૂડી ટાપુ, લેફા મરૂડી ટાપુ, લંધા મરૂડી ટાપુ, કોઠાનું જંગલ ટાપુ, ખારા મીઠા ચુષ્ણા ટાપુ, કુડચલી ટાપુનો સમાવેશ થાય છે.

આ ટાપુ ઉપર મહેસૂલી હકૂમત ધરાવતા પ્રાંત અધિકારી અને સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટની લેખિત પૂર્વ મંજૂરી વિના પ્રવેશ કરવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ■

# અમદાવાદ મનપાએ 30 કરોડ રૂપિયાના ખર્ચે નવા વોટર લાઈન પ્રોજેક્ટને આપી મંજૂરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સરદાર પટેલ સ્પોર્ટ્સ એન્કલેવના પ્રસ્તાવિત વિકાસ અને ૨૦૩૬ ઓલિમ્પિક બિડ માટેની તૈયારીઓને ધ્યાનમાં રાખીને, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (મનપા)એ નરેન્દ્ર મોદી સ્ટેડિયમ પરિસરમાંથી પસાર થતી હાલની ૧,૬૦૦ મિમી વ્યાસની મુખ્ય વોટરલાઈનને ખસેડવા માટે એક મોટો ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ હાથ ધરવાનો નિર્ણય કર્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

આ પ્રોજેક્ટમાં ૬૫૦ એમએલડી ક્ષમતા ધરાવતા કોતરપુર વોટર વર્ક્સમાંથી નીકળતી મુખ્ય લાઈન (ટ્રંક મેઈન) સ્થાળાંતરિત કરવાનો સમાવેશ થાય છે, જે શહેરના પશ્ચિમ ઝોનમાં અનેક વોટર ડિસ્ટ્રિબ્યુશન સ્ટેશનોને પાણી પૂરું પાડે છે. હાલમાં પાઇપલાઇન મોટેરા ફ્રેન્ચવેલ બ્રિજ અને સરદાર પટેલ સ્પોર્ટ્સ એન્ક્લેવ વિસ્તારમાંથી પસાર થાય છે, જે હવે રિવરફ્રન્ટ વિસ્તરણ અને રમતગમતના માળખાગત વિકાસ માટે એક મોટો અવરોધ બની ગયો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

પ્રસ્તાવિત યોજના હેઠળ, હાલની પાઇપલાઇનને સ્ટેડિયમ પરિસરમાંથી ખસેડવામાં આવશે અને પ્રસ્તાવિત બેરેજ-કમ-બ્રિજની ડાઉનસ્ટ્રીમ બાજુએ ડાયાફ્રેમ દીવાલની અંદર તેને આવરી લઈને ફરીથી રૂટ કરવામાં આવશે.

નવું એલાઇનમેન્ટ નદીને પાર કરશે અને હાલની મુખ્ય લાઈન સાથે જોડાશે, જે પાણી પુરવઠાનું કામ કરશે અને ઓલિમ્પિક સંબંધિત વિકાસ માટે જરૂરી જમીન મુક્ત થશે. આ માટે રૂ. ૩૦.૬૮ કરોડનો ખર્ચ મંજૂર કરાયો હોવાનું માનવામાં આવે છે.

હાલમાં, પશ્ચિમ અને મધ્ય ઝોનનો પાણી પુરવઠાનો નોંધપાત્ર ભાગ કોતરપુર વોટર વર્ક્સમાંથી ૧,૬૦૦ મિમી વ્યાસવાળી પશ્ચિમ મુખ્ય લાઈન પર આધાર રાખે છે.

આ પ્રોજેક્ટમાં આશરે ૧,૮૦૦ મીટર લાંબી એમએસ પાઇપલાઇન નાખવાની સાથે જરૂરી વાલ્વ, ઇન્ટરકનેક્શન અને સંલગ્ન કાર્યોનો સમાવેશ થાય છે.

એકવાર કાર્યરત થયા પછી, હાંસોલ ટાઉન પ્લાનિંગ સ્કીમના અંતિમ પ્લોટ અને સરદાર પટેલ સ્પોર્ટ્સ એન્ક્લેવમાંથી પસાર થતી હાલની પાઇપલાઇન કાયમી ધોરણે બંધ કરી તેને હટાવી દેવામા આવશે, તેમ અહેવાલો દ્વારા જાણવા મળ્યું હતું.

આ સ્થળાંતરથી લાંબા સમયથી ચાલી આવતી માળખાકીય સુવિધાઓની અવરોધો દૂર થવાની અપેક્ષા છે, જ્યારે આગામી દાયકામાં મોટા પાયે શહેરી અને રમતગમતના વિકાસની યોજના પહેલાં અમદાવાદના પાણી વિતરણ નેટવર્ક મજબૂત બનશે, તેમ પણ સૂત્રોએ જણાવ્યું હતું.

આ સાથે જ અમદાવાદના અનેક વિસ્તારોમાં પડી રહેલી પાણીની ટંચાઈનો પણ અંત આવે એવી આશા રાખવામાં આવે છે. ■

# ભક્તિને નામે અશ્લીલતા

## સુરતમાં સરસ્વતી પૂજાના કાર્યક્રમમાં ડાન્સથી વિવાદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ઉત્તર પ્રદેશ અને બિહારમાં ધાર્મિક કાર્યક્રમોમાં ફિલ્મી ગીતો પર અશ્લીલ નૃત્યના વીડિયો ઘણીવાર વાઇરલ થાય છે ત્યારે આવી જ ઘટના સુરતમાં પણ બની હતી. સુરત શહેરમાં પરપ્રાંતીયો મોટી સંખ્યામાં વસે છે. વિવિધ અવસર પર તેમના દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવતું હોય છે. વસંતપંચમીના અવસરે વેસુમાં એક ધાર્મિક કાર્યક્રમમાં મહિલાઓએ સ્ટેજ પર ઠુમકા લગાવતાં સમગ્ર વિસ્તારમાં ચર્ચાનો વિષય બન્યો હતો.

મળતી વિગત પ્રમાણે, આનંદ પાર્ક સોસાયટીમાં વસતપંચમીના દિવસે માતા સરસ્વતીની આરાધના માટે કાર્યક્રમનું આયોજન થયું હતું. આ દરમિયાન યોજવામાં આવેલા ગીત-સંગીતના કાર્યક્રમમાં મંચ પરથી મહિલાઓ દ્વારા અશ્લીલ ડાન્સ અને ઠુમકાઓ લગાવવામાં આવતાં ત્યાં હાજર લોકો ક્ષોભજનક સ્થિતિમાં મુકાઈ ગયા હતા. આ પ્રકારના આયોજન સામે સોસાયટીના જાગૃત નાગરિકોએ નારાજગી વ્યક્ત કરી હતી.

લોકોએ જાહેરમાં આ પ્રકારે મર્યાદા ઓળંગનારા આયોજકો સામે કડક પગલાં લેવા જોઈએ તેવી માગણી કરી હતી. ધર્મના નામે અધર્મ ફેલાવતા આવાં તત્ત્વો સામે દાખલો બેસે તેવી કાર્યવાહીની અપેક્ષા જનતા રાખી રહી છે. ઉલ્લેખનીય છે કે ગત વર્ષે પણ આવી ઘટના પ્રકાશમાં આવી હતી. ■

# પાન્છા ગામનાં મહિલા સરપંચે બનાવ્યા કડક નિયમો, દારૂ પીધો તો પાંજરે પૂરવા આદેશ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતના એક ગામમાં વ્યસનમુક્તિ અને સંપૂર્ણ દારૂબંધીના અમલ માટે તેમજ દારૂના દૂષણને જડમૂળથી ઉખેડી નાખવા ગ્રામજનો એકત્ર થયા છે. ગ્રામજનોએ એકત્ર થઈને અનોખો નિર્ણય કરવામાં આવ્યો હતો.

મહેસાણાથી ૫૦ કિલોમીટર દૂર આવેલા ખેરાલુ તાલુકાના પાન્છા ગામમાં અંદાજે ૩,૫૦૦ લોકો રહે છે. ગામના કેટલાક લોકો દેશી દારૂના રવાડે ચડી ગયા હોવાનું લોકોના ધ્યાનમાં આવ્યું હતું અને છેલ્લા બે વર્ષમાં પાંચ જેટલા યુવકોનું દારૂ પીવાને કારણે મોત નિપજ્યું હતું. જેથી ગામના લોકોએ એક થઈને દારૂના બહિષ્કાર અંગેનો નિર્ણય કર્યો છે અને ગામમાં એક વિશેષ સમિતિની રચના પણ કરવામાં આવી છે.

પાન્છા ગામે સરપંચ અને પંચાયતના સભ્યોની જાહેરાત બાદ તમામ સમાજના યુવાનો અને વડીલો એકત્ર થયા અને એક મોટી ગ્રામસભાનું આયોજન કર્યું હતું. ગામને નશામુક્ત બનાવવા તમામ ગ્રામજનોએ એક અવાજે બાહેંધરી આપી હતી. દારૂની બદીને જડમૂળથી ઊખેડી ફેંકવા માટે આગેવાનો પણ એક થયા હતા. જેથી હવે કોઇપણ યુવાન કે વડીલનું દારૂના કારણે મોત ના થાય! આ ગામમાં દારૂબંધીના ચુસ્ત અમલ માટે ગ્રામસભામાં એક અનોખો નિર્ણય લેવામાં આવ્યો હતો.

ગામમાં એક વિશેષ 'પાંજરું' બનાવવામાં આવ્યું છે. જો કોઈ વ્યક્તિ જાહેરમાં દારૂ પીતા અથવા નશો કરેલી હાલતમાં પકડાય તો તેને આ પાંજરામાં પૂરવામાં આવશે. અન્ય પણ કેટલાક નિર્ણયો લેવામાં આવ્યા હતા. જેમ કે, રાત્રે ૧૧ વાગ્યા પછી જાહેર ચોક, મંદિર કે મસ્જિદ જેવા જાહેર સ્થળોએ બેસવા પર પ્રતિબંધ, પાણીનો બગાડ અટકાવવા ગામમાં પાણીના મીટર નાખવા અને ટ્રાફિક સમસ્યા નિવારવા માટે સવારે ૮ થી સાંજે ૮ વાગ્યા સુધી જાહેર રોડ પર વાહન પાર્કિંગ કરવા પર પ્રતિબંધ લગાવી દેવામાં આવ્યો છે. ■

# સુરતમાં બુલેટ ટ્રેન બ્રિજની પ્લેટ પડતા માછીમારી કરતા પિતા-પુત્રનું મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરતના કઠોર ગામ નજીક તાપી નદી પર નિર્માણાધીન બુલેટ ટ્રેન બ્રિજની કામગીરી દરમિયાન શનિવારે એક દુર્ઘટના સર્જાઈ હતી. સૂત્રો પાસેથી મળતી માહિતી અનુસાર, બ્રિજના નિર્માણકાર્યમાં વપરાતા લોખંડની એક વિશાળ અને ભારેખમ પ્લેટ અચાનક નીચે પડતા અકસ્માત સર્જાયો હતો. આ સમયે નદીમાં માછીમારી કરી રહેલા પિતા અને પુત્ર આ પ્લેટ નીચે દબાઈ ગયા હતા અને બંનેનું મૃત્યુ થયું હતુ.

ઘટનાની વિગતો મુજબ, ૩૫ વર્ષીય મોહસીન શેખ અને તેમનો ૯ વર્ષનો પુત્ર હુમા મોહસિન શેખ નદીમાં હોડી લઈને માછીમારી કરી રહ્યા હતા. પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા અનુસાર, બ્રિજ પર કામ ચાલી રહ્યું હતું ત્યારે અચાનક લોખંડની પ્લેટ પિતા-પુત્ર પર પડી હતી. સ્થાનિકોએ તાત્કાલિક બચાવ કામગીરી માટે દોડી આવ્યા હતા સાથે પોલીસને પણ જાણ કરવામાં આવી હતી.

દુર્ઘટનાની જાણ થતા જ પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. પોલીસ સૂત્રોના જણાવ્યા પ્રમાણે, ભારે જહેમત બાદ નદીમાંથી બંને મૃતદેહોને બહાર કાઢી પોસ્ટમોર્ટમ અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. અકસ્માત ઘટનાસ્થળે કામગીરી અટકાવી દેવામાં આવી હોવાની માહિતી મળી હતી. આ સાથે સુરક્ષા વ્યવસ્થામાં રહી ગયેલી કચાશ અંગે પણ પોલીસ તપાસ હાથ ધરશે, તેમ જણાવવામા આવ્યું હતું.

બુલેટ ટ્રેનના પ્રોજેક્ટમાં નિર્માણ કાર્ય સતત ઘણા વર્ષોથી ચાલી રહ્યું છે પણ આવો વિચિત્ર અકસ્માત હજી સુધી થયો નથી. આમાં જીવ ગુમાવનાર માછીમાર પિતા-પુત્ર ખરેખર કમનસીબ હતા. ■

# બોડકદેવ કેસઃ ગોળી અકસ્માતે ન છૂટી હોવાનું તારણ, હત્યા અને આત્મહત્યાનો ગુનો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ બોડકદેવમાં નવપરિણીત યુગલના મૃત્યુની ઘટનામાં વળાંક આવ્યો છે. વસ્ત્રાપુર પોલીસ સ્ટેશનમાં દાખલ કરાયેલી નવી એફઆઈઆર અનુસાર પતિએ કથિત રીતે તેની પત્નીને ગોળી મારી તેની હત્યા કર્યા બાદ પોતે પણ આત્મહત્યા કરી હોવાનું નોંધાયું હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. અગાઉ અકસ્માતે ગોળી છૂટતા પત્નીનું મોત થયાનું અને ત્યારબાદ આઘાતમાં પતિએ આત્મહત્યા કરી લીધી હોવાનું બહાર આવ્યું હતું.

પોલીસ દ્વારા નોંધાયેલી ફરિયાદ અનુસાર આ ઘટના ૨૧ જાન્યુઆરીના રોજ રાત્રે ૧૦:૩૦ થી ૧૨:૧૨ વાગ્યાની વચ્ચે એનઆરઆઈ ટાવરમાં બની હતી. પોલીસે જણાવ્યું હતું કે વસ્ત્રાપુર પોલીસ સ્ટેશનમાં અગાઉ નોંધાયેલા આકસ્મિક મૃત્યુના કેસની તપાસ દરમિયાન, ફોરેન્સિક અને બેલિસ્ટિક તારણો સૂચવે છે કે રિવોલ્વર આકસ્મિક રીતે છૂટી ન શકે. ટ્રિગરને દબાવવા માટે જોર દેવું પડે છે, જેના કારણે આકસ્મિક ગોળીબાર થવાની શકયતા ઓછી જણાય છે. એફઆઈઆરમાં એમ પણ જણાવવામાં આવ્યું હતું કે કે યશકુમારસિંહજી ગોહિલે (૩૫) પોતાની લાઇસન્સ પ્રાપ્ત રિવોલ્વરમાંથી એક રાઉન્ડ તેમની પત્ની રાજેશ્વરીબાના માથાના પાછળના ભાગમાં ફાયર કર્યો હતો, જેનાથી તેમનું ઘટનાસ્થળે જ મોત થયું હતું.

ગોળીબાર પછી, ગોહિલે ૧૦૮ ઇમરજન્સી એમ્બ્યુલન્સ સેવાને ફોન કર્યો હોવાના અહેવાલ છે. જોકે, એમ્બ્યુલન્સ સ્ટાફે રાજેશ્વરીબાને મૃત જાહેર કર્યા હતા. પોલીસે જણાવ્યું હતું કે ગોહિલે પછીથી તે જ રિવોલ્વરથી માથામાં ગોળી મારીને આત્મહત્યા કરી હતી.

બંને મૃતદેહોને અસારવા સિવિલ હૉસ્પિટલમાં પોસ્ટમોર્ટમ માટે મોકલવામાં આવ્યા હતા, જ્યાં ડૉક્ટરોએ પુષ્ટિ કરી હતી કે બંને કિસ્સાઓમાં મૃત્યુનું કારણ બંદૂક સંબંધિત માથામાં થયેલી ઇજાઓને કારણે થયેલો માર અને રક્તસ્ત્રાવ હતા. પોલીસે ભાવનગર જિલ્લામાં નોંધાયેલ લાઇસન્સ પ્રાપ્ત રિવોલ્વર પણ જપ્ત કરી હતી, અને જાણવા મળ્યું હતું કે ફક્ત બે રાઉન્ડ લોડેડ હતા, જે બંને ઘટના દરમિયાન ઉપયોગમાં લેવાયેલા હતા.

ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૦૩(૧) અને આર્મ્સ ઍક્ટની કલમ ૩૦ હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે. ગોળીબાર પાછળના કારણો અંગે પોલીસ તપાસ હાથ ધરી રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ■

# અમદાવાદમાં સાબરમતી નદીમાં માતા-પુત્રએ લગાવી મોતની છલાંગના કેસમાં રિવરફ્રન્ટ પોલીસે તપાસ શરૂ કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમદાવાદના સાબરમતી નદીમાં માતા-પુત્રએ આત્મહત્યા કરી હોવાની ઘટના પ્રકાશમાં આવી હતી. સાબરમતી રિવરફ્રન્ટ વલ્લભ સદન બોટિંગ વિસ્તાર પાસેથી વૃદ્ધ માતા અને દીકરાની લાશ મળી આવી હતી. માતા-પુત્રએ સાબરમતી નદીમાં પડીને આપઘાત કર્યો હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી હતી. રિવરફ્રન્ટ પોલીસ ઘટના સ્થળે પહોંચીને તપાસ શરૂ કરી દીધી હતી.

આ મામલે પોલીસે કરેલી પ્રાથમિક તપાસમાં એવું જાણવા મળ્યું હતું કે, દીકરો માનસિક રીતે અસ્વસ્થ હોવાથી માતા દીકરાએ આપઘાત કર્યો હોવાની શક્યતા છે. અત્યારે બંનેના મૃતદેહ પોસ્ટમોર્ટ્મ માટે મોકલીને આગળની તપાસ શરૂ કરવામાં આવી હતી. મૃતકોની ઓળખ ૭૪ વર્ષીય પ્રવિણાબેન પંડ્યા અને તેમનાં ૪૮ વર્ષીય દીકરા જગદીશ સાથે સાબરમતી નદીમાં ઝંપલાવી આપઘાત કર્યો હોવાનું જાણવા મળ્યું હતું. જો કે, મોતનું સાચું કારણ જાણવા માટે પોલીસ તપાસ શરૂ કરી લેવામાં આવી હતી. સૂત્રો દ્વારા મળતી જાણકારી પ્રમાણે પ્રવિણાબેન પંડ્યા અને જગદીશ બપોરના સમયે સાબરમતી વોલ્ક વે પરથી કૂદ્યા હતા. બંને કૂદ્યા બાદ બોડી નદીમાં તરતી હતી, જે સિક્યુરિટી ગાર્ડને દેખાઈ હતી. લાશ તરતી દેખાતા ગાર્ડે તાત્કાલિક રિવર રેસ્ક્યુ ટીમ અને પોલીસને જાણ કરી દીધી હતી. પોલીસે આવીને મૃતદેહને બહાર કાઢ્યા અને બાદમાં પરિવાર જાણ કરી હતી. પરિવારે આવીને મૃતદેહની ઓળખ કરી ત્યારબાદ બંનેના મૃતદેહ ઓળખ કરી પોસ્ટ મોર્ટમ માટે મોકલવામાં આવ્યાં હતાં.

ગુજરાતમાં સતત આપઘાતના બનાવો બનતા રહે છે, જે માનસિક તાણ અને જીવન જીવવામાં આવતી મુશ્કેલીઓ તરફ ઈશારો કરી રહ્યા છે. ■

# ગુજરાતમાં ધોરણ ૧૦-૧૨ની બોર્ડ પરીક્ષા માટે સીસીટીવી અને ફાયર સેફ્ટીના કડક નિયમો જાહેર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડ પરીક્ષાઓ ૨૬ ફેબ્રુઆરીથી શરૂ થવાની છે. એસએસસી અને એચએસસી પરીક્ષાઓ ૨૬ ફેબ્રુઆરીથી ૧૮ માર્ચ સુધી યોજાશે. બોર્ડની પરીક્ષાને ધ્યાનમાં રાખી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડે તમામ પરીક્ષા કેન્દ્રો પર સીસીટીવી અને ફાયરસેફ્ટીની વ્યવસ્થાની સંપૂર્ણ તૈયારી રાખવાના કડક નિર્દેશો આપ્યાં છે. પરીક્ષાઓ શરૂ થાય તે પહેલાં બધા જ પરીક્ષા કેન્દ્રોને આ માપદંડોની ખાતરી કરીને તપાસ કરી લેવા સૂચના આપી દેવામાં આવી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

બોર્ડના નિર્દેશ પ્રમાણે પરીક્ષા કેન્દ્ર તરીકે નક્કી કરાયેલી તમામ શાળાઓએ નોંધણીના નિયમો અનુસાર સીસીટીવી કેમેરા લગાવેલા હોવા જોઈએ અને તે સંપૂર્ણપણે કાર્યરત હોવા જોઈએ. સીસીટીવી કેમેરામાં સ્પષ્ટ ફૂટેજ દેખાવવા જોઈએ અને તે પરીક્ષા બ્લોકના આખા વિસ્તારને આવરી લે તેવી જગ્યાએ ફીક્સ કરવાના રહેશે. એટલે કે પરીક્ષાખંડમાં બેઠેલા દરેક વિદ્યાર્થીઓ સ્પષ્ટ રીતે દેખાઈ શકે તેવી રીતે કેમેરાની એન્ગલ રાખવાની રહેશે.

પરીક્ષા શરૂ થયા પહેલાની ૧૫ મિનિટ અને પરીક્ષા પૂર્ણ થયાની ૧૫ મિનિટ પછી સુધી લગાતાર વીડિયો રેકોર્ડિંગ ચાલુ રાખવા આદેશ આપવામાં આવ્યો છે. ■

# સાંસદ ગેનીબેન ઠાકોરની ગાડીએ યુવકને ટક્કર માર્યાનો આક્ષેપ, સાંસદનો ઈનકાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ બનાસકાંઠાના સાંસદ ગેનીબેનની ગાડીએ પાલનપુરના કુશકલ નજીક એક યુવકને ટક્કર મારી હોવાનો ઘટના પ્રકાશમાં આવી હતી. આ ઘટના પાલનપુર-ડીસા હાઈવે પર કુશકલ પાટિયા નજીક બની હતી. ટક્કર વાગ્યા બાદ યુવક બેથી ત્રણ કલાક બેભાન થઈ ગયો હતો. જેથી તેને સારવાર માટે હોસ્પિટલ દાખલ કરવામાં આવ્યો હતો.

આ ઘટના મામલે પીડિત યુવકના પરિવારે આક્ષેપ કર્યો હતો કે, અકસ્માત સમયે સાંસદ પોતે ગાડીમાં હાજર હતાં. એટલું જ નહીં પરંતુ ગેનીબેનના માણસોએ ઘટનાસ્થળે લેવાયેલા ફોટા અને વીડિયો ડિલિટ પણ કરાવી દીધા હતા. પરિવારનો આક્ષેપ હતો કે અકસ્માત બાદ સાંસદ ઘટનાસ્થળ પરથી નીકળી ગયાં હતાં અને બીજા દિવસે હોસ્પિટલમાં આવ્યાં હતાં. ઇજાગ્રસ્ત યુવકના ભાઈએ આ અંગે સાંસદ ગેનીબેન પર ગંભીર આક્ષેપો કર્યા હતાં.

પીડિત પરિવાર દ્વારા યુવકને યોગ્ય અને વ્યવસ્થિત સારવાર મળે એ બાદ કાયદેસરની કાર્યવાહી કરવાની માગ કરવામાં આવી હોવાનું સૂત્રો દ્વારા જાણવા મળ્યું હતું. પીડિત યુવકના ભાઈના જણાવ્યાં પ્રમાણે આ ઘટના ત્રણથી સાડાત્રણ વાગ્યાની આજુબાજુ બની હતી. જે ગાડીએ તેમના ભાઈને ટક્કર મારી એમાં ગેનીબેન પણ બેઠેલાં હતાં. પીડિતને હોસ્પિટલ પણ પરિવાર દ્વારા જ લઈ જવામાં આવ્યો હતો. આક્ષેપ એવો પણ છે કે, ગેનીબેન તરફથી કોઈપણ કાર્યવાહી કરવામાં આવી નથી. જેથી આ મામલે આગળ કાર્યવાહી કરવામાં આવે તેવી પરિવારે માગણી કરી હતી.

જોકે ગેનીબેને આ આક્ષેપો નકાર્યા હતા. તેમણે જણાવ્યું હતું કે તેમના વાહનનથી યુવકને ટક્કર લાગી ન હતી. આ ઘટના બે વાગ્યા આસપાસ બની હતી અને યુવક પહેલા રખડતા ઢોર સાથે ટકારાયો હતો અને પછી તેમનાં વાહન સામે પડ્યો હતો. તેમણે દાવો કર્યો હતો કે સીસીટીવી ફૂટેજમાં પણ આ ઘટના દેખાય છે. આ લખાય છે ત્યાં સુધી પોલીસે સત્તાવાર નિવેદન આપ્યું ન હતું. ■

સાપ્તાહિક
# મુંબઈ સમાચાર
૨૦૪ વર્ષ
R.N.I. No. 1689/57
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૫ ■ Volume 69 ■ Issue 4 ■ વિક્રમ સંવત ૨૦૮૨
માઘ સુદ - ૭ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ REGD.No. MCS/121/2024-26
રવિવાર, ૨૫ જાન્યુઆરી ૨૦૨૬, કિંમત ₹ ૧૦.૦૦
ઉત્સવ પૂર્તિ
LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# વર્લ્ડ કપમાંથી બાંગ્લાદેશની સાથે પાકિસ્તાન પણ આઉટ?

ANTARA
GOLD & DIAMONDS
DADAR | BORIVALI
TODAY'S GOLD RATE
₹ 14,418/-
PER 1 GRAM OF 22KT
BIS HALLMARKED JEWELLERY
જુના સોનાના ઘરેણા શ્રેષ્ઠ ભાવે ખરીદીશું
DIAMOND JEWELLERY
VVS-VS F-G QUALITY
CERTIFIED NATURAL DIAMONDS
DADAR 022 4041 5565 | BORIVALI 022 6811 5565
OPEN ON ALL DAYS

## આઈસીસીએ બાંગ્લાદેશને સ્થાને સ્કોટલૅન્ડને રમાડવાની જાહેરાત કરતા પાકિસ્તાને પણ વિશ્વ કપમાંથી ખસી જવાની ચીમકી આપી

નવી દિલ્હી / લાહોરઃ ઇન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (આઇસીસી)એ આગામી ટી૨૦ વર્લ્ડ કપમાં બાંગ્લાદેશને સ્થાને સ્કોટલૅન્ડને રમાડવાની જાહેરાત કરી હતી, જ્યારે પાકિસ્તાન ક્રિકેટ બૉર્ડે જણાવ્યું હતું કે પાકિસ્તાને પણ આ વિશ્વ કપનો બહિષ્કાર કરવો કે નહિ, તે અંગે વડા પ્રધાન શહબાઝ શરીફ વિદેશમાંથી સ્વદેશ પાછા ફરીને નિર્ણય લેશે.

બાંગ્લાદેશ ક્રિકેટ બૉર્ડ (બીસીબી)ને ટી૨૦ વર્લ્ડ કપ નહિ રમવાથી મોટું આર્થિક નુકસાન થવાનું છે. આ સ્પર્ધામાં ભાગ લેવાથી મળનારા પાંચ લાખ ડૉલર બાંગ્લાદેશને હવે નહિ મળે અને આઇસીસીની વાર્ષિક આવકમાંથી મોટો હિસ્સો પણ ગુમાવવો પડશે.

બાંગ્લાદેશ ક્રિકેટ બૉર્ડ હવે છેલ્લા વિકલ્પ તરીકે લુસાનમાંની કોર્ટ ઑફ આર્બિટ્રેશન ઑફ સ્પોર્ટ્સમાં કેસ કરી શકે છે.

પાકિસ્તાન ક્રિકેટ બૉર્ડના અધ્યક્ષ મોહસીન નકવીએ જણાવ્યું હતું કે પાકિસ્તાનના વડા પ્રધાન શહબાઝ શરીફ હાલમાં વિદેશમાં છે. તેઓ પાકિસ્તાન પાછા ફરીને ટી૨૦ વર્લ્ડ કપમાં પોતાના દેશની ટીમને રમાડવી કે નહિ, તે અંગે નિર્ણય લેશે. તેઓ જો વિશ્વ કપનો બહિષ્કાર કરવાનું કહેશે, તો આઇસીસીએ વર્લ્ડ કપમાં પાકિસ્તાનની જગ્યાએ બીજા કોઇ દેશની ટીમને રમાડવી પડશે.

પાકિસ્તાન વર્લ્ડ કપની બધી મૅચ શ્રીલંકામાં રમવાનું છે.

ઇન્ડિયન પ્રીમિયર લીગ (આઇપીએલ)માંથી બાંગ્લાદેશના ક્રિકેટર મુસ્તફિઝુર રહેમાનની કરાયેલી હકાલપટ્ટી બાદ બાંગ્લાદેશના ક્રિકેટ બૉર્ડે ભારતમાં પોતાના ખેલાડીઓની સુરક્ષા અંગે ચિંતા વ્યક્ત કરીને ભારતમાં ક્રિકેટ વર્લ્ડ કપ રમવા જવાનો ઇનકાર કર્યો, તે પછી આઇસીસી દ્વારા આ વૈશ્વિક ક્રિકેટ સ્પર્ધામાં બાંગ્લાદેશને સ્થાને સ્કોટલૅન્ડને રમાડવાનું નક્કી કર્યું હતું.

અગાઉ, બાંગ્લાદેશ ક્રિકેટ બૉર્ડે આગામી ટી૨૦ વર્લ્ડ કપમાંની પોતાની બધી મૅચ ભારતને બદલે શ્રીલંકામાં રમાડવા કરેલી વિનંતિને આઇસીસી દ્વારા નકારવામાં આવી હતી.

બાંગ્લાદેશ ક્રિકેટ બૉર્ડે આઇસીસીને કરેલી વિનંતિમાં જણાવ્યું હતું કે અમારી અને અમારા ગ્રૂપમાંના આયર્લૅન્ડની મૅચની અદલાબદલી કરવા અમે તૈયાર છીએ.

આમ છતાં, આઇરિશ ક્રિકેટ બૉર્ડે પણ બાંગ્લાદેશના આ સૂચનને નકારી કાઢ્યું હતું.

આઇસીસીના અધ્યક્ષ જય શાહ સહિતના અધિકારીઓ શુક્રવારે દુબઇમાં હતા અને તે દિવસે જ રાતના બાંગ્લાદેશ ક્રિકેટ બૉર્ડના અધ્યક્ષ અમીનુલ ઇસ્લામ બુલબુલને આઇસીસીના સંબંધિત નિર્ણયની જાણ ઇ-મેલથી કરાઇ હતી.

હવે સ્કોટલૅન્ડ ગ્રૂપ લીગની ચાર મૅચ - વેસ્ટ ઇન્ડિઝ સામે સાત

(જુઓ પાનું ૨) ▸▸

## ઇયુ સાથેના ભારતના વેપાર કરારથી અકળાયેલા વૉશિંગ્ટનનો સંકેત

# ૨૫% અમેરિકી ટૅરિફ પાછી ખેંચાઇ શકે છે

▸ ભારત પરની ટૅરિફ વધારીને મોટી સફળતા મેળવીઃ અમેરિકાના નાણાં પ્રધાનનો દાવો

▸ 'નવી દિલ્હી સાથે વેપાર કરાર કરીને ઇયુ આડકતરી રીતે રશિયાને સહાય કરશે'

વૉશિંગ્ટનઃ અમેરિકાના નાણાં પ્રધાન સ્કોટ બેસન્ટે દાવો કર્યો હતો કે યુરોપિયન યુનિયન (ઇયુ) ભારત સાથે મુક્ત વેપાર કરાર કરીને યુક્રેનના યુદ્ધમાં આડકતરી રીતે રશિયાને આર્થિક સહાય કરશે. રશિયા પાસેથી ખનિજ તેલ ખરીદવા બદલ ભારત પર વધારાની પચીસ ટકા ટૅરિફ લાદીને અમેરિકાને મોટી સફળતા મળી છે. આમ છતાં, હું વધારાની આ ટૅરિફ પાછી ખેંચવાના માર્ગની 'કલ્પના' કરી શકું છું.

યુરોપિયન કાઉન્સિલના પ્રમુખ એન્ટોનિયો લુઇસ ડી કોસ્ટા અને યુરોપિયન કમિનશનનાં પ્રમુખ ઉર્સુલા વોન ડેર લેયન થોડા દિવસમાં ભારતની મુલાકાત લઇને ભારતની સાથે મુક્ત વેપાર કરાર કરવાના છે ત્યારે અમેરિકાના નાણાં પ્રધાને આવું વાંધાજનક નિવેદન કર્યું હતું.

તેમણે જણાવ્યું હતું કે અમેરિકાએ રશિયા પાસેથી ખનિજ તેલ ખરીદનારા ભારતને કરેલા 'દંડ' માટેનું લક્ષ્ય સાધી શકાયું છે અને ભારતે રશિયા પાસેથી ક્રૂડ ઑઇલ ખરીદવાનું ઘટાડ્યું છે.

તેમણે દાવોસમાં વર્લ્ડ ઇકૉનૉમિક ફૉરમ ખાતે પ્રવચનમાં જણાવ્યું હતું કે વૉશિંગ્ટનના સંબંધિત પગલાંનું પરિણામ આવ્યું છે. રશિયા પાસેથી ખનિજ તેલ ખરીદનારા ભારત

(જુઓ પાનું ૨) ▸▸

## કૅનેડા પર ૧૦૦% ટૅરિફ લાદવાની ટ્રમ્પની ધમકી

**ગ્રીનલૅન્ડ મામલે કૅનેડા સીધું ચાલે નહીં તો ચીન તેને ઓહિયાં કરી જશે એવી પણ વૉર્નિંગ**

વૉશિંગ્ટનઃ અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે કૅનેડાને ધમકી આપી હતી કે જો ઑટાવા ચીન સાથે કરાર કરશે, તો અમેરિકા તાત્કાલિક કૅનેડાથી આયાત કરાતા માલસામાન પર ૧૦૦ ટકા ટૅરિફ લાદશે.

ટ્રમ્પે પોતાના સોશ્યલ મીડિયા પ્લેટફૉર્મ - ટ્રુથ સોશ્યલ પર કૅનેડાના વડા પ્રધાન માર્ક કાર્નીને ગવર્નર કાર્ની કહ્યા હતા. ટ્રમ્પ કૅનેડાને અમેરિકાનું ૫૧મું રાજ્ય ગણે છે અને તેથી કૅનેડાના વડા પ્રધાનને ગવર્નર કહીને જ સંબોધે છે. ટ્રમ્પે કૅનેડા - ચીન વચ્ચેના વેપાર કરારના સંદર્ભમાં જણાવ્યું હતું કે જો રાજ્યપાલ કાર્ની કૅનેડાના બજારો ચીન માટે ખુલ્લા મૂકશે, તો તે તેમની મોટી ભૂલ હશે અને અમેરિકા કૅનેડાથી આયાત થતાં માલસામાન પર ૧૦૦ ટકા ટૅરિફ લાદશે.

અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે ફરી એક વાર કેનેડાને નિશાન બનાવતા સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ 'ટ્રુથ સોશિયલ' પર કહ્યું છે કે કેનેડા 'ગોલ્ડન ડોમ' યોજનાનો વિરોધ કરી રહ્યું છે, જે હકીકતમાં કેનેડાને પણ સુરક્ષા કવચ પૂરું પાડશે. ટ્રમ્પે કેનેડાના વડા પ્રધાન માર્ક કાર્ની અને તેમની નીતિઓ પર આકરા પ્રહારો કર્યા છે. કેનેડાના વડાપ્રધાને ચીન સાથે કૃષિ ઉત્પાદનો અને ઇલેક્ટ્રિક વાહનો પર ટૅરિફ રાહત માટે જે કરાર કર્યા છે. ટ્રમ્પે આ કરારોને જોખમી ગણાવ્યા છે. ટ્રમ્પે દાવો કર્યો કે, કેનેડા ચીન સાથે વેપારને પ્રાથમિકતા આપી રહ્યું છે. જો કેનેડા આ જ માર્ગે ચાલશે, તો ચીન એક વર્ષમાં તેને ઓહિયાં કરી જશે. (એજન્સી)■

# અમેરિકામાં બરફનું તાંડવ

## ૯,૦૦૦થી વધુ ફ્લાઈટ રદ, ૧૮ કરોડ લોકો અલર્ટ પર




**કુદરતનો પ્રકોપઃ** ન્યૂ યોર્કના લૉવિલેમાં ભારે પવનની સાથે થતી હિમવર્ષા. અમેરિકાના અનેક રાજ્યમાં ભારે હિમવર્ષાને લીધે કટોકટી જાહેર કરાઇ છે. (એપી-પીટીઆઇ)

ડલ્લાસ : અમેરિકામાં બરફનું મોટું તોફાન ત્રાટક્યું હોવાથી દિવસો સુધી વીજળી જતી રહે અને રોડવેમાં મોટો જેમ થાય એવો ભય છે. આ તોફાનને લીધે ૯,૦૦૦થી વધારે ફ્લાઈટ રદ કરવામાં આવી હતી અને ૧૮ કરોડથી વધુ લોકો અલર્ટ પર છે.

હિમ તોફાનની ચેતવણી ન્યુ મેક્સિકોથી ન્યૂ ઈંગ્લૅન્ડ સુધી આપવામાં આવી છે અને આશરે ૧૮ કરોડ લોકો આનાથી પ્રભાવિત થઈ શકે. નેશનલ વેધર સર્વિસે આગાહીમાં ભારે હિમવર્ષા અને પૂર્વ ટેકસાસથી ઉત્તર કેરોલિના સુધી આપત્તિજનક બરફ પડી રહ્યો છે.

આગાહી કરનારાઓએ એવી ચેતવણી આપી છે કે જ્યાં બરફ પડ્યો છે ત્યાં આ તોફાનની અસર વાવાઝોડા જેવી છે.

શુક્રવારે રાત્રે તોફાનને લીધે કરા સાથેનો વરસાદ ટેક્સાસમાં પડ્યો હતો, જયારે ઓકલોહોમામાં હિમ

(જુઓ પાનું ૨) ▸▸

# ઈરાન પર અમેરિકાના મોટા હુમલાના ભણકારા

## તહેરાનની ચેતવણી કે કોઈ પણ હુમલાને યુદ્ધ માનવામાં આવશેઃ સંખ્યાબંધ ફ્લાઇટ્સ રદ કરી

તહેરાનઃ અમેરિકા અને ઈરાન વચ્ચે વધી રહેલા તણાવ વચ્ચે ઈરાન પર મોટો હુમલો થવાની આશંકા છે. આના પગલે અનેક દેશોની સેંકડો ફ્લાઇટ્સ રદ કરવામાં આવી છે. હાલ મધ્ય-પૂર્વમાં તણાવ ચરમસીમાએ પહોંચી ગયો છે. અમેરિકા અને ઇઝરાયલ દ્વારા ઈરાન પર સંભવિત લશ્કરી હુમલાની શક્યતા વધી ગઈ છે. વિવિધ મીડિયા અહેવાલો દાવો કરી રહ્યા છે કે કોઇ પણ ઘડીએ ઈરાન પર હુમલો થઈ શકે છે. બીજી તરફ ઈરાને ચેતવણી આપી છે કે જો અમેરિકા હુમલો કરશે તો તેને યુદ્ધ માનવામાં આવશે અને તેનો જવાબ ભયાનક હશે.

ઈરાનની સેનાના કમાન્ડરે એવી ચેતવણી આપી હતી કે, તેમની એક આંગળી ટ્રિગર પર છે.

ઈરાન અને ઈઝરાયલની આસપાસ ફરતી વિવિધ દેશોની ફ્લાઇટ્સ રદ કરવામાં આવી છે. ઈઝરાયલ અને ઈરાન ઉપરથી વિવિધ દેશોની વાણિજ્યિક ફ્લાઇટ્સ રદ કરવામાં આવી છે. એર ફ્રાન્સ, બ્રિટિશ એરવેઝ, લુફ્થાન્સા વગેરેએ તેલ અવિવ, દુબઈ, સાઉદી અરેબિયા અને યુએઈની

(જુઓ પાનું ૨) ▸▸

# ઉત્તર ભારત ઠંડીમાં થથરે છેઃ માઉન્ટ આબુમાં માઇનસ સાત



**હિમા-ચાદરઃ** ઉત્તરાખંડના રુદ્રપ્રયાગ જિલ્લામાં નવેસરથી થયેલી હિમવર્ષાને લીધે હિમાચ્છાદિત કેદારનાથ મંદિરનું સંકુલ. (એજન્સી)

નવી દિલ્હીઃ ઉત્તર અને ઉત્તરપશ્ચિમ ભારતમાં ઠંડીનું મોજું ફરી વળ્યું છે, ત્યારે રાજસ્થાનના એકમાત્ર હિલ સ્ટેશન માઉન્ટ આબુમાં શનિવારે તળાવો અને નાનાં જળાશયો પર બરફના જાડા સ્તરો જામ્યા હતા.

શનિવારની સવાર વર્તમાન શિયાળાની સૌથી ઠંડી રહી, લઘુત્તમ તાપમાન માઈનસ ૭ ડિગ્રી સેલ્સિયસ સુધી ઘટી ગયું હતું, જે અત્યાર સુધીની સિઝનનું સૌથી નીચું તાપમાન છે.

સાલગાંવ અને ચાંદ મારી ફાયરિંગ રેન્જ જેવા ગ્રામીણ વિસ્તારોમાં ઘાસનાં મેદાનો પર થીજી ગયેલા ઝાકળના જાડા થરો જોવા મળ્યા હતા, જ્યારે નજીકના તળાવો

(જુઓ પાનું ૨) ▸▸

# બનાસકાંઠામાં રોંગ સાઈડ આવતી ટ્રકે કારને કચડી, સાતનાં મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

બનાસકાંઠાઃ જિલ્લાના અમીરગઢમાં બનેલા ગમખ્વાર અકસ્માતમાં સાત વ્યક્તિએ જીવ ગુમાવ્યા હતા. મળતા અહેવાલો અનુસાર એક પૂરપાટ ઝડપે રોંગ સાઈડમાં ધસમસતી આવતી ટ્રકે કારને જોરદાર ટક્કર મારી હતી, જેમાં એક જ પરિવારના પાંચ સભ્યો સહિત સાત જણનાં કમકમાટીભર્યા મોત નિપજ્યાનું જાણવા મળ્યું હતું. આના પછી પાંચ કિલોમીટર લાંબો ટ્રાફિક જૅમ સર્જાયો હતો. સ્થાનિકોના જણાવ્યા અનુસાર અકસ્માતનો અવાજ ખૂબ જ પ્રચંડ હતો, જે સાંભળી આસપાસના ગ્રામજનો દોડી આવ્યા હતા. લોકોએ ફસાયેલા લોકોને બહાર કાઢવાનો પ્રયત્ન કર્યો હતો, પરંતુ પાંચ જણ ઘટનાસ્થળે જ મૃત્યુ પામ્યાં હતાં. ત્રણ ઈજાગ્રસ્તને હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. ઘટનાની જાણ થતા જ અમીરગઢ પોલીસનો કાફલો સ્થળ પર પહોંચ્યો હતો અને મૃતદેહોને પીએમ માટે ખસેડવાની કામગીરી હાથ ધરી હતી. ઇજાગ્રસ્તોની હાલત ગંભીર છે. પોલીસે અકસ્માતનો ગુનો નોંધી ફરાર ટ્રક ચાલકની શોધ આદરી છે. ■

# પંજાબમાં રેલવે ટ્રૅકને ઉડાવાયો

ચંડીગઢઃ પંજાબના ફત્તેહગઢ સાહિબ જિલ્લામાં સરહિંદ સ્ટેશન નજીક પ્રજાસત્તાક દિન પહેલા એક નાના વિસ્ફોટથી રેલવે ટ્રૅકનો એક ભાગ ઉડી ગયો હતો અને માલગાડીના લોકો પાયલટ ઘાયલ થયા હતા, તથા એન્જિનને થોડું નુકસાન થયું હતું, એમ પોલીસે શનિવારે જણાવ્યું હતું.

રેલવે પોલીસ અધિકારીના જણાવ્યા અનુસાર, શુક્રવારે રાત્રે લગભગ ૯.૫૦ વાગ્યે જ્યારે માલગાડી સરહિંદ સ્ટેશનથી ૪-૫ કિલોમીટર દૂર આવેલા ખાનપુર ગામમાંથી પસાર થઈ રહી હતી ત્યારે આ ઘટના બની હતી. તે માલગાડીઓ માટે સમર્પિત ટ્રૅક હતો.

ડીઆઇજી (રોપર રેન્જ) નાનક સિંહએ કહ્યું હતું કે, ગઈકાલે રાત્રે, અમને માહિતી મળી હતી કે અહીં એક નાનો વિસ્ફોટ થયો છે. ઘણી તપાસ ટીમો અહીં આવી છે, અને આંતર-એજન્સી સંકલન થઈ રહ્યું છે. અમે અન્ય એજન્સીઓ સાથે પણ સંપર્કમાં છીએ, જેમણે તેમની વિશેષ ટીમો

(જુઓ પાનું ૨) ▸▸

# કૌટુંબિક વિવાદઃ અમેરિકામાં ભારતીયએ પત્ની અને ત્રણ સગાંને ગોળીએ દીધા

ન્યૂ યોર્ક : અમેરિકાના જ્યોર્જિયા રાજ્યમાં ભારતીય મૂળની ૫૧ વર્ષની વ્યક્તિએ ઘરેલુ ઝઘડાને કારણે પત્ની અને બીજા ત્રણ કુટુંબીજનની ગોળી મારી હત્યા કરી હતી.

ગ્વિનેટ કાઉન્ટી પોલીસે સોશ્યલ મીડિયાની પોસ્ટમાં કહ્યું હતું કે લોવરેન્સવિલે સિટીના નિવાસસ્થાને ગોળીબારની ઘટના બની હતી અને આ ઘરથી ટૂંકા અંતરથી વિજય કુમારની ધરપકડ કરવામાં આવી હતી. ગ્વિનેટ કાઉન્ટી પોલીસે હત્યા પામેલાને કુમારની ૪૩ વર્ષની પત્ની મીમુ ડોગરા અને તેમના કુટુંબીજન ૩૩ વર્ષના ગૌરવ કુમાર, ૩૭ વર્ષની નિધિ ચંદેર અને ૩૮ વર્ષના હરીશ ચંદેર તરીકે ઓળખી કાઢ્યા હતા. ભારતના એટલાન્ટા ખાતેના કોન્સ્યુલેટ જનરલે આ ગોળીબારની ઘટના અંગે શોક વ્યક્ત કર્યો છે. તેમણે કહ્યું હતું કે

(જુઓ પાનું ૨) ▸▸



મીનુ ડોગરા સહિતની ચાર વ્યક્તિની હત્યા માટે પકડાયેલો મીનુનો પતિ વિજયકુમાર.

## કલૉઝેટમાં છુપાયેલા બાળકે પોલીસને ફોન કરેલો

અમેરિકાના જ્યોર્જિયામાં ભારતીય મૂળના એક ૫૧ વર્ષીય વ્યક્તિએ કૌટુંબિક વિવાદને પગલે એક જ પરિવારના ચાર સભ્યોની હત્યા કરી હોવાના અહેવાલ છે. પોલીસના પ્રાથમિક તારણ મુજબ આ હત્યાઓ ઘરેલું વિવાદનું પરિણામ હોવાનું જણાઇ રહ્યું છે.

અહેવાલો અનુસાર આ ઘટના શુક્રવારે બની હતી. જેમાં એક વ્યક્તિએ તેની પત્ની સહિત ચારની હત્યા કરી હતી. કુમાર નામના શખ્સે તેની પત્ની અને ત્રણ સંબંધીઓને

(જુઓ પાનું ૨) ▸▸

# વેપાર કરારથી યુવાનો માટે નવી તકઃ મોદી

નવી દિલ્હીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારે જણાવ્યું હતું કે ભારત અનેક દેશોની સાથે ટ્રેડ અને મોબિલિટી એગ્રીમેન્ટ (વેપાર કરાર) કરી રહ્યું છે અને તેને લીધે યુવાનો માટે દેશમાં તેમ જ વિદેશોમાં નવી તક ઊભી થઇ રહી છે. મોદીએ ૧૮મા રોજગાર મેળામાં ૬૧,૦૦૦થી વધારે લોકોને વિવિધ સરકારી નોકરીમાં નિમણૂકના પત્રો ઇલેક્ટ્રોનિક માધ્યમથી આપ્યા હતા.

મોદીએ દેશમાંની ૪૫ જગ્યાએ ભેગા થયેલા લોકોને વીડિયો કૉન્ફરન્સિંગથી સંબોધતા જણાવ્યું હતું કે દુનિયાના સૌથી વધુ યુવાનો

(જુઓ પાનું ૨) ▸▸

# વિકસિત ભારતનું ઍન્જિન બનશે યુપીઃ અમિત શાહ

લખનઊઃ કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે શનિવારે ઉત્તર પ્રદેશને દેશનો 'આત્મા' ગણાવતા જણાવ્યું કે ૨૦૪૭ સુધીમાં જ્યારે દેશ તેની આઝાદીના ૧૦૦ વર્ષ પૂર્ણ કરશે ત્યારે આ રાજ્ય વિકસિત ભારતનું એન્જિન બનવા માટે તૈયાર હશે.

અહીં રાષ્ટ્ર પ્રેરણા સ્થળ ખાતે આયોજિત રાજ્ય સ્તરીય ઉત્તર પ્રદેશ દિવસ સમારોહમાં એક સભાને સંબોધતા અમિત શાહે બિન-ભાજપી સરકારો પર નિશાન સાધતા કહ્યું કે તેમણે ઉત્તર પ્રદેશને દાયકાઓ સુધી પછાત રાખ્યું અને તેને 'બિમારુ' રાજ્યનો ટેગ આપ્યો છે. જ્યારે ભાજપ સરકારે ઉત્તર પ્રદેશને પ્રગતિશીલ રાજ્યમાં પરિવર્તિત કરી

(જુઓ પાનું ૨) ▸▸

## સાપ્તાહિક ભવિષ્ય - પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

### તા. ૨૫-૧-૨૦૨૬ થી તા. ૩૧-૧-૨૦૨૬

ગ્રહગોચરઃ સૂર્યનારાયણ આ સપ્તાહમાં મકર રાશિમાં ભ્રમણ કરે છે. માર્ગી મંગળ સમગતિએ મકર રાશિમાં ભ્રમણ કરે છે. માર્ગી બુધ શીઘ્ર ગતિએ મકર રાશિમાં ભ્રમણ કરે છે. વક્રી ગુરુ મિથુન રાશિમાં ભ્રમણ કરે છે. માર્ગી શુક્ર મકર રાશિમાં શીઘ્ર ગતિએ ભ્રમણ કરે છે. માર્ગી શનિ મીન રાશિમાં ભ્રમણ કરે છે. રાહુ કુંભ રાશિમાં ભ્રમણ કરે છે. ચંદ્ર તા. ૨૫મીએ મેષ રાશિમાં, તા. ૨૭મીએ વૃષભમાં, તા. ૨૯મીએ મિથુનમાં, તા. ૩૧મીએ કર્ક રાશિમાં પ્રવેશે છે.

મેષ (અ, લ, ઈ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં લે-વેંચના કામકાજમાં તથા નવા નાણારોકાણ થઈ શકશે. નોકરી માટે તા. ૨૬, ૨૮, ૨૯ શુભ જણાય છે. નવા કામકાજ, નવા નાણાંની આવકના સાધનો મેળવશો. પ્રવાસ સફળ રહેશે. નાણાઆવકની મૂંઝવણો દૂર થશે. મહિલાઓને નવા કામકાજના પ્રારંભમાં સાનુકૂળતા જણાશે. સ્વાસ્થ્ય જળવાશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં નવા કામકાજ માટે સફળ તકો પ્રાપ્ત થશે.

વૃષભ (બ, વ, ઉ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારનું કામકાજ ધાર્યા મુજબ અનુકૂળ બની રહેશે. નોકરી માટે તા. ૨૫, ૩૦, ૩૧ શુભ જણાય છે. નોકરીનાં સહકાર્યકરો ઉપયોગી થશે. નાણાંની પ્રવાહિતા જળવાશે. ભાગીદારથી અનુકૂળ તકો મેળવશો. મહિલાઓને નવા કામકાજના પ્રારંભ માટે અનુકૂળતા જણાશે. પ્રવાસ યશસ્વી બનશે. વિદ્યાર્થીઓને શિક્ષણની પ્રવૃત્તિમાં સફળતા જણાશે.

મિથુન (ક, છ, ઘ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં ધાર્યા મુજબના વેપારના કામકાજ સફળ બનતા જણાશે. નોકરીના સહકાર્યકરોમાં સંપ જળવાશે. સપ્તાહમાં કારોબાર અર્થે સફળ બની રહેશે. પ્રવાસ દ્વારા જૂની ઉઘરાણીના નાણાંની વસૂલી થઈ શકશે. મહિલાઓનો કુટુંબમાં મતભદોનો ઉકેલ આવશે. મહિલાઓને પ્રાસંગિક જવાબદારીમાં સફળતા જણાશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં નવા શૈક્ષણિક કામકાજ માટે અનુકૂળતાઓ પ્રાપ્ત થતી જણાશે.

કર્ક (ડ, હ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં નવીન રોકાણ, દૈનિક સાપ્તાહિક વેપાર શક્ય છે. નોકરી માટે તા. ૨૫, ૨૭, ૨૮ શુભ જણાય છે. નોકરીના મિત્રોમાં યશ મેળવશો. તા. ૨૭, ૨૮, ૨૯મીએ નાણાંની વ્યવસ્થાના પ્રયત્નો સફળ રહેશે. મહિલાઓને આ સપ્તાહમાં કુટુંબના મતભેદોનો ઉકેલ આવેલો જણાશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં નવા અભ્યાસ માટે સરળતા જણાશે. પ્રવાસમાં મહિલાઓને સફળતાનો અનુભવ થશે. વિદ્યાર્થીઓ આ સપ્તાહમાં સહઅધ્યાયીઓનું માર્ગદર્શન મેળવી શકશે.

સિંહ (મ, ટ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં જૂના રોકાયેલા નાણાંની વસૂલી થઈ શકશે. નોકરીમાં યશ મેળવશો. તા. ૨૭, ૨૮, ૨૯ શુભ જણાય છે. વેપારના, સ્વતંત્ર કારોબાર ક્ષેત્રે પ્રગતિ જળવાશે. નાણાઆવકની વૃદ્ધિ થશે. નાણાંની સગવડતા જળવાઈ રહેશે. મુસાફરી દ્વારા મહિલાઓના પરિવારના કામકાજ સંપન્ન થતા જણાશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં નવીન અભ્યાસની તકો પ્રાપ્ત થતી જણાશે.

કન્યા (પ, ઠ, ણ)ઃ ભાઈશ્રી ! આ સપ્તાહમાં શેરબજારમાં પરિવર્તનો અપનાવી શકશો. પરિવર્તનો દ્વારા કામકાજમાં પ્રગતિ થશે. તા. ૨૫, ૨૯, ૩૦મીએ નોકરીમાં હસ્તગત કામકાજ પૂર્ણ થતાં જણાશે. નોકરીના અધિકારીનો સહયોગ મેળવશો. કારોબારમાં હરીફાઈમાં રાહત જણાશે. મુસાફરી દ્વારા કારોબારના કામકાજ પૂર્ણ થશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં નવીન અભ્યાસની તકો પ્રાપ્ત થતી જણાશે. મહિલાઓને આ સપ્તાહમાં ઝડપી સુધારો જણાશે.

તુલા (ર, ત)ઃ ભાઈશ્રી ! આ સપ્તાહમાં શેરબજારમાં નવા નાણારોકાણ અને દૈનિક સાપ્તાહિક વેપાર સફળ બની રહેશે. તા. ૨૫, ૨૬, ૨૭ નોકરીમાં શુભ જણાય છે. નોકરીનાં છુપા હરીફો સામે વિજય પ્રાપ્ત કરશો. કારોબારના મિત્રો ઉપયોગી થશે. મિલકતની લેવડદેવડની પ્રવૃત્તિઓ સફળ બની રહેશે. વાહનની ખરીદીનો નિર્ણય લઈ શકશો. મહિલાઓને આ સપ્તાહમાં નોકરીમાં સરળતા જણાશે. નોકરીના સહકાર્યકરોની મદદ મેળવશો. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં ઉચ્ચ પરીક્ષાના સફળ પરિણામો જણાશે.

વૃશ્ચિક (ન, ય)ઃ ભાઈશ્રી ! આ સપ્તાહમાં શેરબજારમાં નવું નાણારોકાણ શક્ય છે. નોકરી માટે તા. ૨૬, ૨૭, ૨૮ શુભ છે. તા. ૨૯મીએ પરિવારના પ્રશ્નનો ઉકેલ આવશે. વારસાગત મિલકતનો પ્રશ્ન ઉકેલાશે. સપ્તાહમાં નવા કામકાજનો પ્રારંભ થશે. ભાગીદારીનો સુખદ અનુભવ થાય. મહિલાઓને પતિનો સહયોગ કાર્યક્ષેત્રે પ્રાપ્ત થશે. સહપરિવાર પ્રવાસ સફળ નીવડશે. વિદ્યાર્થીઓ આ સપ્તાહમાં નવીન હુન્નરનું જ્ઞાન મેળવશે.

ધનુ (ભ, ધ, ફ, ઢ)ઃ ભાઈશ્રી ! આ સપ્તાહમાં શેરબજારના જૂના રોકાણમાંથી નાણાં મેળવી શકશો. પ્રવાસ દ્વારા નોકરીના કામકાજ સંપન્ન થઈ શકશે. તા. ૨૬, ૨૮, ૨૯ના રોજ મહત્ત્વના આર્થિક વ્યવહાર સંપન્ન થશે. કારોબારની નાણાઆવકની વૃદ્ધિ થશે. કુટુંબમાં સભ્યોની પ્રગતિ અનુભવશો. મહિલાઓને પતિના કામકાજમાં મદદરૂપ થવાનો સુખદ અનુભવ થાય. વિદ્યાર્થીઓને સહઅધ્યાયીઓ ઉપયોગી થશે.

મકર (ખ.જ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારના અપેક્ષા મુજબના કામકાજ સફળતાથી પૂર્ણ કરી શકશો. પ્રવાસ દ્વારા નોકરીના કામકાજ પૂર્ણ કરી શકશો. તા. ૨૫, ૩૦, ૩૧ પ્રવાસ માટે શુભ જણાય છે. ભાગીદારીના નિર્ણયો સરળતાથી લઈ શકશો. મહિલાઓના આ સપ્તાહના કામકાજ પ્રગતિ સૂચવે છે. અભ્યાસના નિર્ણયો સફળ પુરવાર થશે.

કુંભ (ગ, શ, સ)ઃ ભાઈશ્રી ! આ સપ્તાહમાં શેરબજારમાં નવીન પ્રકારના કામકાજ, નવીન કાર્યપદ્ધતિ અપનાવી શકશો. નોકરી માટે તા. ૨૬, ૨૭ શુભ જણાય છે. નોકરીના સ્થળની બદલી શક્ય છે. નવા કામકાજનો પ્રારંભ જન્મકુંડળીના આધારે નક્કી કરવો જરૂરી છે. રાજકારણ, સામાજિક પ્રવૃત્તિઓમાં સાવધાની દાખવવી જરૂરી છે. મહિલાઓને વ્યવહારુદક્ષતા ઉપયોગી થતી જણાશે. વિદ્યાર્થીઓ સપ્તાહમાં નવીન તકો પ્રાપ્ત કરશે.

મીન (દ, ચ, ઝ, થ)ઃ ભાઈશ્રી ! આ સપ્તાહમાં શેરબજારના નવા પ્રકારના કામકાજ, પરિવર્તનો શક્ય જણાય છે. નોકરીમાં તા. ૨૭, ૨૮, ૨૯ પરિવર્તનશીલ જણાય છે. નોકરી માટે આ સપ્તાહ યશસ્વી પુરવાર થશે. નાણાંની પ્રવાહિતા જળવાઈ રહેશે. કારોબારમાં મદદનીશ મેળવશો. પ્રવાસ એકંદરે ઉપયોગી થશે. મહિલાઓને પડોશ મિત્રોનો સહયોગ પ્રાપ્ત થાય. વિદ્યાર્થીઓ શિક્ષણની પ્રવૃત્તિમાં ઉત્સાહ અનુભવશો. ■

## આજનું પંચાંગ

### ઉત્તરાયણ - સૌર શિશિરઋતુ, રવિવાર, તા. ૨૫-૧-૨૦૨૬, રવિવાર અને ભાનુસપ્તમી ભગવાન સૂર્યનારાયણની પૂજાનો ઉત્તમ પર્વયોગ

ભારતીય દિનાંક ૫, માહે માઘ, શકે ૧૯૪૭
વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૭, માઘ સુદ-૭
જૈન વીર સંવત ૨૫૫૨, માહે માઘ, તિથિ સુદ-૭
પારસી શહેનશાહી રોજ ૧૪મો ગોશ, માહે ૬ઠ્ઠો શહેરેવર, સને ૧૩૯૫
પારસી કદમી રોજ ૧૪મો ગોશ, માહે ૭મો મેહેર, સને ૧૩૯૫
પારસી ફસલી રોજ ૧૧મો ખોરશેદ, માહે ૧૧મો બેહમન, સને ૧૩૯૪
મુસ્લિમ રોજ ૫મો, માહે ૮મો શાબાન, સને ૧૪૪૭
મીસરી રોજ ૭મો, માહે ૮મો શાબાન, સને ૧૪૪૭
નક્ષત્ર રેવતી રાત્રે ક. ૧૩-૩૫ સુધી, પછી અશ્વિની
ચંદ્ર મીનમાં બપોરે ક. ૧૩-૩૫ સુધી, પછી મેષમાં
ચંદ્ર રાશિ નામાક્ષરઃ મીન (દ, ચ, ઝ, થ), મેષ (અ, લ, ઈ)
સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૭ મિ. ૧૬, અમદાવાદ ક. ૦૭ મિ. ૨૩, સ્ટા.ટા.,
સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૨૫, અમદાવાદ ક. ૧૮ મિ. ૨૧, સ્ટા. ટા.

-ઃ મુંબઈ સમુદ્રમાં ભરતીઓટ :-

ભરતીઃ સાંજે ક. ૧૬-૩૦, મધ્યરાત્રિ પછી ક. ૦૪-૧૮ (તા. ૨૬)
ઓટઃ સવારે ક. ૧૦-૦૬, રાત્રે ક. ૨૨-૦૭

વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ' નામ સંવત્સર, માઘ શુક્લ - સપ્તમી. ભાનુ સપ્તમી, રથ સપ્તમી, આરોગ્ય સપ્તમી, વિધાન સપ્તમી, ચંદ્રભાગા સપ્તમી (ઓરિસ્સા), મન્વાદિ, પંચક સમાપ્તિ ક. ૧૩-૩૫, ભદ્રા પ્રારંભ રાત્રે ક. ૨૩-૧૦.
શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
મુહૂર્ત વિશેષઃ લગ્ન, ભગવાન સૂર્યનારાયણનું વિશેષ પૂજન, ગાયત્રી જાપ પૂજા, હવન, બુધ ગ્રહદેવતાનું પૂજન, પૂષાદેવતાનું પૂજન, રથસપ્તમી ઉત્સવ, અગાઉ વાસ્તુપૂજા થયેલ ઘરમાં રહેવા જવું, શાંતિ પૌષ્ટિક, સર્વશાંતિ પૂજા, નવા વસ્ત્રો આભૂષણ, નવા વાસણ, વાહન, નિત્ય થતાં દુકાન-વેપાર, ખેતીવાડીના કામકાજ, ધાન્ય ભરવું. સીમંત સંસ્કાર, પ્રયાણ શુભ. નામકરણ, દેવદર્શન, અન્નપ્રાશન, શ્રી વિષ્ણુ સહસ્ર નામ સ્તોત્ર પાઠ વાંચન.
આચમનઃ ચંદ્ર-મંગળ ચતુષ્કોણ અવિચારી.
ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-મંગળ ચતુષ્કોણ (તા. ૨૬)
ગ્રહગોચરઃ સૂર્ય-મકર, મંગળ-મકર માર્ગી બુધ-મકર (બુધ અસ્ત) વક્રી ગુરુ-મિથુન, શુક્ર-મકર (શુક્ર અસ્ત) માર્ગી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, વક્રી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચૂન-મીન, માર્ગી પ્લુટો-મકર. ■

## સાપ્તાહિક દૈનંદિની

### તા. ૨૫-૧-૨૦૨૬ થી તા. ૩૧-૧-૨૦૨૬

રવિવાર, માઘ સુદ-૭, વિ. સં. ૨૦૮૨, તા. ૨૫મી જાન્યુઆરી, ઈ. સ. ૨૦૨૬, નક્ષત્ર રેવતી રાત્રે ક. ૧૩-૩૫ સુધી, પછી અશ્વિની. ચંદ્ર મીનમાં બપોરે ક. ૧૩-૩૫ સુધી, પછી મેષ રાશિ પર જન્માક્ષર. ભાનુ સપ્તમી, રથ સપ્તમી, આરોગ્ય સપ્તમી, વિધાન સપ્તમી, ચંદ્રભાગા સપ્તમી (ઓરિસ્સા), મન્વાદિ, પંચક સમાપ્તિ ક. ૧૩-૩૫, ભદ્રા પ્રારંભ રાત્રે ક. ૨૩-૧૦. લગ્ન, શુભ દિવસ.

સોમવાર, માઘ સુદ-૮, તા. ૨૬મી. નક્ષત્ર અશ્વિની બપોરે ક. ૧૨-૩૨ સુધી, પછી ભરણી. ચંદ્ર મેષ રાશિ પર જન્માક્ષર. દુર્ગાષ્ટમી, ભીષ્માષ્ટમી, ખોડિયારમા જયંતી, ગણરાજ્યદિન, ભદ્રા સમાપ્તિ સવારે ક. ૧૦-૧૬, લગ્ન શુભ દિવસ.

મંગળવાર, માઘ સુદ-૯, તા. ૨૭મી, નક્ષત્ર ભરણી બપોરે ક. ૧૧-૦૮ સુધી, પછી કૃત્તિકા. ચંદ્ર મેષમાં સાંજે ક. ૧૬-૪૪ સુધી, પછી વૃષભ રાશિ પર જન્માક્ષર. શ્રી હરિ જયંતી. શુભ કાર્ય વર્જ્ય છે.

બુધવાર, માઘ સુદ-૧૦, તા. ૨૮મી, નક્ષત્ર કૃત્તિકા સવારે ક. ૦૯-૨૬ સુધી, પછી રોહિણી. ચંદ્ર વૃષભ રાશિ પર જન્માક્ષર. લાલા લજપતરાય જયંતી, ભક્ત પુંડલિક ઉત્સવ (પંઢરપુર), ભદ્રા પ્રારંભ મધ્યરાત્રિ પછી ક. ૨૭-૧૬ (તા. ૨૯). લગ્ન, ઉપનયન, શુભ દિવસ.

ગુરુવાર, માઘ સુદ-૧૧, તા. ૨૯મી, ૨૦૨૬, નક્ષત્ર રોહિણી સવારે ક. ૦૭-૩૧ સુધી, પછી મૃગશીર્ષ મધ્યરાત્રિ પછી ક. ૨૯-૨૮ સુધી (તા. ૩૦મી), પછી આર્દ્રા. ચંદ્ર વૃષભમાં સાંજે ક. ૧૮-૩૦ સુધી, પછી મિથુન રાશિ પર જન્માક્ષર. જયા એકાદશી (શેરડી), ભીષ્મ દ્વાદશી, ભદ્રા સમાપ્તિ ક. ૧૩-૫૫. શુભ કાર્ય વર્જ્ય છે.

શુક્રવાર, માઘ સુદ-૧૨, તા. ૩૦મી, નક્ષત્ર આર્દ્રા મધ્યરાત્રિ પછી ક. ૨૭-૨૬ સુધી (તા. ૩૧) પછી પુનર્વસુ. ચંદ્ર મિથુન રાશિ પર જન્માક્ષર. પ્રદોષ, કલ્પાદિ, ગાંધી નિર્વાણ દિન. શુભ કાર્ય વર્જ્ય છે.

શનિવાર, માઘ સુદ-૧૩, તા. ૩૧મી, નક્ષત્ર પુનર્વસુ મધ્યરાત્રિ પછી ક. ૨૫-૩૩ સુધી(તા.૧લી), પછી પુષ્ય. ચંદ્ર મિથુનમાં રાત્રે ક. ૨૦-૦૦ સુધી, પછી કર્ક રાશિ પર જન્માક્ષર. વિશ્વકર્મા જયંતી, મોઢેશ્વરી માતાનો પાટોત્સવ (મોઢેરા), ડેઝર્ટ ઉત્સવ-ત્રણ દિવસ (જેસલમેર) ચતુર્દશી ક્ષય તિથિ છે. ભદ્રા પ્રારંભ મધ્યરાત્રિ પછી ક. ૨૭-૫૨ (તા. ૧) શુભ કાર્ય વર્જ્ય છે. ■

# ૧૫ કરોડ અકાઉન્ટના લોગઈન ક્રેડેન્શિયલ લીક થયા

## ફ્રોડ, ફિશિંગ કેમ્પઈન અને નાણાકીય ગુનાનો ભય વધ્યો

નવી દિલ્હી : જીમેલ, ફેસબુક અને નેટફ્લિક્સ સહિતની ઈન્ટરનતટ કંપનીના ૧૪.૯ કરોડથી વધારે અકાઉન્ટના લોગઈન ક્રેડેન્શિયલ કથિત રીતે ફૂટી ગયા છે, એવો અહેવાલ એક્સપ્રેસવીપીએનએ આપ્યો છે.

સાયબરસિક્યોરિટી સંશોધક જેરેમિઆ ફાવલરે પ્રસિદ્ધ કરેલા અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે જાહેરમાં ફૂટી અને ખૂલી ગયેલા ડેટામાં જીમેલના ૪.૮ કરોડ અકાઉન્ટ, યાહુના ૪૦ લાખ અકાઉન્ટ, ફેસબુકના ૧.૭ કરોડ અકાઉન્ટ, ઈન્સ્ટાગ્રામના ૬૫ લાખ અકાઉન્ટ, નેટફ્લિક્સના ૩૪ લાખ અકાઉન્ટ અને આઉટલુકના ૧૫ લાખ અકાઉન્ટ વગેરેનો સમાવેશ થાય છે.

આ ડેટાબેઝ પાસવર્ડનું રક્ષણ ધરાવતો નથી તથા તે એન્ક્રિપ્ટેડ નથી. આમાં ૧૪૯,૪૦૪,૭૫૪ યુનિક લોગઈન અને પાસવર્ડનો સમાવેશ થાય છે. આનો સરવાળો ૯૬ જીબીનો રો ક્રેડેન્શિયલ ડેટા જેટલો થાય છે.

જોકે મોટી કંપનીઓએ આનો તત્કાળ કોઈ જવાબ આપ્યો નથી. ફાવલરે કહ્યું હતું કે આનાથી છેતરપિંડી, ઓળખની ચોરી, નાણાકીય ગુના અને ફિશિંગ ઝુંબેશનો ભય વધી જાય છે. (એજન્સી) ■

# ડિજિટલ અરેસ્ટ સ્કેમમાં સીએ, એમબીએ, આઈટી એન્જિનિયર અને પૂજારીની ધરપકડ

નવી દિલ્હી : વયોવૃદ્ધ દંપતીના ચોંકાવનારા ડિજિટલ અરેસ્ટ કૌભાંડમાં સુશિક્ષિત માણસોની સંડોવણી અને તેમની ધરપકડ થતાં ચકચાર મચી ગયો છે. આ ભણેલા ઈસમોએ પોતાના સ્માર્ટ ટેક જ્ઞાનનો ઉપયોગ લોકોની અને ખાસ કરીને વૃદ્ધ લોકો**ની ફ**સામણી માટે કર્યો હતો.

દિલ્હીની વૈભવશાળી ગ્રેટર કૈલાશ વિસ્તારમાં એક વયોવૃદ્ધ દંપતી સાથે ૧૪.૮ કરોડ રૂપિયાની છેતરપિંડી થઈ હતી. આમાં અલગ પાશ્વભૂમિ અને સ્થળોના આઠ ઈસમની ધરપકડ કરવામાં આવી હતી. આ આઠેય સોશ્યલ મીડિયા નેટવર્ક અને કંબોડિયા અને નેપાળથી ઓપરેટ કરતા તેમના ઈન્ટરનેશનલ હેન્ડલરની મદદથી સાથે આવ્યા હતા.

દિલ્હી પોલીસે ૧૫મીથી ૨૧ જાન્યુઆરી સુધી ત્રણ રાજ્યના આઠ ઈસમની ધરપકડ કરી છે. આમાં એનજીઓ ચલાવતો ચાર્ટર્ડ અકાઉટન્ટન્ટ બનવા ઈચ્છુક, ન્યૂ ઝીલેન્ડમાં અભ્યાસ કરનાર આઈટી ડિપ્લોમા હોલ્ડર, વારાણસી સ્થિત પૂજારી, એક એમબીએ ગ્રેજ્યુએટ અને ખાનગી શિક્ષકનો સમાવેશ થાય છે.

સૌથી પ્રથમ ધરપકડ ત્રીસ વર્ષના દિવ્યાંગ પટેલની થઈ હતી. દિવ્યાંગે સીએ ઈન્ટરમીડિયેટની એકઝામ પાસ કરી છે અને તે સંસ્થા ફ્લોરેસ્ટા ફાઉન્ડેશન તથા એક બિઝનેસ એડવાઈઝ ફર્મ ચલાવે છે. તેની એનજીઓ ફક્ત કાગળ પર જ હતી અને કોઈ સખાવતનું કામ કરતી નહોતી. જોકે ક્રિમિનલ હેતુ માટે તેનો ઉપયોગ થતો હતો. તપાસમાં જણાવ્યા પ્રમાણે તેણે ગેરકાયદે ફંડની પ્રાપ્તિ અને ટ્રાન્સફરમાં મદદ કરી હતી દિવ્યાંગની સાથે ન્યૂઝીલેન્ડમાં ઈન્ફોર્મેશન ટેક્નોલોજીનો ડિપ્લોમા મેળવનાર ૨૬ વર્ષના કૃતિક શિતોલેએ કામ કર્યું હતું. બન્નેની ગુજરાતમાંથી ૧૫ જાન્યુઆરીએ ધરપકડ થઈ હતી. ૧૯ જાન્યુઆરીએ દિલ્હી પોલીસે ૨૭ વર્ષના બીકોમ ગ્રેજ્યુએટ મહાવીર શર્માની ધરપકડ કરી હતી. તેના એક દિવસ બાદ પવિત્ર શહેર વારાણસીમાં પૂજાનું કામકાજ કરતા પૂજારી પ્રદ્યુમન તિવારીની ધરપકડ કરાઈ હતી. છેલ્લી ત્રણ ધરપકડ ૨૧ જાન્યુઆરીએ કરાઈ હતી. પહેલાં સેલ્સ એક્ઝિક્યુટિવ તરીકે કામ કરનાર બીકોમ ગ્રેજ્યુએટ અંકિત મિશ્ર, ખાનગી કામ કરતા ૩૭ વર્ષના એમબીએ ગ્રેજ્યુએટ ભૂપેન્દ્ર કુમાર મિશ્ર અને ખાનગી ટ્યુશન અને કોચિંગ કરતા ૩૬ વર્ષના આદેશ કુમારની ધરપકડ કરાઈ હતી.

૮૧ વર્ષના ઓમ તાનેજા અને તેમના ૭૭ વર્ષનાં પત્ની ઈંદિરા ૨૦૧૬માં અમેરિકામાંથી પાછા ફર્યાં હતાં. ડિસેમ્બરમાં તેમને ત્રાસ શરૂ થયો હતો. ■

# છત્તીસગઢમાં ૧૦ ટન લોખંડના પુલની રાતોરાત ચોરીઃ પાંચ પકડાયા

કોરબાઃ છત્તીસગઢના કોરબા શહેરમાં ચાર દાયકા પહેલા એક નહેર પર બાંધવામાં આવેલા ૭૦ ફૂટ લાંબા અને ૧૦ ટનથી વધુ વજન ધરાવતા લોખંડના પુલની રાતોરાત ચોરી થતાં સ્થાનિકો અચંબામાં પડી ગયા છે. આ જાણકારી પોલીસે શનિવારે આપી હતી.

તપાસકર્તાઓને આ ઘટનામાં ૧૫ લોકોની સંડોવણી હોવાની ભાળ મળી છે. જેમણે કથિત રીતે માળખાને કાપીને ભંગાર તરીકે વેચવા માટે ચોરી કરી હતી. અત્યાર સુધીમાં પાંચ આરોપીઓની ધરપકડ કરવામાં આવી હોવાનું અધિકારીઓએ જણાવ્યું હતું.

કોરબાના અધિક પોલીસ અધિક્ષક લખન પટલેએ જણાવ્યું કે ૧૮ જાન્યુઆરીના રોજ હસદેવ લેફ્ટ નહેર પર બનેલો અને ધોધીપારા વિસ્તારના વોર્ડ નંબર ૧૭માં રાહદારીઓ માટે ચાલવાના માર્ગ તરીકે ઉપયોગમાં લેવાતો લોખંડનો પુલ ગાયબ હોવાનું રહેવાસીઓને જાણવા મળ્યું હતું. ત્યારબાદ સ્થાનિક કોર્પોરેટર લક્ષ્મણ શ્રીવાસે ફરિયાદ નોંધાવી હતી. ટેક્નિકલ વિશ્લેષણ, બાતમીદારો પાસેથી મળેલી માહિતી અને સતત તપાસ બાદ પોલીસે આ કેસમાં ૧૫ શકમંદોની ઓળખ કરી છે. પટલેએ જણાવ્યું કે જેમાંથી પાંચ- લોચન કેવત(૨૦), જયસિંહ રાજપૂત(૨૩), મોતી પ્રજાપતિ(૨૭), સુમિત સાહુ(૧૯) અને કેશવપુરી ગોસ્વામી ઉર્ફે પિક્ચર(૨૨)ની ધરપકડ કરવામાં આવી છે.

તેમણે વધુમાં જણાવ્યું કે બાકીના ૧૦ આરોપીઓને શોધવાના પ્રયાસો ચાલુ છે. જેમાં કથિત મુખ્ય આરોપી મુકેશ સાહુ અને અસલમ ખાનનો સમાવેશ થાય છે. જેઓ હાલ ફરાર છે. પૂછપરછ દરમિયાન ધરપકડ કરાયેલા આરોપીઓએ લોખંડને ભંગાર તરીકે વેચવા માટે ચોરી કર્યાની કબૂલાત કરી છે. તેમજ વધુ તપાસ ચાલી રહી હોવાનું તેમણે જણાવ્યું હતું. ■

# મિર્ઝાપુરની જીમ જેહાદનો માસ્ટરમાઈન્ડ પકડાયો

લખનઊ : ઉત્તર પ્રદેશના મિર્ઝાપુરમાં ધર્માંતરણ અને બ્લેકમેલિંગના જીમ જેહાદને નામે થતા કાળા કારોબારનો પર્દાફાશ થયા બાદ હવે તપાસનો ધમધમાટ તેજ બન્યો છે. આ આંતરરાષ્ટ્રીય સ્તરના રેકેટના માસ્ટરમાઈન્ડ ઇમરાનની દિલ્હી એરપોર્ટ પરથી ધરપકડ કરવામાં આવી છે, જે વિદેશ ભાગી જવાની ફિરાકમાં હતો. આ કેસમાં જે રીતે ટેકનોલોજીનો દુરુપયોગ અને વિદેશી ફંડિંગના પુરાવા મળ્યા છે, તેણે સુરક્ષા એજન્સીઓની ઊંઘ હરામ કરી દીધી હતી. આ માત્ર સ્થાનિક ગુનો નથી, પરંતુ એક સુનિયોજિત નેટવર્ક હોવાનું બહાર આવ્યું છે.

મિર્ઝાપુર પોલીસ અને તપાસ એજન્સીઓ લાંબા સમયથી જેની તલાશમાં હતી તે માસ્ટરમાઈન્ડ ઇમરાન આખરે સકંજામાં આવ્યો છે. પચીસ હજારનું ઇનામ ધરાવતો ઇમરાન દિલ્હી એરપોર્ટ પરથી વિદેશ ભાગી જાય તે પહેલા જ દબોચી લેવામાં આવ્યો હતો.

આ આખું નેટવર્ક મિર્ઝાપુરમાં પાંચ જીમની એક ચેન દ્વારા ચલાવવામાં આવતું હતું. જીમમાં ફિઝિકલ ટ્રેનિંગ માટે આવતી અંદાજે ૩૦ જેટલી હિન્દુ મહિલાઓને આ ગેંગે નિશાન બનાવી હતી. આરોપીઓ પહેલા મહિલાઓ સાથે મિત્રતા કેળવતા અને ત્યારબાદ તેમના ખાનગી ફોટા અને વીડિયો મેળવી લેતા હતા. ■

## પહેલા પાનાનું ચાલુ

### વર્લ્ડ કપમાંથી

ફેબ્રુઆરીએ, ઇટલી સામે નવ ફેબ્રુઆરીએ અને ઇંગ્લેન્ડ સામે ૧૪ ફેબ્રુઆરીએ કોલકાતામાં અને તેમ જ નેપાળ સામે મુંબઈમાં ૧૭ ફેબ્રુઆરીએ રમશે.

આઇસીસીના ડિરેક્ટર્સના બૉર્ડના નિર્ણય સામેની અપીલની સુનાવણી કરવાની સત્તા આઇસીસીની ડિસ્પ્યુટ રિઝોલ્યુશન કમિટી પાસે નહિ હોવા છતાં બાંગ્લાદેશે આ સમિતિ સમક્ષ પોતાનો કેસ રજૂ કરવાનો નિષ્ફળ પ્રયાસ કર્યો હતો. (એજન્સી) ■

### અમેરિકામાં

અને કરા પડ્યા હતા. તોફાન દક્ષિણમાંથી પસાર થયા બાદ ન્યૂ યોર્ક અને બોસ્ટન થઈને વૉશિંગ્ટનમાં ૩૦ સેન્ટિમીટર બરફ પાડશે.

બારેક રાજ્યના ગવર્નરે આકરા હવામાનની ચેતવણી લોકોને આપી હતી અને કટોકટી જાહેર કરી હતી. લોકોનો ઘરે જ રહેવાની સલાહ અપાઈ હતી.

ટેક્સાસના રાજ્યપાલ ગ્રેગ અબોટેએ રહેવાસીઓને અપીલ કરી હતી કે લોકો સંભવ હોય તો ઘરે જ રહે.

શનિવારે ૩,૪૦૦ ફ્લાઈટ મોડી કે રદ થઈ હતી ૫,૦૦૦થી વધારે રવિવારની ફ્લાઈટ રદ થઈ હતી.

યુટિલિટી કંપનીઓ બરફથી ઢંકાયેલા ઝાડ અને પાવર લાઈનમાં ભંગાણને લીધે વીજળીની સમસ્યા ન ઊભી થાય એ માટે સજ્જ રહેવા કહ્યું હતું. ■

### ૨૫% અમેરિકી ટૅરિફ

પર વધારાની પચીસ ટકા ટૅરિફ લાદતા ભારતની રિફાઇનરીઓ દ્વારા રશિયાનું ક્રૂડ ઑઇલ ખરીદવાનું ઘણું ઓછું કે લગભગ બંધ કરી દેવાયું છે. અમેરિકાની આ મોટી સફળતા ગણાય. ભારત પર વધારાની ટૅરિફ હજી લદાયેલી જ છે. રશિયા પાસેથી ખનિજ તેલ ખરીદનારાઓ પાસેથી વધારાની પચીસ ટકા ટૅરિફ વસૂલ કરવાનું ચાલુ છે. આમ છતાં, હું વધારાની આ ટૅરિફ પાછી ખેંચવાના માર્ગ અંગે 'કલ્પના' કરી શકું છું.

બેસન્ટે જણાવ્યું હતું કે યુરોપિયન યુનિયન ભારતની સાથે સૂચિત મુક્ત વેપાર કરાર કરીને આડકતરી રીતે યુક્રેનના યુદ્ધમાં રશિયાને નાણાકીય સહાય કરશે.

યુરોપિયન કાઉન્સિલ અને યુરોપિયન કમિશનના નેતાઓ પચીસથી સત્તાવીસ જાન્યુઆરીએ ભારતની મુલાકાત લેવાના છે અને તેઓ ભારતના ૭૭મા પ્રજાસત્તાકની ઉજવણી માટેના કાર્યક્રમના અતિથિ વિશેષ છે.

અમેરિકાના વેપાર સલાહકાર પીટર નવારોએ તાજેતરમાં ભારતને 'ટૅરિફનું મહારાજા' ગણાવ્યું હતું અને અમેરિકાની કંપનીઓ દ્વારા ભારતમાં પૂરી પાડવામાં આવતી આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (એઆઇ) સેવા સામે સવાલ ઉઠાવ્યો હતો.

દરમિયાન, ભારત રશિયા પાસેથી ખનિજ તેલની ખરીદીને પોતાની જનતાના હિતાર્થે અને ઊર્જાની જરૂરિયાતને ધ્યાનમાં લઇને લેવાયેલું પગલું ગણાવે છે. અમેરિકાના નાણાં પ્રધાન સ્કોટ બેસન્ટે જણાવ્યું હતું કે ભારત રશિયા પાસેથી સસ્તું ખનિજ તેલ ખરીદે છે અને તેને રિફાઇન કરીને યુરોપના દેશોને વેચે છે. આ રીતે યુરોપના દેશો આડકતરી રીતે રશિયાને યુક્રેન સામેના યુદ્ધમાં નાણાકીય સહાય કરી રહ્યા છે. (એજન્સી) ■

### ઈરાન પર

ફ્લાઇટ્સ સ્થગિત કરી છે. સોશિયલ મીડિયા પર ઝીરો અવર્સની ચર્ચા કરવામાં આવી રહી છે. જોકે, જેરેડ કુશનરની ઈઝરાયલ મુલાકાતને લીધે હુમલો અટક્યો છે, પરંતુ તેમના પાછા ફર્યા પછી હુમલો શક્ય માનવામાં આવી રહ્યો છે.

આ અંગે મળતી માહિતી મુજબ અમેરિકન સૈન્ય દ્વારા મધ્યપૂર્વમાં એક મહત્વપૂર્ણ લશ્કરી દળ તહેનાત કર્યું છે. યુએસએસ અબ્રાહમ લિંકન એરક્રાફ્ટ કેરિયર સ્ટ્રાઈક ગ્રુપ આ પ્રદેશ તરફ આગળ વધી રહ્યું છે. અહેવાલો અનુસાર, યુએસ સધર્ન કમાન્ડ અને સેન્ટકોમને હાઇ અલર્ટ પર રાખવામાં આવ્યા છે. ટ્રમ્પ વહીવટીતંત્ર ઇરાનના આંતરિક વિરોધ પર કડક વલણ અપનાવી રહ્યું છે અને તેની મિસાઇલ ક્ષમતાઓનું પુનર્નિર્માણ કરી રહ્યું છે. ઇરાને કડક ચેતવણી જાહેર કરીને જણાવ્યું હતું કે કોઈપણ હુમલાને ઓલઆઉટ વોર ગણવામાં આવશે અને તેનો જડબાતોડ જવાબ આપવામાં આવશે. ■

### કૌટુંબિક વિવાદ

શુટરની ધરપકડ કરવામાં આવી છે અને દુઃખદ કુટુંબને બધી સહાય આપવામાં આવી રહી છે. પોલીસે કહ્યું હતું કે કુમાર અને ડોગરા વચ્ચે એટલાન્ટાના તેમના ઘરમાં દલીલો થઈ હતી. દંપતી તેમના બાર વર્ષના બાળક સાથે તેમના ઓળખીતાના બ્રૂક ઈવી કોર્ટના ઘરે ગયું હતું. પોલીસે કહ્યું હતું કે ગૌરવ કુમાર, નિધિ ચંદેર અને હરીશ ચંદેર આ ઘરમાં તેમના સગીર વયનાં બે બાળકો (સાત અને દસ વર્ષના) સાથે રહેતા હતા. ત્રણેય બાળકને કંઈ થયું નથી. કુમારના બાળકે બનાવ બન્યા બાદ ૯૧૧ને ફોન કર્યો હતો. (એજન્સી) ■

### ઉત્તર ભારત

ઘન બરફ હેઠળ સીલ રહ્યા હતા. ઠંડીની તીવ્રતા સમગ્ર પ્રદેશમાં દેખાઈ રહી હતી કારણ કે પાણીની સપાટી રાતોરાત સંપૂર્ણપણે થીજી ગઈ હતી. ઘણા સ્થળોએથી હિમથી ઢંકાયેલા વાતાવરણના અહેવાલો મળ્યા હતા. રાજસ્થાનમાં, પશ્ચિમી વિક્ષેપની અસરને કારણે રાત્રિનું તાપમાન ફરી ઘટ્યું, ઘણી જગ્યાએ પારો લગભગ શૂન્ય સ્તર પર પહોંચી ગયો હતો.

સ્થાનિક હવામાન કેન્દ્રના જણાવ્યા અનુસાર, ઉત્તરીય પવનોને કારણે આગામી બેથી ત્રણ દિવસમાં લઘુત્તમ તાપમાનમાં ત્રણથી પાંચ ડિગ્રી સેલ્સિયસ અને મહત્તમ તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો થવાની સંભાવના છે.

શનિવારે સવારે, બિકાનેરના લુંકરનસરમાં રાજ્યનું સૌથી ઓછું લઘુત્તમ તાપમાન ૦.૩ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, ત્યારબાદ નાગૌરમાં ૦.૫ ડિગ્રી, ફતેહપુરમાં ૨.૩ ડિગ્રી, પાલીમાં ૨.૯ ડિગ્રી અને સીકરમાં ૩.૨ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. જયપુરમાં લઘુત્તમ તાપમાન ૯.૪ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. ભારતીય હવામાન વિભાગે જણાવ્યું હતું કે જમ્મુ અને કાશ્મીર, લદાખ અને હિમાચલ પ્રદેશમાં ભારે હિમવર્ષા નોંધાઈ હતી, ઉત્તરાખંડના કેટલાક ભાગોમાં પણ તાજી બરફવર્ષા નોંધાઈ હતી. ચાલુ હવામાન પ્રવૃત્તિ વરસાદની ખાધ ઘટાડવાની અપેક્ષા રાખે છે.

શનિવારથી હવામાનમાં સુધારો થવાની સંભાવના છે, જોકે ૨૬ થી ૨૮ જાન્યુઆરી દરમિયાન રાજસ્થાન અને ઉત્તરપશ્ચિમ ભારતમાં વધુ એક પશ્ચિમી વિક્ષેપની અસર થવાની સંભાવના છે, જેની ટોચની અસર ૨૭ જાન્યુઆરીએ થવાની આગાહી છે. પશ્ચિમ અને ઉત્તર રાજસ્થાનમાં છૂટાછવાયા સ્થળોએ વાવાઝોડા સાથે હળવાથી મધ્યમ વરસાદની શક્યતા છે. ■

### કલૉઝેટમાં છુપાયેલા

ગોળી મારી હતી. આ કૃત્ય બાદ તેની ધરપકડ કરવામાં આવી હતી. ગ્વિનેટ કાઉન્ટી પોલીસે જણાવ્યું કે તપાસમાં જાણવા મળ્યું છે કે આ બનાવ બન્યા બાદ કુમારના બાળકો પૈકીના એકે ૯૧૧ પર ફોન કર્યો હતો.

નિવેદનમાં જણાવ્યા મુજબ ઘટનાસ્થળે પહોંચ્યા બાદ અધિકારીઓને ઘરની અંદર ચાર લોકોના મૃતદેહ મળી આવ્યા હતા. આ તમામ પર ગોળીના ઘા હતા. ઘટનાની ચોંકાવનારી વિગતો અનુસાર બનાવ વખતે ત્રણ બાળકો ઘરની અંદર એક કલૉઝેટમાં છુપાયેલા હતા. જો કે તેમને કોઇ ઇજા થઇ ન હતી. ■

### વેપાર કરારથી

ભારતમાં છે અને અમારી સરકાર વિદેશોની સાથે વેપાર કરાર કરીને યુવાનો માટે દેશ-વિદેશમાં નવી તક ઊભી કરી રહી છે. મોદીએ યુવાનોને રોજગારીના પત્રો આપતા જણાવ્યું હતું કે આ અપૉઇન્ટમેન્ટ લેટર્સ યુવાનોને રાષ્ટ્રના નિર્માણમાં સહભાગી થવામાં મદદ કરશે. હું યુવાનોને જનતાની સમસ્યાનું ધ્યાન રાખીને તેને ઉકેલવા યોગ્ય પગલાં લેવા અનુરોધ કરું છું.

વડા પ્રધાને જણાવ્યું હતું કે સરકારી કર્મચારીઓનો મુદ્રાલેખ 'નાગરિક દેવો ભવ' હોવો જોઇએ અને દેશની જનતાના હિતાર્થે બને એટલી સારી રીતે ફરજ નિભાવવી જોઇએ. તેમણે દાવો કર્યો હતો કે અમારી સરકારે તાજેતરમાં અત્યાધુનિક આંતરિકમાળખાના નિર્માણ માટે અભૂતપૂર્વ રોકાણ કર્યું છે અને તેને લીધે બાંધકામના ક્ષેત્રે રોજગારીની તક ઘણી વધી છે.

મોદીએ જણાવ્યું હતું કે ભારતની સ્ટાર્ટઅપ ઇકૉસિસ્ટમ ઘણી ઝડપથી વિકસી રહી છે. દેશમાં અંદાજે બે લાખ સ્ટાર્ટઅપે નોંધણી કરાવી છે અને તેના દ્વારા ૨૧ લાખથી વધુ લોકોને રોજગારી મળી છે. (એજન્સી) ■

### પંજાબમાં રેલવે

મોકલી છે. ડીઆઈજીએ કહ્યું કે કોઈ જાનહાનિ, ટ્રેન એન્જિન કે રેલવે ટ્રેકને કોઈ મોટું નુકસાન થયું નથી. ટૂંક સમયમાં ટ્રેન અવરજવર માટે કાર્યરત કરવામાં આવશે. તેમણે ઉમેર્યું હતું કે, આ કોણે કર્યું, શા માટે કર્યું અને તેનો હેતુ શું હતો તે તપાસ આગળ વધશે તેમ જાણવા મળશે. અમે ટૂંક સમયમાં તેની પાછળ રહેલા લોકોને શોધી કાઢીશું અને ધરપકડ કરીશું. આ દરમિયાન, વિસ્ફોટથી નજીકના ખાનપુર ગામમાં ગભરાટ ફેલાયો હતો.

આ મામલે રેલવે કાયદા હેઠળ કલમ ૧૫૦ (દુર્ભાવનાપૂર્ણ રીતે ટ્રેન તોડી પાડવાનો અથવા તોડી પાડવાનો પ્રયાસ) હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે. ■

### વિકસિત ભારતનું

દીધું છે. અમિત શાહે ભારપૂર્વક જણાવ્યું કે આ રાજ્ય દેશની પ્રગતિમાં કેન્દ્ર સ્થાન ધરાવે છે અને ૨૦૪૭ સુધીમાં તેનો સંપૂર્ણ વિકાસ થશે. તેમણે રાજ્યના સ્થાપના દિવસ નિમિત્તે કહ્યું કે ઉત્તર પ્રદેશ ભારતના ધબકારા છે. બીજા શબ્દોમાં કહીએ તો ઉત્તર પ્રદેશ ભારતનો આત્મા પણ છે. હું ચોક્કસપણે જોઇ શકું છું કે ઉત્તર પ્રદેશ ભારતના વિકાસનું એન્જિન, એક વિકસિત ભારતનું એન્જિન બનવા જઇ રહ્યું છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીના વિઝનનો ઉલ્લેખ કરતાં અમિત શાહે જણાવ્યું કે કેન્દ્ર અને ઉત્તર પ્રદેશ સરકાર સાથે મળીને વિકસિત દેશ અને વિકસિત રાજ્યના લક્ષ્યને પ્રાપ્ત કરવા માટે કામ કરી રહ્યા છે. ■

# પ્રોપર્ટી ટેક્સ વસૂલવામાં સપાટો, ત્રણ કમર્શિયલ મિલકતો જપ્તઃ૧૨૫ ડિફોલ્ટરોને નોટિસ

નવી મુંબઈઃ નાણાકીય વર્ષની સમાપ્તિ નજીક છે, તેવા સમયે નવી મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (એનએમએમસી) એ તેની મિલકત વેરા વસૂલાત ઝુંબેશને વધુ તીવ્ર બનાવી છે અને લાંબા સમયથી ડિફોલ્ટરો સામે કડક જપ્તીની કાર્યવાહી શરૂ કરી છે. ચાલુ અમલીકરણ ઝુંબેશના ભાગ રૂપે, નાગરિક સંસ્થાએ ગુરુવારે નેરુલમાં મિલકત વેરાની બાકી રકમ ન ચૂકવવા બદલ ત્રણ કમર્શિયલ મિલકતો જપ્ત કરી. આ કાર્યવાહી એનએમએમસીના મિલકત વેરા વિભાગ દ્વારા મહાનગરપાલિકાના વડા ડો. કૈલાસ શિંદેના નિર્દેશો અને અધિક કમિશનર સુનિલ પવાર અને ડેપ્યુટી કમિશનર ડો. અમોલ પાલ્વેના માર્ગદર્શન હેઠળ કરવામાં આવી હતી.

નોંધનીય છે કે જાન્યુઆરીના અંત સુધીમાં મહાપલિકાએ ૬૧૦ કરોડની કર વસૂલી કરી છે. માર્ચના અંત સુધીમાં ૧ હજાર કરોડની વસૂલીનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે. તેથી બાકી રહેલા બે મહિનામાં મહાપાલિકાએ ભારે જહેમત ઉઠાવવી પડશે. મહાપાલિકાના જણાવ્યા અનુસાર અન્ય ૧૨૫ ડિફોલ્ટરોને નોટિસ બજાવવામાં આવી છે. વારંવાર અપીલ અને નોટિસો છતાં, ઘણા મિલકત માલિકો કર ચૂકવણીને અવગણી રહ્યા છે, એમ નાગરિક સંસ્થાએ જણાવ્યું હતું. ચુકવણી ન કરવા સામે કડક વલણ અપનાવતા, નાગરિક વહીવટીતંત્રે ડિફોલ્ટરો માટે કોઈ વધુ છૂટછાટ કે રાહત વિના કાર્યવાહી શરૂ કરવાનો નિર્ણય લીધો છે. તમામ વોર્ડ ઓફિસોમાં સમર્પિત જપ્તી સ્ક્વોડની રચના કરવામાં આવી છે, અને શહેરભરમાં મિલકત વેરાના ડિફોલ્ટરોને નોટિસો જારી કરવામાં આવી છે. એટેચમેન્ટ ટીમોએ ડિફોલ્ટરોના પરિસરની મુલાકાત લેવાનું શરૂ કરી દીધું છે. ■




# ગેરકાયદે વસવાટ કરતી બાંગ્લાદેશી મહિલાને સાત મહિનાની કેદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ભારતમાં ગેરકાયદે ઘુસણખોરી કરીને વસવાટ કર્યા પછી બોગસ દસ્તાવેજોને આધારે આધાર કાર્ડ બનાવનારી બાંગ્લાદેશી મહિલાને કોર્ટે સાત મહિનાની જેલની સજા ફટકારી હતી.

દક્ષિણ મુંબઈના ગ્રાન્ટ રોડ પરિસરમાંથી ક્રાઈમ બ્રાન્ચ યુનિટ-૨ના અધિકારીઓએ બાંગ્લાદેશી મહિલા રોહિમા મોનુ શેખ ઉર્ફે રત્ના (૩૨)ને પકડી પાડી હતી.

તેની વિરુદ્ધ ડી. બી. માર્ગ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધવામાં આવ્યો હતો. પ્રાથમિક તપાસમાં મહિલા ગેરકાયદે વસવાટ કરતી હોવાનું જણાતાં ૨૧ જૂન, ૨૦૨૫ના રોજ તેની ધરપકડ કરવામાં આવી હતી.

પોલીસના જણાવ્યા મુજબ રોહિમા બાંગ્લાદેશના નારિયલ જિલ્લામાં આવેલા ભાટિયાપારા ગામની વતની હોવાનું તપાસમાં જણાયું હતું.

પાસપોર્ટ કે અધિકૃત વિઝા વિના તે ગેરકાયદે માર્ગે ભારતમાં પ્રવેશી હતી. ભારતમાં રહેવા માટે તેણે બોગસ દસ્તાવેજોને આધારે આધાર કાર્ડ બનાવડાવ્યું હતું. ■

# ફડણવીસ મહારાષ્ટ્રના રાજકારણના ધૂરંધર દિગ્ગજ નેતા તરીકે ઊભરી આવ્યાઃ આચાર્ય પવન ત્રિપાઠી



મુંબઈઃ મહારાષ્ટ્રના મ્યુનિસિપલ કોર્પોરેશનોમાં ભારતીય જનતા પાર્ટી (ભાજપ)ની અભૂતપૂર્વ જીતથી ફરી એકવાર મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસના વિકાસલક્ષી અભિગમ અને રાજકીય કુશળતાનો ડંકો વગાડી દીધો છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીના માર્ગદર્શન અને ફડણવીસના નેતૃત્વ હેઠળ ભાજપનો વિજય માત્ર સત્તામાં પરિવર્તન જ નહીં, પરંતુ રાજ્યના સામાજિક-રાજકીય માળખામાં પણ ઊંડા પરિવર્તનનો સંકેત આપે છે. ૨૦૨૬ની મ્યુનિસિપલ ચૂંટણીઓનાં પરિણામોએ સ્પષ્ટ કરી દીધું છે કે ભાજપ હવે મહારાષ્ટ્રમાં ફક્ત સાથી પક્ષ નથી, પરંતુ મહારાષ્ટ્રના રાજકારણમાં મુખ્ય બળ બની ગયો છે.

દશકાથી, મહારાષ્ટ્રનું રાજકારણ, ખાસ કરીને મુંબઈ અને થાણે જેવાં શહેરી કેન્દ્રોમાં, ''ભૂમિપુત્ર'' અને ''મરાઠી અસ્મિતા'' જેવા ભાવનાત્મક મુદ્દાઓ પર કેન્દ્રિત રહી છે. ભાજપે વડા પ્રધાન નરેન્દ્ર મોદીના '' સર્વ સમાવેશક વિકાસ'' અને 'હિન્દુત્વ'ના મિશ્રણ સાથે આ પરંપરાગત ચર્ચાને વિક્ષેપિત કરી છે. મુખ્ય પ્રધાન ફડણવીસે મ્યુનિસિપલ ચૂંટણીઓ દરમિયાન તેમના ૯૦ ટકાથી વધુ ભાષણોમાં તેમના કાર્યકાળ દરમિયાન થયેલાં વિકાસ કાર્યો ગણાવ્યાં હતાં અને ભવિષ્યની યોજનાઓની રૂપરેખા આપવામાં આવી હતી. મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (BMC) જેવી મુખ્ય મહાનગરપાલિકામાં ભાજપનો વિજય દર્શાવે છે કે શહેરી અને મધ્યમ વર્ગના મતદારો ભાવનાત્મક કે પ્રાદેશિક મુદ્દાઓ કરતાં મુખ્ય પ્રધાનના શબ્દોમાં વધુ વિશ્વાસ રાખ્યો હતો. મતદારો હવે સુધારેલી માળખાગત સુવિધાઓ, કાર્યક્ષમ જાહેર સેવાઓ, પારદર્શક વહીવટ અને વૈશ્વિક ધોરણની નાગરિક સુવિધાઓ પર વધુ ધ્યાન કેન્દ્રિત કરતા દેખાય છે. મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસના નેતૃત્વ હેઠળ, ભાજપનો મુખ્ય ચૂંટણી સૂત્ર ટ્રિપલ-એન્જિન સરકાર (કેન્દ્ર, રાજ્ય અને સ્થાનિક સંસ્થાઓમાં એક-પક્ષીય/ ગઠબંધન) રહ્યો છે. આ ખ્યાલ પાછળનો તર્ક એ છે કે ત્રણેય સ્તરે એક જ પક્ષ સત્તામાં હોવાથી વિકાસ પ્રોજેક્ટ્સના અમલીકરણમાં સંકલન વધશે અને વહીવટી કાર્યક્ષમતામાં સુધારો થશે. ભાજપ હવે આ વિશાળ સંસાધનોનો ઉપયોગ તેની મુખ્ય જનકલ્યાણકારી યોજનાઓ અને વિકાસનો એજન્ડા સીધો પાયાના સ્તરે લાગુ કરશે. ■

# નવી મુંબઈમાં કેમિકલ કંપનીમાં ભીષણ આગ

મુંબઈઃ નવી મુંબઈના ઔદ્યોગિક વિસ્તારમાં આવેલા મહાપે એમઆઈડીસીમાંની કેમિકલ કંપનીમાં ભીષણ આગ ફાટી નીકળતાં પરિસરમાં ઘબરાટ ફેલાઈ ગયો હતો.

મળતી માહિતી અનુસાર મહાપે એમઆઈડીસી સ્થિત ડબ્લ્યુ-૧૭૭ નંબરની કંપનીમાં શનિવારની બપોરે અચાનક આગ લાગી હતી. કંપનીમાં મોટા પ્રમાણમાં રસાયણનો સ્ટોક હોવાથી આગે તરત જ રૌદ્ર સ્વરૂપ ધારણ કર્યું હતું. આગની માહિતી મળતાં જ પોલીસ અને ફાયર બ્રિગેડના જવાનો ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. આગ પર કાબૂ મેળવવા માટે ફાયર બ્રિગેડે ખાસ્સી જહેમત કરવી પડી હતી. કંપનીમાં રસાયણ હોવાથી સાવધાનીપૂર્વક આગ ઓલવવાની કામગીરી કરવામાં આવી રહી હતી. આગ લાગી એ કંપની આસપાસ પણ પાણીનો મારો ચલાવવામાં આવ્યો હતો, જેથી આગ વધુ ફેલાઈ નહીં.

જોકે આગની જ્વાળાઓ એટલી ઊંચે સુધી ઊઠી કે જાણે ગગનચુંબી ઈમારતમાં આગ લાગી હોય. એ સિવાય ધુમાડાના ગોટેગોટા દૂર દૂર સુધી જોવા મળ્યા હતા, જેને પગલે સ્થાનિકોમાં ગભરાટ ફેલાયો હતો. જોકે આગને કારણે કોઈ જાનહાનિ થઈ હોવાનું જાણવા મળ્યું નહોતું. આગ લાગવાનું કારણ તાત્કાલિક જાણી શકાયું નહોતું, પરંતુ શૉર્ટસર્કિટને કારણે આગ લાગી હોવાનો પ્રાથમિક અંદાજ છે. ■

# લાડકી બહિણ યોજના માટે હવે હેલ્પલાઇન નંબર

મુંબઈ : મુખ્યમંત્રી લડકી બહિણ યોજનાના મહિલા લાભાર્થીઓ માટે રાજ્ય સરકારે એક મહત્વપૂર્ણ પગલું ભર્યું છે. હવે મહિલાઓને યોજના અંગેની ફરિયાદો અને શંકાઓનું નિરાકરણ કરાવવા માટે ક્યાંય ધક્કા ખાવાની જરૂર રહેશે નહીં. હવે ઘર બેઠા તેમણે પોતાની ફરિયાદોનું નિવારણ મળી શકશે. મહિલા અને બાળ વિકાસ પ્રધાન અદિતિ તટકરેએ આ સંદર્ભમાં '૧૮૧' હેલ્પલાઇન નંબરની જાહેરાત કરી છે.

અનેક અપાત્ર લોકો દ્વારા લાભાર્થી તરીકે નોંધણી કરાવ્યાનું ધ્યાનમાં આવ્યા બાદ રાજ્ય સરકાર દ્વારા કેવાયસી બાબત સખતાઈ અપનાવવામાં આવી હતી. ઈ-કેવાયસી દરમિયાન થયેલી ભૂલોને ધ્યાનમાં લેતા, લાભાર્થી મહિલાઓની યોજનાના ધોરણો અનુસાર ક્ષેત્ર સ્તરે ચકાસણી કરવામાં આવશે. વિભાગને ફરિયાદો મળી છે કે ઈ-કેવાયસી પ્રક્રિયા દરમિયાન વિકલ્પની ખોટી પસંદગીને કારણે કેટલીક મહિલાઓને તેમના લાભો અસ્થાયી રૂપે સ્થગિત થઇ ગયા છે. કેવાયસી બરાબર થઇ ગયું હોવા છતાં પ્રતિ માસ મળતો લાભ સ્થગિત થયો હોવાની ફરિયાઓ પણ મળી રહી હતી. તેની ગંભીર નોંધ લઈને મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા એક અલગ હેલ્પલાઇન નંબર '૧૮૧' શરૂ કરવામાં આવ્યો છે. ■













# મુંબઈમાં બિહાર ભવન બનાવીશું જઃ બિહારના પ્રધાનનો રાજ ઠાકરેને ખુલ્લો પડકાર

મુંબઈઃ મુંબઈમાં બિહાર ભવનનો વિરોધ કરનારાઓ વ્યર્થ અને વિકૃત માનસિકતા ધરાવતા લોકો છે. આ લોકો કહે છે કે તેઓ મુંબઈમાં બિહાર ભવન બનાવવા દેશે નહીં. મહારાષ્ટ્ર કોઈના પિતાની જાગીર છે? આ દેશમાં ક્યાંય કોઈને દબાણ કરવામાં આવશે નહીં. મુંબઈ પર કયા રાજા રાજ કરી રહ્યા છે, શું રાજ ઠાકરે તે જગ્યાના રાજા છે? અમે કોઈપણ સંજોગોમાં મુંબઈમાં બિહાર ભવન બનાવીશું, એમ બિહારના પ્રધાન અશોક ચૌધરીએ જણાવ્યું હતું. (મુંબઈ સમાચાર)

મુંબઈમાં બિહાર ભવન એક ભાવના સાથે બનાવવામાં આવી રહ્યું છે. બિહારથી ઘણા લોકો કેન્સર અને અન્ય રોગોની સારવાર માટે મુંબઈ જાય છે. આ બિહાર ભવન તે લોકોની સુવિધા માટે બનાવવામાં આવી રહ્યું છે. ઘણા રાજ્યોમાં બિહાર ભવન છે. તેવી જ રીતે, મુંબઈમાં પણ બિહાર ભવન બનાવવામાં આવશે, એમ અશોક ચૌધરીએ જણાવ્યું હતું. મુંબઈમાં બોમ્બે પોર્ટ ટ્રસ્ટની જગ્યા પર બિહાર ભવન બનાવવાની યોજના છે. જોકે, મનસેએ બિહાર ભવનનો વિરોધ કર્યો છે. હવે અશોક ચૌધરીના નિવેદન બાદ, આ વિવાદ ભડકવાની શક્યતા છે.

મનસેના નેતા અવિનાશ અભ્યંકરે અશોક ચૌધરીની ટીકાનો જવાબ આપતાં જણાવ્યું હતું કે અશોક ચૌધરીએ પહેલા પોતાનું રાજ્ય સંભાળવું જોઈએ. બીજાને સામાન્ય સમજ ન શીખવો. જો તમે તમારા પોતાના રાજ્યનું યોગ્ય સંચાલન કરશો, તો તમારા લોકો બહાર નહીં જાય. અશોક ચૌધરીને ખબર હોવી જોઈએ કે દેશભરમાં બિહાર વિશે શું કહેવામાં આવી રહ્યું છે. મહારાષ્ટ્ર મરાઠી લોકોનું છે. ભગવાને તમને જીભ આપી છે એટલે કંઈ પણ ન બોલો, એમ પણ અવિનાશ અભ્યંકરે કહ્યું હતું.

દક્ષિણ મુંબઈમાં પોર્ટ ટ્રસ્ટની જગ્યા પર ૩૦ માળનું બિહાર ભવન બનાવવાની યોજના છે. દિલ્હીમાં બિહાર ભવનની જેમ, મુંબઈમાં પણ આ ઇમારત તમામ આધુનિક સુવિધાઓથી સજ્જ હશે. તેમાં સરકારી કામ માટે ઓફિસો, સભાઓ માટે ૭૨ સીટવાળા હોલ, વહીવટી વિભાગો અને અત્યાધુનિક પાર્કિંગ સિસ્ટમ હશે. ■







# અજિત પવાર એમવીએમાં પાછા ફરશેઃ રાઉત

મુંબઈઃ શિવસેના (યુબીટી)ના નેતા સંજય રાઉતે શનિવારે દાવો કર્યો હતો કે ગઈકાલ ના બે જૂથો એક થશે અને મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન અજિત પવાર મહા વિકાસ આઘાડીમાં પાછા ફરશે, કારણ કે તેમનું હૃદય તેમના પરિવાર સાથે છે. પત્રકારો સાથે વાત કરતા, રાઉતે એવો દાવો કર્યો હતો કે શાસક એનસીપી શરદ પવારની આગેવાની હેઠળની એનસીપી (એસપી) માં ભળી ગયું છે કારણ કે બંને રાજ્યમાં આગામી જિલ્લા પરિષદ અને પંચાયત સમિતિની ચૂંટણીમાં 'ઘડિયાળ' ચૂંટણી ચિહ્ન પર ચૂંટણી લડી રહ્યા છે.

અજિત પવાર મહાયુતિનો ભાગ હોવા છતાં, તેઓ હજુ પણ એમવીએ સાથે જોડાયેલા છે. શરદ પવાર અને અજિત પવાર એમવીએના ભાગ રૂપે સાથે આવશે. અજિત પવાર બે પથ્થરો પર પગ મૂકી શકતા નથી,' એમ તેમણે કહ્યું હતું.

અજિત પવાર જુલાઈ ૨૦૨૪માં આઠ વિધાનસભ્યો સાથે તત્કાલીન એકનાથ શિંદેની સરકારમાં જોડાયા હતા, જેના પરિણામે એનસીપીમાં વિભાજન થયું હતું. તેમના નેતૃત્વ હેઠળના જૂથને પાર્ટીનું નામ અને 'ઘડિયાળ' ચિહ્ન મળ્યું હતું, જ્યારે શરદ પવારના સંગઠનને હવે એનસીપી (શરદચંદ્ર પવાર) કહેવામાં આવે છે. આ મહિનાની શરૂઆતમાં પુણે અને પિંપરી-ચિંચવડમાં મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણી માટે એનસીપી જૂથોએ ગઠબંધન બનાવ્યું હતું. ■



# જન્મભૂમિના દિલ્હી બ્યુરોના વડા આનંદ કે. વ્યાસનું અવસાન

નવી દિલ્હી, તા. ૨૪- જન્મભૂમિ પત્રોના નવી દિલ્હી ન્યૂઝ બ્યુરોના વડા આનંદ કે. વ્યાસનું શુક્રવારે મોડી રાત્રે હૃદયરોગના તીવ્ર હુમલાથી અવસાન થયું છે, તેઓ ૫૬ વર્ષના હતા. આનંદભાઈનું અણધાર્યું અવસાન પત્રકાર જગત માટે આઘાતજનક બીના છે.

જન્મભૂમિ અખબાર જૂથના મેનેજિંગ ઍડિટર કુન્દનભાઈ વ્યાસના વચલા પુત્ર આનંદભાઈ વર્ષ ૨૦૦૦થી નવી દિલ્હીના બ્યુરોમાં કાર્યરત હતા. આ દરમિયાન તેઓ નિયમિત સંસદની કાર્યવાહીનું રિપોર્ટિંગ કરવા ઉપરાંત દેશના રાજકારણમાં થતી ઉથલપાથલ અને ઘટનાઓના અહેવાલો સાથે સાંપ્રત સ્થિતિનું સચોટ વિશ્લેષણ કરવા માટે તેઓ જાણીતા હતા. એલએલબી થયેલા આનંદભાઈ પત્રકારત્વમાં આવ્યા એ પહેલા પાંચ વર્ષ સિનિયર એડવોકેટ તરીકે નવી દિલ્હીમાં પ્રેકિટસ કરી હતી. સૌરાષ્ટ્ર ટ્રસ્ટના તત્કાલીન મેનેજિંગ ટ્રસ્ટીના આગ્રહથી તેઓ નવી દિલ્હીના ન્યૂઝ બ્યુરોમાં જોડાયા હતા. મિલનસાર આનંદભાઈ સ્વસ્થ હતા, શુક્રવારે રાત્રે એકાએક આવેલા હૃદય રોગના હુમલાને પગલે તેમનું અવસાન થયું છે.

તેમના નિધનથી પત્રકાર જગતને મોટી ખોટ પડી છે.

# ૨૦૦૦ રૂપિયાની નોટો ભરેલું કન્ટેનર ચોરનારાનું અપહરણઃ છની ધરપકડ

મુંબઈઃ ૪૦૦ કરોડ રૂપિયા જેટલી ૨૦૦૦ની નોટો ભરેલા કન્ટેનરની 'ચોરી'માં કથિત રીતે સંડોવાયેલા શખસનું અપહરણ કરી મારપીટ કરવાના કેસમાં નાશિક જિલ્લાની પોલીસે છ આરોપીની ધરપકડ કરી હતી.

કેસની તપાસ માટે સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ બનાવવામાં આવી હતી. ચલણમાંથી પાછી ખેંચવામાં આવેલી ૨૦૦૦ રૂપિયાની નોટોથી ભરેલું કન્ટેનર ચોરવા સહિત અન્ય મુદ્દાઓની તપાસ આ એસઆઈટી કરી રહી હતી.

પોલીસ ફરિયાદ અનુસાર સય્યદ અઝહર, વિરાટ ગાંધી અને મછિન્દ્ર મડાવીએ એક બિલ્ડરનો સંપર્ક સાધ્યો હતો અને દાવો કર્યો હતો કે ૪૦૦ કરોડ રૂપિયા જેટલી ૨૦૦૦ની નોટો ભરેલું કન્ટેનર તેમની પાસે છે.

આ નોટો તે એક્સચેન્જ કરવા માગે છે, પણ તેના માટે સિક્યોરિટી તરીકે અમુક રકમ ચૂકવવી પડશે.

બિલ્ડરને લાલચ આપવામાં આવી હતી કે સિક્યોરિટી પેટેની રકમ આપે તો ઊંચું વળતર આપવામાં આવશે.

ફરિયાદ અનુસાર બિલ્ડર પાસેથી નાણાં લીધાં પછી આરોપીઓએ દાવો કર્યો હતો કે સંદીપ પાટીલ નામના શખસે રોકડ ભરેલા કન્ટેનરની ચોરી કરી છે. બાદમાં ચાર જણે પાટીલનું અપહરણ કરી તેની મારપીટ કરી હતી.

આ માણસો બિલ્ડરના હોવાનો આક્ષેપ કરાયો હતો. અપહરણકારોએ પાટીલને છોડ્યા પછી તેણે નાશિક ગ્રામીણ પોલીસનો સંપર્ક સાધી ફરિયાદ નોંધાવી હતી.

ફરિયાદને આધારે પોલીસે ગુનો નોંધી અઝહર, ગાંધી અને મડાવી સહિત છ જણની ધરપકડ કરી હતી. આ મામલે વધુ તપાસ કરવામાં આવી રહી છે, એમ પોલીસે જણાવ્યું હતું. (પીટીઆઈ)

છેલ્લા પાનાનું ચાલુ

## ₹૧૦,૦૦૦ કરોડના

અંધેરી (પશ્ચિમ) વિસ્તારમાં છે. ૨૦૦૪ માં ત્યાં એક મોટો ઝૂંપડપટ્ટી પુનર્વિકાસ પ્રોજેક્ટ શરૂ કરવામાં આવ્યો હતો. અંધેરી આરટીઓના પ્લોટ પર ઓફિસો, રહેઠાણો અને ટેસ્ટિંગ ટ્રેક બનાવવાની યોજના હતી. આ નિર્ણય તત્કાલીન મુખ્ય પ્રધાન વિલાસરાવ દેશમુખની અધ્યક્ષતામાં બનેલી સમિતિ દ્વારા લેવામાં આવ્યો હતો.

વિલાસરાવ દેશમુખે એક શરત પણ મૂકી હતી કે, મુંબઈમાં આ કામની સાથે, નવી દિલ્હીમાં ૧૦૦ કરોડ રૂપિયાના 'મહારાષ્ટ્ર સદન' અને 'હાઈ માઉન્ટ ગેસ્ટ હાઉસ' ઉભા કરવા. બદલામાં સરકારે તેમને ૨૧,૦૦૦ ચોરસ મીટરનો ટીડીઆર (વિકાસ અધિકારોનું ટ્રાન્સફર) આપવાનું વચન આપ્યું હતું. પરંતુ આ ટીડીઆરથી બિલ્ડરને મોટો નાણાકીય ફાયદો થયો. છગન ભુજબળને પણ આનાથી આર્થિક ફાયદો થયો હોવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો અને અહીંથી જ વિવાદ શરૂ થયો હતો.

૨૦૧૩માં, તત્કાલીન ભાજપના નેતાએ એક સનસનાટીભર્યો આરોપ લગાવ્યો હતો કે આ વ્યવહારમાં ૧૦,૦૦૦ કરોડ રૂપિયાનું કૌભાંડ થયું છે. ત્યારબાદ, આમ આદમી પાર્ટીના તત્કાલીન નેતા અંજલિ દમણિયાએ હાઈ કોર્ટનો દરવાજો ખખડાવ્યો હતો અને આરોપ લગાવ્યો હતો કે બિલ્ડરને ફાયદો પહોંચાડવા માટે નિયમોનું ઉલ્લંઘન કરવામાં આવી રહ્યું છે. તેમણે પોતાની અરજીમાં કુલ ૧૨ આરોપો લગાવ્યા હતા. પરંતુ આમાંથી ફક્ત મહારાષ્ટ્ર સદન અને કાલિના લાઇબ્રેરીના કેસોની તપાસ શરૂ કરવામાં આવી હતી અને ભુજબળ સામે કેસ નોંધવામાં આવ્યા હતા.

છેલ્લાં ઘણા વર્ષોથી ચાલી રહેલી આ કાનૂની લડાઈમાં છગન ભુજબળે જેલવાસ પણ ભોગવવો પડ્યો. જોકે પુરાવાના અભાવે ૨૦૨૧માં ભ્રષ્ટાચાર વિરોધી બ્યુરોએ તેમને નિર્દોષ જાહેર કર્યા હતા. હવે ઇડીની ખાસ કોર્ટે પણ તેમને નિર્દોષ જાહેર કર્યા છે, જેનાથી કેસ કાયદેસર રીતે બંધ થઈ ગયો છે.

## સોલાપુરમાં

મળ્યા છે. જ્યારે અંબરનાથમાં ભાજપ અને કોંગ્રેસ એકસાથે આવતા જોવા મળ્યા હતા. જ્યારે પુણેમાં બંને રાષ્ટ્રવાદીઓએ ગઠબંધન બનાવ્યું હતું. હવે સોલાપુરના બાર્શીમાં બંને શિવસેના એકસાથે આવતી જોવા મળી રહી છે. આના કારણે રાજ્યના રાજકારણમાં મોટી ઉથલપાથલ થઈ હોય તેવું લાગે છે.

સોલાપુરના બાર્શી તાલુકામાં જિલ્લા પરિષદની ચૂંટણી માટે એકનાથ શિંદેની શિવસેના અને ઉદ્ધવ ઠાકરેની આગેવાની હેઠળની શિવસેનાએ ગઠબંધન બનાવ્યું છે. જોકે, શિવસેના (ઠાકરે)ના નેતા સંજય રાઉતે કહ્યું છે કે તેમને આ અંગે કોઈ માહિતી નથી.

જ્યારે સંજય રાઉત પાસેથી આ અંગે પુછવાનો પ્રયાસ કર્યો. ત્યારે તેમણે કહ્યું હતું કે 'અમને માહિતી મળી છે કે બાર્શી તાલુકાના તમામ પક્ષો ભાજપ વિરુદ્ધ એકઠા થયા છે. અમારા પક્ષના વડાઓને પણ બાર્શીમાં થયેલા સમગ્ર વિકાસની જાણ નથી. અમે માહિતી એકત્રિત કરી રહ્યા છીએ.'

શિવસેના (ઠાકરે)ના વિધાનસભ્ય દિલીપ સોપલે તેમના સોશિયલ મીડિયા પર એવી જાહેરાત કરી છે કે જિલ્લા પરિષદની ચૂંટણી માટે મહાગઠબંધન થયું છે. સોપલે આજે નિર્ધાર મેળાનું આયોજન કર્યું છે, જેમાં એક પોસ્ટ કરી છે જેમાં લખ્યું છે કે, જિલ્લા પરિષદ અને પંચાયત સમિતિની ચૂંટણી માટે, બાર્શી તાલુકામાં શિવસેના (ઉદ્ધવ બાળાસાહેબ ઠાકરે), રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી, શિવસેના, રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (શરદ ચંદ્ર પવાર) અને મિત્ર પક્ષ દ્વારા એક 'મહા-અઘાડી' બનાવવામાં આવી છે અને આ માધ્યમથી ચૂંટણી લડવામાં આવશે.

સભાની પત્રિકામાં શિવસેનાના ધનુષ્ય અને તીરનું પ્રતીક અને ઉદ્ધવ ઠાકરેની મશાલ એકસાથે જોવા મળે છે. ઉપરાંત, ઉદ્ધવ ઠાકરે, એકનાથ શિંદે, શરદ પવાર અને અજિત પવારના ફોટા પણ એકસાથે જોવા મળે છે.

પરભણીના શિવસેના (ઠાકરે) સાંસદ સંજય જાધવે પણ પવાર પરિવારનું ઉદાહરણ આપીને શિવસેનાના બંને પક્ષોને સાથે આવવા અપીલ કરી હતી.

જોકે આ બધા વચ્ચે નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ આવી કોઈ યુતિ કરવામાં આવી હોવાનું નકારી કાઢતાં કહ્યું હતું કે રાજ્યની જિલ્લા પરિષદની ચૂંટણીઓમાં મહાયુતિ એકસાથે જ રહેશે.

## અંધેરીમાં

પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે ઓશિવરાની રહેણાક ઈમારત પર ગોળીબારના કેસમાં ઍક્ટરને શુક્રવારની મોડી રાતે તાબામાં લેવાયો હતો. પ્રાથમિક પૂછપરછ પછી તેની ધરપકડ કરવામાં આવી હતી. આર્મ્સ ઍક્ટ હેઠળ અભિનેતા વિરુદ્ધ કાર્યવાહી કરવામાં આવી હતી.

પોલીસના જણાવ્યા મુજબ ઘટના ૧૮ જાન્યુઆરીએ બની હતી. ઓશિવરાની નાલંદા બિલ્ડિંગ પર ગોળીબાર થયો હતો. ફાયરિંગનો અવાજ સાંભળી રહેવાસીઓ ફ્લૅટની બહાર નીકળી આવ્યા હતા. તપાસ કરતાં ફ્લૅટની બહારની દીવાલ પર ગોળી વાગવાનાં નિશાન દેખાયાં હતાં.

ઈમારતના બીજા માળ અને ચોથા માળ પરથી બે બૂલેટ્સ મળી આવી હતી. બીજા માળે લેખક-દિગ્દર્શક રહે છે તો ચોથા માળના ફ્લૅટમાં એક મૉડેલ રહે છે. બૂલેટ્સ મળ્યા પછી રહેવાસીઓએ તાત્કાલિક પોલીસને જાણ કરી હતી.

ઘટનાની જાણ થતાં જ ઓશિવરા પોલીસની ટીમ નાલંદા બિલ્ડિંગમાં પહોંચી હતી અને બન્ને બૂલેટ્સ તાબામાં લીધી હતી. પ્રાથમિક તપાસમાં પોલીસને ગોળીબારના કોઈ સીસીટીવી કૅમેરા ફૂટેજ મળ્યાં નહોતાં. વળી, બિલ્ડિંગના કોઈ રહેવાસીની દુશ્મનાવટનો મામલો પણ સામે આવ્યો નહોતો. આખરે પોલીસે ભારતીય ન્યાય સંહિતાની સુસંગત કલમો અને આર્મ્સ ઍક્ટ હેઠળ અજાણ્યા શખસ વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો. કેસની સમાંતર તપાસ ક્રાઈમ બ્રાન્ચે હાથ ધરી હતી.

સૂત્રોના જણાવ્યા મુજબ બીજા માળે બૂલેટ્સ બારીને વાગી ફ્લૅટમાં ગઈ હતી, જ્યારે ચોથા માળે દીવાલ પર વાગીને ગોળી પેસેજમાં પડી હતી. ફોરેન્સિક તપાસમાં ગોળી કઈ દિશામાંથી ચલાવવામાં આવી હશે તેનો અંદાજ લેવામાં આવ્યો હતો. બિલ્ડિંગની સામે અમુક બંગલો છે, જેમાંથી એકમાં ઍક્ટર કમાલ ખાન રહે છે. કમાલ ખાનના બંગલો તરફથી ગોળી મારવામાં આવી હોવાનો અંદાજ ફોરેન્સિક તપાસમાં આવ્યો હતો. પરિણામે ખાનને તાબામાં લઈ પૂછપરછ કરવામાં આવી હતી.

ગોળીબાર પાછળનો ચોક્કસ હેતુ જાણી શકાયો નહોતો, પરંતુ સૂત્રોના જણાવ્યા મુજબ ટેસ્ટિંગ દરમિયાન પિસ્તોલમાંથી બે રાઉન્ડ ફાયર થયા હોવાનું કહેવાય છે.

ખાન પાસે લાઈસન્સવાળી પિસ્તોલ છે, જે પોલીસે તપાસ માટે તાબામાં લીધી હતી. પિસ્તોલ અને બૂલેટ્સ તપાસ માટે ફોરેન્સિક સાયન્સ લૅબોરેટરીમાં મોકલવામાં આવી હોવાનું જાણવા મળ્યું હતું.

## સળંગ રજા

શનિવાર, રવિવાર અને પ્રજાસત્તાક દિનની રજા હોવાથી મુંબઈગરાઓને જાણે મોજ પડી ગઈ છે. આ ત્રણ દિવસ પછી રાષ્ટ્રીયકૃત બૅન્કોની હડતાળે વધુ એક દિવસની રજાનો ઉમેરો કર્યો છે. મંગળવારે રાષ્ટ્રીયકૃત બૅન્કના કર્મચારીઓની હડતાળ જાહેર કરવામાં આવી છે. પરિણામે સળંગ રજા મળતાં મોટી સંખ્યામાં લોકો ઘરની બહાર નીકળી પડ્યા છે.

અત્યારે વાતાવરણ ઠંડુંગાર છે, પણ હિલ સ્ટેશનોની ઠંડીની મજા જ કંઈ ઓર છે. આવાં હિલ સ્ટેશનો તેમ જ પર્યટન સ્થળે પહોંચવા માટે શનિવારની સવારથી લોકો વાહનોમાં નીકળી પડ્યા હોવાનો અંદાજ છે, જેને લીધે ઠેકઠેકાણે વાહનોની લાંબી લાઈનો જોવા મળી હતી.

ખોપોલી-બોર ઘાટ પરિસરમાં વાહનો કલાકો સુધી ટ્રાફિકમાં અટવાયાં હતાં તો ખોપોલી અને ખંડાલા ઘાટમાં સૌથી વધુ ટ્રાફિક જૅમ જોવા મળ્યો હતો. ખાસ કરીને પુણે જતી લેન પર જ વાહનોની લાંબી લાઈન લાગી હતી. ટ્રાફિક વિભાગના કહેવા મુજબ ભારે વાહનોના ડ્રાઈવર નિયમોને અનુસરીને વાહન ચલાવતા ન હોવાને કારણે ટ્રાફિકની સમસ્યા ઊભી થઈ રહી છે.

હાઈવે પર છથી સાત કિલોમીટર સુધી વાહનોની લાઈન લાગી હોવાને કારણે પ્રવાસીઓએ ભારે હાલાકી સહન કરવી પડી હતી. કલાકો સુધી વાહનો ટ્રાફિકમાં ફસાયેલાં હતાં, જેને પગલે વાહનવ્યવહારનું નિયમન કરવામાં ટ્રાફિક પોલીસને નાકે દમ આવી ગયો હતો. રાયગડ અને પુણે ટ્રાફિક વિભાગના અધિકારીઓ-કર્મચારીઓ સાથે હાઈવે ટ્રાફિક પોલીસ વાહનવ્યવહાર પર નિયંત્રણ મેળવવાના પ્રયાસ કરી રહી હતી. ટ્રાફિક ઓછો કરી વાહનવ્યવહાર સુગમ બનાવવાના પ્રયત્ન કરવામાં આવી રહ્યા હોવાનું અધિકારીનું કહેવું છે.

## મીરા-ભાયંદરમાં

છે અને વરિષ્ઠ નેતાઓ તેના પર કેવી પ્રતિક્રિયા આપશે તેના પર. રાજ્યમાં અન્ય સ્થળોએ વિવિધ પ્રયોગો થઈ રહ્યા હોવાથી, કેટલાક નેતાઓ કહી રહ્યા છે કે મીરા-ભાયંદરમાં કોંગ્રેસ સાથે ગઠબંધન કરીને શું અલગ રીતે કરવામાં આવ્યું છે. આ દરમિયાન, પ્રતાપ સરનાઈકે કોંગ્રેસ-શિવસેના જોડાણ પર મોટી ટિપ્પણી કરી. મીરા ભાઈંદરના બધા લોકો ભેગા થઈને ગઠબંધન બનાવ્યું. મીરા ભાયંદર શહેર વિકાસ આઘાડી બનાવવામાં આવી છે. અમે મ્યુનિસિપલ કોર્પોરેશનમાં કંઈપણ ખોટું થવા દઈશું નહીં. ૧૬ કોર્પોરેટરોએ પક્ષ તરફ જોયા વિના શહેર વિકાસ આઘાડી બનાવી છે. જો કશું ખોટું થઈ રહ્યું હશે, તો તેના પર કાબૂ મેળવવામાં આવશે. તેમની પાસે સત્તા છે, આપણે તે સ્વીકારવી પડશે. મને ખબર નથી કે રાજ ઠાકરેએ મને ટેકો આપ્યો હતો કે નહીં. હું તેમનો આભારી છું, પ્રતાપ સરનાઈકે કહ્યું. આ દરમિયાન, અકોલા, ચંદ્રપુર, સોલાપુરમાં ભાજપ વિરુદ્ધ વિવિધ પક્ષો એક સાથે આવી રહ્યાનું ચિત્ર છે. આને કારણે, સ્થાનિક સ્તરે વિવિધ ગઠબંધનો બની રહ્યા છે.

## આજે રેલવેની

અનુસાર ૨૫મી જાન્યુઆરી ૨૦૨૬ના રવિવારે રોજ સવારે ૧૧થી સાંજે ૪ વાગ્યા સુધી માટુંગા અને મુલુંડ વચ્ચે અપ અને ડાઉન ફાસ્ટ લાઈન પર બ્લોક લેવામાં આવશે. બ્લોકના આ સમય દરમિયાન ફાસ્ટ ટ્રેનોને માટુંગા અને મુલુંડ વચ્ચે અપ સ્લો લાઈન પર ડાયવર્ટ કરાશે અને તે તેના નિર્ધારિત સ્ટેશનો પર ઉભી રહેશે. આ ફેરફારને કારણે ટ્રેનો નિર્ધારિત સમય કરતાં લગભગ ૧૫ મિનિટ મોડી પહોંચવાની શક્યતા છે.હાર્બર લાઈન પર સીએસએમટી-ચુનાભટ્ટી અને બાંદ્રા વચ્ચે સવારે ૧૧.૪૦ કલાકથી બપોરે ૪.૪૦ કલાક સુધી અપ ડાઉન લાઈન પર બ્લોક હાથ ધરવામાં આવશે. આ સમયગાળા દરમિયાન સીએસએમટીથી પનવેલ, બેલાપુર અને વાશી જતી તેમ જ ત્યાંથી આવતી ટ્રેનો રદ રહેશે. આ સિવાય સીએસએમટીથી બાંદ્રા અને ગોરેગાંવ વચ્ચે પણ સેવાઓ પણ બંધ રહેશે, જોકે પ્રવાસીઓની સુવિધા માટે પનવેલ અને કુર્લા વચ્ચે દર ૨૦ મિનિટે સ્પેશિયલ ટ્રેનો દોડાવવામાં આવશે.

પશ્ચિમ રેલવેની વાત કરીએ પશ્ચિમ રેલવે પર અંધેરી અને ગોરેગાંવ વચ્ચે સવારે ૧૦ વાગ્યાથી બપોરે ત્રણ વાગ્યા સુધી અને માહિમથી અંધેરી વચ્ચે સવારે ૧૧થી સાંજે ૪ વાગ્યા સુધી હાર્બર લાઈન પર કામ હાથ ધરવામાં આવશે જેને કારણે ચર્ચગેટ-ગોરેગાંવ અને સીએસએમટી-ગોરેગાંવ વચ્ચેની હાર્બર સેવાઓ રદ રહેશે.

રેલવે પ્રશાસન દ્વારા રવિવારની રજાને કારણે થનારી ભીડને ધ્યાનમાં લઈને પ્રવાસીઓને અપીલ કરવામાં આવી છે કે તેઓ જરૂર હોય તો જ ઘરની બહાર નીકળે તેમ જ ઉપલબ્ધ વૈકલ્પિક રૂટની પૂરતી માહિતી મેળવીને જ પ્રવાસ કરે.

# જૈન મરણ

**દશા શ્રીમાળી સ્થા. જૈન**

જેતપુર નિવાસી હાલ ઘાટકોપર સ્વ. નિર્મળાબેન ચુનિભાઇ દેસાઇના સુપુત્ર તથા સ્વ. લલિતાબેન અનોપચંદ કોઠારીના જમાઇ. મહેન્દ્રભાઇ (ઉં. વ. ૭૭) તે ઇલાબહેનના પતિ. દેવાંગ તથા અમીતના પિતા. પૂજા તથા પ્રાચીના સસરા. રશ્મિબેન પ્રદીપભાઇ પૂંજાણી તથા સુનિલાબેન રમેશભાઇ દોશીના મોટાભાઇ તા. ૨૩-૧-૨૬ના રોજ અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**દશાશ્રીમાળી સ્થાનકવાસી જૈન**

જુનાગઢ નિવાસી હાલ કાંદીવલી, સ્વ. શાંતાબેન ઈશ્વરભાઈ દોશીના સુપુત્ર જયદીપભાઈ (મુન્નાભાઈ) દોશી (ઉં. વ. ૬૮) અ.સૌ. નીલાબેનના પતિ, સ્વ. અતુલભાઈ દોશી, અ.સૌ. હીનાબેન કિશોરભાઈ કોઠારી, અ.સૌ. ગીતાબેન જશવંતભાઈ શાહ અને દિવ્યાબેન (નીનાબેન)ના ભાઈ, મેઘા રાહુલ નાથાણી, હેલી, જીતના પપ્પા, સ્વ. ગુલાબબેન ચુનીલાલ શેઠના જમાઈ, સ્વ. ભારતીબેન મહેન્દ્રભાઈ મેહતા, સ્વ. પ્રદીપભાઈ શેઠ, ચિ. વિજયભાઈ શેઠના બનેવી. તા. ૨૨-૦૧-૨૦૨૬ના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૨૭/૦૧/૨૦૨૬ના રોજ ૫ થી ૭. શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ, પારેખલેન કોર્નર, એસ.વી. રોડ, કાંદીવલી વેસ્ટ.

**અમદાવાદ વિશા ઓસવાલ જૈન**

અમદાવાદ નિવાસી હાલ બોરીવલી. દીના દેવેન્દ્ર ઝવેરી (ઉં. વ. ૭૧), દેવેન્દ્ર રમણલાલ ઝવેરીના પત્ની દેવીકા જતીન શાહ, ખ્યાતિ પરિમલ કામદારના માતૃશ્રી, સ્વ. અનિલાબેન જિતેન્દ્રભાઈ, વર્ષાબેન હર્ષદભાઈ, સ્વ, રેશમાબેન હેમેન્દ્રભાઈ,સ્વ. સદગુણાબેન,સ્વ. જયશ્રીબેન તથાં મીરાબેનના ભાભી, સ્વ. મંજુલાબેન ભોગીલાલ શ્રોફના પુત્રી, સ્વ.હસમુખભાઈ, સ્વ.રમેશભાઈ, હર્ષદભાઈ, હરીશભાઈ, સ્વ.ભરતભાઈ,સ્વ. નલિનીબેનના બેન, રેયાન, તનિષના નાની તારીખ ૨૩.૧.૨૦૨૬ ના અરિહંતશરણ પામેલ છે, લૌકિક વ્યહવાર બંધ રાખેલ છે.

**ઘોઘારી વિશાશ્રીમાળી જૈન**

પાલડી (સોનગઢ) નિવાસી, હાલ બોરીવલી, શાહ શાંતાબેન શાંતિલાલ જીવણલાલના સુપુત્ર નરેન્દ્રભાઇ (ઉં. વ. ૬૮) તા. ૨૪-૦૧-૨૬, શનિવાર અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. કિરણબેનના પતિ, ફોરમ તથા શ્રેયાના પિતાશ્રી. નીરવકુમાર સુરેશભાઈ મેહતાના સસરા. રમેશભાઈ, શૈલેષભાઈ તથા જીગરભાઈ તથા શકુન્તલાબેન જિતેન્દ્રકુમાર વોરા તણસાવાળાના ભાઈ, પિયરપક્ષે પાલિતાણાવાળા હાલ બોરીવલી શેઠ લીલાબેન ચીમનલાલ શામજીભાઈના જમાઈ. લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

કોટડા (રોહા)ના સુંદરબેન જેઠાલાલ હીરજી મારૂ (ઉં. વ. ૮૫) ૨૨-૧-૨૬નાં અવસાન પામ્યા છે. નાનબાઇ હીરજીના પુત્રવધૂ. જેઠાલાલના પત્ની. ગઢશીશા કુંકુબેન ખીમજી વિસરીયાના સુપુત્રી. પ્રેમીલા, જયા, વિનોદ,ટીનેશ, ભાવેશના માતુશ્રી. ગઢશીશા ઉમરશી, મુરજી, ભવાનજી, ધનબાઇના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. ટીનેશ જેઠાલાલ, મહાવીર ધામ, સ્ટે. રોડ, ગોવંડી (ઇ.), મું. ૮૮.

બારોઇના ભાગ્યવંતી દેઢિયા (ઉં. વ. ૭૭) તા. ૨૧-૧ના અવસાન પામેલ છે. લાછબાઈ રામજી હરશી ના પુત્રવધૂ. ભવાનજીના પત્ની. હીતેન, અમીષાના માતા. વડાલા પાનબાઈ નરશી કુંવરજીના પુત્રી. દામજી, પ્રેમજી, જયંતિ, શાંતિ, સાડાઉ લક્ષ્મી કેશવજી, સમાઘોઘા શાંતા વસનજી, અમૃત, લાખાપુર ભાનુ અરવિંદ પ્રતાપુર અંજના અનિલના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. હિતેન દેઢિયા, ડી-૧૦૪, પૃથ્વી એન્કલેવ ૧, સિદ્ધાર્થ નગર લેન, બોરીવલી (ઈ) ૬૬.

**રાધનપુરી જૈન**

રાધનપુર તીર્થ નિવાસી સ્વ. ચંદનબેન મોતીલાલ દોશીના સુપુત્ર પ્રબોધભાઇ (ઉં.વ. ૮૨) લોપાબેનના પતિ. વિપુલ, ગોપીના પિતાશ્રી. સેજલબેન તથા વિપુલભાઇના સસરા. અનીશ પાર્થના દાદા. સુરભી અનીશ દોશીના વડ સસરા. વિધિ રવિકુમાર મોદીના નાના. તા. ૧૯-૧-૨૬ સોમવારના ગોરેગામ નિવાસ સ્થાને નિધન પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

ઘોબા નિવાસી હાલ ગોરેગાવ કમળાબેન નેમચંદ કેશવજી શાહના પુત્ર મહેન્દ્ર (ભગત) નેમચંદ શાહ (ઉં. વ. ૬૫) તા. ૨૪-૧-૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે જયશ્રીબેનના પતિ. પારસના પિતા. અશોકભાઇ યોગેશભાઇ તરુલતાબેન પ્રવીણચંદ્ર (શેખ પીપરીયા) આશાબેન પ્રદીપકુમાર (હણોલ)વાળાના ભાઇ. મધુબેન તથા પ્રતિભાબેનના દિયર. સસુર પક્ષે ચંદ્રાબેન નગીનદાસ નરોતમદાસ પટેલ (વંડાવાળા)ના જમાઇ. સાદડી રવિવાર, તા. ૨૫-૧-૨૬ના સાંજે ૪થી ૭. નિવાસસ્થાને રાખેલ છે. પિયર પક્ષની સાદડી સાથે રાખેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે. ઠે. ૫/૧૩, વિશ્વનાથ ભુવન બીજે માળે, એસ.વી.રોડ, જવાહરનગર, ગોરેગાંવ (વેસ્ટ).

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

અમરેલી નિવાસી હાલ મુંબઇ સ્વ. કાશીબેન હરજીવનદાસ સંઘરાજકાના પુત્ર. મનુભાઇ (નવનીતભાઇ) (ઉં. વ. ૯૬) તે સ્વ. મંજુલાબેનના પતિ. નિશિથ, શિલ્પા તથા નિમિશના પિતાશ્રી. લીના, દીપક, નીતિના સસરા. કુનાલ, નિકિતા, નિયોમી, અનીસા તથા આયુષના દાદા. સ્વ. મગનભાઇ જાદવજી દોશીના (મોમ્બાસા) જમાઇ. શુક્રવાર, તા. ૨૩ જાન્યુઆરી ૨૦૨૬ના મુંબઇ મધ્યે સ્વર્ગવાસ થયેલ છે. પ્રાર્થનાસભા, મંગળવાર, તા. ૨૭ જાન્યુઆરી ૨૦૨૬, સાંજે ૫.૩૦થી ૭. ઠે. એફ.પી.એચ. બિલ્ડિંગ, લાલા લજપતરાય માર્ગ, હાજીઅલી, મુંબઇ-૪૦૦૦૩૪.

# હિન્દુ મરણ

**માંગરોળ દશા શ્રીમાળી વણિક વૈષ્ણવ**

માંગરોળ નિવાસી હાલ ઘાટકોપર, જયમીન હરીશ દરબારી (ઉં. વ. ૪૩) મંગળવાર, તા. ૨૦.૦૧.૨૬ના અબુધાબીમાં શ્રીજીચરણ પામ્યા છે. તે શ્વેતાના પતિ, ગ્રંથના પિતા, કિરણ હરીશ દરબારીના સુપુત્ર. પ્રિયેશ, દર્શન, માનસી, નેહા, હર્ષિલના ભાઈ, પ્રવીણા બાલકિશન જુઠાણીના જમાઇ. ભાવના મનોજ દરબારીના ભત્રીજા, સ્વ. નિર્મળા વરજીવનદાસ દરબારીના પૌત્ર, લૌકિક વ્યવહાર બંધ છે. રહેઠાણ બી-૧૩૦૧, નીલસિદ્ધિ જયબંધુ, ૯૦ ફીટ રોડ, વલ્લભબાગ લેન, ઘાટકોપર (ઇસ્ટ).

**ઔદિચ્ય બ્રાહ્મણ**

મુકામ રાજકોટ હાલ બોરીવલી, નિર્મળા ધીરજલાલ રણા ભટ્ટ તા. ૨૨/૧/૨૬ના રોજ પ્રભુશરણ પામેલ છે. તે સ્વ. ધીરજલાલ જટાશંકર રણાના પત્ની. ભરત, રૂપા નીતિન દવે, જયશ્રી હરીશ જાનીના માતુશ્રી. જ્યોતિના સાસુ. ઉત્સવ તથા વત્સલના દાદી.

**લુહાર સુથાર**

સાવરકુંડલા નિવાસી હાલ મીરારોડ, નરોત્તમભાઈ ભગવાનભાઈ ચૌહાણ (ઉં. વ. ૭૫) તા. ૨૨/૧/૨૬ના રોજ રામશરણ પામેલ છે તે દક્ષાબેનના પતિ. સ્વ. દુર્લભજીભાઈ, સ્વ. છબીલભાઈ, સ્વ. બટુકભાઈના ભાઈ, સ્વ. અનસૂયાબેન બાલુભાઈ પરમાર, સ્વ. ચંપાબેન ધીરજલાલ પરમાર, હંસાબેન રમેશભાઈ ડોડીયાના ભાઈ, સ્વ. મગનલાલ ગોરધનભાઈ પરમારના જમાઈ, સુનિલ, જીગ્નેશ સોનલ જીગ્નેશ કનાળીયા, નીલમ યોગેશ મિસ્ત્રીના પિતા. પ્રાર્થનાસભા તા. ૨૬/૧/૨૬ના રોજ ૫ થી ૭. બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર, સેક્ટર નંબર ૧૦, શાંતિનગર, મીરા રોડ ઇસ્ટ.

**હાલાઈ લોહાણા**

બામણાસા વાળા હાલ મુંબઈ, સ્વ ગોરધનદાસ મકનજી વિઠલાણી (ઉં. વ. ૯૩) તે સ્વ. ગોદાવરીબેનના પતિ. ચંદુભાઈ, અશોકભાઈ, શૈલેષભાઈ રાજુભાઈ,મંજુલાબેન દિલીપ કારિયા, મમતા નીતિન ઠક્કરના પિતાશ્રી, સ્વ. ઓધવજીભાઈ સ્વ મયુરભાઈના ભાઈ. બ્રિન્દા, નીરવ, મિથીલ, ચિરાગ સાક્ષીના દાદા. વિઠ્ઠલદાસ દેવજી દેવાણીના જમાઈ તા. ૨૨/૧/૨૬ના શ્રીજીચરણ પામેલ છે પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**બાલાસિનોર વિશા મેવાડા વણિક**

લુણાવાડા હાલ કાંદીવલી, સ્વ. યોગેશચંદ્ર ઓચ્છવલાલ શાહના ધર્મપત્ની ચંદ્રિકાબેન શાહ (ઉં. વ. ૮૩) તા. ૨૨/૧/ ૨૬ના રોજ શ્રીજીશરણ પામેલ છે. તે અલ્પેશ તથા ભાવના કમલેશ સુરાના માતુશ્રી, શીતલના સાસુ, પિયરપક્ષે સ્વ. કમળાબેન તથા સ્વ. રમણલાલ ઓછવલાલ શાહના પુત્રી. પ્રાર્થનાસભા તા. ૨૬/૧/૨૬ના રોજ ૫ થી ૭. લોહાણા મહાજન વાડી, શંકરમંદિર પાસે, એસ.વી. રોડ કાંદીવલી વેસ્ટ.

**હાલાઈ ભાટિયા**

ગં.સ્વ. જ્યોતિબેન ભગવાનદાસ કાપડિયા (ડાહ્યાવાલા), (ઉં. વ. ૮૩) તા. ૨૩-૧-૨૬ના રોજ શ્રીજીચરણ પામ્યા છે. સ્વ. ભગવાનદાસ ગોરધનદાસ કાપડિયાના ધર્મપત્ની. સ્વ. પુષ્પાબેન પુરુષોત્તમભાઈ આશરના દીકરી. સંજય, રાખી, સ્વ. અમિતના માતુશ્રી. તૃપ્તિ, અતીત શાહના સાસુ, યેશા અને સમર્થના બા. પ્રાર્થનાસભા રવિવાર તારીખ ૨૫ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ ૪.૦૦ થી ૬.૦૦. શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન સંઘ, એલ. ટી. રોડ, ડાયમંડ ટોકીઝ સામે, બોરિવલી વેસ્ટ.

**કપોળ**

ડુંગર નિવાસી હાલ પનવેલ, સ્વ. ગુલાબરાય તથા સ્વ. મધુબેન મનસુખલાલ સંઘવીના ભાઈ, મહેશભાઈ, જયેશભાઈ, સ્વ. મગળાબેન પ્રાણજીવનદાસ મહેતાના પુત્ર દોલતરાય (ઉં. વ. ૮૫) તે સ્વ. વંસતાબેનના પતિ, પ્રેમિલાબેન (જયશ્રી) પંકજભાઈ મેહતા, કિરણબેન (કાજલ) યોગેશભાઈ ગાંધીના કાકા, મહુવાવાળા જમનાદાસ ચકુભાઈ ચિતલીયાના જમાઈ. સર્વે પક્ષની પ્રાથનાસભા તા. ૨૬/૦૧/૨૦૨૬ને સોમવાર સાંજે ૪ થી ૬, બેન્કવેટ હૉલ, તક્કા રોડ, પનવેલ સ્ટેશનની બાજુમા પનવેલ.

**ઘોઘારી દશા શ્રીમાળી વૈષ્ણવ વણિક**

મહુવા નિવાસી હાલ વાલકેશ્વર મુંબઇ મુકેશ માણેકલાલ મહેતા (ઉં. વ. ૭૩) કે પારૂલના પતિ. તેજસ અને વિધીનાં પિતાશ્રી. મીતા તેજસ મહેતાના સસરા. મનોજ, વિજય અને ભાવના યોગેશકુમાર બદાણીના ભાઇ. શ્વસુર પક્ષે સ્વ. દલીચંદ પરમાણંદ રૂપાણીના જમાઇ. ગુરુવાર તા. ૨૨-૧-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**રૈકવ બ્રાહ્મણ**

દેવગણા નિવાસી હાલ ઘાટકોપર આદિત્ય ભરત પંડયા (ઉં. વ ૨૨) બુધવાર તા. ૨૧-૧-૨૬ના દેવલોક પામ્યા છે. તે ભરત અને નિલાના દીકરા. કિશોરભાઇ દમયંતીબેન હેમલતાબેનના પૌત્ર. ડો. વિનોદભાઇ જે. ભટ્ટ, હિતેશ ભટ્ટના ભાણેજ, શૈલેષ, સુધીર, વૈભવ, જયશ્રી, હેમાંગીની, દિપાલી, મેઘના, કૃતિકાનો ભત્રીજો. દર્શિકા, ધ્રુતિ, નિયતિનો ભાઇ. પ્રાર્થનાસભા તા. ૨૬-૧-૨૬ સોમવાર બપોરે ૩થી ૫. ઠે. ઘાટકોપર બ્રાહ્મણ સમાજવાડી. જોશી લેન, રામજી આસર સ્કૂલની સામે, ઘાટકોપર (પૂર્વ).

# પારસી મરણ

સાયરસ નાદરશાહ બાટલીવાલા તે મહારુખના ધણી. તે મરહુમો મેહરબઇ નાદીર બાટલીવાલાના દીકરા. તે મરહુમો મહેરા જાલેજર મરોલીયાના જમાઇ. તે મરહુમો જમશેદ, સરોશ ને પરવેઝના ભાઇ. તે પીરોઝ ને મેહરંગીઝના પિતાજી. તે શ્રીટી તથા ફીરદોસના સસરાજી. (ઉં. વ. ૮૫) રે. ઠે. ૧/૧૩, માલેગામવાલા બિલ્ડિંગ, એમ.એમ. સી. રોડ, સ્ટેશન રોડ, માહીમ, મુંબઇ-૪૦૦૦૧૬. ઉઠમણાંની ક્રિયા : તા. ૨૫-૧-૨૬ના દીને બપોરે ૩.૪૦ વાગે માહિમ સોનાવાલા અગિયારીમાં છેજી.

---

**ગિરીનારાયણ બ્રાહ્મણ**

ગં. સ્વ. ગુણવંતીબેન તે સ્વ. હરિપ્રસાદ જયકૃષ્ણ વ્યાસ કચ્છ માંડવી (હાલ મુંબઇ) ના પત્ની. માધવપુરવાળા સ્વ. દ્વારકાદાસ પ્રાગજી જોશીના દીકરી. રણછોડ, સ્વ. રેણુકા પુંડલિક કાપડિયા, અરુણ, વીણા મિલન ઠાકર, સ્વ. મીરાના માતા. તૃપ્તિના સાસુ. મિહિરના દાદી. નમ્રતા દર્શન, મિતલ ને તન્મયના નાનીમા. તા. ૨૩-૧-૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**માધવપુર ગિરિનારા બ્રાહ્મણ**

ગં. સ્વ. ભદ્રાબેન તિલકભાઇ જોશી (ઉં.વ. ૮૭) તા. ૨૨-૧-૨૬ના અમદાવાદ મુકામે શ્રીજીચરણ પામેલ છે. તે ભાવના, વિભૂતિ, દર્શન, આશિષ અને કલ્યાણીના માતુશ્રી. મનિષા, મમતા, નિખિલ ભટ્ટ, નિશીથ સેવક અને રાગેશ પુરોહિતના સાસુ. લૌકિક વ્યવહાર બંધ છે.

**કપોળ**

શિહોરવાળા હાલ યુએસએ, અમરભાઈ દોલતરાય મુનિના ધર્મપત્ની ગીતાબેન (ઉં. વ. ૬૮) તા. ૧૭-૦૧-૨૬ના રોજ શ્રીજીચરણ પામેલ છે તે વિકીના માતુશ્રી, પૂજાના સાસુ, જયેશભાઈ-રજની, ધર્મેશ -જ્યોતિના ભાભી, પીયરપક્ષે (ચલાલા)વાળા સ્વ વ્રજલાલ ભગવાનદાસ ભુવાની દીકરી, સતીષભાઈ, સ્વ સુભાષભાઈ, મધુબેન, બિપીનભાઈની બહેન, મોસાળપક્ષે સ્વ રતિલાલ કાનજી મહેતાની ભાણેજ. સર્વની પ્રાર્થનાસભા તા. ૨૭.૦૧.૨૦૨૬ના રોજ ૫ થી ૭. ચતવાણી બાગ, તેલી ગલ્લી અંધેરી પૂર્વ, મુંબઈ.

**મોઢ વણિક**

જૂનાગઢના હાલ મુંબઈ, સ્વ. દિનેશભાઈ પારેખના પત્ની અરુણાબેન પારેખ (ઉં.વ.૮૬) તા. ૨૦-૧-૨૬ મંગળવારના શ્રીજીચરણ પામ્યા છે. તે જતીનભાઈ, નિમેષભાઈ અને કિરણભાઈના માતુશ્રી તથા પારુલબેન, દેવિકાબેન અને પૂજાબેનના સાસુ, સ્વ. ધનલક્ષ્મીબેન ડાયાલાલ શાહના પુત્રી, સ્વ. ભરતભાઈ, અતુલભાઇ અને સ્વ. હિતેશભાઈના બહેન. લૌકિક પ્રથા બંધ છે.

**હાલાઈ લોહાણા**

મુળ ગામ જોડિયા (જામનગર) હાલે મીરારોડ, ગં. સ્વ.સરીતાબેન (ઉં. વ.૬૮) તે સ્વ. ભુપતભાઈ છગનલાલ ભીંડેના પત્ની. રાધાબેન નારાયણદાસ સીરોદરીયાના દિકરી. ભાવિક અને દિશાના માતુશ્રી, ચૈતાલી તથા હિતેશભાઈ કક્કડના સાસુજી, જમનભાઈ, મનહરલાલ, ત્રિકમભાઈ, ભગવાનભાઈ, જ્યોત્સનાબેન, વિણાબેનના ભાભી. શુક્રવાર તા. ૨૩-૦૧-૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ છે. પ્રાર્થનાસભા રાખેલ નથી.

**દશા સોરઠિયા વણિક**

ભાવનગર નિવાસી હાલ કાંદિવલી સ્વ. રતનબેન વૃજલાલ શાહના સુપુત્ર હર્ષદભાઇ શાહ (ઉં.વ. ૭૮) તે પ્રવીણાબેનના પતિ. તે નિરંજનાબેન યોગેશ ધ્રુવ, મંજુબેન કાંતિલાલ શેઠ, ભાનુબેન મનહરલાલ વખારીયાના ભાઇ. ગોરધનદાસ ભગવાનદાસ ગગલાનીના જમાઇ. તે ચંદ્રિકાબેન પ્રમોદભાઇ શેઠના વેવાઇ. ચિરાગભાઇ શાહ, મેઘનાબેન શાહના પિતાશ્રી. દિપ્તીબેન ચિરાગભાઇ શાહના સસરા. તા. ૨૩-૧-૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક પ્રથા બંધ છે.

**દેસાઇ સઇ સુતાર જ્ઞાતી**

સ્વ. દીપીકાબેન વિનોદભાઇ ગોહિલ ગુરુવાર તા. ૨૨-૧-૨૬ (ઉં. વ. ૪૮) અવસાન પામેલ છે. ગામ નીચા કોટડા હાલ વસઇ વિનોદભાઇ ધનજીભાઇ ગોહિલના ધર્મપત્ની. તે મનાંશુના માતુશ્રી. છોટુભાઇ ધનજીભાઇ ગોહિલ તે હસમુખભાઇ કરશનભાઇના નાના ભાઇના પત્ની. તે ચંદ્રિકાબેન તથા રીટાબેનના દેરાણી. ભાવનાબેન દિલીપકુમાર માંડલિયાના ભાભી. ગામ ચોક હાલ અમદાવાદ રમેશભાઇ બચુભાઇ પીઠડીયાની દીકરી. પ્રાર્થનાસભા તા. ૨૫-૧-૨૬ રવિવારના ૩થી ૫. ઠે. નવું સ્વામિનારાયણ મંદિર, બી.એ.પી.એસ. સાંઇનગર, પાર્વતી ટોકીઝની પાછળ, વસઇ વેસ્ટ. લૌકિક પ્રથા બંધ છે. બન્ને પક્ષની સાદડી સાથે રાખેલ છે.

**હાલાઇ ભાટીયા (વિરજીયાણી)**

સ્વ. ઇન્દુમતી અમરસિંહ સંપટના સુપુત્ર કૃષ્ણકુમાર અમરસિંહ સંપટ (ઉં. વ. ૭૫) ગં. સ્વ. કાશ્મીરાના પતિ. કંચનલાલ મગનલાલ ઠક્કરના જમાઇ. નિકુંજ અને અ. સૌ. તેજલ જસ્મીન ઓઝાના પિતા. અ. સૌ. હર્ષા નિકુંજ સંપટના સસરા. ગં. સ્વ. કુમુદ જયસિંહ આશર, સ્વ. મીના દિનેશ નેગાંધી, સ્વ. કલ્પના મહેશ ઠક્કર, સ્વ. રમેશ અમરસિંહ સંપટ તથા કિરણના ભાઇ. તા. ૨૧-૧-૨૬ના નાલાસોપારામાં શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ છે.

## ઈલોન મસ્ક સાથે

કરી હતી. મહિલાની ફરિયાદને આધારે પોલીસે ભારતીય ન્યાય સંહિતાની સુસંગત કલમો અને ઈન્ફર્મેશન ટેક્નોલૉજી ઍક્ટ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

પોલીસ ફરિયાદ અનુસાર કથિત સાયબર ફ્રોડ ઑક્ટોબર, ૨૦૨૫થી જાન્યુઆરી, ૨૦૨૬ દરમિયાન થયું હતું. સૌપ્રથમ આરોપીએ ઈલોન મસ્કના નામના એક્સ એકાઉન્ટ પરથી મહિલાનો સંપર્ક સાધ્યો હતો. ઠગે પોતાની ઓળખ ઈલોન મસ્ક તરીકે આપી હતી. આરોપીએ મહિલાને એક મેસેજિંગ ઍપ્લિકેશન તેના મોબાઈલ ફોનમાં ડાઉનલોડ કરવાનું કહ્યું હતું. પછી આ ઍપના માધ્યમથી બન્ને વચ્ચે ચૅટિંગ શરૂ થયું હતું.

ઑનલાઈન મિત્રતા અને પછી ઑનલાઈન જ પ્રેમ... છેલ્લે આરોપીએ લગ્નનો પ્રસ્તાવ મૂક્યો હતો. ટેસ્લા, એક્સ અને સ્પેસએક્સ જેવી જગપ્રસિદ્ધ કંપનીના માલિક અને વિશ્વના સૌથી ધનાઢ્ય ઈલોન મસ્ક સાથે લગ્નની ઘેલછામાં મહિલાને સાયબર ફ્રોડનો ખયાલ જ ન રહ્યો.

અનેક દિવસો સુધી ચૅટિંગ કર્યા પછી આરોપીએ મહિલાને લગ્ન બાદ અમેરિકા રહેવાની વાત કરી હતી. અમેરિકામાં વૈભવી જીવનશૈલીનાં સપનાં દેખાડ્યા પછી મસ્કે મહિલાને જેમ્સ નામના એક શખસનો નંબર આપી તેનો સંપર્ક કરવા કહ્યું હતું. જેમ્સ વિઝા સહિતની અન્ય પ્રક્રિયાઓમાં મદદરૂપ થશે, એવું મહિલાને કહેવામાં આવ્યું હતું.

જેમ્સે વિઝાની પ્રક્રિયા માટે ફી ભરવી પડશે, એવું કહ્યું હતું. આ માટે જેમ્સે મહિલાને એમેઝોન ગિફ્ટ કાર્ડ ખરીદવાનું કહ્યું હતું. પછી એ કાર્ડનો કોડ નંબર મોકલાવવા કહ્યું હતું. આ પ્રક્રિયાથી વિઝા સહેલાઈથી અને વહેલા મળી જશે, એવું આરોપીએ કહ્યું હતું. કાર્ડના કોડ નંબરને આધારે આરોપીએ મહિલાના ૧૬.૩૪ લાખ રૂપિયા પડાવ્યા હતા.

ફરિયાદમાં જણાવાયું હતું કે ૧૫ જાન્યુઆરીએ જેમ્સે અમેરિકાની ટિકિટ માટે બે લાખ રૂપિયા ભરવાનું કહ્યું હતું. તે સમયે મહિલાને શંકા જતાં તેણે રૂપિયા આપવામાં અસમર્થતા દેખાડી હતી. સામે જેમ્સે પણ રૂપિયા ન ભરી શકે તો અમેરિકા જવાનું સપનું પડી ભાંગશે, એમ કહ્યું હતું. પછી તો બોગસ એલોન મસ્કે પણ મહિલા સાથે ચૅટિંગ કરવાનું બંધ કરી દીધું હતું. આખરે પોતે છેતરાઈ હોવાની જાણ થતાં મહિલાએ પોલીસનો સંપર્ક સાધ્યો હતો.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|



કવર સ્ટોરી
નીલેશ દવે
feedback@bombaysamachar.com

## મહારાષ્ટ્રના રાજકીય ફલક પરથી ઘટતું મરાઠી-ગુજરાતીનું વર્ચસ...

# કોઈની આંખમાં સાપ રમે છે

## 'ગજવા એ મહારાષ્ટ્ર'નો છૂપો એજન્ડા હવે પાંખ પસારી રહ્યો છે!

हिंदुस्ताना मध्ये आम्ही हिंदु आहोत आणी महाराष्ट्रात आम्ही मराठी आहोत...
गुजरात मध्ये तुम्ही गुजराती असाल, पण महाराष्ट्रात... सोडुन ध्या..
गुजरात मध्ये तुम्ही गुजराती आहात आणी
संपूर्ण देशा मध्ये तुम्ही हिंदु आहात...
बंगाल मध्ये तुम्ही बंगाली असाल, पण हिंदुस्ताना मध्ये
तुम्ही हिंदु आहात... ही हिंदु भूमिका घेतल्या शिवाय
तुम्हाला जगता येणार नाही...
आणी येणारं हिरव सावट,
हिरव संकत तुम्हाला ते
परत ही करता येणार नाही...

**હિંદુસ્તાનમાં આપણે હિંદુ છીએ અને મહારાષ્ટ્રમાં આપણે મરાઠી... ગુજરાતમાં તમે ગુજરાતી હોઈશકો છો, પણ મહારાષ્ટ્રમાં ચાલો છોડી ધો, ગુજરાતમાં તમે ગુજરાતી છો પણ સંપૂર્ણ દેશમાં તમે હિંદુ છો. બંગાળમાં તમે બંગાળી છો, પણ હિંદુસ્તાનમાં તમે હિંદુ છો. હિંદુત્વની આ ભૂમિકા સ્વીકાર્યા વિના તમે જીવી જ નહીં શકો અને આપણી સામે જે ઈસ્લામિક કટ્ટરવાદનું જોખમ છે એને ખાળી પણ નહીં શકો કે બચી પણ નહીં શકો...**

હિન્દુ હૃદયસમ્રાટ સ્વ. બાળાસાહેબ ઠાકરેએ આશરે બેથી અઢી દાયકા પહેલાં મહારાષ્ટ્રની જનતાને ભરસભામાં આપેલી ચેતવણી અક્ષરશઃ સાચી પડી રહી હોય તેમ લાગી રહ્યું છે.

મહારાષ્ટ્રના રાજકીય ફલક પર હિન્દુઓ આપસમાં લડવામાં રચ્યા પચ્યાં છે અને એનો સીધો ફાયદો 'એઆઈએમઆઈએમ' (AIMIM)' જેવી ધર્મનાં નામ પર બનેલ પાર્ટીને થઈ રહ્યો છે. તાજેતરમાં જ મુંબઈની નજીક આવેલ મુંબ્રામાં 'એઆઈએમઆઈએમ' (AIMIM)ની બેઠક પરથી વિજય મેળવનાર એક યુવાન મુસ્લિમ મહિલા ઉમેદવારના ભાષણને તમે સાંભળો તો ચોંકી જશો. એ મહિલા ઉમેદવાર સમગ્ર મુંબ્રાને લીલા રંગમાં રંગવાની વાત કરી રહી છે.

આ એ જ લીલા રંગની વાત છે જેની ચેતવણી બે દાયકા અગાઉ બાળાસાહેબે આપી હતી. મુંબઈના મેયરપદ માટે ભલે શિંદેસેના અને ભારતીય જનતા પાર્ટી વચ્ચે ખેંચતાણ થઈ હોય, પરંતુ કેટલાક લોકોને ગજવાએ મુંબઈનો છુપો એજન્ડા ધીમે ધીમે પોતાની બાંય પસારી રહ્યો છે.

ઉદ્ધવ ઠાકરેની શિવસેના અને રાજ ઠાકરેની મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાએ આ વખતની મુંબઈ મહાનગર પાલિકાની ચૂંટણીમાં ગુજરાતી અને ઉત્તર ભારતીયો વિરુદ્ધનું સ્ટેન્ડ લીધું એનો સીધો ફાયદો પેલી AIMIMને થયો છે અને એકલા મુંબઈમાં એ પક્ષને આઠ બેઠક આવી છે. (નોંધી લેજો રાજ ઠાકરેની મનસે કરતાં બે વધું) અને એ પણ કોઈ પણ યુતિ વિના કે કોઈ પણ વચનનામા, જાહેરનામા કે આશ્વાસન યા રેવડી વગર, આ આઠ ઉમેદવાર જીત્યા છે માત્ર અને માત્ર ધર્મના નામ પર જ જીત્યા છે. મુંબઈ અને મહારાષ્ટ્રની પ્રજાએ તેમ જ કેટલાક રાજકીય પક્ષોએ ખૂબ જ ચિંતન કરવા જેવી એ વાત છે. સમગ્ર મહારાષ્ટ્રની ૨૯ મહાનગર પાલિકાની અંદાજે ૨૮૬૯ બેઠકો પરથી લગભગ ૪૦૦ જેટલા મુસ્લિમ ઉમેદવારોનો વિજય થયો છે, જેમાંથી એકલા AIMIMના લગભગ ૨૦૦ના આંકડાની નજીક છે. આ તમામ વિજયી ઉમેદવાર સંપૂર્ણપણે મુસ્લિમ બહુમતી ધરાવતા વિસ્તારોમાંથી જીત્યા છે. બાકીના ૨૦૦ પણ મોટા ભાગના મુસ્લિમ બહુમતી ધરાવતા વિસ્તારોમાંથી ખાસ કરીને કૉંગ્રેસ કે સમાજવાદી પક્ષની ઉમેદવારી પર જીત્યા છે. તેમને અનેક હિન્દુઓએ પણ મત આપ્યો છે. કૉંગ્રેસ કે સમાજવાદી પક્ષે તો પોતાનો ચૂંટણી ઢંઢેરો જાહેર કર્યો છે એટલે આ પક્ષો ભલે મુસ્લિમ તૃષ્ટીકરણની રાજનીતિ કરતા હોય, પરંતુ એમના પર ધર્માંધતાનો ટેગ લગાવી શકાય તેમ નથી, પરંતું AIMIM માત્ર અને માત્ર ધાર્મિક ઉન્માદ ફેલાવીને જ જીતી રહી છે. આ જીત ખૂબ જ જોખમી છે, ખાસ કરીને મહારાષ્ટ્ર અને મુંબઈ માટે.

AIMIM ના નેતાઓનાં ભાષણોમાં ખુલ્લેઆમ પોલીસને, પ્રશાસનને અને ક્યારેક ક્યારેક તો ભારતની સમગ્ર હિન્દુ જનતાને ગાળો દેવાય છે, પડકારો ફેંકાઈ રહ્યા છે. નવાઈની વાત એ છેકે ઉત્તર પ્રદેશમાં જે રીતે યોગીનું બુલડોઝર તોફાન ફેલાવનારા પર ફરી રહ્યું છે તેવું કંઈ મહારાષ્ટ્રમાં નથી થઈ રહ્યું. અહીં બસ બધા પક્ષો પોતપોતાની નગરપાલિકામાં પોતાના મેયર બેસાડવા ઉત્સુક છે.

અહીં કોઈ મુસ્લિમ નેતા કે ઉમેદવાર વિરુદ્ધની વાત નથી, ભારતમાં અનેક ઉચ્ચ કક્ષાના મુસ્લિમ નેતાઓ થયા છે. આપણા મુંબઈમાં જ અમીન પટેલ કે નસીમ ખાન જેવા મુસ્લિમ નેતા છે, જેમને સમાજના બધા વર્ગનો ટેકો છે, જેમની જીભે ક્યારેય મર્યાદા નથી ઓળંગી અને એમને તમામ હિન્દુ, મુસ્લિમ કે બીજા ધર્મના લોકોના મત અને માનમરતબો મળ્યાં છે. મૂળ સમસ્યા એ લોકોની છે, જેમની માનસિકતા જિહાદની છે, જે મુંબઈ પછી મહારાષ્ટ્ર અને પછી સમગ્ર ભારતને પોતાના બાપની જાગીર સમજે છે, જે શિવાજી, રાણા પ્રતાપ જેવાને છોડીને અકબર કે ઔરંગઝેબને પોતાના હીરો માને છે. ભારતની મોટા ભાગની પ્રજા સહિષ્ણુ છે એટલે જ ભારતનો ફ્લોપ ખેલાડી યુસુફ પઠાન પશ્ચિમ બંગાળના બેહરામપુર પરથી તૃણમૂલ કૉંગ્રેસ તરફથી ઉમેદવારી નોંધાવે છે અને માત્ર ધર્મના આધારે હરાવે છે કોને તો કૉંગ્રેસના દિગ્ગજ નેતા, જે ૨૦૧૯થી ૨૦૨૪ સુધી ભારતીય રાષ્ટ્રીય કૉંગ્રેસના લોકસભાના નેતા હતા. રાજકીય ફલક પરનો આ નવોદિત ખેલાડી કે જેને બંગાળ સાથે નહાવા નીચોવાનો સંબંધ નથી, ઠેઠ ગુજરાતના ગામથી બંગાળ સુધીની સફર તય કરીને એ ટીએમસી તરફથી ચૂંટણીમાં ઝંપલાવે છે અને કોઈ પણ અનુભવ કે બીજી કોઈ ગતાગમ વગર માત્ર ધર્મને નામે - આધારે જીતી જાય છે, તકલીફ ત્યાં છે. આ છે મૂળ સમસ્યા.

આની સામેનો દાખલો જુઓ તો મહારાષ્ટ્રની અકોલા અને વરસોવા જેવી હિન્દુ બહુમતી ધરાવતી બેઠકો પર થઈ કૉંગ્રેસ કે યુબીટીના મુસ્લિમ ઉમેદવાર જીતી શકે છે અને જીત્યા પણ છે. ૨૦૨૪માં અકોલા પશ્ચિમની બેઠક પરથી કૉંગ્રેસના સાજિદ ખાને ભાજપના વિજય અગ્રવાલને હરાવ્યા હતા. જ્યારે મુંબઈની વરસોવા બેઠક પરથી યુબીટીની હારુન ખાને ભાજપના જ ડૉ. ભારતી લવેકરના હરાવ્યા હતા. આ બંને મુસ્લિમ હોવા છતાં હિન્દુ બહુમતી ધરાવતા વિસ્તારમાંથી જીત્યા, કેમકે હિન્દુઓ સહિષ્ણુ છે, પરંતુ આ જ અપેક્ષા હિન્દુઓ મુંબ્રા કે માલેગાંવની બેઠકો પરથી રાખી શકે ખરાં? આ મુસ્લિમ બહુમતી ધરાવતા વિસ્તારમાંથી હિન્દુ ઉમેદવાર જીતી શકે ખરો? આનો જવાબ છે ચોખ્ખી ના...મોટા ભાગના ભારતીયો માટે સર્વોપરી છે સંવિધાન, આપણા દેશ ભારતનું સંવિધાન, કદાચ પવિત્ર ગ્રંથ ગણાતા ગીતા કરતાં પણ વધુ સર્વોપરી. આ વાત બીજાને લાગુ પડી શકે તેમ છે તો જવાબ છે ફરી એક વાર ના! ત્યાં સૌથી ઉપર છે તેમનો ધર્મ, સહુથી પહેલા પોતાના ધર્મને ટેકો પછી ભલે તે લાયક હોય કે ના હોય. ભારતનું સંવિધાન પણ કદાચ પછી જ આવે.

આનો તાજો જ દાખલો છે બાંગ્લાદેશ. જે દેશમાં હિન્દુઓની કત્લેઆમ થઈ હોય, વળી પાછો તે દેશ પણ માત્ર અને માત્ર ભારતીયોની મહેરબાનીને કારણે વિશ્વના નકશામાં આવ્યો હોય તે દેશના એક ખેલાડીને ભારત આઈપીએલ જેવી એક સામાન્ય સ્પર્ધામાં રમવા પર પ્રતિબંધ મૂકે અને એ દેશ પોતાનાથી ૧૦૦ ગણા શક્તિશાળી ગણાતા દેશમાં રમાનારી વિશ્વ કપ જેવી મહત્ત્વની સ્પર્ધાનો બોયકોટ કરે એ કોમ માટે કોઈ પણ સંવિધાન કે શરતો કરતાં પોતાનો ધર્મ વધુ પસંદ છે એ આ વાતની સાબિતી છે. સામે પક્ષે આટલા દાયકાથી સતત ભારતને હેરાન કરવાનો એક પણ મોકો ન છોડતું, અનેક ભારતીયના લોહીથી જેના હાથ ખરડાયેલા છે તેવા નાલાયક દેશ પાકિસ્તાન સામેની એક મામૂલી મેચ પણ આપણે જતી ન કરી શક્યા?

ભારતે જો આગળ વધવું હશે તો ત્રાસવાદ પર કાબૂ મેળવી અને વિશ્વમાં પોતાનું સ્થાન વધુ મજબૂત કરવું હશે તો બાળાસાહેબે કહેલી કેટલીક કડવી વાત યાદ રાખીને તેના પર અમલ કરવો પડશે... હા, પણ થોડોક ફેરફાર કરીને, જેમકે ભારતમાં તમે ભારતીય છો પણ ત્યાં સુધી જ જ્યારે સામેવાળો ભારતીય છે. જો સામેવાળો ભારતીયતા મીટાવીને ધર્મની લડાઈ પર આવતો હોય તો ગર્વથી કહો સૌપ્રથમ હું હિન્દુ છું. નહીં તો 'ગજવા એ મુંબઈ -મહારાષ્ટ્ર-ભારત ' માટે તૈયાર રહો. ■

ટેક વ્યૂહ
વિરલ રાઠોડ
feedback@bombaysamachar.com

# ટ્વિટર એટલે કે X પર છે નોલેજનો ભંડાર

## અહીં જાણો એના ઈતિહાસથી લઈને આઈડિયા સુધીની વાત




ટ્વિટર (હવે X ) એક એવું સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ છે, જેમાં કોઈ વ્યક્તિ ઓનલાઈન છે કે ઓફલાઈન એ ઝડપથી ખબર પડતી નથી. આ જ કારણે કેટલાક લોકો એનો ઉપયોગ કરવાનું ટાળે છે. અમુક યુઝર માત્ર હાજરી પૂરતી પ્રોફાઈલ બનાવીને એક્ટિવ રહે છે. ટ્વિટર પર અમુક પેજ એવા છે જે ખરા અર્થમાં નોલેજ પુરું પાડે છે.

ચાલો આજે એ ડિજિટલના દરિયામાં ડોકિયું કરીએ જ્યાં દરરોજ કંઈક નવું હોય છે. દેશ અને દુનિયાના કરોડોના વ્યવહારમાં રસ હોય અને દુનિયામાં રૂપિયો ક્યાં કેવી રીતે ફરે, કોણ ફેરવે છે અને તાજા અપડેટ શું છે એ જાણવા ફોલો કરી લો ઈકોનોમિસ્ટને. નાનામાં નાની વાતનું એટલું સરસ એનાલિસિસ કે વાંચીને ચોંકી જવાશે. હકીકતમાં આ એક વેબસાઈટ છે પણ એની ટ્વિટર આવૃત્તિ ઘણી રીતે ઉપયોગી અને સારી છે. ટ્રમ્પના ટૅરિફથી લઈને ટેક્સના સ્લેબ સુધી ટોટલ વસ્તુ એ પણ સાવ સરળ અંગ્રેજીમાં. ઈતિહાસના વિષયમાં અવશ્ય કંટાળો આવે પણ આ જ વિષય કલરફુલ થઈને સામે આવે ત્યારે ફોટો સહિત યાદ રહી જાય, જેમકે હિસ્ટ્રી એક્સ્ટ્રા. દુનિયાભરના રાજા અને રજવાડાની અનોખી દાસ્તાન. થોડું અંગ્રેજી અઘરું છે સમજવું પણ વાંચતા જઈએ એમ ખ્યાલ આવી જાય. માહિતીનો એવો ભંડારો કે કંટાળો બિલકુલ નહીં આવે.

દુનિયાના દરેક વિષયની એક ભાષા છે, કેટલાક શબ્દો છે. આ શબ્દોની સાથે સમજવું જરૂરી છે કે, હકીકત શું છે. ઈન્ટરનેટના ડેટાથી લઈને ઈનોવેશનના ડેટા સુધી તમામ વસ્તુઓ પાછળ પણ એક ડેટા છે. 'અવર વર્લ્ડ ઈન ડેટા', જેમાં એક વર્ષમાં કેટલી આત્મહત્યાથી લઈને ઓવરઓલ એનાલિટિક સુધી એવું વૈવિધ્ય જાણે ડેટાના દરિયામાં પેટાળમાં પહોંચ્યા હોવ. દેશ અને દુનિયાની ક્રાઈમ ફાઈલ્સથી લઈને ફિલોસોફી સુધીના ડેટા પ્રાપ્ય છે. ગ્રાફિક્સ વીડિયો અને વનલાઈન્સથી એટલી સરસ સમજ આપી છે કે, ખરેખર જાણે આખો ડેટાબેઝ તૈયાર હોય. વાત જ્યારે અંગ્રેજીની આવે ત્યારે સૌથી વધારે આ ભાષાના થોથા આપણી ઉપર જ થોપી દેવામાં આવે છે. જાણીને નવાઈ લાગશે કે ઘણાય દેશ એવા છે જ્યાં અંગ્રેજી કોઈ સમજતું જ નથી. દુનિયાભરની ભાષાના ફેક્ટ અને ફોટો ફાઈલ્સ મળશે 'એબાઉટ વર્લ્ડ લેંગ્વેજ'માં. નાની નાની લિંકમાં એટલી સરસ સમજ આપી છે. સર્ચ કરીએ તો ખ્યાલ આવે કે, આપણા અચરજના લેયર્સ પૂરા થશે પણ પાના પૂરા નહીં થાય. એકવાર અવશ્ય આંટો મારવા જેવો છે. એઆઈ કેટલાય લોકોની નોકરી ખાય જશે. મહિનામાં આ સમાચાર કેટલીય વાર છપાતા હશે. હવે AI તમે કહો એમ કરે અને સંપૂર્ણપણે તમારા કંટ્રોલમાં રહે એવું કરિયર ઓપ્શન પણ છે.

'અંકુર વારીકુ' એક એવું પેજ જે શેમાં કરિયર બનાવવું એની સમજ આપે છે. એ પણ ગ્રાફિક્સ વીડિયો સાથે. સો ટકા ગમી જાય એમ છે.

સામાન્ય જ્ઞાન આ એક એવો સમુદ્ર છે જે ઉલેચીએ એટલો ઓછો પડે. અહીં 'બોર્ન ફોર વિન' પેજ જનરલ નોલેજનો ખજાનો છે. સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારીઓ કરતા હોવ અને વર્લ્ડ ફોરમ જેવો વિષય હોય તો આ પેજ એક ડિજિટલ ગાઈડ બની જશે.

'યુપીએસસી સ્કિન શોન' નામ વાંચીને આશ્ચર્ય અવશ્ય થાય પણ પેજ જોઈને દિલ ખુશ થઈ જશે. પશુ પંખીના ડેટાથી લઈને પ્રોગ્રેસ આઈડિયા સુધીના વિષયનો રસથાળ. પ્રકૃતિ વિશે જાણવું ગમતું હશે અને કોઈ સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારીઓ કરતા હોવ તો આ પેજ અન્નકુટ સમાન છે.

હવે થોડી વાત ટ્વિટર (X) પ્લેટફોર્મની. સામાન્ય રીતે દરેક ઓનલાઈન સોશ્યલ મીડિયા પર કંઈકને કંઈક ટ્રેન્ડ કરતું હોય છે. આ ટ્રેન્ડ ક્યારેક ઓટોમેટિક થાય છે તો ક્યારેક ઈરાદાપૂર્વક કરવામાં આવે છે. સામાન્ય માણસ સમજી શકે ભાષામાં તો ક્યારેક સ્પેલ મિસ્ટેકથી પણ થઈ જાય છે. અગાઉ સોશ્યલ મીડિયાના અલ્ગોરિધમ એવા હતા કે, હેશટેગથી ટ્રાફિક આવતો હતો, પણ હવે એવું નથી. મનફાવે એવા હેશટેગ બનાવી લેવાથી કે ચેટ જીપીટીમાંથી બેઠી ઉઠાંતરી કરવાથી ટ્રાફિક આવતો નથી. જોકે, સોશ્યલ મીડિયા પ્લેટફોર્મે કોઈ જ હેશટેગ ટ્રાફિક આપવાનું બંધ કરી દીધું. માત્ર એ ટેગ પર કેટલી પોસ્ટ છે એનું કાઉન્ટ આપે છે જે અગાઉ ન હતું. જ્યારે ટ્વિટર પર એક સમયે એકસાથે ત્રણથી ચાર હજાર પોસ્ટ એક વિષય પર જુદા જુદા દ્રષ્ટિકોણથી કરવામાં આવે છે અથવા થાય છે ત્યારે એ હેશટેગ બને છે, જેના પર ઘણાય એવું માને છે કે, એ ટેગનો ઉપયોગ કરવાથી ટ્રાફિક આવશે. વધુને વધુ લોકો જોશે અને આપણી પોસ્ટ પહોંચશે. એવું બનતું નથી. કોન્ટેટ કેવું છે અને માહિતી બીજાથી કેટલી અલગ છે એના પર આ રીચ અને કનેક્શન કામ કરે છે.

ફેસબુક અને ઈન્સ્ટાગ્રામ પણ એક જ માલિકના છે. એટલા માટે મેટાનો જન્મ થયો એ પણ સાઈટ અને એપ્લિકેશન તરીકે. જ્યારે ૧ મિનિટથી વધારે સમયનો હશે તો ફેસબુક ફેચ નહીં કરે, ભલે ઈન્સ્ટાગ્રામ અને ફેસબુક કનેક્ટ હોય. ફેસબુક અને ઈન્સ્ટા બન્નેમાં બુસ્ટનો વિકલ્પ હોય છે. પણ આનો ઉપયોગ ક્યારેક મુશ્કેલીમાં મૂકી શકે. ફેસબુકમાં બીજાને દેખાડવામાં તો હજારોની સંખ્યા બતાવશે પણ જ્યારે લાઈક્સ કે કોમેન્ટ માત્ર આંગળીને વેઢે ગણી શકાય એમ હશે તો લોકોને ખ્યાલ આવી જશે કે, આ તો આપણને માત્ર પોપટ બનાવે છે. ■

**આઉટ ઓફ ધ બોક્સ**

***યુટ્યૂબ એક નવું ઓપ્શન લાવી રહ્યું છે : ટોટલ વ્યૂઅર્સ રીસપોન્સ. આ ચેનલ બનાવનારા માટે છે. આના પર કામ ચાલું છે.***

સૉલ ઑફ ટૂર



ઑરોરા ટ્રાવેલ ટૂર્સ પ્રાઇવેટ લિમિટેડના ચૅરમૅન ધવલ જાંગલા

# સનસેટ ટાઉનથી કિસ બ્રિજ સુધી ફુ ક્કોકનો અનેરો જાદુ



દરિયા કિનારા અને બીચ વેકેશનનો શોખ ધરાવતા પ્રવાસીઓ માટે ફુ ક્કોક એક નવું સપનું છે. દક્ષિણ વિયેતનામનો આ ટાપુ આજે વિશ્વભરના પ્રવાસીઓનું ધ્યાન ખેંચી રહ્યો છે. અહીં ભૂમધ્ય પ્રેરિત સનસેટ ટાઉન છે, જ્યાં દરેક ગલી યુરોપિયન આકર્ષણ ઝલકાવે છે. આરામ, એડવેન્ચર અને મનોરંજનનું સંયોજન ફુ ક્કોકને સાચે જ એક પરફેક્ટ બીચ ડેસ્ટિનેશન બનાવે છે. ત્યારે ચાલો આ સ્થળ અને અહીંની ટૂર પ્લાન કરવા વિશેની વધુ વિગતો મેળવીએ ઑરોરા ટૂર્સના મેનેજિંગ ડિરેક્ટર ધવલ જાંગલા પાસેથી.

**★ પ્રશ્નઃ નમસ્તે ધવલભાઈ, દિવાળીની સિઝન કેવી રહી અને આ વર્ષે લોકોએ સૌથી વધુ ક્યાં મુસાફરી કરી?**

ધવલભાઈ - દિવાળીની સિઝન ખરેખર શાનદાર રહી. અમને પ્રવાસીઓ તરફથી ખાસ કરીને ફુ ક્કોક માટે જબરદસ્ત પ્રતિસાદ મળ્યો. હકીકતમાં, આ સિઝનમાં અમારા બધા વિયેતનામનાં પ્રવાસો ફુ ક્કોકની આસપાસ કેન્દ્રિત હતા અને ડિમાન્ડ અમારી અપેક્ષાઓ કરતાં વધી ગઈ. આ આઈલેન્ડનાં દરિયાકિનારા, રિસોર્ટના અનુભવો અને સરળ કનેક્ટિવિટીએ આ તહેવારોની મોસમમાં ફેમિલી અને ગ્રૂપ પ્રવાસીઓમાં તેને મોસ્ટ ફેવરેટ બનાવી દીધું.





**★ પ્રશ્ન - સનસેટ ટાઉન હકીકતમાં છે શું?**

ધવલભાઈ - ''એન થોઈમાં સનસેટ ટાઉનમાંથી ચાલવું એ રંગબેરંગી યુરોપિયન દરિયાકિનારાના ગામમાં પગ મૂકવા જેવું લાગે છે. કોબલસ્ટોનની બનેલી લેન, લાઈવ બિલ્ડિંગ્સ, કાફે, માર્કેટ્સ અને સી-વ્યુ પ્લાઝા. દરેક સીન ફોટોગ્રાફી માટે સરસ બેકગ્રાઉન્ડ બનાવે છે. સાંજ સુધીમાં સંગીત, પર્ફોર્મન્સ અને જીવંત ઊર્જા આ બીચને પ્રકાશિત કરે છે. આ એક એવી જગ્યા છે જ્યાં દરેક દિવસ ઉત્સવ જેવો લાગે છે. વર્ષના ૩૬૫ દિવસ મોજે મોજ''

**★ પ્રશ્ન - ધ કિસ બ્રિજની આટલી વાહ-વાહી શા માટે?**

ધવલભાઈ - ધ કિસ બ્રિજ પર ઊભા રહેવું જ પોતાનામાં જાદુ ફિલીંગ છે. બે વિશાળ આર્ક લગભગ એકબીજાને સ્પર્શ કરે છે, ફક્ત ૩૦ સે.મી.ના અંતરે, સૂર્યાસ્તને એ સંપૂર્ણ રીતે ફ્રેમ કરે છે. ઇટાલિયન આર્કિટેક્ટ માર્કો કાસામોન્ટી દ્વારા સન ગ્રૂપ સાથે ડિઝાઇન કરાયેલ, એ ગોલ્ડન-અવરનાં ફોટા, ઈવનિંગ લાઇટ્સ અને તમારા સાથી સાથેનાં કનેક્શનની અવિસ્મરણીય ક્ષણ માટે બનાવેલ સ્થળ છે.

**★ પ્રશ્ન - કિસ ઑફ ધ સી શો વિશે અમને કંઈક જણાવો.**

ધવલભાઈ - કિસ બ્રિજ પાસે બેસીને કિસ ઑફ ધ સી શો જોવો એ એક સ્વપ્નનો ભાગ બનવા જેવું છે. પાણીની સ્ક્રીન, લેસર, ફાયર, ફુવારાઓ અને નર્તકો ખૂલ્લી હવામાં પ્યોર મેજીક ક્રિએટ કરે છે. રાતે આકાશમાં ફટાકડાની રોશની સાથે, ફિનાલે પર્ફોર્મન્સ તમને અવાચક બનાવી દે છે. ફ્રાન્સના ECA2 દ્વારા બનાવવામાં આવેલો આ પાણી પરનો સૌથી મોટો મલ્ટીમીડિયા શો છે અને ફુ ક્કોકની મુસાફરી કરવાનું વધુ એક કારણ છે.

**★ પ્રશ્ન - અમને કેબલ કાર વિશે કંઈક કહો?**

ધવલભાઈ - હોન થોમ કેબલ કારની સવારી એક અવિસ્મરણીય રોમાંચ છે તમે ફિરોઝી પાણી પર ૧૫ મિનિટ સુધી તરતા રહો છો, નાની માછીમારીની બોટ અને લીલાછમ ટાપુઓમાંથી પસાર થાઓ છો. એ વિશ્વની સૌથી લાંબી સમુદ્ર પાર કરતી કેબલ કાર છે અને દરેક ક્ષણે એ ફુ ક્કોકના શ્રેષ્ઠ દશ્યો સાથે ઊડતી હોય તેવું લાગે છે.

**★ પ્રશ્ન - ફેમિલી અથવા કપલ્સે ફુ ક્કોકની સફરનું આયોજન કેવી રીતે કરવું જોઈએ? અને શું આ સ્થળ ગુજરાતી/ભારતીય પ્રવાસીઓ માટે (ખોરાક અને આરામની દ્રષ્ટિએ) યોગ્ય છે?**

ધવલભાઈ - ફુ ક્કોક એવા પરિવારો અને યુગલો માટે યોગ્ય છે જેઓ દરિયાકિનારા, લાઈવ પર્ફોર્મન્સ અને સરળ મુસાફરી ઇચ્છે છે - પરંતુ ઘણા ભારતીયો માટે વાસ્તવિક ચિંતા ખોરાકની હોય છે. ત્યાં જ ઑરોરા ટ્રાવેલ્સ મોટો ફરક પાડે છે. વિયેતનામ સીફૂડ માટે પ્રખ્યાત છે, પરંતુ અમારા પ્રવાસોમાં રાજસ્થાની મહારાજ ગ્રૂપ સાથે મુસાફરી કરે છે, જે હોટલમાં જ પીરસવામાં આવતા તાજાં શાકાહારી અને જૈન ભોજન તૈયાર કરે છે.

આ આરામ તેમ જ સરળ પરિવહન અને સાંજના મનોરંજન સાથે, ફુ ક્કોક અમારા પ્રવાસીઓ માટે તણાવમુક્ત અને યાદગાર રજા બની જાય છે.

**★ પ્રશ્ન - પ્રવાસીઓને તમે શું કહેવા માગો છો?**

ધવલભાઈ - ફુ ક્કોક આખું વર્ષ ધમધમતુ સ્થળ છે. જોકે ઓક્ટોબરથી મે મહિના દરમિયાન ખાસ કરીને પવન અને વાતાવરણ સુંદર હોય છે. બુકિંગ કરવાનો આ યોગ્ય સમય છે - જ્યારે ડિઝાઇન, એન્ટરટેઈનમેન્ટ તેમ જ સરળ ઍક્સેસ એશિયાના નવીનતમ સ્ટેજ-સેટ કિનારા પર એકસાથે આવે છે. ઑરોરા ટ્રાવેલ્સ સાથે તમે સીમલેસ ગ્રૂપ ટ્રાવેલ, વિશ્વ-સ્તરીય શો અને અધિકૃત ભારતીય મહારાજ દ્વારા રાંધેલા ભોજનનો આનંદ માણશો. આ ફક્ત હોલિડે નથી, આ એક અનુભવ છે, જેને આજીવન યાદ રાખવાનો છે. માટે તરત જ મુસાફરી કરો અને ઑરોરા સાથે યાદો બનાવો.

Aurora Travel Tours Pvt Ltd : Office No. 702, 7th Floor, Mahalaxmi Chambers, Bhulabhai Desai Marg, Opposite Tirupati Apartments, Mumbai 400026.
Contact Nos.: +91 222 3519710 / 11 / 12 / 14, 98219 21920. E-mail :- info@auroratravels.com

## આજે આટલું જ

શોભિત દેસાઈ
feedback@bombaysamachar.com

# અલવિદા... આવજો... શબ્બા ખૈર...?

*કોઈ પણ સાધુપણાનો ભાર મારામાં નથી*
*છું ભલે સંસારમાં, સંસાર મારામાં નથી*

જિંદગી કે કલમ ક્યારેક એવો સમય આપે છે કે ચાલતાં ચાલતાં અચાનક ઊડતા હોવાનું મહેસૂસ થવા માંડે. આજે ‘ગાઈડ’ પુરાણનાં સમાપનની વેળા આવી છે ત્યારે મને પણ તમને છેલ્લા કેટલાક સપ્તાહથી મળતી વખતે એવું મહેસૂસ થયું એવું હું અહીંથી પોકારું છું.

મેં આ પુરાણ લખતી વખતે ‘ગાઈડ’ જોવાનો લોભ એટલે જતો કર્યો હતો કે જેથી હું ઉતારાબાજીમાં અને અતિઉત્સાહમાં ખેંચાઈ ન જાઉં. તો ઠંડીની આ સવારે મારી યાદદાસ્તને રજાઈમાંથી બહાર કાઢું છું તો GUIDEના મુખ્ય પાત્રો સિવાયનાં પાત્રો તરવરવા માંડે છે. એક જગ્યાએ, એક પાત્રની, એક સેકંડ પૂરતી ત્રુટી કાઢો અને મારી પાસેથી રોકડા રૂા. ૧ લાખ (બેન સીતારામનની સમ્મતિ સાથે) લઈ જાઓ. રાજુ ગાઈડની મા લીલા ચીટનીસ, દોસ્ત ગફૂર અનવર હુસેન, રાજુના મામા ઉલ્હાસ, ગામડીયો ભોલા જાગીરદાર, જોસેફ રશીદ ખાન, રોઝીનો પતિ માર્કો કિશોર સાહુ, ઈ.ઈ. હું ભુલતો ન હોઉં તો યશ જોહર પણ અડધી મિનિટ પૂરતા કશેક હતા. બન્ને પંડિતો! રાજુને ઉઘાડાં પાડવા પૂર્ણઃનો શ્લોક ખોટો બોલીને અટ્ટહાસ્ય કરે છે અને કહે છે સ્વામી! जरा इसका अर्थ करके बताइयेना! नहीं समझे? कैसे समझेंगे... संस्क्रित आती हो तब नाआआ! રાજુ એટલે કે હવેનો



વહિદા રહેમાન

સ્વામી એમના અટ્ટહાસ્યને નિર્મમ વાઢી નાખતા કહે છે: Don't laugh like big fools... you couple of crack bones! and for generations you are fooling this innocent people... and now I am about to stop this. पंडीतजी समझे? नहीं समझे? कैसे समझेंगेएएए! अंग्रेजी आती हो तब नाआआआ! (યાદ છે, સાહેબો! હજી આજે ૭૦મે વર્ષે ‘ગાઈડ’ લગભગ આખું યાદ છે...) એક પાત્રની એક સેંકડની એક ક્ષતિ અને રૂા. એક લાખ રોકડા તમારા.

બાકી શું કહેવું અભિનય ક્ષમતાનું, ‘ગાઇડ’ પૂરતો



વિજય આનંદ

મોટોમસ વ્યાપ ધરાવતા દેવ આનંદ વિશે શું કહેવું ‘ગાઇડ’ પૂરતી વિશ્વની રૂપાળામાં રૂપાળી અને ઉત્તમમાં ઉત્તમ અભિનેત્રી વહિદા રહેમાન વિશે કે ઉત્તમ સંગીત દિગ્દર્શક એસ. ડી. બર્મન વિશે કે જગતની એક જ આંગળીના વેઢે ગણી શકાય એમાંનાં એક ગીતકાર શૈલેન્દ્ર વિશે કે ઉત્તમ લતા મંગેશકર વિશે કે સર્વશ્રેષ્ઠ રફીસાબ વિશે કે એક-એક ગીત પૂરતા મહાનતમ કિશોરકુમાર-એસ.ડી. બર્મન વિશે કે ભવ્યાતિભવ્ય લોકેશન્સ અને સેટીંગ્સ વિશે કે પવિત્રતમ નૃત્ય દિગ્દર્શન વિશે કે કે કે... અને આમાંના એકેએક એકબીજાના કેવા પૂરક બની જાય! નૃત્ય-પ્રણય-




દેવ આનંદ



લતા મંગેશકર



મહોમદ રફી



એસ. ડી. બર્મન

કોમેડી-નાટક- અને આધ્યાત્મિકના દશ્ય-શ્રાવ્ય-શબ્દથી એવા હળી મળી જાય છે જાણે વેન ગોઘનું શ્રેષ્ઠતમ પેઇટિંગ જોતા હોઇએ. અને એનાં મુખ્ય પાત્રો રાજુ અને રોઝી તો આંખની અલૌકિક જિયાફત!!! પણ ‘ગાઈડ’નું કેન્દ્રસ્થાન, કેન્દ્રબિંદુ તો વિજય આનંદ જ. એ એક એવી અદ્ભુત, સુંદર દોરી, જેણે આ બધા મણકાઓને પરોવાયેલા રાખ્યા. આર.કે. નારાયણની આ અદ્ભુત વાર્તા ન હોત તો વિજય આનંદનો સ્ક્રિનપ્લે પણ ન હોત અને વિજય આનંદના ડાયલોગ્સ, એડિટિંગ અને ડિરેક્શન પણ ન હોત. એક અપ્રામાણિક કૃતજ્ઞ માણસ કે જેને કોઇ ધર્મમાં કે કશાયમાં રસ નથી એ જાતને થોડા સવાલો પૂછીને કેટલો દિવ્ય બની શકે છે, અપાર શ્રદ્ધા અને શરણાગતિ નાની સૂક્ષ્મ ઘટનામાંથી કયું દૈવત સિદ્ધ કરી શકે છે! તેજપુંજ... ક્યારે મળે છે તેજપુંજ સામાન્ય માણસને? સાવ સામાન્યજનનાં ઉપવાસ અને સ્વયમનો ત્યાગ એક ગામડા માટે, ગામલોકો માટે... અને કેમ? કારણ ગામ લોકોનો વધવા માંડે છે ભરોસો સ્વામી માટે અને સ્વામી કહે છે એમ હવે તો મને ય ગામલોકોના ભરોસા પર ભરોસો બેસવા માંડયો છે.

*સવાલો પૂછવા પડશે જવાબો આપવા પડશે*
*યુગોથી બાકી છે એ સૌ હિસાબો આપવા પડશે*

આપ સર્વ વાચકમિત્રોને છેલ્લા થોડા અઠવાડિયાથી મારી સાથે રહેવા બદલ ખાસ સલામ. છેલ્લે શૂન્ય પાલનપુરીની ગઝલથી GUIDEપુરાણ પૂરતા છૂટા પડીએ...

*નજરથી દૂર બહુ દૂર છે હૃદયનો મુકામ*
*સલામ ! ભાનની દુનિયા ! તને હજાર સલામ*

*હવે પલકથી કદી આંસુઓ નહીં ટપકે*
*કરે છે દર્દ હવે દિલની દાસ્તાન તમામ*

*જનમજનમના ઓ સાથી દુઃખો! તમારા વગર*
*જગત હરામ, જગતના તમામ એશ હરામ*

*હવે તો શૂન્ય દિવાના! ઘડીક પોઢી જા!*
*તમામ રાત કરી તેં જગતની ઊંઘ હરામ*

આજે આટલું જ... ■

## વલો કચ્છ

ગિરિરાજ
feedback@bombaysamachar.com

# કચ્છ મહાભૂકંપને ૨૫ વર્ષઃ સ્મૃતિ-સંઘર્ષ-સમૃદ્ધિની ગાથા








૨૬ જાન્યુઆરી ૨૦૦૧, જ્યારે સમગ્ર દેશ પ્રજાસત્તાક દિનની ઉજવણીમાં વ્યસ્ત હતો, ત્યારે કચ્છની ધરતીએ ભયંકર કંપન અનુભવ્યું. ભુજ, અંજાર, ભચાઉ, રાપર જેવાં શહેરોને ખંડેર બનતા વાર ન લાગી. હજારો જીવ ગયા, લાખો લોકો બેઘર બન્યા. એ દિવસો માત્ર ઈમારતોના ધરાશાયી થવાના નહોતા, પરંતુ માનવીય મનોબળની પણ કસોટીના હતા.

*‘ગ્યાધાર રચ્યાં,*
*અસી ઈમારત બધબો નેઢું*
*સુણી કરે સે ‘તેજ’*
*ખનેર ખલી પ્યા.’*

ભૂકંપ પછી જ્યારે શહેરોના રસ્તા પર ફરતા ત્યારે જાણે ખંડેરો જોઈને મૌન હાસ્ય કરતા હોય એમ લાગતું. ક્યારેક તો એ હાસ્ય ભયાનક અટ્ટહાસ્યમાં ફેરવાઈ જતું જાણે કોઈ અદશ્ય શક્તિ કહી રહી હોય કે માનવીની અહંકારભરી રચનાઓ અંતે સમય સામે હારી જ જવાની છે. કેટલીય ભવ્ય, આલીશાન અને મજબૂત લાગતી ઇમારતો ક્ષણોમાં ધરાશાયી થઈ ગઈ. જાણે તેમની જન્મકુંડળીમાં જ ખંડેર બનવાનું લખાયેલું હોય.

‘અશ્ક’ બાપાની રચના રજૂ કરવાનું મન થઇ જાય છે,

*ધરા ધ્રુણઈ અજ ડુંગર ડુલ્યા!*
*ડુલ મિસીધું, મિન્ધર ડુલ્યા!*
*કોટ કિલ્લા નેં ડુલેં ડેલીયું!*
*ગામ ગામ નેં નગર ડુલ્યા!*
*ભજાર ગલીયું ફરિયા કિત વ્યા?*
*મનખેં જા ઊ મેળા કિત વ્યા?*
*અખિયેં જેંજી સોંણાં ઊભરેં;*
*માસૂમ સુંઅણાં બચડા કિત વ્યા?*
*મા જે ધિલજી છિલ ઊ કિત વિઇ?*
*પે જી હિંયારી ખિલ ઊ કિત વિઇ?*
*કિત વ્યા પાડોસી લાખેણાં?*
*ધોસ્ત ઊ કિત વ્યા? સઇયર કિત વિઇ?*
*પંડિત કિત વ્યા? સંત કિતે વ્યા?*
*પીર ફકીર મહંત કિતે વ્યા?*
*કિત વ્યા પ્રગટબ્રહ્મ? કિતે દેવી?*
*કથાકાર ભગવંત કિતે વ્યા?*
*માઘ સાઇ બીજ સુક્કર જો ડીં;*
*બ હજાર સત્તાવન હો તીન;*
*પિરભ હો તેની પ્રજાસત્તાકજો*
*સુભુ સવારો ધરા ધ્રૂણઈ જીં;*
*ડટ્ટણ પટ્ટણ પલમેં થિઇ વ્યો!*
*કચ્છજો ભાગ પલમેં પલટી વ્યો!*
*રૂંગેજા ધરિયા અખિયેં વયં!*
*માધુ જોષી હાય, ગાલ ઇ ચિઇ વ્યો!*
*માધુ જોષી હાય, ગાલ ઇ ચિઈ વ્યો!*

ખુલ્લા આકાશ નીચે જીવતા લોકો માટે પાણી, ખોરાક, દવા અને છાંયડાની શોધ જ દિવસની સૌથી મોટી પ્રવૃત્તિ હતી. શોક, અસમંજસ અને અનિશ્ચિતતાની વચ્ચે જીવવાની તીવ્ર ઈચ્છા ધબકી રહી હતી. આ સંકટની ઘડીએ સમગ્ર દેશ અને દુનિયાએ કચ્છનો હાથ પકડી લીધો. લશ્કર, અર્ધલશ્કરી દળો, રેડક્રોસ જેવી આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ, સરકારી તંત્ર, સ્વયંસેવકો, ધાર્મિક સંસ્થાઓ અને ઉદ્યોગ જગત એટલું જ નહીં વિદેશમાંથી પણ સૌએ મળીને બચાવ, સારવાર, પુનર્વસન અને પુનર્નિર્માણની અભૂતપૂર્વ કામગીરી કરી. જેમાં મીડિયાએ દેશભરમાં સહાયની ચેતના જગાવી અને રાહત ફંડ દ્વારા અનેક ગામો ફરી વસાવાયા. આપણું મુંબઈ સમાચાર પણ અગ્રીમ ધોરણે સહાયમાં સક્રિય રહ્યું અને રાહત ભંડોળમાંથી કચ્છ યુવક સંઘ સાથે રહીને કચ્છને બેઠું કરવા સક્ષમ મદદ કરી. (વાચક ગુગલ પર કચ્છ યુવક સંઘની વેબસાઈટ પર તેમની કામગીરીની નોંધ લેતા માહિતી મેળવી શકાશે, આ લેખ માટે તસ્વીર પણ એમના અભાર સાથે અહીં રજૂ કરી છે.)

સરકારે તાત્કાલિક રાહત તરીકે કેશ ડોલ્સ, રહેણાંક સહાય, ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે વિશેષ પેકેજો જાહેર કર્યા. ઉદ્યોગોને ટેક્સ હોલીડે જેવી સુવિધાઓ મળતાં રોકાણકારો ફરી આગળ આવ્યા. રોજગાર સર્જાયો, માર્ગો, વીજળી, પાણી અને આરોગ્ય સેવાઓ નવી રીતે ઊભી થઈ. સમય પસાર થતાં કચ્છ માત્ર ઊભું જ થયું નહીં, પરંતુ તેણે પોતાની નવી ઓળખ ઘડી. આંતરરાષ્ટ્રીય કક્ષાનું સ્મૃતિવન ભૂકંપ સ્મારક આજે વિશ્વને સંવેદના, સ્થિરતા અને પ્રકૃતિ સાથેના સહઅસ્તિત્વનો સંદેશ આપે છે. અંજારનું વીર બાળક સ્મારક બલિદાન અને સાહસની અમર યાદ બની ગયું છે. રણોત્સવે કચ્છને વૈશ્વિક પ્રવાસન નકશા પર સ્થાપિત કર્યું. ભૂકંપ વખતે નરેન્દ્રભાઈ મોદીજીની ભાવના હતી કે કચ્છને તેની તાસીર મુજબ ખમીરીથી બેઠું કરી બતાવીશું. તેઓ ગુજરાતના મુખ્યમંત્રી બન્યાની પ્રથમ દિવાળી કચ્છીઓ સાથે ઉજવી, ધોરડો સફેદ રણને વિશ્વથી પહેચાન કરાવી, મહાનાયક અમિતાભ બચ્ચનને ‘બ્રાંડ એમ્બેસેડર’ બનાવ્યા અને દરેક પ્રવાસીના માનસપટ પર એક વાક્ય છવાયું- ‘કચ્છ નહીં દેખા તો કુછ નહીં દેખા’, લોકકલા, હસ્તકલા, સંગીત, ભોજન અને મહેમાનગતિથી કચ્છ આજે વિશ્વભરના પ્રવાસીઓને આકર્ષે છે. નવા પ્રવાસન સ્થળો વિકસ્યા, સ્થાનિક રોજગારીમાં વધારો થયો અને પરંપરાગત સંસ્કૃતિને નવી ઊર્જા મળી.

ઉદ્યોગ ક્ષેત્રે પણ કચ્છે ઝંપલાવ્યું. બબ્બે મહાબંદરો, પાવર, સોલાર એનર્જી, સિમેન્ટ, ટેક્સટાઈલ, લોજિસ્ટિક્સ જેવાં ક્ષેત્રોમાં મોટાપાયે વિકાસ થયો. ગામડાંઓ સુધી રસ્તા પહોંચ્યા, શિક્ષણ અને આરોગ્યની સુવિધામાં સુધારો થઇ રહ્યો છે.

કચ્છ ખરેખર ફિનિક્સ પક્ષીની જેમ પોતાની રાખમાંથી ફરી ઊડી ઊઠ્યું વધુ મજબૂત, વધુ આત્મવિશ્વાસી અને વધુ દઢ સંકલ્પ સાથે. આજે ૨૫ વર્ષ પછી જ્યારે આપણે પાછળ નજર કરીએ છીએ, ત્યારે માત્ર દુઃખની યાદ નથી આવતી, પરંતુ માનવતાની મહાનતા, સંકલ્પની શક્તિ અને સહકારની જીત નજરે ચડે છે. ભૂકંપે કચ્છને અનેકવાર હચમચાવ્યું છે પરંતુ તોડી નથી શક્યું, કારણ કે કચ્છ માત્ર જમીન નથી એ લોકોનું ખમીર છે. આજે પચ્ચીસ વર્ષે ગ્રસ્તોએ ચેતીને ચાલવાની પણ જરૂર છે. તાજેતરમાં કચ્છ ઝોન પાંચમાંથી હવે છમાં આવ્યું છે એટલે કે ભૂકંપની સક્રિયતા અને શક્યતાથી જાગૃત રહેવાની જરૂર! ચેતતો નર સદા સુખી કચ્છ જાપાની માનસિકતાથી શીખ લે અને ફરી વિપદા આવે તો ઉકરી પાર થાય એવી સજ્જતા દર્શાવે તે ઇચ્છનીય.

## સન્ડે ધારાવાહિક

અનિલ રાવલ
feedback@bombaysamachar.com




**થીજી ગયેલી પળમાં ફફડતા જીવની રોમાંચક કથા**

‘હું નિર્મલને એ હોસ્પિટલમાંથી કાઢીને પ્રાઇવેટ હોસ્પિટલમાં દાખલ કરવા માગું છું.’ પવિત્રાએ એનો દ્રઢ નિર્ણય દોહરાવ્યો.

‘પ્રાઇવેટ હોસ્પિટલો ને નર્સિંગ હોમ્સ સરકારી હોસ્પિટલો કરતા ઓછાં જોખમી નથી.’ દર્શનભાઈએ દલીલ કરી.

એણે દર્શનભાઈની જોખમની વાતને કાને ન ધરી. ‘પ્રાઇવેટ હોસ્પિટલમાં ખસેડવાનું મને પહેલાં કેમ યાદ ન આવ્યું...’ પવિત્રા બબડી.

‘બીએમસીની હોસ્પિટલ હતી અને ડો. શાહ જેવા કાબેલ ડોક્ટર હતા તો આ મામલો બહાર આવ્યો... એને નજરઅંદાજ ન કરી શકાય.’ દર્શનભાઈએ કહ્યું.

‘પપ્પાજી, ભલે મારી ગણતરી સ્વાર્થીમાં થાય, પણ આપણી ચિંતા અને નિસ્બત નિર્મલ પૂરતી છે.’ એણે તરત જ સોલંકીને કોલ લગાડ્યો.

*************

સોલંકી એ સમયે ડો. શાહને ઓપરેશન તોસિલિઝુમેબની ડિટેલ, આગળ ઉપર લેવાનારા એક્શન સહિતના કેટલાક મહત્ત્વના મુદ્દે ચર્ચા કરી રહ્યો હતો.

‘સર, ફૂડ એન્ડ ડ્રગ્સ અને પોલીસ અધિકારીઓ તમારું સ્ટેટમેન્ટ લેવા આવશે. કેમ કે નકલી ઇન્જેકશન પારખી જનારા તમે સૌથી પહેલા ડોક્ટર છો. જોકે, એ લોકો અચાનક નહીં ત્રાટકે, તમારો સમય માગશે ને તમારી અનુકૂળતાએ આવશે’ અધૂરી વાતે સોલંકીએ ફોન લીધો.

‘હેલો...’

‘સોલંકી સાહેબ, મારે નિર્મલને ત્યાંથી ખસેડીને પ્રાઇવેટ હોસ્પિટલમાં દાખલ કરવો છે....મને પ્લીઝ એની પ્રોસિજર કહેશો.’

‘બહેન, એ ડિસિજન હું ના લઇ શકું. તમારે ડો. શાહ સાથે વાત કરવી પડે...’

‘મને પ્લીઝ એમનો નંબર આપશો.’

‘મારી સામે જ બેઠેલા છે....લો વાત કરો...’ સોલંકીએ ડો. શાહને ફોન આપ્યો. પવિત્રાએ સોલંકીને કહેલી વાત દોહરાવી. ડો. શાહે મીંચેલી આંખે અને ખુલ્લા કાને આખી વાત સાંભળી.

‘બહેન, તમે તમારે જોખમે નિર્મલ પરીખને લઇ જઈ શકશો અને બીજું નિર્મલની હાલત જોતાં તમે આ જોખમ ન લો એવી તમને મારી અંગત સલાહ છે.’

‘તમારી હોસ્પિટલમાં દરદી નકલી ઇન્જેક્શનોથી ક્યાં સુધી બચી શકશે...? ક્યારેક કોઇ ડોક્ટર ભૂલ કરશે તો જવાબદાર કોણ...?’ પવિત્રા બોલી.

‘મિસિસ પરીખ, એ જ નકલી ઇન્જેક્શને નિર્મલનો અને બીજા દરદીઓનો જીવ બચાવ્યો છે. આપણે માનવ સહજ ભૂલને ભલે માફ ન કરીએ, પણ એને સહજ રીતે સ્વીકારી તો શકીએ.’

‘નકલી ઇન્જેક્શને નિર્મલનો જીવ બચાવ્યો...?’ પવિત્રા બોલી.

‘હા, બનાવટી ઇન્જેક્શન અપાયું હોત તો શું થયું હોત, એના કરતાં એ ઇન્જેક્શન ન અપાયું તો શું પરિણામ આવ્યું, હું એને વધુ મહત્ત્વ આપું છું. ઇન્જેક્શન આપતી વખતે મારું ધ્યાન ગયું હતું.’ ડો. શાહે કહ્યું. પવિત્રાને લાગ્યું કે કોઇએ એને અચાનક સોય ભોંકી.....એના ચટકાએ એના ચિત્તને ઢંઢોળી નાખ્યું. એને સસરા દર્શનભાઈના થોડીવાર પહેલાના શબ્દો યાદ આવી ગયાઃ ‘ડો. શાહનું ધ્યાન ન ગયું હોત તો કોઇનો જીવ ગયો હોત એનું ‘શું....? અને એ નિર્મલ હોત તો....?’

‘આઇ એમ સોરી ફોર માય બિહેવીઅર ડોક્ટર. એન્ડ થેન્ક યુ....થેન્ક યુ.’ પવિત્રાએ સસરાની સામે જોતાં જોતાં ફોન કટ કર્યો.

************

સોલંકીના વિસ્ફોટને પરિણામે જી. જી. ભોય હોસ્પિટલનું નામ ગૂંજવા લાગ્યું હતું. ચીફ મિનિસ્ટરે ખુદ ફોન કરીને ડો. શાહને અભિનંદન આપીને આભાર માન્યો હતો. ન્યૂઝ ચેનલવાળાઓ ડો. શાહને મળવા દોડી ગયા, પણ એમણે માત્ર સોલંકીનો સંપર્ક કરવાની વિનંતી કરી હતી. સોલંકી નકલી ઇન્જેક્શનોના પર્દાફાશ પાછળનો અસલી ચહેરો બની ગયો હતો. જોકે, કૌભાંડની આડઅસરે કોરોનાની ભયાનક અસરને ઓસરાવી દીધી હતી.

> **‘આપણે માનવ સહજ ભૂલને ભલે માફ ન કરીએ, પણ એને સહજ રીતે સ્વીકારી તો શકીએ.’**

ચોમેર ચાલતી ચર્ચા અને મીડિયાના કોલાહલની વચ્ચે કોરોનોના વધી રહેલા કેસ અને મૃત્યુઆંકની ચિંતા વિસરાઇ રહી હતી. અલબત્ત, પ્રસિદ્ધિથી દૂર રહેવા માગતા દૂરંદેશી ડો. શાહને આની ભણક આવી જ ગયેલી અને એટલે જ એમણે ડોક્ટરો અને અન્ય સ્ટાફની તાબડતોબ મીટિંગ બોલાવીને દરદીઓની સારવાર સિવાય બીજી તમામ બાબતોને ગૌણ ગણવાની તાકીદ કરી હતી. ઓક્સિજન પરના દરદીઓને સત્વરે ઇન્જેક્શનો અપાયા. જેમાંનો એક નિર્મલ હતો.

**************

પોલીસ અને ફૂડ એન્ડ ડ્રગ્સ ડિપાર્ટમેન્ટના ઉચ્ચ અધિકારીઓએ ત્રણેય સામે તગડો કેસ તૈયાર કર્યો હતો અને બીજે દિવસે કાનૂની રાહે એમને જજના નિવાસસ્થાને લઇ જઇને...જજની સામે રજૂ કરીને રિમાન્ડની વિધિવત્ માગણી મૂકી હતી. જજસાહેબે હાલની પરિસ્થિતિ પામી જઇને રિમાન્ડ મંજૂર કર્યા હતા. જોકે આગલી રાતના રિમાન્ડ દરમિયાન પોલીસ અને એફ એન્ડ ડીના અધિકારીઓએ ત્રણેય પાસેથી ઘણી મહત્ત્વની માહિતી ઓકાવી હતી.

જેને પગલે વહેલી સવારે ડેપ્યુટી પોલીસ કમિશનર અભય સાબડે અને એફ એન્ડ ડીનાં મિસિસ સુહાસિની જોશીની આગેવાનીમાં બે કાફલાએ ભીવંડીના ઇન્ડસ્ટ્રિયલ એસ્ટેટમાં છાપો માર્યો હતો.

**************

અડધોપડધો નશાની હાલતમાં સોડ તાણીને સૂતેલા રામસિંગ નામના સિક્યોરિટી ગાર્ડને પોલીસે ઢંઢોળીને જગાડ્યો.

‘શટર ખોલો...’ પોલીસનો અવાજ સાંભળીને પેન્ટના ખિસ્સામાંથી ચાવીનો ઝુડો કાઢીને શટરનું તાળું ખોલ્યું. પોલીસે એને બાજુ પર હડસેલીને શટર ઊંચું કર્યું. કોઇ જૂના કારખાનાનું મ્હોરું પહેરીને બેઠેલા શટરની પાછળ કોર્પોરેટ ઓફિસ હતી.

ઓફિસરોએ નજરોનજર જોયું એ અકલ્પ્ય હતું. કોઇ ફાર્માસ્યુટીકલ કંપનીની લેબોરેટરીને ઝાંખી પાડી દે એવી લેબોરેટરી, વિદેશી ઓફિસને ટક્કર મારે એવી ઓફિસ...કેબિન, ઇન્જેક્શનોની સિરિન્જોના ખડકેલાં બોક્સિસ, સ્ટેરોઇડ ભરેલા કેરબા, નકલી ઇન્જેક્શનો પર સ્ટીકરો, ઇન્જેક્શનો પર ચીપકાવવાના મશીનો, રાત-દિવસ બે પાળીમાં કામ કરતા.....એપ્રન પહેરેલા કર્મચારીઓ, સૂવા-આરામ કરવાનો બંક બેડવાળો મોટો રૂમ....નાનકડું રસોડું અને સૌથી વધુ ધ્યાન ખેંચતી સજ્જડ સલામતી....સીસીટીવી....પોલીસે તમામને ઘેરી લઇને મોબાઇલ આંચકી લીધા. મિસિસ જોશીના સ્ટાફે લેબોરેટરીમાં જઇને ચકાસણી શરૂ કરી.

‘ઇન્ચાર્જ કૌન હૈ?’ અભય સાબડેએ પૂછ્યું.

‘ડો. રાજ કોઠારી...અંદર સોયે હૈ....’ એક જણે કહ્યું ને એક સબ ઇન્સ્પેક્ટર બંક બેડરૂમમાં દોડી ગયો. દરવાજાની પાછળ ભરાઇને મોબાઇલ લગાડી રહેલા ડોક્ટર રાજ કોઠારીનો ફોન આંચકી લીધો ને એને બોચીએથી પકડીને અભય સાબડેની સામે ઊભો કરી દીધો.

‘તૂ અસલી ડોક્ટર હૈ કી નકલી ઇન્જેક્શન કી તરહા નકલી હૈ?’ અભય સાબડેએ પૂછ્યું.

‘અસલી ડોક્ટર હું....’ એણે નીચા મોંએ જવાબ આપ્યો.

‘ઇસ મૌત કી ફેક્ટરી કા અસલી માલિક કૌન હૈ....?’ અભય સાબડેએ પૂછ્યું. કોઠારી ચૂપ રહ્યો.

‘કૌન હૈ માલિક...? કિસ કે ઇશારે પે ચલતા હૈ યે....?’

કોઠારી કાંઇજ બોલ્યો નહીં.

‘ઇન્સ્પેક્ટર, ઇન્જેક્શન લાઓ....વો નકલીવાલા દેના....?’ કોન્સ્ટેબલે નકલી ઇન્જેક્શનોના તૈયાર બોક્સમાંથી એક ઇન્જેક્શન આપ્યું.

‘પેન્ટ ઉતારો ઇસકા....’ બે કોન્સ્ટેબલોએ કોઠારીને ઊંધો સુવડાવ્યો.

‘ઇન્જેક્શન દેના મેરા કામ હૈ...ક્યોં કિ ઇસ મેં સ્ટેરોઇડ હૈ....ઇસ કો કહેતે હૈ ઇન્ટ્રામસ્ક્યુલર ઇન્જેક્શન...જો મસલ મેં દિયા જાતા હૈ...હમ ઇસ કો વેઇન મેં દેંગે તાકી ઉસકો જલદી મૌત મિલે...’ મિસિસ જોશીએ કહ્યું.

ડો. કોઠારીએ બૂમ મારીઃ ‘નહીં મેડમ, મૈં મર જાઉંગા....બોલતા હું...’

‘જલદી બોલો...’ અભય સાબડેએ કહ્યું.

‘ર...સિ....ક...ભા....ઈ....’

‘ઔર કૌન કૌન હૈ....?’

‘પતા નહીં સાબ...પર સૂના હૈ...બડે લોગ હૈ....’

‘નામ બોલ.....’ અભય સાબડેએ થપ્પડ મારવા હાથ ઉપાડ્યો.

‘હેલ્થ મિનિસ્ટર સુભાષ કાળે સા’બ...સંજય બાગ્વે....’ અભય સાબડેએ મિસિસ જોશીની સામે જોયું.

‘સબ કો ડાલો પોલીસ વેન મેં......મુદ્દામાલ કબજે મેં લે લો....સીલ કર દો ફેક્ટરી....ચોબીસ ઘંટે પોલીસ રહેગી ઇધર...’ અભય સાબડેએ કહ્યું.

પોલીસે બે વોચમેન, આઠ કર્મચારીઓ, ડો. કોઠારી સહિત કુલ અગિયાર જણને તાબામાં લીધા. સ્થળ પરથી મુદ્દામાલ, ફાઇલો સહિતના રેકોર્ડ્સ...વગેરે કબજે કર્યા. પોલીસની બે જીપ અને બે પોલીસ વેન ભીવંડીથી રવાની થઇ ત્યારે સવારના લગભગ પાંચ વાગી ગયા હતા.

*************

ડો. શાહની કેબિનમાંથી સોલંકી બહાર નીકળીને બીજા માળે જવા લિફ્ટમાં પ્રવેશ્યો. સામેથી આવી રહેલી મિસ એક્સને પણ કદાચ ઉપર જવું હશે એમ ધારીને એણે ઇશારેથી પૂછ્યું. મિસ એક્સે લિફ્ટ રોકવા ઇશારો કર્યો. એ અંદર આવી. સોલંકીએ લિફ્ટની જાળી બંધ કરી. લિફ્ટ ઉપર સરકી કે તરત જ મિસ એક્સ એને ભેટી પડી. હાથ મિલાવ્યો. ડઘાઇ ગયેલો સોલંકી વિસ્ફારિત આંખે જોઇ રહ્યો. એ કાંઇ વિચારે...બોલે તે પહેલાં મિસ એક્સે એને એક કાગળ આપ્યો. સોલંકીએ એની સામે જોતાં રહીને ખિસ્સામાં સરકાવી દીધો. બીજા માળે બહાર આવીને એણે મિસ એક્સ સામે જોયું. મિસ એક્સે હળવું હસીને જાળી બંધ કરી. લિફ્ટ ઉપર સરકી. અધિરાઇને અટકાવીને ઊભેલા સોલંકીએ ખિસ્સામાંથી કાગળ કાઢીને વાંચવાની શરૂઆત કરીઃ ‘અભિનંદન. તમને ટીવીમાં જોયા......જોતી જ રહી ગઇ. તમે બોલી રહ્યા હતા...હું હોઠની ભાષા ઉકેલવાની કોશિશ કરતી રહી. તમારા ચહેરા પર કોઇ પડકારરૂપ કામ પાર પાડ્યા પછીની ટાઢક હતી...આંખોમાં એક ઠંડી લહેર હતી. મને ઘણુંબધું સમજાઇ રહ્યું હતું. બાકીનું જ્યોતિએ સમજાવ્યું. બસ, પછી તો ટીવીની દરેક ન્યૂઝ ચેનલ ફેરવતી ગઇ તમને જોવા. પાછળથી અચાનક આવેલી જ્યોતિએ પીઠ પર ધબ્બો મારીને ટીવી સ્વિચ ઓફ કર્યું, એની રમતિયાળ આંખોથી મારી મજાક કરતી રહી...પણ મારી નજર સામે એકની એક રિલ ફરતી રહી. અભિનંદન...ફરી એકવાર.

લિ. તમને ખબર જ છે કોણ.....’

સોલંકીના હૃદયના તાર રણઝણ્યા...બધું તરંગિત થઇ ઉઠ્યું...ક્ષણભરનું એ આલિંગન....હથેળીનો ઉષ્માભર્યો સ્પર્શ....સોલંકી લોબીમાં ચાલતો નહતો....મંદમંદ વહેતા પવનમાં મહાલતાં કોઇ હળવાફુલ પીછાંની જેમ ઊડતો હતો. અચાનક મોબાઇલની રીંગ વાગી. એને થયું કોઇએ હવાને રોકી લીધી અને પોતે નીચે પટકાયો.

‘હેલો...’ એણે પરાણે કહ્યું.

‘સોલંકી સર, તમે બનાવટી ઇન્જેક્શનના કૌભાંડના એક્સક્લૂસિવ ન્યૂઝ આપીને મારી કરીઅર બનાવી દીધી.’ સંજુ રિપોર્ટર બોલ્યો.

‘મેં તને કહ્યું હતું કે મિસ એક્સની સામે હું તને ક્યારેક બીજા સોલીડ ન્યૂઝ આપીશ.’ સોલંકીએ કહ્યું.

‘સર, મિસ એક્સ વિશે કંઇક કહો ને...એ ક્યાં મળશે? મારા માટે હજી પણ એ એક્સક્લૂસિવ ન્યૂઝ છે.’ સંજુ રિપોર્ટરનો જીવ હજી એમાં હતો.

સોલંકી હસ્યો. એ બોલવા જતો હતો કે મિસ એક્સ હવે ન્યૂઝ નથી, પણ એક્સક્લૂસિવ છે. એણે પોતાના હૃદય પર હાથ મૂકીને કહ્યુંઃ ‘મને ખબર છે એ ક્યાં છે. હવે એનું સરનામું કોઇને નહીં મળે.’ (ક્રમશઃ)■

મોર્નિંગ મ્યૂસિંગ

રાજ ગોસ્વામી
feedback@bombaysamachar.com

# સન્માન વેચાતું નથી - વપરાય છે...

## વૈશ્ર્વિક રાજનીતિમાં નોબેલ પુરસ્કાર

અમેરિકન રાષ્ટ્રપતિ (અને હવે વેનેઝુએલાના કાર્યકારી રાષ્ટ્રપતિ) ડોનલ્ડ ટ્રમ્પ વેનેઝુએલાની વિપક્ષી વિરોધી નેતા મારિયા કોરિના માચાડો વચ્ચે નોબેલ શાંતિ પુરસ્કારને લઇને તાજેતરમાં ઘટેલી ઘટનાએ વિશ્ર્વભરના મીડિયા અને રાજકીય વર્તુળોમાં એક ચિંતા જગાવી છે.

તાજેતરમાં માચાડોને ૨૦૨૫નો નોબેલ શાંતિ પુરસ્કાર મળ્યો હતો. આ પુરસ્કાર મારફતે તેમને માનવાધિકાર, લોકતંત્ર અને શાંતિપૂર્ણ લોકતાંત્રિક બદલાવ માટે સન્માનિત કરવામાં આવ્યાં હતાં. ટ્રમ્પે એક અભૂતપૂર્વ કારવાઈમાં વેનેઝુએલાના રાષ્ટ્રપતિ નિકોલસ માદુરોને પકડીને અમેરિકાની જેલમાં બંધ કરી દીધા તે પછી, ૧૫ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ માચાડોએ વ્હાઈટ હાઉસમાં જઈને તેમનો નોબેલ શાંતિ પુરસ્કારનું પદક ટ્રમ્પને સુપરત કરી દીધું હતું.

હવે આ વર્ષના નોબેલ શાંતિ પુરસ્કારના ‘માલિક’ ટ્રમ્પ છે. ટ્રમ્પ રાષ્ટ્રપતિ ત્યારથી એવું છડેચોક કહેતા હતા કે મેં દુનિયામાં (ભારત-પાકિસ્તાન સહિત) અનેક ઠેકાણે યુદ્ધ અટકાવ્યાં છે, અને તે માટે મને શાંતિ પુરસ્કાર મળવો જોઈએ... ટ્રમ્પ પહેલા રાજનેતા છે જેમણે સામેથી પુરસ્કાર માગ્યો હોય, પણ તે પુરસ્કાર વેનેઝુએલાનાં નેતા મારિયા કોરિના માચાડોને ગયો ત્યારથી ટ્રમ્પ ધુઆંપુઆં હતા અને અંતે કાંડું મરડીને તે પડાવી લીધો છે!

પરિણામ એ આવ્યું છે કે આ પ્રશ્ન ટ્રમ્પ અથવા માચાડો સુધી સીમિત રહ્યો નથી, પરંતુ નોબેલ શાંતિ પુરસ્કારની પ્રકૃતિ, તેની પ્રતિષ્ઠા અને તેના રાજકીય ઉપયોગ પર પણ ચર્ચા શરૂ થઈ છે. આ વાતને ટ્રમ્પનું ‘ગાંડપણ’ ગણીને ખારીજ કરવા જેવી નથી. અલબત્ત, એ તો છે જ એના ઉપરાંત તેનાં અનેક ઊંડા અર્થ પણ છે.


ડોનલ્ડ ટ્રમ્પ-મારિયા કોરિના માચાડો

સમાચાર પત્રો અને ટીવી ચેનલોમાં સ્પષ્ટ રીતે કહેવામાં આવ્યું કે નોબેલ પુરસ્કાર કોઈ ખાનગી વસ્તુની જેમ આપવા-લેવાની ચીજ નથી. સમિતિ તરફથી તરત જ સ્પષ્ટ કરવામાં આવી કે પુરસ્કારનું ટાઈટલ અને સન્માન ક્યારે પણ હસ્તાંતરિત થઈ શકતું નથી. નોર્વેના ટિપ્પણીકારોએ ચિંતા વ્યક્ત કરી હતી કે જો આ પ્રકારની રાજકીય હરકતોને સામાન્ય ગણી લેવાય, તો ભવિષ્યમાં નોબેલ પુરસ્કાર રાજકીય સોદાબાજીનો હિસ્સો બની શકે. એક રીતે તો અહીં નોબેલની પવિત્રતા જ ઝાંખી પડી છે.

અમેરિકામાં પ્રતિક્રિયા વધુ વિભાજિત હતી. ટ્રમ્પ સમર્થક મીડિયાએ અને વિશ્ર્લેષકોએ તેને એક નૈતિક જીત તરીકે રજૂ કર્યું. તેમના માટે આ સંકેત હતો કે દુનિયાના કેટલાક ભાગોમાં ટ્રમ્પને શાંતિ અને બદલાવના સમર્થક રૂપે જોવામાં આવી રહ્યા છે.

જોકે લિબરલ અને ટીકાત્મક મીડિયાએ આખી ઘટનાને ‘રાજકીય નાટક’ ગણાવી છે. તેમની દૃષ્ટિએ, આવી રીતે કોઈકનો પદક પડાવી લેવાથી ન તો ટ્રમ્પ નોબેલ પુરસ્કાર વિજેતા બને છે કે ન તો એનાથી શાંતિ માટેનાં કોઈ ઠોસ કાર્યોની પુષ્ટિ થાય છે. ઘણાં અમેરિકન સમાચારપત્રોએ યાદ અપાવ્યું કે ટ્રમ્પે તેમની જીદને દાદાગીરી કરીને પૂરી કરી છે.

વેનેઝુએલામાં આને રાજકીય રીતે જોવામાં આવે છે, કારણ કે ત્યાં હજુ રાષ્ટ્રપતિ નિકોલસ માદુરોની ધરપકડના સમાચાર તાજા જ છે. ત્યાંના લોકો માને છે કે આ ટ્રમ્પ અને અમેરિકાનું રાજકીય સમર્થન મેળવવાની એક રણનીતિ છે. વેનેઝુએલાના ટીકાકારો કહે છે કે નોબેલ શાંતિ પુરસ્કાર લોકશાહીનાં મૂલ્ય અને લોકોના સંઘર્ષનો પ્રતીક હોવો જોઈએ, બાવડાં ફુલાવાની આંતરરાષ્ટ્રીય હરીફાઈનું સાધન નહીં. જો કે, માચાડોના સમર્થકોનો તર્ક છે કે ટ્રમ્પની નીતિઓએ વેનેઝુએલામાં સત્તા પરિવર્તનની શક્યતા મજબૂત કરી, એટલે તેમને પ્રતીકાત્મક રીતે આ સન્માન આપવું ખોટું નથી.

યુરોપના અન્ય દેશોમાં પ્રતિક્રિયા પ્રમાણમાં શાંત પરંતુ ટીકાત્મક હતી. ફ્રાંસ, જર્મની અને બ્રિટનનાં સમાચારપત્રોએ આ ઘટનાને અસામાન્ય અને અસહજ ગણાવી હતી. તેમના અનુસાર, નોબેલ શાંતિ પુરસ્કારની શક્તિ જ એમાં છે કે તે રાજકારણથી ઉપર રહે. જ્યારે કોઈ વર્તમાન રાજનેતાનું નામ એમાં જોડાય છે ત્યારે પુરસ્કારની નૈતિક ઊંચાઈ પર સવાલ ઊભા થવા લાગે છે. યુરોપિયન વિશ્ર્લેષકોએ પણ લખ્યું કે આ ઘટના બતાવે છે કે આજના સમયમાં પ્રતીકોનો ઉપયોગ વાસ્તવિક નીતિઓની તુલનામાં એક અસરકારક હથિયાર બની ચુક્યો છે.

આ સંદર્ભમાં અમુક લેખકોએ એ પણ યાદ અપાવ્યું કે ઇતિહાસમાં નોબેલ પ્રાઈઝ લાખો ડૉલરમાં વેચાયાની ઘટનાઓ પણ બની છે. ૨૦૨૨માં રશિયન પત્રકાર અને નોબેલ શાંતિ પુરસ્કાર વિજેતા દિમિતિ મુરાતોવએ પોતાના મેડલને લીલામ કર્યો હતો અને તે સો મિલિયન ડૉલરથી પણ વધુમાં વેચાયો હતો. જોકે, તે પૈસાનો ઉપયોગ યુક્રેન યુદ્ધથી પ્રભાવિત બાળકોને મદદ માટે કરવામાં આવ્યો હતો.

તે પહેલાં વિજ્ઞાન અને સાહિત્ય ક્ષેત્રના કેટલાક વિજેતાઓએ પણ પોતાના મેડલ ખાનગી કારણો અથવા દાન માટે વેચ્યા હતા. આ ઉદાહરણોથી સ્પષ્ટ થાય છે કે મેડલની ભૌતિક કિંમત ઘણી મોટી હોઈ શકે છે, પરંતુ તે પુરસ્કારનો નૈતિક અને ઐતિહાસિક અર્થ બદલાતો નથી. જે વ્યક્તિ એકવાર નોબેલ પુરસ્કાર વિજેતા બની જાય છે, તે હંમેશાં તે જ રૂપમાં ઓળખાય છે, ભલે મેડલ તેના પાસે હોય કે ન હોય.

આ જ મુદ્દે ટ્રમ્પ-માચાડોના મામલાની વાસ્તવિક જટિલતા સામે આવે છે. એક તરફ તે સંપૂર્ણ રીતે કાનૂની છે કે માચાડોએ પોતાનો પદક ટ્રમ્પને આપી દીધો. બીજી તરફ, એટલું જ સ્પષ્ટ છે કે તેનાથી ટ્રમ્પ નોબેલ શાંતિ પુરસ્કાર વિજેતા નથી બનતા. તોય, રાજકારણમાં પ્રતીકોનું મહત્ત્વ એટલું મોટું હોય છે કે આ ફરક ઘણીવાર ધૂંધળો પડી જાય છે. મીડિયાના હેડલાઇન્સમાં નોબેલ પદક ટ્રમ્પને મળ્યો’ જેવા શબ્દો પોતે જ એક અસર ઉત્પન્ન કરે છે, ભલે કાનૂની સત્ય કંઈપણ હોય.

એ જે હોય તે, પણ હકીકત એ છે કે આ ઘટના આપણા સમયની તુચ્છ રાજનીતિનું પ્રતિબિંબ છે. આજે જ્યારે આંતરરાષ્ટ્રીય સ્તરે આપસી વિશ્ર્વાસ, સંસ્થાઓ અને નૈતિક અધિકારો પહેલાથી જ દબાયેલા-પીસાયેલા છે ત્યારે આવી ઘટનાઓ વધુ કડવાશ પેદા કરે છે. એક તરફ આ નોબેલ પુરસ્કારના ગૌરવ માટે જોખમ છે તો બીજી તરફ તે બદલાતી દુનિયામાં સન્માન અને રાજનીતિના નવા સંબંધનો ઉદય છે.

ટ્રમ્પ અને માચાડોની મુલાકાત સામાન્ય શિષ્ટાચાર નહોતો. આ એવી ક્ષણ હતી જ્યાં ઈતિહાસ, રાજનીતિ, પ્રતીક અને મીડિયાની શક્તિ એક સાથે અથડાઈ. ઈતિહાસમાં નોબેલ શાંતિ પુરસ્કાર પોતાની એક જગ્યા છે- એક એવું પ્રતિષ્ઠિત સન્માન, જેને ન તો ખરીદી શકાય છે કે ન તો સ્થાનાંતરિત કરી શકાય, પરંતુ જે રીતે પદકને ‘વાપરવા’માં આવ્યો છે, તેણે એ જરૂર બતાવ્યું કે આજની વૈશ્ર્વિક રાજનીતિમાં પ્રતીકો પણ એટલાં જ અસરદાર છે, જેટલા તેના ફેંસલા. ■

ઈન્વેસ્ટમેન્ટ વર્લ્ડ

જયેશ ચિતલિયા feedback@bombaysamachar.com

# આગામી અંદાજપત્રમાં કઈ કઈ વાત-વસ્તુ પર જોર આપવું અનિવાર્ય છે?

**આ વખતના બજેટ સામે નવી પરીક્ષાઓ આવી છે, વિવિધ દેશો વચ્ચે યુદ્ધ અને તણાવનો માહોલ, ગ્લોબલ અનિશ્ર્ચિંતતા માથે લટકતી તલવાર સમાન ઊભી છે. આ સાથે અમેરિકા તરફથી ટૅરિફનો ત્રાસ અને વિવાદ વધી રહ્યો છે. બજારના કડાકા-ધડાકા ચાલુ છે. રોકાણકારોએ બહુ જ સમજી-વિચારીને પ્લાનિંગ કરવું પડશે...**

ગયા વરસના બજેટમાં નાણાં પ્રધાન નિર્મલા સીતારમણે દેશના મધ્યમ વર્ગને કેન્દ્રમાં રાખી આવકવેરાના માળખાંના રસપ્રદ ઉદાર સુધારા કર્યા હતા, એટલું જ નહીં, કોઈપણ નવા વેરા નાખ્યા વિના તેમણે દરેક સેકટર-વર્ગને પણ કંઈકને કંઈક રાહત આપવાનો પ્રયાસ કર્યો હતો.

આ વરસે આમાં વધુ સુતાર્કિકરણ થઈ શકે છે, જયારે કે આ વરસના બજેટના લક્ષ્યમાં ગ્લોબલ પડકારોનો જવાબ હશે, જેમાં ટેકનોલોજી-એઆઇ, ઈનોવેશન, સરળીકરણ, ઉત્પાદન-નિકાસ પ્રોત્સાહન, સ્ટાર્ટઅપ્સ ઈકો સિસ્ટમ જેવી બાબતો કેન્દ્રમાં હોઈ શકે છે. વિશ્ર્વનું ત્રીજા ઊંચા કદનું બની ગયેલું ભારતીય અર્થતંત્રનું હવે ૧૦ ટ્રિલિયન ડૉલરની ઈકોનોમી બનવા તરફ આગળ વધવાનું લક્ષ્ય છે, જેથી આ દિશામાં નાણાં પ્રધાને કદમ વધારવા આવશ્યક છે.

### નવા કદમ અનિવાર્ય

નાણાં પ્રધાન નિર્મલા સીતારમણે આ બજેટમાં વિશેષ નવું અને નક્કર કરવું પડશે. બજેટે અગાઉના પગલાંની સાતત્યતા જાળવવા ઉપરાંત નવા કદમ ગ્લોબલ પડકારોને ધ્યાનમાં રાખી લેવા જોઈશે, જેમ કે ૫૦ થી ૧૦૦ અને ૫૦૦ ટકા સુધીના ટૅરિફની યુએસની ધમકી અને દબાણોની વચ્ચે નિકાસને વેગ આપવા, આયાતને અંકુશમાં રાખવા, નવી બજારો હાંસલ કરવા અને વૈશ્ર્વિક તખ્તા પર સ્પર્ધા માટે સક્ષમ બનવાનાં પગલાં ભરવા જોઈશે. મહત્ત્વ માત્ર પગલાંનું કે જાહેરાતોનું નહીં ચાલે, ખરેખર તો તેનું શકિતશાળી અમલીકરણ પણ થવું જોઈશે. કેપિટલ ખર્ચને તેમ જ મૂડીસર્જન સાથે રોજગાર સર્જનને પણ જોર આપવું જોઈશે. આ માટે મૂડીબજાર-શૅરબજારને તથા સ્ટાર્ટઅપ્સ-નવા સાહસોને બળ મળી રહે એવાં કદમ ભરવા પડશે.

બીજી બાજુ, સંભવત આ બજેટમાં જમીન સુધારા જાહેર થઈ શકે છે, કામદાર ધારાના સુધારા બાબતે ગાડી આગળ વધી શકે છે. કરવેરા વિષયક સુધારામાં તો આગળ વધ્યા વિના ઉપાય જ નથી.

સરકારે ઈન્ફ્રાસ્ટ્રકચર પર ખર્ચ કરવાનું ચાલુ રાખવા ઉપરાંત હાઉસિંગ ક્ષેત્રને પણ મજબૂત ટેકો આપવાનો રહેશે.

### આત્મનિર્ભર બનવા જોર લગાવો

આત્મનિર્ભર બનવાની દિશામાં નાણાં પ્રધાને આગેકૂચ કરવી જોઈશે, પછી એ સંરક્ષણ ક્ષેત્ર હોય કે અન્ય કોઈ. ઉત્પાદનની વાત હોય. સર્વિસ સેકટરને વેગ આપવા પણ સચોટ પગલાં જોઈશે.

એમએસએમઈ (માઈક્રો, સ્મોલ અને મિડિયમ એન્ટરપ્રાઈસિસ)નો સમાવેશ થઈ જશે, આ સેગમેન્ટની ભારતીય અર્થતંત્રમાં બહુ મહત્ત્વની ભૂમિકા રહી છે. ટેકનોલોજી અપગ્રેડેશન અને સ્કિલ ડેવલપમેન્ટ પર જોરદાર જોર જરૂરી છે. અર્થતંત્ર સંબંધી વિકાસલક્ષી નીતિઓના સાતત્યને અને તેના અમલને જાળવી રાખવાનું મહત્ત્વનું રહેશે.

### બિઝનેસ સરળીકરણની માગ

નાણાં પ્રધાન નિર્મલા સિતારમણના સતત નવમા બજેટ પાસેની કેટલીક અપેક્ષાઓ પર નજર કરીએ તો રિયલ એસ્ટેટ ઉદ્યોગને લકઝરી હાઉસિંગ પર જીએસટી દર ઘટે એવી આશા છે. કૃષિ ક્ષેત્રને ડિજિટાઈઝેશન અને ટેકનોલોજી અડોપ્શનની અપેક્ષા છે. ખેડૂતો તેમાં વધુ સહભાગી અને સક્રિય બને એ સમયની માગ છે. આ સેકટરમાં પણ એઆઈનો ઉપયોગ અસરકારક બનાવવાનું લક્ષ્ય આ બજેટમાં હોઈ શકે છે. પ્રત્યક્ષ અને પરોક્ષ કરવેરા માળખાંના અને નિયમન માળખાંના સરળીકરણની આશા રખાઈ છે. બિઝનેસ કરવાનું આસાન બનાવવાની દિશામાં હજી સરળતાની માગ છે. સ્વદેશી ખાનગી રોકાણ કે વિદેશી રોકાણ આકર્ષવું હોય તો લાંબા ગાળાની અને સ્થિર નીતિઓ જ અસરકારક ભૂમિકા ભજવી શકે છે એ સત્ય સ્વીકાર્ય બનતું ગયું છે.

### ડિજિટલ-AI ટેકનું મહત્ત્વ વધશે

ડિજિટલ લર્નિંગને વેગ મળે એવા કદમ બજેટમાં ધ્યાન ખેંચશે, કારણ કે ડિજિટલ ઈન્ડિયા અને AI ની સફળતાનો મોટો આધાર તેના પર છે. આ સેકટરમાં શહેરી-ગ્રામ્ય અંતર દૂર થાય, કનેકટિવિટી વધે અને સ્માર્ટ સીટીઝથી લઈ સ્માર્ટ કલાસરૂમ બને એવું વિઝન આગળ લઈ જવું જોઈશે. આ માટે એઆઈ સમાન ટેકનોલોજીસમાં ઈન્વેસ્ટમેન્ટ વધારાશે તેમ જ તેને મહત્તમ પ્રોત્સાહન અપાશે. શિક્ષણ અને સ્વાસ્થ્ય ક્ષેત્રમાં ફાળવણી વધારવા ઉપરાંત આ ક્ષેત્રમાં રોકાણ પ્રવાહ વધે એવી નીતિઓ અપેક્ષિત છે. રિસર્ચ અને ઈનોવેશન પર વધુ ભાર મુકવા સાથે. એજયુકેશન ઈકો-સિસ્ટમમાં AI શિક્ષણનો વ્યાપ વધારવાના વિશેષ પગલાંની શકયતા ઊંચી છે. ગ્લોબલ મંચ પર આ સમય AIનો હોવાથી તેને વધુ મહત્ત્વ આપવું એ સમયની તાતી માગ છે. દરમ્યાન હાલ જે-જે ક્ષેત્રો ટ્રમ્પ ટૅરિફના આક્રમણનો સામનો કરી રહયા છે તેમને ટેકો આપવાની નીતિ આ બજેટમાં રહેશે. ગયા વરસે સરકારે જીએસટી અને આવકવેરામાં રાહતો આપીને અર્થતંત્રને બહુ મોટી કિક આપી હતી, જે દિશામાં વધુ સુતાર્કિકરણ થવું સહજ છે. સેમિકન્ડકટર, ઈલેકટ્રોનિકસ, એનર્જી, ઓટો, ઈવી અને ગતિશકિત, ફાઈનાન્સિયલ ઈન્કલુઝન (આર્થિક સર્વસમાવેશ) વગેરે સહિત ન્યુએજ ઈકોનોમીને કેન્દ્રમાં રખાશે એવું માનવા ઘણાં કારણો છે. લાંબા સમયથી અદ્ધર ક્રિપ્ટોકરન્સી માટે સકારાત્મક જાહેરાતની શકયતા પણ ખરી.

બાય ધ વે, બજેટ વિકસિત ભારતની દિશામાં નવી આગેકૂચ હશે, તેમ છતાં યુદ્ધના માહોલમાં બજાર તેને કેવો પ્રતિભાવ આપશે એ કહેવું કઠિન છે. સમજીને આગળ વધવામાં શાણપણ રહેશે. ■

હેં... ખરેખર?!

પ્રફુલ શાહ
feedback@bombaysamachar.com

# એક દુનિયા પાતાળમાં મળી ૬૦૦ ફૂટ નીચે!


વિશ્ર્વભરમાં પર્યટન ખૂબ બહોળો ધંધો છે. વિદેશી પ્રવાસીઓને આકર્ષવા મોટાભાગના દેશો અછોવાનાં કરવામાં થાકતા નથી, પરંતુ આમાં ચીન એક અપવાદ છે. પર્યટકો કે વેપારીઓ માટે ચીન આખો દેશ ખુલ્લો મૂકી દેતો નથી. આ કારણસર જ કદાચ ચીનના સાંસ્કૃતિક વારસા સમાન અનેક સ્થળો સુધી પ્રવાસીઓ પહોંચી શકતા નથી.

સંશોધનમાં માથું ખપાવતા ખાસ્સી રસપ્રદ યાદી મળે પણ અહિં ભૂગર્ભ ગુફા-ઘરો પર ફોકસ કરીએ. કલ્પના કરી જુઓ કે આવા ભૂગર્ભ ગુફા-ઘરોમાં જીવનના અનુભવ કેટલો રોમહર્ષક હોઇ શકે. અલબત, ચીનની અંદર ગુફાઓમાં વસવાટ કરવાનો ઇતિહાસ લગભગ પંદરસોથી બે હજાર વર્ષ જૂનો છે. આ ઉત્તર શાનસી પ્રાંત તથા લોસ પ્લેટો વિસ્તારની એક અનોખી પરંપરાગત સ્થાપત્ય શૈલી છે જેનું ઐતિહાસિક, વૈજ્ઞાનિક અને કલાત્મક મહત્ત્વ અત્યંત અદકેરું ગણાય.

Underground Dwellings તરીકે ઓળખાતા ભૂગર્ભ નિવાસસ્થાનો સદીઓથી ઉત્તર ચીનના લોસ પ્લેટો (Loess Plateau) વિસ્તારમાં છે. અહીં યાઓડોંગ (Yaodong) નામના ગુફા-ઘરો બનાવવામાં આવે છે. એની વિશિષ્ટતા એ છે કે તે શિયાળામાં ગરમ અને ઉનાળામાં ઠંડા રહે. આમાં તેમાં ડિકેંગયુઆન (Dikengyuan) એટલે કે જમીનમાં ધસાવેલા આંગણાવાળાં ઘરો પણ આવી જાય. આ જ પધ્ધતિનો આધાર લઇને ચીન હવે ભૂગર્ભ વિકાસનો શહેરીકરણ અને વ્યૂહાત્મક જરૂરિયાતો માટે પણ ઉપયોગ કરે છે. આનાં બે ઉદાહરણ એટલે ભૂગર્ભ બંકર અને અંડરગ્રાઉન્ડ હોટેલ.

સદીઓ અગાઉ આ વ્યવસ્થાના આરંભ થવા પાછળનાં કારણો અલપઝલપ જાણીએ. ઉત્તર ચીનના લોસ પ્લેટો વિસ્તારમાંની માટી ખોદકામ માટે અનુકૂળ છે.

આથી જમીનમાં ૩૩ થી ૩૯ ફૂટ ઊંડા ખાડા ખોદવામાં આવે છે. આનાથી કુદરતી રીતે મજબૂત દીવાલો મળી રહે. આ ભૂગર્ભ ઘરમાં ઓરડા, શયનકક્ષ અને સ્નાનગૃહ ઉપરાંત પશુઓ માટે જોગવાઈ હોય છે.



**અન્ય વિશિષ્ટતામાં આવે ઊર્જાની બચત.**

આવા ઘરો શિયાળામાં ગરમી (૧૦ઓસે. જેટલી) અને ઉનાળામાં ઠંડક (૨૦ઓસે.થી ઓછી) હોવાથી વીજળીનો વપરાશ ઓછો થાય.

અમુક ઐતિહાસિક દાવા મુજબ તો આ ભૂગર્ભ વસવાટો લગભગ ૪૦૦૦ વર્ષ જૂના છે. મિંગ તથા ચિંગ શાસનકાળ દરમિયાન તે ખૂબ વિશેષ લોકપ્રિય બન્યા હતા.


હેનાન વિસ્તારના સાનમેનશિયા શહેરમાં ૧૦૦થી વધુ ભૂગર્ભ ગામો અને હજારો ભૂગર્ભ આંગણાં છે. એક પરિવારને ભૂગર્ભ ગુફા-ઘર બનાવવા માટે ૬૭ મીટર સુધી ખોદકામ અને મરામત કરવા બે થી ત્રણ વર્ષ લાગે છે. આટલી જહેમત બાદ આ ઘર સેંકડો વર્ષો સુધી ટકે છે. શાનશિયન શહેરના રેનમા ગામ અને મિયાઓશાંગ ગામમાં સૌથી સારી રીતે સંરક્ષિત ગુફા-ઘરો છે, જેમાંથી કેટલાક ૨૦૦ વર્ષથી વધુ જૂના છે. આમાં છ પેઢીઓથી વસવાટ થાય છે. આ ઓછી કિંમતમાં બનેલાં ઘરો છે. ગુફામાં પ્રવેશ કરવા માટે ૧૦ મીટરથી વધુ લાંબી સુરંગમાંથી પસાર થવું પડે છે.


**હવે ચીન આ સાંસ્કૃતિક વારસાનો**

આધુનિક ભૂગર્ભ વિકાસમાં સામેલ કરી રહ્યું છે. મોટાં શહેરોમાં રહેઠાણની અછત પૂરી કરવા માટે ભૂગર્ભ મેટ્રો રેલ, પાર્કિંગ વગેરે બનાવાય છે. એટલું જ નહિ, મહાન ભૂગર્ભ દીવાલ (Underground Great Wall)તરીકે ઓળખાતી લગભગ ૫,૦૦૦ કિમી લાંબી ટનલ નેટવર્ક આંતરખંડીય મિસાઇલ્સને છુપાવવા અને સુરક્ષિત રાખવા માટે બનાવાઇ છે. આ સંરક્ષણાત્મક અને વ્યૂહાત્મક ઉપયોગ ઉપરાંત શાંઘાઈમાં ખાણની અંદર ભૂગર્ભ હોટેલ છે, જેના જમીનની નીચે ૧૬ માળ છે આ આધુનિક એન્જિનિયરિંગનું ઉત્તમ ઉદાહરણ છે.

એટલું જ નહિ, પાટનગર બેઈજિંગ જેવાં મહાનગરોમાં જૂના બંકરોનો પણ રહેઠાણ તરીકે ઉપયોગ થાય છે.

પ્રાચીન અને અર્વાચીનનો સુભગ સમન્વય અનુકરણીય છે. આ પ્રાકૃતિક માહોલ સાથે આધુનિક એન્જિનિયરિંગ તથા શહેરી આયોજનનું ફ્યુઝન પ્રશંસનીય ગણાય જ ને? ■





ક્લોઝ અપ
ભરત ઘેલાણી
feedback@bombaysamachar.com

# કઈ ભેદી બીમારી અમેરિકાની સરકારને સતત પજવી રહી છે...?

**તાજેતરમાં એક સમાચાર ફરી એક વાર ‘બ્રેકિંગ ન્યૂઝ’ તરીકે મીડિયામાં ચમક્યા છે. એ છે ‘હવાના સિન્ડ્રોમ’ નામની એક એવી બીમારી,જે માત્ર અમેરિકન રાજદ્વારીઓ - એલચીઓને હેરાન -પરેશાન કરી રહી છે. શું છે એ ‘હવાના સિન્ડ્રોમ’ નામની અકળ બીમારી... તબીબોથી લઈને મનોવિજ્ઞાનીઓ શું કહી રહ્યા છે?**

‘યુદ્ધ’

આ શબ્દ આજકાલ તેજીમાં છે. એ ચોતરફ હિંસક રીતે ગાજી રહ્યો છે. જોકે આ શબ્દ હવે બહુ છેતરામણો થઈ ગયો છે. અગાઉના જમાનામાં બે દુશ્મન દેશનું સૈન્ય સામસામા આવીને કિલ્લાની બહાર કે ખુલ્લા મેદાનમાં યુદ્ધ ખેલાતું. સમય વીતતા રણમેદાનમાં સામસામી છાતીએ ખરાખરીનો ખેલાતો જંગ ઘટી ગયો. પછી તો યુદ્ધનો સિનારિયો જ પલટાઈ ગયો છે. યુદ્ધસ્થળે જવાની જરૂર જ ન રહી. પોતાના લશ્કરી થાણાંમાં બેસીને સેંકડો માઈલ કિલોમીટરના અંતરે આવેલા દુશ્મન દેશ પર ઈચ્છો એ સમયે -ધારો તે સ્થળે મિસાઈલ્સ અને ડ્રોન વડે ત્રાટકી શકો. !

અગાઉ બીજી રીતે પણ યુદ્ધ લડાતું અને આજે પણ કયાંક લડાઈ છે. દુશ્મનના જ દેશમાં મિત્રના સ્વાંગમાં એના પર કઈંક નવા જ પ્રકાર શસ્ત્રથી ગુપચુપ હુમલો બોલાવીને દુશ્મનને માનસિક રીતે તબાહ કરી શકો. આ પ્રકારની લડાઈ અમુક અંશે બીજા વિશ્વયુદ્ધ વખતે શરૂ થઈ ગઈ હતી. એ વખતે ચીન સામેના સંગ્રામમાં જાપાને ગુપ્ત રીતે ચીનના એક હજારથી વધુ તળાવ-સરોવર અને કૂવા સુદ્ધાંમાં ઝેર ભેળવીને ન જાણે કેટલાય ચીની ગામ લોકોને મોતમાં ધકેલી દીધા હતા. કહે છે કે એ યુદ્ધ વખતે જાપાને અમુક પ્રકારના બેકટેરિયા-વિષાણુની મદદથી ચીનમાં ટાઈફોઈડ-પ્લેગ અને કોલેરાની મહામારી ફેલાવી દીધી હતી. (જેમ પાંચ -છ વર્ષ પહેલાં દુનિયાભરમાં ઈરાદાપૂર્વક કોવિડના વિષાણુ ફેલાવાનો ચીન પર આરોપ છે)

બન્ને મહા યુદ્ધ પછી એવાં પ્રકારનાં વિનાશક વિષાણુ- બેકટેરિયા ન વાપરવાની સંધિ ઘણા રાષ્ટ્રો વચ્ચે થઈ હતી. આમ છતાં અનેક દેશો વચ્ચે જે અથડામણ લડાઈ થઈ એમાં આડકતરી રીતે રાસાયણિક શસ્ત્રો બેફામ વપરાયાં, જેનાં પરિણામે નિર્દોષોની કલપી ન શકાય એટલી હદે જાનહાનિ થઈ હતી. આમાં ઈરાન-ઈરાક લિબિયા જેવાં ઈસ્લામિક દેશ મુખ્ય વિલનોની ભૂમિકામાં હતા.

એ પછી તો જાહેર કે છૂપી રીતે થતાં કેમિકલ વોર વર્ષથી થોભી ગયું છે. આમ છતાં આ બધા વચ્ચે, ‘એન્થ્રેકસ’ નામના બાયો-વેપનથી અમેરિકા સહિત અનેક દેશ આજે પણ થરથરે છે. એક પ્રકારની વનસ્પતિના સુક્ષ્મ પાવડરના સંપર્કમાં જે પણ આવે એ અનેક પ્રકારની ગંભીર ચેપી બીમારીમાં સપડાઈ જાય છે. આ પ્રકારનાં બાયો-વેપન્સ (જીવાણું શસ્ત્રો)નો ઉપયોગ અમેરિકામાં બહુ વધી ગયો હતો. ખાસ કરીને બાયો-ટેરરિસ્ટ આનો ઉપયોગ પોસ્ટના પત્રો અને કુરિયરના પેકેટ્સ દ્વારા વિશેષ કરતા હતા.

એન્થ્રેક્સના સતત ભય નીચે રહેતી અમેરિકાની પ્રજાનો એક ખાસ વર્ગ આજે પણ બીજા પ્રકારના ત્રાસવાદનો સામનો કરી રહ્યો છે.

આ ભેદી પ્રકારનો આતંક ‘હવાના સિન્ડ્રોમ’ તરીકે ઓળખાય છે.

**- તો આ ‘હવાના સિન્ડ્રોમ’ શું છે?**

૨૦૧૬ની આસપાસ ક્યુબાના હવાના સિટીમાં અમેરિકન કોન્સ્યુલેટમાં કાર્યરત એના રાજદ્વારી અને અન્ય અધિકારીઓની તબિયત બગડી - એમને માથાનો તીવ્રત દુખાવો - વોમિટિંગ ઉપરાંત તાવ આવવાનું શરૂ થયો... આમ અચાનક થવાનું કારણ જાણી ના શકાયું. આ ત્રાસવાદ ભેદી કે રહસ્યમય એટલા માટે છે કે એના શિકાર મોટેભાગે અમેરિકન સરકાર સાથે સંકળાયેલી વ્યક્તિઓ જ બને છે. અમેરિકાના રાજદ્વારીઓ- દૂતાવાસ સાથે સંકળાયેલા વરિષ્ઠ અધિકારીઓ કે કચેરીના કર્મચારીઓ અને એમના કુટુંબીજનો સુદ્ધાં એક વિચિત્ર પ્રકારની બીમારીમાં સપડાય છે. એમાંથી મોટાભાગનાને એકસરખા ચિન્હ નજરે પડે છે, જેમકે મગજ-માથાંમાં અસહ્ય સણકા ઉપડે-તીવ્ર દુખાવો થાય-કાનમાં સતત જાણે તીણી સિસોટી વાગતી હોય એવા ત્રાસજનક ભણકારા વાગે - આંખે અંધારા આવે- ચક્કર આવે-તાવ ચઢે- બેચેની વધી જાય - શરીર દુખે. અચાનક આ પ્રગટતાં આ બધાં ચિન્હોને લીધે માણસની અવસ્થા ડામાડોળ - ચિત્તભ્રમ જેવી થઈ જાય...



માનસિક અવસ્થા વેર –વિખેર કરતાં ભેદી હાઈ ફ્રીકવેંસી રેડિયો વેવ્ઝ...

આશ્ચર્યની વાત એ છે કે આ બીમારી અમેરિકાની ગુપ્તચર-જાસૂસી ખાતા સાથે સંકળાયેલા સિક્રેટ એજન્ટોને પણ છોડતી નથી પછી ભલેને એ દેશમાં કે વિદેશમાં ‘અંડરકવર એજન્ટ’ રૂપે ગુપ્ત કામગીરી બજાવતો હોય! આ બીમારીનાં ચિન્હો સૌપ્રથમ હવાનામાં જોવા મળ્યા હતા એટલે એ ‘હવાના સિન્ડ્રોમ’ તરીકે ઓળખાય છે.

ભારત સહિત વિભિન્ન દેશોની અમેરિકન કોન્સ્યુલેટ એમ્બેસી તરફથી પણ ‘હવાના સિન્ડ્રોમ’ના ખબર-ફરિયાદ મળ્યા પછી અમેરિકાની ગુપ્તચર એજન્સીઓ કામે લાગી. એમને શંકા હતી કે રશિયા-ચીન જેવા શત્રુ દેશનું આ કાવતરુ છે. દૂરથી હાઈ વેલોસિટીના માઈક્રોવેવ્સ- તરંગો દ્વારા એમના અધિકારીઓને ટાર્ગેટ કરવામાં આવે છે. આવા તરંગોના શિકાર બનતી વ્યક્તિ મરણ નથી પામતી પણ એને બહુ ગંભીર બીમારીમાં સપડાવીને એની માનસિક અવસ્થા ખળભળાવી મૂકે છે. તનની સાથે એને મનથી પણ પાંગળો બનાવી દે છે.

અમેરિકાની ‘સેન્ટ્રલ ઈન્ટેલિજન્સ એજેન્સી’ (CIA) છેલ્લાં ૮-૯ વર્ષથી આ ‘હવાના સિન્ડ્રોમ’ વિશે જાતજાતની થિયરી અને એના અનેક પાસાંની સઘન તપાસ પછી પણ એ સાબિત નથી કરી શકી કે અમેરિકાની ખાસ વર્ગની વ્યક્તિઓને શત્રુ કઈ રીતે કેવા તીવ્ર તરંગોથી શિકાર બનાવે છે ઉપરાંત ‘હવાના સિન્ડ્રોમ’નાં કારણ- તારણ અને મારણ શું?

તાજેતરના એક અહેવાલ મુજબ ડોનલ્ડ ટ્રમ્પ પહેલાં અમેરિકાના જે પ્રેસિડન્ટ હતા એ બાઈડનના સમયગાળામાં દેશની બોર્ડર - ઈમિગ્રેશન તેમજ આંતરિક સુરક્ષા માટે કાર્યરત ‘હોમલેન્ડ સિક્યુરિટી એજનસી’ માટે એક ટચૂકડી ડિવાઇસ એટલે કે ઉપકરણ ડૉલરમાં ૮ આંકડાની જબરી રકમથી ખરીદવામાં આવ્યું હતું, જેનો એક પાર્ટ રશિયન બનાવટનો છે. એવું મનાય છે કે આ ઉપકરણ એક પ્રકારના હાઈ પલ્સ રેડિયો વેવ્ઝ - તરંગ પેદા કરે છે, જે સામેવાળી વ્યક્તિની માનસિક અવસ્થા વેર -વિખેર કરી નાખે છે અને આના કારણે જ પેલી ભેદી બીમારી ફેલાતી હોવાની આશંકા છે. આમ છતાં હજુ સુધી એના પૂરેપૂરા ભેદભરમ ઉકેલાયા નથી.

બીજી તરફ, અમેરિકાની આ પ્રમુખ તપાસ એજન્સીએ તાજેતરમાં સત્તાવાર જાહેર કર્યું છે કે આ ભેદી બીમારી પાછળ કોઈ જ ‘વિદેશી હાથ’ (એટલે કે ચીન-રશિયા!) નથી.

**‘-તો પછી આ છે શું?’**

એના જવાબરૂપે મુખ્ય તપાસ એજન્સી CIA દ્વારા અમેરિકા-હવાના- પેરિસ-વિયેના-જીનિવા- દિલ્હી- બીજિંગ જેવાં શહેરોમાંથી મળેલા હવાના સિન્ડ્રોમના ૧૦૦૦થી વધુ કેસનો અભ્યાસ કરીને કહે છે કે આમાં વિદેશનું પલટાતું પર્યાવરણ-



હતાશા-તણાવ અને અન્ય અજાણ્યાં મનોવિજ્ઞાનિક કારણો વધુ ભાગ ભજવતાં લાગે છે.

બીજી તરફ, ટોચના મનોચિકિત્કો તથા મનોવિકારના નિષ્ણાતોનાં તારણ એ એવું સૂચવે છે કે આ ભેદી ‘હવાના સિન્ડ્રોમ’ એક પ્રકારનો ‘ન્યુરોસાઈકોસોમેટિક’ બીમારી છે. મગજ સાથે સંકળાયેલાં જ્ઞાન કે ચેતાતંતુ જ્યારે કોઈ પણ કારણસર ડિસ્ટર્બ્ડ થાય એટલે કે વ્યગ્ર-વ્યાકુળ થાય ત્યારે એ તીવ્ર અવાજ- માથાનો અસહ્ય દુખાવો સખત બેચેની, ઈત્યાદિ જેવાં શારીરિક ચિન્હોરૂપે પ્રગટે છે.

‘પરંતુ સરકાર સાથે સંકળાયેલી અમેરિકી વ્યક્તિઓ જ કેમ આ બીમારીના ભોગ બને છે?’

આ પ્રશ્નનો કોઈ ઉત્તર કે એની કોઈ ચોક્કસ સ્પષ્ટતા અમેરિકાની આ તપાસ એજન્સી પાસે હાલના તબક્કે તો નથી. એ તો રાબેતા મુજબ સરકારી જવાબ આપે છે:

‘આ દિશામાં હજુ અમારી સઘન તપાસ ચાલુ છે!’ ■

કેનવાસ
અભિમન્યુ મોદી
feedback@bombaysamachar.com

# મેરી નઝર... તેરી નઝર : યે મેરા ઘર... યે તેરા ઘર!

**આદીમાનવો** પાસે મકાન હતા- ઘર ન હતા. ઘરની સમજ માણસને સમાજવ્યવસ્થાની ઉત્ક્રાંતિ પછી મળી છે. પણ ઘરની વિભાવના આદર્યા પછી માણસ પોતાને વધુ સુરક્ષિત સમજતો થયો...

ટાઢ- તાપ- જાનવરથી રક્ષણ મેળવતા તો આવડી ગયેલું પણ આ ઘરે કુદરતી અપત્તિઓના જોખમ સિવાયના બીજા સામાજિક જોખમો સામે રક્ષણ આપવાનું શરૂ કર્યું. માણસે મકાનમાંથી ઘર એ રીતે બનાવ્યું , જે એને ભાવનાત્મક અભયારણ્ય જેવું લાગે. એવી જગ્યા જ્યાંથી એનું નામ, એની યાદો કે એની ઓળખ ભૂંસી ન શકાય. જ્યાં તે તેના પરિવારજનો સાથે તો રહે પણ તેની મનગમતી ચીજવસ્તુઓ સાથે પણ રહે. માટે ઘર એના મટે એવી જગ્યા બનતી ગઈ જ્યાં માણસ પોતાની આદતોને કેળવી શકે - પાળી શકે

ભારતીય સંસ્કૃતિમાં અમર થઈ ગયું હોય એવું પાત્ર એટલે કૈકેયી. તેણે શું માગ્યું?

રામનો ઘરનિકાલ. રામે વર્ષો સુધી ઘરમાં નહીં રહેવાનું. આ તો રામ હતા. રામ જ્યાં ગયા તે જગ્યા સ્થળ એનું ઘર બની ગઈ. સીતાનું અપહરણ રાવણ કરીને ગયો, પણ એની સોનાની લંકામાં ઘરનું સુખ ન મેળવી શક્યો અને આ તરફ અયોધ્યામાં શું થયું? રામની ગેરહાજરી હતી તો પણ રામની પાદુકા એ રાજ્ય પર

રાજ કરતી હતી અને વનવાસ દરમિયાન પણ એ રામનગરી બનેલી રહી. ઘર એ નથી કે જ્યાં માણસ

સદેહે હાજર હોય જ. ઘર એ છે કે જ્યાં એની ખોટ ખાલીપણું ન બને. ગેરહાજરીમાં પણ હાજરી શ્ર્વાસ લેતી રહે એ ઘર છે.

જોકે આ આર્કિટેક્ચર અને પુખ્તવસ્થાની વચ્ચેથી કશુંક સરકી ગયું. આજના સમયમાં ચોપાસ એક નજર ફેરવો. લોકો ક્યાં રહે છે, કેવી રીતે રહે છે, શું કામ રહે છે? આજે



કોઈ માણસ ઉપર પ્રાચીન રોમન સંસ્કૃતિની જેમ હાથ ઉપાડવામાં આવતો નથી કે એને મારવામાં આવતો નથી તો પણ એ માણસ ખુદ પોતાના જ ઘરની ચાર દીવાલો વચ્ચે પોતાને ભૂંસાયેલો ભાળે છે. તેનો સામાજિક બહિષ્કાર નથી થયો હોતો, તેની ઉપર દુશ્મનોએ આક્રમણ કર્યું નથી હોતું પણ તે ચાર દીવાલો વચ્ચેના ઘરમાં સંધાન અનુભવતો નથી.

‘ઇન્સ્ટાગ્રામ’માં બધા કહે છે કે ‘હોમ ઇઝ વ્હેર ધ હાર્ટ ઇઝ...’ ‘દિલ ત્યાં ઘર’ ની પંક્તિ કાવ્યાત્મક છે, પણ અસલ ઘર ત્યાં છે જ્યાં દિલને સરકવાની, તોફાન કરવાની, ગોથું ખાવાની, પ્રયોગ કરવાની આઝાદી હોય. જ્યાં તેને કોઈ જજ ન કરે, જ્યાં તે કામ કર્યા વિના પણ થાકી શકે, જ્યાં તે કારણ વિના મૌન થઈ શકે, જ્યાં તે કંઈ પણ લલકારી શકે. પણ જો કોઈ જગ્યાએ સતત લાગણીઓને શસ્તબદ્ધ રાખવી પડતી હોય તો એ લક્ઝરીયસ પ્રોપર્ટી ઘર નથી, નિયંત્રિત વાતાવરણ માત્ર છે.

આજના કશ્મકશ ભર્યા સમયમાં મોટા ભાગના લોકો માટે ઘર એટલે માત્ર છત. થોડા વધુ સુખી લોકો માટે ઘર એટલે એવી છત જેની નીચે ઇન્ટિરિયર થયેલું હોય, પોતાને જોઈતી સગવડતા હોય. અમુક માટે ઘર આ બધી ક્રાઇટેરિયા-માપદંદથી વિશેષ હોય છે. બની શકે ને કે એના માટે ઘર એટલે એક એવી ગુફા, જ્યાં બહારના જંગલમાં જીવ બચાવતા બચાવતા એ પોતાની ગુફામાં ભરાઈને શ્ર્વાસ હેઠો બેસાડી શકે

અને પોતાના અનેક જખ્મો રુઝાવી શકે. એવી જગ્યા જોઈતી હોય જ્યાં એની આંખો ઠરે, કાનને સુકુન મળે ને એકલા પણ રહી શકાય. પહેલા જેમ સામાજિક અવગણના મોટી સજા ગણાતી અને એમ આજની AI લાઈફમાં ઘર એવી જગ્યા હોઈ શકે જ્યાં રહીને તમારે કલાકો સુધી કોઈને પણ ન જોવા હોય, એવું પણ બને... આજે ઘરોની સંખ્યા વધુ છે અને એ જ ઘરોમાં રહેતા લોકો બેઘર હોવાની લાગણી અનુભવે છે. જે રુફ રેસ્ટ ન આપી શકે એનું શું કામનું ? સૌથી સુંદર ઘર હોય તો શબરીનું જેણે જાતમહેનતે એના ભગવાનની રાહમાં તણખલાથી બનાવ્યું હતું અને જ્યાં બોર ખાઈને રામને અપ્રતિમ તૃપ્તિની અનુભૂતિ થઇ હતી. આજે આવી પરમ તૃપ્તિ આપણને આપણા ઘરમાં મળે છે ખરી? ■



બ્રાન્ડ બનશે બિઝનેસ વધશે
સમીર જોશી
feedback@bombaysamachar.com

# આઈડિયા કોપી થશે... બ્રાન્ડ નહીં!

આજે બધી ટીવી ચેનલોમાં સ્ટાર્ટઅપમાં ઇન્વેસ્ટમેન્ટને લગતા કાર્યક્રમો જોવા મળે છે. સફળ ઉદ્યોગપતિઓ અને સ્ટાર્ટઅપમાં જેમને સફળતા મળી છે તેના સ્થાપકો જ્યુરીમાં જોવા મળશે. આજનો દરેક બીજો યુવાન પોતાનું સ્ટાર્ટઅપ હોય તેમ વિચારે છે. આ કાર્યક્રમોએ લોકોને સ્ટાર્ટઅપના ગણિત અને તેના વેલ્યુએશન વિશે, કેટલી ઇક્વિટી કેટલા વેલ્યુએશન પર વગેરે બાબતોથી વાકેફ કર્યા. આ ઉપરાંત પરિવારોમાં જમતી વખતે અથવા સાથે બેઠા હોય ત્યારે આના વિષે ચર્ચાઓ થાય. ઘણાને એમ પણ કહેતા સાંભળશો કે આજે સ્ટાર્ટઅપનો રાફડો ફાટ્યો છે. આમ તો ‘સ્ટાર્ટઅપ’ શબ્દ આજે આપણા માટે નવો નથી. મોટે ભાગે તે આઇડિયા આધારિત હોય. કોઈક નવો વિચાર હોય જે આજ સુધી કોઇયે કર્યો ન હોય અથવા તેને નવી રીતે મૂકવામાં આવે જે લોકો માટે અપનાવવો આસાન હોય, જેમકે- ફ્લિપકાર્ટ, ઓલા, ઉબર, કંટ્રી ડિલાઇટ, એરબીએનબી, વગેરે.




ઘણા સ્ટાર્ટઅપ આઇડિયાની સાથે ટેકનોલોજી આધારિત હોય છે. આજે આવા સ્ટાર્ટઅપ વધી રહ્યા છે તેનાં કારણોમાં યુવાનોને પોતાનુ કૈંક કરવાની ભૂખ, મેક ઇન ઇંડિયા, આત્મનિર્ભર ભારત જેવા ગવર્નમેંટ ઇનિશિયેટિવ અને સ્ટાર્ટઅપ રજિસ્ટ્રેશનની અંતર્ગતના જંગી ફાયદાઓ. સ્ટાર્ટઅપ ઉત્સાહમાં શરૂ થઈ જાય છે.

આઇડિયા આવ્યો એટલે શરૂ કરી દો, એમાં જો ટેકનોલોજી સાથે હોય તો આપણું સ્ટાર્ટઅપ યૂનિકોર્ન (કંપનીનું વેલ્યૂએશન USD ૧ બિલિયન હોય તે) બની જવાનુંની ગેરસમજ ઘણા લોકોને ઉંધે માર્ગે દોરે છે.

સૌથી મહત્ત્વનું છે સ્ટાર્ટઅપ માટે તે સમજવું કે ‘મારો જે આઇડિયા છે તેની ખરેખર માર્કેટમાં કે કન્ઝ્યુમરને જરૂર છે?’ આનો જવાબ શોધવાની કે વિચારવાની ઘણા સ્ટાર્ટઅપ કોશીશ નથી કરતા અને પરિણામ રૂપે તે આગળ જતા અસફળતાનો સામનો કરે છે. તમે જો બારીકાઈથી અભ્યાસ કરશો તો તમને જણાશે કે જે સ્ટાર્ટઅપે માર્કેટ અને કન્ઝ્યુમરની જરૂરિયાતને ધ્યાનમાં રાખી આઇડિયા બિલ્ડ કર્યો હશે તે અચૂક સફળ થયુ છે.

બીજી ગેરસમજ સ્ટાર્ટઅપની કે અમારી પાસે આઇડિયા છે, ટેકનોલોજી છે, પ્રોડક્ટ છે તો સેલ થશે જ અને તેથી અમારે બ્રાન્ડ બનાવવાની આવશ્યકતા નથી. સ્ટાર્ટઅપે શરૂઆતમાં જ સમજવાની જરૂર છે કે જ્યારે કંપનીનું વેલ્યૂએશન થશે ત્યારે બ્રાન્ડનું વેલ્યૂએશન મહત્ત્વનો ભાગ ભજવશે. સ્ટાર્ટઅપની દલીલ હોય છે કે અમારી પાસે ફંડિંગ ઓછું છે તો અમે ધંધામાં પૈસા લગાડીયે કે બ્રાન્ડિંગ માટે રાખીએ? અહીં સૌ પ્રથમ જાણી લો કે બ્રાન્ડિંગ અને એડવર્ટાઇઝિંગમાં ફરક છે. શરૂઆતમાં તમને એડવર્ટાઇઝિંગ પાછળ ખર્ચો કરવાનું કોઈ નથી કહી રહ્યું. તેનો અર્થ તે પણ નથી કે હું પ્રમોશન પાછળ ખર્ચો ના કરું. જેટલી મારી ત્રેવડ હોય તેટલી પણ ધીરે ધીરે માર્કેટિંગ અને બ્રાન્ડ પાછળ ઇનવેસ્ટ કરવાનું શરૂ કરો અને બ્રાન્ડ બનાવવાની પ્રોસેસ સેટ કરો.

જેના થકી તમે ઓળખાવવાના છો અર્થાત્ તમારી સ્ટાર્ટઅપનું નામ અને લોગો પ્રોફેશનલી ડિઝાઇન કરો. તમારો આઇડિયા જે છે તેની ક્લેરિટી અને તે માર્કેટમાં ટેસ્ટ થયેલી છે ની સાબિતી તમે નાના પાયે રિસર્ચ કરી મેળવી શકો. ત્યારબાદ તમારા ટાર્ગેટ ઓડિયન્સની ક્લેરિટી, કોના માટે તમે તમારી પ્રોડક્ટ કે સર્વિસ બનાવ્યા છેની માહિતી તમને ફોકસ્ડ બનાવશે અને તમારો સમય અને પૈસા બચાવશે. તમારી પ્રોડક્ટ અને સર્વિસ કેવી રીતે તમારા પ્રતિસ્પર્ધીથી અલગ છે ની સમજણ-જાણ તમારા કન્ઝ્યુમરને તમારા તરફ આકર્ષશે.

આનાથી આગળ અને સૌથી મહત્ત્વનું તમારી બ્રાન્ડનું વિઝન, મિશન, પર્પસ અને વેલ્યૂને ડિફાઇન કરો. આ વાતો તમારી કંપનીને એક કલ્ચર પૂરું પાડશે જે સફળ બ્રાન્ડ માટે ઘણુ ઉપયોગી પાસુ છે.

આમ સ્ટાર્ટઅપ જે વિચારે છે કે બ્રાન્ડ બનાવવામાં પૈસા લાગે છે તો તેમણે એ વિચારવું જોઈએ કે ઉપરોકત આ

મુદ્દાઓને અમલમાં મૂકવા કેટલા જરૂરી છે અને મજાની વાત તે છે કે તેના માટે કોઈ ખર્ચો થતો નથી.

સ્ટાર્ટઅપ માટે બ્રાન્ડ બનાવવાના ઘણા ફાયદા છે, જેવા કે તમારી બ્રાન્ડ કે પ્રોડક્ટ આસાનીથી કોપી થઈ શકે છે પણ બ્રાન્ડ પોઝિશનિંગ જે તમને લોકોથી અલગ તારવશે તે કોપી ના થઈ શકે, જે તમારી બ્રાન્ડની ઓળખ હશે. તમારા વેપાર અને બ્રાન્ડને ઓર્ગનાઈઝડ બનાવશે. આજે સ્ટાર્ટઅપ બ્રાન્ડ સાથે લોકોને કામ કરવું છે અને જો સ્ટાર્ટઅપ બ્રાન્ડ બિલ્ડ કરશે તો સારી ટેલેંટને આકર્ષશે. સૌથી મહત્ત્વનું બ્રાન્ડ હશે તો સ્ટાર્ટઅપ પોતાની બ્રાન્ડ દ્વારા ઇન્વેસ્ટરને આકર્ષશે પોતાની કંપનીમાં રોકાણ કરવા. આજે ઇન્વેસ્ટર ફક્ત આઇડિયા જાણી ઇનવેસ્ટ નહી કરે તે તમારી પાસે બ્રાન્ડ અને માર્કેટિંગ પ્લાન માંગશે. તે જાણે છે કે વેલ્યૂએશન બ્રાન્ડનું થશે ફક્ત આઇડિયા કે ટેક્નોલોજીનું નહીં.

સ્ટાર્ટઅપ જ્યારે મોટા પાયે વિકસવાનું વિચારતું હોય ત્યારે જરૂરી છે કે તે યૂનિક આઇડિયા લાવે પણ સાથે જો બ્રાન્ડ બિલ્ડ નહી કરે તો સફળતા મેળવવી મુશ્કેલ થશે અને સ્ટાર્ટઅપનો જે હેતુ છે તે વેલ્યૂએશન મળવી મુશ્કેલ છે...આથી તમારા સ્ટાર્ટઅપ નામના સિક્કાની બંને બાજુ, આઇડિયા અને બ્રાન્ડ બિલ્ડિંગને બેલેન્સ કરો જેથી તમારું સ્ટાર્ટઅપ હંમેશાં અપ, અપ અને અપ જ જાય... ■

દર સપ્તાહે વાંચો
ધર્મતેજ
તન-મન-ધનથી રહો તરોતાજા
ઈન્ટરવલ
લાડકી
પુરુષ
મેટિની
વીક એન્ડ
ઉત્સવ
દરરોજ કંઈક નવું-

સર્જકના સથવારે

રમેશ પુરોહિત
feedback@bombaysamachar.com

# થાય કેવી રીતે મિલન એનું ક્યાંક વચ્ચે દીવાલ રાખે છે

## નવીન અભિવ્યક્તિથી સંવેદના પ્રગટાવતા કવયિત્રી કાલિન્દી પરીખ

ગઝલ એ લય, સૂર અને સુકોમળ ભાવવાનું બીજું નામ છે. ગઝલમાં પ્રિયજન સાથેની વાતચીત હોય છે એટલે પ્રિયતમા મુખ્ય પાત્ર છે. આજના આધુનિક ગઝલ સર્જનના સમયમાં ઉર્દૂ, હિન્દી અને ગુજરાતીમાં ગઝલ કહેનાર મહિલા કવિઓએ પોતાનું સ્થાન અંકે કર્યું છે. ગુજરાતીમાં અત્યારે ઘણી કવયિત્રીઓ ગઝલ લખે છે તેમાં એક મહત્ત્વનું નામ છે કાલિન્દી પરીખ. એમ કહેવાયું છે કે પરંપરિત ગઝલ સાથે ભાષાનો સૌન્દર્યગત અને સાંસ્કૃતિક સંબંધ છે, જ્યારે નવી ગઝલ સાથે ભાષાનો સર્જનાત્મક સંબંધ છે. નવી ગઝલમાં વિચારોનું પ્રામાણિક નિરૂપણ જોવા મળે છે જ્યાં વાસ્તવિકતાના દર્શન થાય છે. આ સંદર્ભમાં આપણે કાલિન્દી બહેનની ગઝલ સૃષ્ટિને જાણીએ અને માણીએ.

કાલિન્દી પરીખનો પ્રથમ ગઝલ સંગ્રહ ‘ક્યાંક વચ્ચે દીવાલ’ છે. કલાપી અને રમેશ પારેખ જેવા સમર્થ કવિઓની કર્મભૂમિ અમરેલીમાં તેઓ રહે છે. શિક્ષણ અને સંસ્કારનો ભવ્ય વારસો છે. ડૉ. વસંતભાઈ પરીખના પુત્રી છે. વસંતભાઈ



વિદ્વાન સાહિત્યકાર અને સંસ્કૃતના પ્રકાંડ પંડિત હતા.

કાલિન્દીએ વિજ્ઞાન, કાયદો અને આર્ટ્સમાં માસ્ટર્સ અને પીએચડી કર્યું છે. આમ શૈક્ષણિક અને સાંસ્કૃતિક રીતે સજ્જ એવા આ લેખિકાએ સાહિત્યના દરેક પ્રકારમાં અને અનુવાદમાં નોંધનીય પ્રદાન કર્યું છે.

એમણે નવલકથા, નવલિકા, બાળસાહિત્યમાં પ્રદાન કર્યું છે પણ સાથે સાથે શોધનિબંધો પણ આપ્યા છે. તેમને નવલકથા ‘અંતર્દાહ’ માટે ઈશ્વર પેટલીકર પ્રથમ પુરસ્કાર, ‘વેદોમાં પર્યાવરણ’ માટે ગુજરાત સાહિત્ય અકાદમી અવૉર્ડ અને અન્ય પારિતોષિકો પ્રાપ્ત થયા છે.

આપણે આજે એમના ગઝલ સર્જનની વાત કરવી છે. ‘ક્યાંક વચ્ચે દીવાલ’ની પ્રસ્તાવનામાં કવિશ્રી અરવિંદ ભટ્ટના નિરીક્ષણોમાં એમના ગઝલપ્રીતિની અને કવિકર્મની નોંધ સુપેરે લેવામાં આવી છે. અરવિંદભાઈના શબ્દોમાં કહીએ તો એમના આ સંગ્રહમાં ગઝલના બાહ્યસ્વરૂપને બરાબર સ્વીકાર્યું છે, જાળવ્યું છે. પ્રેમ અને રોમાન્સના ભાવ પ્રગટ કરવાને બદલે આ કવયિત્રીએ ‘સ્વસ્થ અને સ્થિર મિજાજની ગઝલો આપી છે, શિષ્ટભાવમાં ઘૂંટાતી આવે છે.’

એમની ગઝલોમાં ભાષાની સફાઈ છે, યોગ્ય શબ્દોથી મનોભાવ વ્યક્ત થાય છે અને સુસંસ્કૃત વિચારોની માંડણી છે. ફરીથી અરવિંદભાઈના શબ્દો ટાંકીને કહું છું કે ‘ગઝલમાં નિષ્ઠાપૂર્વક કામ કરવાની સાથોસાથ ગઝલ સ્વરૂપમાં રહેલી શક્યતાઓ તપાસવાનો ઉપક્રમ પણ આ કવયિત્રીનો રહ્યો છે ગઝલમાં પ્રયોગો પણ કર્યા છે.’

કાલિન્દી પાસે ગઝલના પોતને પારખવાની સમજ છે, ગઝલના આત્મસત્ત્વ જેવા અંદાઝેબયાંની સૂઝ છે. આધુનિક ગઝલનું ભાવવિશ્વ બદલાઈ ગયું છે અને ઉપમાની અભિવ્યક્તિની તરાહ પરંપરાથી જુદી પડે છે.

આ કવયિત્રીની ગઝલોમાંથી પસાર થતાં લાગે છે કે લાગણીની તીવ્રતાથી એ વાસ્તવને સંવેદનામાં ઢાળે છે. ચિંતન છે પણ ભાર વગરનું છે. સામાજિક ચેતના અને ચિંતનના પણ દર્શન થાય છે. સર્જનના દરેક સ્વરૂપમાં ખાસિયતો અને મર્યાદાઓ હોય છે. આમ છતાં કવિઓ માટે પ્રેમ વ્યક્ત કરવાનો અભિગમ પરંપરા જેટલો ભાવવાહિ નથી પણ જીવનનો એક અંશ છે - આ વાસ્તવિકતા ધ્યાનમાં રાખીને આ કવયિત્રીના મને ગમેલા સૌ પ્રથમ ‘ગઝલ’ રદીફમાં લખાયેલી ગઝલના બે શેર કાબિલેદાદ છે તે રજૂ કરું છું:

ઘોર અંધારેથી લાવે છે બહાર,
કોડિયા માફક કરે રોશન ગઝલ
હાથમાં પહેર્યા રદીફ અને કાફિયા,
’ને સતત રણકે બની કંગન ગઝલ

***

એમ લીલાં સ્મરણને કૈં ભૂલવું સહેલું નથી,
સ્વપ્ન થૈને આંખમાં ઉભરાઈ જાય છે જંગલ

***

સોનાની વીંટીમાં એને મઢી રાખજો,
સ્મરણ કોઈનું મોતી જેવું હોઈ શકે.

***

સોનામહોર લાખો લૂંટાવી’તી અમે જ્યાં
હીરો અમૂલ્ય જડિયો થઈને સ્મરણ તમારું

***

ભરીને હું શ્વાસો તમારા સ્મરણમાં
નવી આશ મનમાં જગાવી રહું છું.

***

સ્મરણ તેનું બે ઘડી ઓઢી શકો
રેશમી પટકૂળ જેવું હોય છે

***

ના કહ્યું આવો અને ના જાવ એવું પણ કહ્યું
એમની આવી અનોખી મહેરબાની તો જુઓ

***

ચલો તાપીએ દોસ્ત સાથે મળીને
હજુ રાખમાં સળગતા છે તિખારા

***

રાત તેથી તો અધૂરી હતી,
વાત મનમાં તે ઢબૂરી હતી.

***

ફકીરી તો કેવળ છે કાયાની ઓળખ
અમારે તો અંદરની જહોજલાલી.

***

ના ખોવાતી અંધારામાં
પીડા મારો પડછાયો છે.

***

થાય કેવી રીતે મિલન એનું,
ક્યાંક વચ્ચે દીવાલ રાખે છે
સ્પર્શતા હાથ લાલ થૈ જશે,
હાથમાં તે ગુલાલ રાખે છે

***

ગવાતી શબનમે ગઝલ મયકદામાં
વગર પીધે આ કોણ લથડી રહ્યું છે

***

કોશિશ ખૂબ કરી છે તેને ચાહવાની મેં
હું હક્ક વિનાનું કાંઈ અહીં માગતી નથી.

*** ■

સુખનો પાસવર્ડ

આશુ પટેલ
feedback@bombaysamachar.com

# સંતોષ રાખો... પોતે સુખી થાવ ને બીજાને પણ સુખી કરો



ડૉ. નીરજ સકસેના

પ્રખ્યાત ટીવી શો ‘કૌન બનેગા... ’માં યજમાન અમિતાભ બચ્ચનની સામે જાતજાતના સ્પર્ધકો આવતા હોય છે, પરંતુ ઓક્ટોબર, ૨૦૨૪માં એક અસાધારણ સ્પર્ધક હોટ સીટ પર આવી ગયા હતા. એ સ્પર્ધક ફાસ્ટેસ્ટ ફિંગર રાઉન્ડમાં સૌથી ઝડપી જવાબ આપીને હોટ સીટ પર પહોંચ્યા હતા. કોઇ ઉત્તેજના વિના, કોઈ ડ્રામા કર્યા વિના કે અમિતાભ બચ્ચનને ભેટ્યા વિના ખૂબ જ સ્વસ્થ અને શાંત ચિત્તે હોટ સીટ પર જઈને બેઠા. તેમણે બચ્ચનના સવાલોના જવાબ આપવાનું શરૂ કર્યું. તે બધા પ્રશ્નોના જવાબ સરળતાથી આપી રહ્યા હતા. તે અત્યંત વિચક્ષણ બુદ્ધિ ધરાવનારા હતા. તેમણે સહેલાઈથી છ લાખ ચાલીસ હજાર રૂપિયા જીતી લીધા એ પછી એક બ્રેક આવ્યો. એ બ્રેક પછી અમિતાભ બચ્ચને કહ્યું, ‘ચાલો, આપણે આ ડોક્ટરસાહેબ સાથે રમત આગળ વધારીએ. ડોક્ટરસાહેબ, આ રહ્યો અગિયારમો સવાલ.’

એ વખતે તે સ્પર્ધકે કહ્યું, ‘સર હું આગળ રમવા ઈચ્છતો નથી. હું ગેમ છોડવા ઈચ્છું છું.’

અમિતાભ બચ્ચન સહિત બધા આશ્ચર્યચકિત બનીને તેની સામે જોઈ રહ્યા. ઓડિયન્સમાં બેઠેલા લોકોને પણ પહેલા તો માન્યામાં ન આવ્યું કે આટલી સરળતાથી તમામ સવાલોના જવાબ આપી રહેલો સ્પર્ધક સામે ચાલીને ગેમ છોડવાની વાત કરી રહ્યો છે!

એ પછી અમિતાભ બચ્ચને તેમને કહ્યું કે ‘તમે આટલું સરસ રમી રહ્યા છો. હજી તમારી પાસે ત્રણ લાઈફલાઈન છે અને તમારા માટે એક કરોડ કે સાત કરોડ જેટલી રકમ જીતવાની તક છે...’ તેમણે કહ્યું કે ‘આવું આ પહેલા ક્યારે બન્યું નથી કે કોઈ સ્પર્ધક જીતી રહ્યો હોય અને અડધેથી રમત છોડી દે!’

પેલા સ્પર્ધકે અત્યંત શાંત ચિત્તે અને સ્વસ્થ રીતે જવાબ આપ્યો: ‘નહીં સર, અન્ય ખેલાડીઓ તક મળે એની રાહ જોઈ રહ્યા છે. એ બધા મારા કરતાં નાના છે. તેમને પણ તક મળવી જોઈએ. મેં ઓલરેડી ઘણા પૈસા જીતી લીધા છે અને મને લાગે છે કે મારી પાસે જે કંઈ છે એ પૂરતું છે અને હું વધુ ઇચ્છતો નથી...’

અમિતાભ આશ્ચર્યચકિત બનીને તેમને તાકી રહ્યા. થોડીક ક્ષણો માટે સૌ અવાચક બની ગયા, પરંતુ પછી બધાએ ઊભા થઈને તેમને તાળીઓથી વધાવી લીધા. અમિતાભ બચ્ચનને કહ્યું ‘આજે આપણે આ ડોક્ટરસાહેબ પાસેથી ઘણું શીખ્યા છીએ. જીવનમાં આવી વ્યક્તિ ભાગ્યે જ જોવા મળતી હોય છે. મેં પહેલી વાર આવી કોઈ વ્યક્તિને જોઈ!’

એ સ્પર્ધક હતા, ડોક્ટર નીરજ સકસેના.વૈજ્ઞાનિક છે અને કોલકાતાની યુનિવર્સિટીના પ્રો વાઇસ ચાન્સેલર છે. તેમણે આપણા ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ અને મહાન વૈજ્ઞાનિક ડોક્ટર એપીજે અબ્દુલ કલામના સહાયક તરીકે પણ કામ કર્યું છે.

ડોક્ટર નીરજ સકસેનાના જીવન પરથી એ પ્રેરણા લેવા જેવી છે કે આપણે જીવનના કોઈ તબક્કે સંતોષ માનવો જોઈએ. ઘણી વખત ઘણા ક્રિકેટર પોતાની રીતે નિવૃત્તિ લેવા તૈયાર ન થાય ત્યારે તેમને નિવૃત્તિ લેવાની ફરજ પાડવામાં આવે એ હદ સુધી સ્થિતિ ઊભી થાય એ પછી જે તે ક્રિકેટર નાછુટકે ક્રિકેટમાંથી નિવૃત્તિ જાહેર કરે. એવું અન્ય ઘણા કિસ્સાઓમાં થતું હોય છે. કોઈ વ્યક્તિ પોતાના ક્ષેત્રમાં ટોચ પર પહોંચી ગઈ હોય એ પછી પણ તેને સંતોષ ન હોય અને તે સતત વધુ ને વધુ મેળવવાની કોશિશ કરતી રહેતી હોય એને કારણે તે પોતાની ગરિમા પણ ગુમાવી બેસે એવું ઘણી વાર બનતું હોય છે.

માણસને પૈસાથી પ્રસિદ્ધિ કે પ્રવૃત્તિથી કે પોતાના સર્જનથી એક તબક્કે સંતોષ થઈ જવો જોઈએ. અને એવું બની શકે તો તેનું જીવન સાર્થક બની રહે. જે માણસ સંતોષી પ્રકૃતિનો હોય તે પોતે સુખી થઈ શકે અને બીજાઓને પણ સુખ આપી શકે, કારણ કે અસંતોષ એ દુ:ખનું એક મોટું કારણ હોય છે અને જે માણસને સંતોષ થઈ ગયો હોય તે માણસ બીજા માણસોને પણ સુખ આપી શકે. જેમ કે ડોક્ટર નીરજ સકસેનાએ હોટ સીટ છોડી દીધી એ પછી એક ગરીબ છોકરીને હોટ સીટ પર આવવાની તક મળી હતી.

કોઈ વ્યક્તિને સંતોષ હોય, તેનું પોતાનું એક સરસ ઘર બનાવી લે, તેને આર્થિક સલામતી લાગે એટલું બેંક બેલેન્સ તેની પાસે હોય તે પછી તે નિવૃત્ત થઈને પોતાને ગમતી પ્રવૃત્તિઓ કરીને જીવનનો બાકીનો સમય વિતાવે તો તે જીવનને માણી શકે, પરંતુ એનાથી બીજા છેડે જેને સંતોષ નથી એવી કોઈ વ્યક્તિ અબજો રૂપિયા કે હજારો કરોડ રૂપિયા કે લાખો કરોડ રૂપિયા કમાઈ લીધા પછી પણ અસંતોષની લાગણી અનુભવતી હોય, તેને સંતોષ ન હોય તો તે વધુ ને વધુ પૈસા કમાવા માટે રાત- દિવસ એક કરે, પોતાની જાતની પણ દરકાર ન કરે અને વધુને વધુ પૈસા કમાવવા માટે તે



અમિતાભ બચ્ચન

જીવન માણવાનું, જીવન જીવવાનું ભૂલી જાય અને વધુ પૈસા કમાવા માટે તે અન્ય લોકોનું શોષણ પણ કરે- ક્યારેક વિકૃતિની હદ સુધી પણ પહોંચી જાય અને વધુ પૈસા કમાવા માટે તે જીવનમાં સતત બાંધછોડ કરતો રહે, પ્રપંચ કરતો રહે, રાજકારણીઓની ચમચાગીરી કરતો રહે તો એ માણસ પાસે હજારો કરોડ કે લાખો કરોડ રૂપિયા હોય તો પણ તેનું જીવન વેડફાઈ ગયું એમ માનવું. આ વાત અબજો રૂપિયાના આર્થિક સામ્રાજ્ય ઊભા કરનારા ફાઇવ સ્ટાર બાવાઓ, બાબાઓ, બાપુઓ, મહાત્માઓ, સ્વામીઓને પણ લાગુ પડે છે. અનેક બાવાઓ પોતાની પાસે અબજો રૂપિયા હોવા છતાં જાતજાતના પ્રપંચ કરતા રહે છે, લોકોને બેવકૂક બનાવીને તેમની પાસેથી વધુ ને વધુ પૈસા પડાવતા રહે છે.

આ બાબાઓ વાતો તો ભગવાનની ને આધ્યાત્મિકતાની કરતા હોય છે, પરંતુ તેમના મનમાં સંતોષ નથી હોતો. હજારો કરોડ રૂપિયા કમાઈ લીધા પછી પણ એ બધા લોકોને બેવકૂક બનાવીને વધુ ને વધુ પૈસા કમાવવા માટે પ્રયત્નશીલ રહેતા હોય છે. આવા બાવાઓનું જીવન પણ નિરર્થક જ ગણાય. ■

મિજાજ મસ્તી

સંજય છેલ
feedback@bombaysamachar.com

# દિલ હૈ હિંદુસ્તાની... અદ્‌ભુત આઝાદીનો એક્સ-રે!



*ટાઇટલ્સ:*

*આઝાદીનો ખરો અર્થ કુંવારી વ્યક્તિ જ જાણે છે. (છેલવાણી)*

એક ભારતીય ને પાકિસ્તાની વચ્ચે ‘આઝાદી’ વિશે ચર્ચા થઈ. ભારતીયએ ગર્વથી કહ્યું,

‘અમારે ત્યાં તો દિલ્હીમાં સંસદ સામે અમે સૂત્રો પોકારી શકીએ કે ‘ભારતીય સરકાર, હાય હાય અને તોયે અમને કોઇ પકડે નહીં કે જેલમાં ના નાખે.’ તો સામે મૂર્ખ પાકિસ્તાનીએ કહ્યું, ‘એમાં શું? એમ તો અમે પણ ઇસ્લામાબાદમાં અમારી પાર્લામેંટ સામે બોલી શકીએ કે- ‘ભારતીય સરકાર, હાય હાય! ને અમને પણ કોઇ ના પકડે!’

આ રમૂજમાં આઝાદી વિશેની લિમિટેડ સમજ વિશે બધું આવી જાય છે! જોક્સ અપાર્ટ, આઝાદીની એક વ્યાખ્યા એ પણ છે કે- કોઇપણ સામે કંઇપણ બોલવાની કે અભિવ્યક્તિની આઝાદી! જે આપણાં દેશમાં છે- હજી તો બાકી આપણા દેશમાં, આપણી પાસે કેટકેટલી સાઇઝમાં ‘આઝાદી’ અવેલેબલ છેને? આપણને બિંદાસ ટ્રેનમાં ટિકિટ ના કઢાવવાની, બેફામ સિગ્નલ તોડીને ભાગી જવાની, ઇન્કમ-ટેક્સ ના ભરીને દેશપ્રેમની વાતો કરવાની, બે નંબરના પૈસે નેતાઓ ખરીદીને ગાંધીજી વિશે ભાષણ આપવાની, ફેસબૂક કે ટ્વિટર જેવા સોશ્યલ મીડિયા પર કોઇને પણ બેફામ ગાળો આપવાની કેટકેટલી આઝાદી આપણને તૈયાર ભાણે મળી છે.

આપણે આપણા જ દેશના રોડ પર પાન-તમાકુ થૂંકીને, પોલિસ કે જજને ખરીદીને, ભ્રષ્ટ-કોમવાદી ગુંડાઓને ચૂંટણીમાં જીતાડીને, વોટ ના આપીને, પછી સતત સરકારોને ભાંડીને એવું ઘણું બધું ના કરવાનું કરીને પછી પાછા ઉન્માદ કે ઉત્સાહથી ‘જય હિંદ’ કહીને ઝંડાને સલામી ભરી શકીએ છીએ!

આપણે એટલા આઝાદ તો છીએ જ કે વોટ્સ-એપ ગ્રુપમાં ગમે તેવાં જૂઠાણાં કે વિકૃત ઇતિહાસની વાતો ફેલાવી શકીએ. ફિલ્મોમાં, છાપાં-ટીવીમાં કે સોશ્યલ મીડિયામાં પોલીસ પર, સિસ્ટમ કે સરકાર પર, બેફામ જોક તો મારી જ શકીએ છીએ ને?

*ઇંટરવલ:*

*દર-ઓ-દિવાર પે હસરત કી નઝર કરતે હૈ.*
*ખુશ રહો એહલે વતન, હમ તો સફર કરતે હૈં. (વાજિદ અલી શાહ)*

તમામ મર્યાદાઓ સાથે આજે પણ આપણે એટલા આઝાદ તો છીએ જ કે કાંચળી ઉતારતા સાપની જેમ, જૂની સરકારને ફગાવી દઇએ છીએ. ૫ વરસે આપણે નવી સરકાર ચૂંટીએ છીએ ને જૂની સરકારની બેફામ ટીકા કરી શકીએ છીએ. ક્યારેક તો એમ લાગે કે આપણે નવી સરકારોની નવેસરથી નિંદા કરી શકીએ એટલે જ એને ચૂંટીએ છીએ. વળી સાથોસાથ આપણી પાસે એવી આઝાદી પણ છે કે આપણે જૂની સરકારોને ને જૂના પીઢ નેતાઓને બેફામ ગાળો પણ આપી શકીએ છીએ.

આપણી આઝાદીની અનેક કમીઓ હોવા છતાં જુઓ કે આપણી આજુબાજુના દેશોમાં કેટલી આઝાદી બચી છે? પાકિસ્તાનમાં તો આપણા કરતાં પા ભાગની આઝાદી યે નથી કારણ કે ત્યાં તો ૧૯૪૭ બાદ મોકો મળતા લગભગ લશ્કર જ દેશ ચલાવે છે, ત્યાં ભૂલથી વચ્ચે વચ્ચે ઇલેક્શન જેવું કશુંક ભજવાઇ જાય છે! તાલિબાની, અફઘાનિસ્તાન સાથે તો સરખામણી કરવી એ તો આપણા દેશનું અપમાન છે. બીજી બાજુ, ખતરનાક પાડોશી ચીનમાં પણ હવે ચૂંટણી જેવું રહ્યું જ નથી ને મીડિયામાં જાનલેવા ખામોશી છે. ત્યાંના સમાચાર, દમનકારી સરકારના લોખંડી દરવાજાની બહાર આવતા જ નથી. ચીનમાં તો સવાલ પૂછવા પર જ સવાલ કરવામાં આવે ને એનો એક જ જવાબ છે મોત! પણ એની સરખામણીએ આપણે આઝાદ ભારતના ૧૪૦ કરોડ લોકો, ૧૯૪૭થી વિવિધ સરકારો સામે નિરાશ થઇ, રડી કકળીને, ગાળો આપવા માટે પણ આટઆટલાં વર્ષથી કમસેકમ ‘આઝાદ’ તો છીએ!

શું છે કે દર વરસે ૨૬ જાન્યુઆરી કે ૧૫મી ઓગસ્ટ આવે એટલે આપણને મનોજકુમાર ટાઇપ, ઇંસ્ટંટ દેશભક્તિના હરખનો એટેક આવે છે અને ઓફકોર્સ આવવો પણ જોઇએ લેકિન-કિંતુ-પરંતુ, સવાલ તો રહી રહીને એ જ ઊઠે છે કે ખરી આઝાદી શું બલા છે? કેવળ સિસ્ટમ કે સરકારની ટીકા કરવી એ જ કે એક આદર્શ સમાજની રચના આપણે લોકોએ જાતે પોતે પણ કોશિશ કરવી એ?

અરે, આજેય આપણાં નાનાંમોટાં શહેરોમાં અમુક ધર્મના લોકોને તો છોડો, પણ અમુક જાતિઓને ઘર આપવામાં યે આનાકાની થાય છે. બસ-ટ્રેનની મુસાફરી દરમિયાન સાથી મુસાફર દ્વારા ‘તમે જાતે કેવા?’ કે ‘તમે વેજ કે નોનવેજ’- જેવા સવાલો હજીયે આપણી ઓળખની આગળ સવાલ બનીને ઊભા રહે છે. પછી ત્યાં આપણું ‘આધાર કાર્ડ’, નિરાધાર બનીને રહી જાય છે! કમબખ્ત, આપણા સમાજમાં ઘર કરી ગયેલા અનેક પ્રકારના ભેદભાવ કે પૂર્વગ્રહોની ગુલામીમાંથી આપણે આઝાદ થઇશું ત્યારે જ સાચા અર્થમાં આઝાદ થયેલા ગણાશું.

ખેર, વો સુબ્હ કભી તો આયેગી

‘પીપલ વર્સિસ લેરી ફ્લિંટ’- નામની અંગ્રેજી ફિલ્મમાં ‘હસ્લર’ નામના સેક્સ-મેગેઝિનના એડિટર-માલિક લેરી હસ્લર પર અશ્લીલતાનો આરોપ હતો.

એ જ ફિલ્મમાં એક પ્રેસ- કોન્ફરંસમાં લેરી, પત્રકારોની ભીડ સામે મોટા પડદા પર અત્યંત નગ્ન અને ઉઘાડા ફોટા એક પછી એક દેખાડે છે અને સાથોસાથ અમેરિકાની સેનાએ વિયેટનામમાં યુદ્ધમાં જે અત્યાચારો કરેલા એના ફોટા પણ દેખાડે છે.

નગ્ન ફોટા અને યુદ્ધની હિંસાના ક્રૂર ફોટા, બંનેને સામસામે દેખાડ્યા પછી લેરી પૂછે છે: ‘બોલો, બીભત્સ શું છે? માણસનું નગ્ન શરીર કે માણસની નગ્ન ક્રૂરતા?’ અમેરિકાના રૂઢિવાદી ચર્ચ સામે લડી રહેલા એડિટરનો આ પ્રશ્ન જ લોકશાહીમાં ‘આઝાદી’ની ખરી વ્યાખ્યા છે, કદાચ.

એની વે, ભલે આપણી સરકાર માઇબાપ, દેશનું ૧૦૦% ભલું ના કરી શકતી હોય પણ હજીયે આપણને થોડાઘણા આક્રોશની આઝાદી તો આપે છે, એ કંઇ નાનીસૂની મહેરબાની છે? તો હે આઝાદ દેશના દોસ્તો, કાલે ગણતંત્ર દિવસે આઝાદ હવામાં શ્વાસ લેવાની ખુશી મુબારક.

*એંડટાઇટલ્સ:*

*ઇવ: તું આઝાદ છે?*

*આદમ: સવાલ છે કે ઉખાણું?* ■




# માહિતી કે માહિતીના નામે અતિરેક?

જૂઈ પાર્થ feedback@bombaysamachar.com

સરલાબહેને સોસાયટીની બહેનપણીઓને વટથી ફોન બતાવ્યો, આ જુઓ, બધાય છાપા મારા ફોન પર જ વંચાઈ જાય, ક્યાં કોઈને સમાચાર પૂછવા જવાની જરૂર જ નઈ ને બાજુમાં બેઠેલાં પલ્લવી બહેન કહે, અરે છાપાની તો શું વાત કરો છો, હું તો બધું આ સોશ્યલ મીડિયા પર જ જોઈ કાઢું તો વળી મમતાબહેન કહે, લ્યો, તમારે આ બધી એપ ખોલવાની ને, મારે તો વ્હોટ્સ એપ ગ્રૂપમાં સમાચાર, તંદુરસ્ત રહેવાનાં ઘરેલું નુસખા, તિથિઓ-ચૌદશ- અમાસ-બેસતો મહિનો, મુરત, કયા રોગમાં કઈ દવા લેવાય એનાં લીસ્ટ, વાનગીઓની રીત, જોક્સ, સુવિચાર, ફોટા, વીડિયો બધું એટલે બધું જોત જોતામાં આઈ જાય. આખો દિવસ આ જોવામાં ક્યાં પસાર થઈ જાય એની ખબરે ના પડે.

આમ, સોસાયટીનાં બગીચામાં ભેગી થયેલી દરેક સ્ત્રીએ પોતાની માહિતીનાં સ્તોત્ર વિશે બડાઈઓ મારી એ સાબિત કરવા કે તેઓ સમય સાથે કદમ મિલાવે છે, પોતાને બધી જ વાતોનું જ્ઞાન છે તેમ જ તેઓને દરેક ક્ષેત્રની વર્તમાન વાતોની જાણ છે.

આમ જોઈએ તો આવું બધું સરલાબહેન, પલ્લવીબહેન અને મમતાબહેન સુધી સિમિત નથી. આપણાંમાંથી પણ લગભગ ૯૦% લોકો માહિતી એકઠી કરવામાં ચેમ્પિયન બની ગયા છે, કારણકે માહિતી પિરસનારાનો રાફડો ફાટ્યો છે અને આપણને એમની આદત પડી ગઈ છે. જો કે સાચી-ખોટી માહિતી ચકાસવા, તેનું મૂલ્યાંકન કરવાનાં કોઈ માપદંડ પણ નથી. જેમ દરેક સારી વાત એકાદ ખોટીને લઈને આવે તે જ રીતે માહિતી મેળવવાની લાલચમાં મોટાભાગનાં લોકોનો આખો દિવસ પસાર થઈ જતો હોય છે અને પરિણામે થાય છે કહેવાતી માહિતીનો અતિરેક અને આવા અતિરેકના સરવાળે છેવટે નુકસાન આપણે જ વેઠવું પડે છે. માહિતીનાં અતિરેકથી આપણે હોંશિયાર નથી થઈ જતાં, પરંતુ મન અને શરીર પર તેની અવળી અસરો જોવા મળે છે. માહિતીનાં અતિરેકનું સૌથી મોટું નુકસાન એ છે કે તેનાથી મન સતત વ્યસ્ત રહે છે અને તેના કારણે મગજને જોઈતો આરામ નથી મળતો. મન સતત કાર્યરત રહેવાથી તેનો થાક શરીર પર પણ વર્તાય છે. મનોવિજ્ઞાનની દ્રષ્ટીએ જોઈએ તો બાહ્ય પરિબળો થકી પૂરતી કે વધુ પડતી માહિતી મળી જતી હોવાથી આપણે માનસિક રીતે આળસુ થઈ જઈએ છીએ એમ ધારીને કે જ્યારે રેડીમેડ ઈન્ફર્મેશન મળે છે તો આપણે નવું જાણવા બીજી મહેનત કરવાની ક્યાં જરૂર છે! અંતે જે પીરસાય તે જમવું પડે છે અને જોઈતી ઈન્ફર્મેશન કન્ઝ્યુમ કરવા માટે ગમતાં વિકલ્પ શોધવાનું ટાળીએ છીએ. આમ કરવાથી આપણી જાણ બહાર અસંતોષની માત્રા વધતી જાય છે.

જાત જાતની માહિતી જે મનમાં આખો દિવસ ભરાયા કરે છે તે છેવટે માણસમાં અસુરક્ષિતતાની લાગણી ઉત્પન્ન કરે છે. સારા - માઠા સમાચારોથી મનમાં 'મારી સાથે પણ આવું ખરાબ નઈ થાય ને ...' એવો ભય પેદા થાય છે. આ પ્રકારની અસલામતી અને અસુરક્ષાની ભાવનાઓની વચ્ચે પીસાતા માણસનું ક્યાંય મન નથી લાગતું, તે બેધ્યાન રહે છે અથવા તેની ધ્યાન કેન્દ્રિત કરવાની ક્ષમતા ઘટી જાય છે. વધતી જતી બેચેનીને લીધે નાની વાતે ગુસ્સો આવવો, યાદશક્તિ પર અસર થવી, મિત્રો સગા સાથે વાત કરવાનું ટાળવું કે પછી વધુ પડતા વિચારો કરી તેનાં વિશે બોલ્યા કરવું વગેરે જેવાં લક્ષણો દેખાવા લાગે છે.

ઘણીવાર સોશ્યલ મીડિયા પર રીલ્સ વગેરે જોઈ કેટલાક લોકોને લઘુતાગ્રંથિ થાય છે તો કેટલાક પોતાની અણઆવડતને પણ આવડત સમજીને વધુ પડતાં મહત્ત્વાકાંક્ષી બની જાય છે અને અંતે હકીકતથી વિમુખ રહેવાય છે.

અલબત્ત, આ બધાં જ લક્ષણો બધામાં હોવા જરૂરી નથી, પરંતુ આપણને આખા દિવસમાં કેટલો સમય જરૂરી અને બિનજરૂરી માહિતી મળ્યા કરે છે તેની પર નજર રાખવી જરૂરી છે. જે બિનજરૂરી છે તેનાથી દૂર કેવી રીતે રહેવું એનાં રસ્તા કાઢવા પણ જરૂરી છે.

જો આ આવડી જાય તો ટકી જવું સરળ છે માટે ટેકનોલોજી હોય કે સોશ્યલ મીડિયા, સમજીને વાપરવાનો સંકલ્પ કરીએ તો સમય અને સ્વાસ્થ્ય બંને સારા રહેશે. એકવાર તમે પણ ચકાસજો કે જરૂર કે તમને મળતી દરેક માહિતીનો સ્તોત્ર તમને કેવી ઈન્ફર્મેશન આપે છે. માહિતીનાં માધ્યમો અને અતિરેક વિશે બોલો, **તમે શું કહો છો?** ■

---

વિશેષ

વિવેક કુમાર
feedback@bombaysamachar.com

# માનવ સભ્યતાને જોડતી ભારતની કેટલીક અલૌકિક પરંપરા

*ભારત એ એક એવો સાંસ્કૃતિક દેશ છે કે, જેણે દુનિયાને ધર્મ, દર્શન, કલા, સંગીત અને માનવતાની સૌથી ઊંડી સમાજ પ્રદાન કરી છે. અહીંનું જીવન અને પરંપરા કોઈ ઇતિહાસમાં નહિ પરંતુ લોકોની ભાવનામાં, વિશ્વાસમાં અને વ્યવહારમાં ઝળકે છે. તાજેતરમાં યુનેસ્કોએ ભારતની અમુક પરંપરાને વિશ્વની અમૂર્ત સાંસ્કૃતિક વિરાસતના રૂપમાં માન્યતા આપી છે. આ પરથી ખ્યાલ આવે કે, ભારતનો આ સમૃદ્ધ વારસો આજે પણ ધબકે છે જેટલો સદીઓ પહેલા હતો. ચાલો ભારતની અમૂર્ત સાંસ્કૃતિક વિરાસત વિષે જાણીએ -*



**વૈદિક મંત્રોચ્ચાર** - જ્યારે પ્રાચીન પરંપરાઓના પડઘા સદીઓથી ચાલતી ગુરુ-શિષ્ય પરંપરાને પ્રજ્વલિત કરે છે, ત્યારે તે ફક્ત ધ્વનિ જ નહીં, પણ એક સમૃદ્ધ આધ્યાત્મિક વિજ્ઞાન બની જાય છે. દરેક મંત્રમાં રહેલા ધ્વનિ, સાદ અને ઊર્જા હજુ પણ ભારતના આધ્યાત્મિક મૂળને સીંચે છે.



**કાલબેલિયા નૃત્ય** - આ નૃત્ય શૈલી એ રાજસ્થાનની આત્મા છે. રાજસ્થાનના કાલબેલિયા સમુદાયની મહિલાઓ કાલા ડ્રેસમાં આ નૃત્ય કરે છે. આ નૃત્ય શૈલી તેમની ઓળખ છે અને જીવનદોરીનો આધાર છે



**કુંભ મેળો** - કુંભ મેળો એ એક માનવતાનું વિરાટ સંગમ છે. કુંભ મેળો એ એક દુનિયાનું સૌથી મોટું આધ્યાત્મિક સંગમ પણ છે જ્યાં કરોડો લોકો એક સાથે સ્નાન, દર્શન અને સાધના માટે આવે છે. આ મેળો એ માત્ર ધાર્મિક આયોજન નથી પરંતુ ભારતની સામુહિક ચેતનાનો વિશાળ સમુદ્ર છે.



**રામલીલા**- હજી પણ લોકોના મનમાં જીવિત છે રામાયણ. રામલીલા કેવળ નાટક જ નથી પરંતુ ભારતના નૈતિક તેમજ આધ્યાત્મિક જીવનનો આધાર છે. રામ, સીતા અને રાવણ જેવા પાત્ર માત્ર આદર્શ જ નથી, પરંતુ સામાજિક મૂલ્યોનું જીવિત ઉદાહરણ છે. આજે પણ આ પરંપરા અયોધ્યાથી લઈને વારાણસી સુધી કરોડો લોકોના હૃદય જોડે છે.



**કોલકાતાની દુર્ગા પૂજા** - દુર્ગા પૂજા પંડાલ કલા, શિલ્પ, સંગીત, નૃત્ય અને જનભાગીદારીનું અસાધારણ મિશ્રણ છે. આ પાંચ દિવસો દરમિયાન, કોલકાતા એક વિશાળ ઉત્સવ નગરીમાં પરિવર્તિત થાય છે. દુર્ગા પૂજા એ એક કળા અને આસ્થાનું સંગમ છે.



**ગરબા** - ગુજરાતની નવરાત્રીનું આ નૃત્ય મહિલાઓ અને યુવાનોની સામૂહિક ઊર્જાનું પ્રતીક છે. વર્તુળમાં એકસાથે નૃત્ય કરવું એ શક્તિની અનંતતાનું પ્રતીક માનવામાં આવે છે.

**દિવાળી** - દિવાળી ફક્ત દીવા પ્રગટાવવાનો તહેવાર નથી, પરંતુ વિશ્વનો તહેવાર છે. દરેક જગ્યાએ દીવા પ્રગટાવવા એ અંધકાર પર પ્રકાશના વિજયનું પ્રતીક છે અને વિશ્વને યાદ અપાવે છે કે સૌથી અંધારી રાતનો પણ અંત આવે છે.



**લદાખનો બૌદ્ધ મંત્રોચાર** - જ્યારે લદાખના મઠોમાં સાધુઓ ઊંડા ધ્યાનથી મંત્રોનો જાપ કરે છે, ત્યારે એવું લાગે છે કે જાણે હિમાલય પોતે જ મૌન છે અને સાંભળી રહ્યો છે. આ પરંપરામાં ધ્યાન, શિસ્ત અને જ્ઞાનનો અનોખો વારસો છે.



### ભારતની આ પરંપરા માત્ર કળા નહિ પરંતુ બોધપાઠ આપે છે...

- સંસ્કૃતિ માત્ર પુસ્તકોમાં નહીં, પણ વ્યવહારમાં જીવિત હોય છે.
- પરંપરા ત્યારે જ અમર થાય છે જયારે સમાજ તેને દિલથી અપનાવી આગળ ચલાવે છે.
- માનવતાની સૌથી મોટી શક્તિ તેની વિવિધતામાં રહેલી છે.

આટલી બધી વિવિધતા હોવી એ ભારત માટે એક ગૌરવની વાત છે. તેના કરતા મોટી જવાદારી એ છે કે આવનાર પેઢી આ વિવિધતાને સ્વીકારે અને તેને જીવિત રાખી આગળ વધારે.

**રમમાણ** - આ હિમાલયના ખોળામાં વિસ્તરેલો ઉત્સવ છે. ઉત્તરાખંડની દેવભૂમિ ક્ષેત્રમાં આવેલા રમમાણ લોક, આધ્યાત્મ અને પ્રકૃતિના સંગમનું રંગીન રૂપ છે. સદીઓ જૂના આ દેવતા, જેનું મુખૌટુ, ગીતો અને લોકકથાઓમાં કરવામાં આવ્યું છે, તે હજુ પણ એ જ રીતે જીવે છે જાણે સમય થંભી ગયો હોય.

**છઉ નૃત્ય** - આ નૃત્ય એ યુદ્ધ, વીરતા અને સૌંદર્યનો સંગમ છે. ઓડિશા, ઝારખંડ અને બંગાળમાં પ્રચલિત છઉ પોતાના અદ્ભુત મુખૌટા, લય અને માર્શલ આર્ટસ જેવી શૈલીને કારણે ખૂબ જ સુંદર દૃશ્ય રચે છે. આ માત્ર પ્રદર્શન જ નથી પરંતુ સ્થાનિક રેહવાસીઓનો ગૌરવપૂર્ણ ઇતિહાસ છે.

**મણિપુરનું સંકીર્તન** - મણિપુરનું સંકીર્તન એ સામૂહિકતાનું પવિત્ર રૂપ છે. ઢોલ, મંજીરા અને લયબદ્ધ નૃત્યની સાથે પ્રસ્તુત સંકીર્તન એ વૈષ્ણવ પરંપરાનું હૃદય છે. આ માત્ર ધર્મ નથી, પરંતુ સામાજિક સમરસતાનું એક જીવતું જાગતું ઉદાહરણ છે.

**ઠઠેરે કલા**- પિત્તળ અને કાંસામાં ઢળેલું પારંપરિક કૌશલ્ય એટલે ઠઠેરે કલા. અમૃતસરના અજાનડીયાળા ગુરુન કારીગર આજે પણ આવા જ વાસણ બનાવે છે જેવી રીતે હજારો વર્ષ પહેલા બનતા હતાં. દરેક પીટાઈમાં જાણે પેઢીઓનું કૌશલ્ય, સાદગી અને ધૈર્ય સમાયું હોય છે...

**નવરોજ** - એટલે નવજીવન, સૌહાર્દ અને નવી શરૂઆતનો ઉત્સવ. આ માત્ર એક પારસી પર્વ જ નથી પરંતુ જીવનના નવા પડાવનો ઉત્સવ છે. આ ભારતની બહુલતાવાદી સંસ્કૃતિનું એક તેજસ્વી ઉદાહરણ છે, જ્યાં વિવિધ સમુદાયો સામાજિક સંવાદિતાનું વાતાવરણ બનાવવા માટે એકસાથે આવે છે. ■

---

કેરિયર

કીર્તિશેખર
feedback@bombaysamachar.com

# નોકરી શોધવા માટેનાં આ છે સ્માર્ટ સૂત્ર

**મીડિયા**

આ ક્ષેત્રમાં સંપૂર્ણ પસંદગી બનવા માટે એઆઇ એડિટિંગ ટૂલ અને ફેક્ટ ચેકિંગ કુશળતા મેળવો. આ કુશળતા તમને ખરેખર નોકરી શોધનારાઓની ભીડથી અલગ પાડશે અને તમને નોકરીદાતાઓ માટે ટોચની પસંદગી બનાવશે.

**ડિજિટલ પોર્ટફોલિયો**

હકીકતમાં, કોર્પોરેટ જગતમાં, ગુગલ યોરસેલ્ફ, એચઆરની દુનિયા એ નવો ટ્રેન્ડ છે. ભરતી કરનારાઓ પહેલા તમારા ઓનલાઈન ફૂટપ્રિન્ટને જુએ છે, તેથી એક ડિજિટલ પોર્ટફોલિયો બનાવો. તમારા બધા કાર્ય, લેખન, પ્રોજેક્ટ્સ, વિડીઓઝ, સંશોધન વગેરે ડોક્યુમેન્ટ્સને એક જ જગ્યાએ રાખો અને તેમને નોકરીદાતાઓ માટે ઉપલબ્ધ કરાવો. આઇટી પ્રોફેશનલ માટે ગિટ હબ અને ક્રિએટિવ દુનિયા માટે બી-હેન્સ / ડ્રિવલ અને યુટ્યૂબ અને લિંકડીન પોસ્ટ્સમાં સક્રિય બનો, જેનાથી નોકરી મેળવવામાં સરળતા રહેશે. ઉપર જે ડિજિટલ પોર્ટફોલિયોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે, તે સામાન્ય લોકોની સરખામણીએ આ પોર્ટફોલિયો ધરાવનારાઓને ત્રણ ગણી વધુ નોકરીની તકો પૂરી પાડે છે.

**લિંકડીનનો મહત્તમ લાભ લો**

આજકાલ નોકરી શોધવા માટે લિંકડીન સૌથી સ્માર્ટ પ્લેટફોર્મ છે. તે ફક્ત એક પ્રોફાઇલ નથી, તે એક ઇન્ટરવ્યૂ જેવું છે, જ્યાં તમારી પ્રવૃત્તિઓ જ તમારા માટે 'વોક-ઈન ઇન્ટરવ્યુ' જેવી હોય છે. લિંકડીન પ્લેટફોર્મનો મહત્તમ ઉપયોગ કરવા માટે આ ટિપ્સ અનુસરો.




* દર ૧૦ દિવસે તમારી પ્રોફાઇલ અપડેટ કરો. દરરોજ ૧૦ થી ૧૫ મિનિટ નેટવર્કિંગ કરો. અઠવાડિયામાં ઓછામાં ઓછી બે પોસ્ટ તમારા ક્ષેત્રને લગતી હોય પોસ્ટ કરો, પછી ભલે તે તે ક્ષેત્રની માહિતી સંબંધિત હોય, વિચારો સંબંધિત હોય કે કામ કરવાની શૈલી સંબંધિત હોય.

* તમારા ક્ષેત્રમાં ઓછામાં ઓછા ૫૦ પ્રોફેશનલને કોન્ટક્ટ કરો. સાંભળવામાં આ ખૂબ જ મહેનતનું કામ લાગશે, પરંતુ તમે જે ક્ષેત્રમાં કરિયર બનાવવા જઈ રહ્યા છો, તે ક્ષેત્રના ઓછામાં ઓછા ૫૦ મહત્ત્વના લોકોને તો તમારે જાણવા જ જોઈએ અને જો તમે કોઈપણ રીતે તેમના સંપર્કમાં રહી શકો, તો તેનાથી શ્રેષ્ઠ બીજું કંઈ નથી. નોકરી મેળવવા અને તમારા ક્ષેત્રમાં સફળ થવાનો આ ખરેખર સૌથી સ્માર્ટ રસ્તો છે.

* જો તમારા ક્ષેત્રમાં કોઈ મહત્ત્વપૂર્ણ વ્યક્તિ કંઈક સિદ્ધિ હાંસલ કરે છે, તો તેમને અભિનંદન મેસેજ મોકલો. અને હા, મહત્ત્વપૂર્ણ પ્રસંગોએ એચઆર અને રિક્રૂટર્સને મહત્વપૂર્ણ પ્રસંગે નાના અને આકર્ષક મેસેજ મોકલવાનું ભૂલશો નહીં. લિંકડીનનું અલ્ગોરિધમ તમને એવા લોકો સાથે સંપર્ક કરાવે છે જે તમારી તકો વધારી શકે છે.

**સૌથી મોટી તાકાત છે નેટવર્કિંગ**

એમાં કોઈ બે મત નથી કે આજે પણ ૪૦ થી ૬૦ ટકા નોકરીઓ અનૌપચારિક નેટવર્કિંગ દ્વારા મળે છે, પરંતુ પ્રશ્ન એ છે કે તે નેટવર્કિંગ કેવી રીતે કરવું. ધ્યાનમાં રાખો-

- જૂના સાથીદારો, કોલેજના વરિષ્ઠ વિદ્યાર્થીઓ અને માર્ગદર્શકોના સંપર્કમાં રહો.
- ઇન્ડસ્ટ્રી ઇવેન્ટ્સ કે વેબિનારમાં ભાગ લો.
- ૧૦-૧૫ મિનિટની ઔપચારિક વાતચીત, 'કોફી ચેટ્સ' જરૂરી છે.
- દર ત્રણ મહિને ત્રણ નવા ઇન્ડસ્ટ્રી કનેક્શન ઉમેરો, અને હા, સફળતાની કહાણી, અનુભવો, સમસ્યાઓ વગેરે શેર કરતા રહો. આ પ્રક્રિયા તમને રિઝ્યુમની કતારમાંથી બહાર કાઢીને તકોના હાઇવે પર લઈ જશે.

**એઆઇની મદદવાળી જોબ સર્ચ**

ચોક્કસપણે, એઆઇને કારણે માત્ર અમુક લોકોની નોકરીઓ પર સંકટ નથી આવ્યું, પરંતુ તેની મદદથી નોકરી શોધવાનું પણ સરળ બન્યું છે, શરત માત્ર એટલી છે કે તમે તેનો સાચો ઉપયોગ કરો.

શું તમે આ પ્રક્રિયાને ઓટોમેટ કરી શકો છો? દાખલા તરીકે, જોબ રોલ મુજબ કવર લેટર, જોબ એલર્ટ, ઇન્ટરવ્યૂ પ્રેક્ટિસ અને રિક્રૂટર્સ સાથે સંવાદ - આ એવી રીતો છે જેનાથી તમે પરંપરાગત પદ્ધતિથી નોકરી શોધવાની સરખામણીમાં ચાર ગણી ઝડપથી નોકરી શોધી શકશો. ■

# વ્હાઈટ હાઉસમાં કોણ ગુજરી ગયું છે?

હાસ્ય વિનોદ




વિનોદ ભટ્ટ
feedback@bombaysamachar.com

ભૂત માણસમાં માને છે કે નહીં એ અંગે ભૂતસૃષ્ટિમાંથી હજી સુધી કશું જાણવા મળ્યું નથી. પણ ઘણા માણસો ભૂતમાં, ભૂતના અસ્તિત્વમાં માનતા હોય છે. એક ભૂત જ એવી વ્યક્તિ છે, જે વર્તમાનમાં પણ અસ્તિત્વ ધરાવે છે. હમણાં જ ક્યાંક વાંચ્યું કે ૧૮૬૫માં જેમનું ખૂન થયું હતું તે અમેરિકન પ્રેસિડેન્ટ અબ્રાહમ લિંકન આજે પણ વ્હાઈટ હાઉસમાં રહી પડ્યા છે. આપણે ત્યાં ઘણા પ્રધાનો પોતાના હોદ્દા પરથી ઊતરી ગયા હોવા છતાં તેમને મળેલ બંગલા ખાલી કરતા નથી, પણ અમેરિકામાં એવો એક કુરિવાજ છે કે માણસ પ્રમુખ મટ્યો તેની બીજી જ ક્ષણે વ્હાઈટ હાઉસ તેને ત્યજી દે છે. ઈન્દ્રાણી જે રીતે ઈન્દ્રને વરેલી હોય છે એ રીતે વ્હાઈટ હાઉસ પણ પ્રમુખને વરેલું છે. કદાચ આ જ કારણે કાલ્વિન કુલીજને તેમના એક મિત્રે વ્હાઈટ હાઉસ સામે આંગળી ચીંધતાં પૂછ્યું કે 'અહીં કોણ રહે છે?' ત્યારે આ અમેરિકન પ્રમુખ કુલીજે પોતાની લાક્ષણિક શૈલીમાં કહ્યું હતું કે 'કોઈ નહીં, અહીં તો (પ્રમુખોની) આવન-જાવન રહે છે.'

પરંતુ લિંકનને આ જગ્યા અનુકૂળ આવી જવાથી તેમણે તે ખાલી કરી નથી. જોકે ખાલી કરવા માટે તેમણે પાઘડી પણ નથી માગી. આપણાં ભૂતો અને અમેરિકન ભૂતો વચ્ચે મહત્ત્વનો ફરક છે એ આ છે. ભારતીય વાર્તાઓ અને હિન્દી ફિલ્મોમાં આવે છે એમ આપણાં ભૂત મોટા ભાગે પીપળાનાં ઝાડ પર કે કોઈ ખંડેર જેવા મકાનમાં આનંદથી રહી શકે છે, પણ અમેરિકન ભૂતની લાઇફ-સ્ટાઈલ ફાઈવ-સ્ટાર પ્રકારની છે. ગમે તેવી ફાલતું જગ્યામાં રહેવાનું તેને ગમતું નથી.

કહેવાય છે કે લિંકન તેમની પત્ની મૅરી ટોડથી ડરતા અને આથી તેનો આદર કરતા હતા. ૧૪મી એપ્રિલ, ૧૮૬૫ની રાતે 'અવર અમેરિકન કઝીન' નાટક જોવાની તેમની લેશ માત્ર ઈચ્છા નહોતી, પણ પત્નીએ આગ્રહ કર્યો એટલે તેમને તેની સાથે નાટક જોવા જવું પડ્યું ને નાટ્યગૃહમાં જ તેમની હત્યા થઈ ગઈ. પણ ભૂત થયા પછી તેમણે પત્ની સામે ક્યારેય દેખા દીધી નહોતી. આ સિવાયના ઘણા પ્રમુખો સમક્ષ તેમણે હાજરી પુરાવી છે. છેલ્લે અમેરિકન પ્રેસિડન્ટ રોનાલ્ડ રેગનના જમાઈએ પણ લિંકનને જોયાનો દાવો કર્યો હતો. તે ઊભો હતો ત્યાં દૂર કાચની બારી પાસે કોઈ વ્યક્તિને તેણે ઊભેલી જોઈ. પહેલાં તેને એવું લાગ્યું કે શ્વશુર રેગન હશે, ત્યાં જ બંધ બારીમાંથી એ જણ બહાર સરકી ગયો. સસરો ભૂતપૂર્વ ઍક્ટર હોવા છતાં ડુપ્લીકેટની મદદ વગર બારીમાંથી ઓગળી જવાનું સાહસ ક્યારેય ન કરી શકે એની આ જમાઈને ખાતરી હતી. તેને ખ્યાલ આવી ગયો કે લિંકન જેવો સમર્થ પ્રમુખ જ આમ કરી શકે.

એમ તો લિંકનનું ભૂત જોયું હોવાનો દાવો કરનારાઓમાં પ્રમુખ થિયોડૉર રૂઝવેલ્ટ, ફ્રેન્કલીન રૂઝવેલ્ટ, હેરી એસ. ટ્રુમૅન અને આઇઝન હુવરનો સમાવેશ થાય છે. પણ આમાંના કોઈને જોયાનો દાવો લિંકને હજી કર્યો નથી... એક વહેલી સવારે અમેરિકન પ્રેસિડન્ટ ટ્રુમૅન વ્હાઈટ હાઉસના બેડરૂમમાં સૂતા હતા ત્યારે બેડરૂમના બારણા પર ટકોરા પડ્યા. તેમણે બારણું ખોલીને જોયું તો સામે લિંકન ઊભા હતા. સવારના પહોરમાં મારું શું કામ પડ્યું? કે એવું કશું ટ્રુમૅન પૂછે ત્યાર પહેલાં કોઈ અગત્યના કામે જવાનું હોય તેમ લિંકન ઝડપથી અદૃશ્ય થઈ ગયા. અમેરિકન પ્રેસિડન્ટ જોન્સને પણ એક રેડિયો ઈન્ટરવ્યૂમાં જણાવ્યું હતું કે તેમણે લિંકનના ભૂતને એક ફોટા પાછળથી બહાર નીકળીને કબાટમાં ઘૂસી જતું જોયું હતું. વ્હાઈટ હાઉસના ઓરડાઓમાં ચક્કર મારતા લિંકનના ભૂતને તેમણે અનેક વાર જોયું હતું. પણ આ બધા પ્રમુખો સાથે તેમનો કોઈએ પરિચય કરાવ્યો નહોતો. એટલે કોઈની સાથે તે વાત કરતા નહીં. ચૂપચાપ ચાલ્યા જતા. આમ તો તે ખૂબ જ આનંદી અને 'વિટી' હતા, હસવા-હસાવવાની એક પણ તક ચૂકતા નહીં. તેમણે કરેલી રમૂજોના અનેક સંગ્રહો પ્રગટ થયા છે. 'લિંકન્સ વિટ' નામનું એક પુસ્તક અમારી પાસે પણ છે. તેમની જે રાતે હત્યા થઈ તે દિવસે જ તેમણે એક સૈનિકને ગોળીથી ઉડાવી દેવાની સજામાંથી માફી આપતાં કહ્યું હતું કે, 'I think the boy can do more good above ground than underground' (મને લાગે છે કે આ છોકરો જમીનની નીચે (કબરમાં) રહેવા કરતાં જમીન પર રહીને આપણું વધુ ભલું કરી શકશે.)

મૃત્યના થોડા સમય પહેલાં શ્રીમતી ઇન્દિરા ગાંધીને બિહામણાં દશ્યો દેખાતાં હતાં, એ રીતે લિંકનને પણ તેમના ગુજરી જવાના દસ દિવસ અગાઉ એક સ્વપ્ન આવ્યું હતું, જે તેમણે તેમની પત્નીને કહ્યું હતું : એ રાતે મૃત્યુના સન્નાટા જેવી શાંતિ હતી. પછી તેમને લોકોના કરુણ રુદનના સ્વરો અને ડૂસકાં સંભળાયાં. એક સાથે ઘણા લોકો કરુણ વિલાપ કરતા હતા. પથારી છોડી તે નીચે ગયા. હજીય હીબકાં સંભળાતાં હતાં, પણ કોઈ દેખાતું નહોતું. બધા ઓરડાઓમાં અજવાળું હતું. એ બધા રૂમોમાં ફરી વળ્યા પણ હૈયાફાટ રુદન કરનારાઓમાંથી કોઈ દેખાતું નહોતું. પછી તે પૂર્વ તરફના એક ઓરડામાં પ્રવેશ્યા. તેમના આશ્ચર્ય વચ્ચે ઓરડાની વચ્ચોવચ એક શબ પડ્યું હતું. તેની આસપાસ સૈનિકો હતા. એક સૈનિકને લિંકને પૂછ્યું : 'વ્હાઇટ હાસમાં કોઈ ગુજરી ગયું છે?' 'પ્રેસિડન્ટ...' એક સોલ્જરે જવાબ આપ્યોઃ 'તેમનું ખૂન કરવામાં આવ્યું છે...' ત્યાં જ ટોળામાંથી એક હૃદયવિદારક પોક સંભળાઈ - આ પોકના અવાજથી લિંકનની આંખ ખૂલી ગઈ. સ્વપ્ન પૂરું થઈ ગયું. આ સ્વપ્ન હોવા છતાં લિંકન તેનાથી વિચલિત થઈ ગયા હતા, બેચેન થઈ ગયા હતા.

કદાચ આ જ કારણે નાટક જોવા જવાની તેમની તીવ્ર અનિચ્છા હશે. તેમની અંદર બેઠેલા લિંકનને થિયેટરમાં તેમની રાહ જોઈને બેઠેલ યમરાજ દેખાયો હશે. લિંકનની પત્ની મૅરી તેમને નાટ્યગૃહ તરફ ધકેલી રહી હતી. સાવિત્રી તેના સત્યવાનને યમરાજ નજીક હાંકી જવા મરણિયા પ્રયાસ કરતી હતી. લિંકનને લાગ્યું કે આ સ્ત્રી આગળ, રાબેતા મુજબ, તેમનું કશું ઊપજવાનું નથી, એટલે તેમણે ઢીલા, કહ્યાગરા અવાજે પત્નીને કહ્યું હતુંઃ "All right, mary, I will go but if I do not go down in history as the martyr president I miss my guess." ■

# પ્રજાસત્તાક-રાજાસત્તાક ને ઉમરાવસત્તાક

ઝબાન સંભાલ કે

હેન્રી શાસ્ત્રી
feedback@bombaysamachar.com

આવતી કાલે ૨૬ જાન્યુઆરી. ભારતનો પ્રજાસત્તાક દિવસ. બ્રિટિશ રાજની ગુલામીમાંથી આપણને આઝાદી મળી ૧૫ ઓગસ્ટ, ૧૯૪૭ના દિવસે. એ દિવસ આપણે સ્વાતંત્ર્ય દિવસ તરીકે ઓળખીએ છીએ.

૨૬ જાન્યુઆરી,૧૯૫૦ના દિવસે ભારતનું બંધારણ અમલમાં આવ્યું. આ સાથે બ્રિટિશ યુગના ભારત સરકાર અધિનિયમને બદલીને ભારત એક સાર્વભૌમ, લોકશાહી પ્રજાસત્તાક તરીકે સ્થાપિત થયું હતું. સ્વાતંત્ર્ય લડત દરમિયાન ભારતીય રાષ્ટ્રીય કૉંગ્રેસ દ્વારા ૧૯૩૦માં ભારતીય સ્વતંત્રતાની ઘોષણા ૨૬ જાન્યુઆરીએ કરવામાં આવી હોવાથી આ તારીખ પસંદ કરવામાં આવી હતી. આ દિવસે ભારત પ્રજાસત્તાક દેશ બન્યો. ભગવદ્ગોમંડળમાં પ્રજાસત્તાક શબ્દનો અર્થ પ્રજાની સત્તાનું હોય એવું; જેમાં પ્રજાનો બહુમત એ જ સત્તા ગણાય એવું; પ્રજાના વહીવટવાળું; પ્રજાની સત્તાથી ચાલતું એવા અર્થ આપવામાં આવ્યા છે.

૨૬ જાન્યુઆરી, ૧૯૫૦ના રોજ અમલમાં આવેલ આ બંધારણના આમુખમાં ભારતને એક 'સાર્વભૌમ, લોકશાહી પ્રજાસત્તાક' તરીકે ઘોષિત કરવામાં આવ્યું. પ્રજાસત્તાકને એવા રાજકીય સમાજ તરીકે વર્ણવી શકાય કે જે સામાન્ય રીતે લોકશાહી પર આધારિત હોય અને જ્યાં રાજાશાહીને કોઈ સ્થાન ન હોય.

વિશ્વના મોટાભાગના દેશોએ પ્રજાસત્તાક સ્વરૂપની સરકાર અપનાવી છે. રાષ્ટ્રકુટુંબમાં સભ્યપદ ધરાવતા મોટાભાગના દેશોમાં પ્રજાસત્તાક શૈલીની સરકાર છે. પ્રજાસત્તાક સરકાર ત્રણ સ્વરૂપમાં અસ્તિત્વમાં હોય છે : પ્રમુખીય પ્રથા, સંસદીય પ્રથા અને પ્રમુખીય-સંસદીય મિશ્ર પ્રથા. યુ.એસ.માં પ્રમુખીય પ્રથા, ઈટલી, પશ્ચિમ જર્મની અને ભારતમાં સંસદીય પ્રથા તથા ફ્રાન્સમાં પ્રમુખીય-સંસદીય મિશ્ર પ્રથા કાર્યરત છે. આમાંથી ત્રીજી પ્રથામાં પ્રમુખ અમુક પ્રમાણમાં કારોબારી સત્તા ધરાવતો હોય છે. કેટલાક દેશો બંધારણની દ્રષ્ટિએ પ્રજાસત્તાક હોવા છતાં વાસ્તવિક સ્વરૂપમાં પ્રજાસત્તાક હોતા નથી. ચીન એનું મુખ્ય ઉદાહરણ છે. ત્યાં સામ્યવાદી પક્ષે ઊભા રાખેલ ઉમેદવારને જ લોકો મત આપી શકે છે. પરિણામે ચૂંટણીમાં મતદારોને સાચો અને સ્વતંત્ર વિકલ્પ પ્રાપ્ત થતો નથી.




પ્રજાસત્તાક ઉપરાંત રાજાસત્તાક અને ઉમરાવસત્તાક રાજ્યો રાજ્યનાં સ્વાભાવિક સ્વરૂપ છે.રાજાસત્તાક શાસન પ્રણાલીમાં એક વ્યક્તિ પાસે રાજ્યની સર્વોચ્ચ સત્તા હોય છે. આ સત્તા વંશાનુગત હોય છે. મતલબ કે સત્તા પુત્ર અથવા પરિવારના કોઈ સભ્યને વારસામાં મળે છે. હાલના તબક્કે વિશ્વમાં ૪૩ રાજાસત્તાક દેશ છે જ્યાં રાજા દેશનો વડો ગણાય છે. એમાંથી એશિયામાં ૧૩, યુરોપમાં ૧૨, અમેરિકામાં ૯, ઓશિયાનામાં ૬ અને આફ્રિકામાં ૩ રાજાસત્તાક દેશ છે. ઉમરાવસત્તાક વ્યવસ્થામાં શાસન વ્યવસ્થામાં રાજસત્તા કુલીન, વિદ્વાન, સદગુણી કે ઉત્કૃષ્ટ વ્યક્તિ રાજ ચલાવે છે. આ વ્યવસ્થામાં મુઠ્ઠીભર ઉમરાવોનું રાજ્ય અને ધનવાન માણસોનું રાજ્ય હોય છે. સ્પેન, સ્વીડન, ડેન્માર્ક, મોરોક્કો અને લક્ઝમ્બર્ગ જેવા દેશમાં આજે પણ ઉમરાવસત્તાક વ્યવસ્થા છે.

## उभाच पाढे

શાળા શિક્ષણ દરમિયાન દરેક વિદ્યાર્થી વિવિધ વિષય શીખ્યો હશે. ત્રણ ભાષા, ઈતિહાસ-ભૂગોળ - નાગરિક શાસ્ત્ર તેમજ વિજ્ઞાન અને ગણિત મુખ્ય વિષય રહેતા. ગણિતમાં બીજગણિત અને ભૂમિતિ ઉપલા ધોરણમાં આવતા જ્યારે અંક ગણિત પહેલેથી જ ભણાવવામાં આવતું હતું. અંક ગણિતમાં પાડા અથવા ઘડિયા તરીકે ઓળખાતી વ્યવસ્થા મજેદાર રહેતી. પાંચ એકુ પાંચથી લઈ પાંચ દાન પચાસ સુધીની સફર રહેતી. શરૂઆતમાં એકથી દસ સુધીના ઘડિયા લખાવી લખાવી ગોખાવવામાં આવતા. આ પદ્ધતિથી એવી નિપુણતા આવી જતી કે ગમે ત્યારે કોઈ પણ ઘડિયો પૂછવામાં આવે તો સડસડાટ જવાબ મળી જતો. મરાઠીમાં પાડા અથવા ઘડિયા પાઢે તરીકે ઓળખાય છે. गुणाकाराचे पाढे म्हणजे लहानपणी शिकलेले १ ते २० पर्यंतचे पाढे। लहानपणी पाढे तोंडपाठ करावे लागायचे. कविता श्लोक धोकावेच लागायचे. त्या पाठांतराचे महत्त्व आता जाणवतेया. ગુણાકારના ઘડિયા તેમજ કવિતા અને શ્લોક નાનપણમાં મોઢે કરવા પડતા. મોટી ઉંમરે એનું મહત્ત્વ સમજાયું.

**एकेकाळी त्याला उभाचे पाढे म्हणायचे। उभा एक, आडवे दोन, हे अंक ओळख किंवा अक्षरे ओळख यांसारख्या लहान मुलांच्या शैक्षणिक खेळातील एक वाक्य आहे. जिथे 'उभा एक' म्हणजे '१' (एक) आणि 'आडवे दोन' म्हणजे '२' (दोन) या अंकांचे आकार आणि त्यांची नावे शिकवली जातात, म्हणजेच अंक '१' (एक उभी रेषा) आणि अंक '२' (दोन आडव्या रेषा) यांची ओळख करून देणे हा त्याचा अर्थ आहे.** અંકની વિશિષ્ટ ઓળખ આપવામાં આવતી જેથી વિદ્યાર્થીને બહુ જલદી સ્મરણમાં રહી જતી. उभाचे पाढे असे असायचेः उभा एक, आडवे दोन, गाठीचे तीन, गायला पाय चार, हाताची बोटे पाच, उलटे तीन सहा, गुखाची शिंग सात, धनगर काती आठ, चंद्याची पळी नउ, एकावर पूज्य दहा. આવી ગેય પદ્ધતિને કારણે બાળકોને ઘડિયા બહુ સહેલાઈથી યાદ રહી જતા અને વિશેષ જ્ઞાન મળતું એ છોગામાં. વિશેષ જ્ઞાન વિશે વાત કરશું આવતા સપ્તાહે.


## हिंग्लिश VINGLISH पहाडे के गाने और कविता

ઘડિયા માટે હિન્દીમાં શબ્દ છે પહાડા જે મરાઠી શબ્દ પાઢેને ઘણો મળતો આવે છે. કોઈ પણ ભાષામાં બાળકોને ઘડિયા શીખવવા એ એક મોટો પડકાર છે. અલબત્ત સરળ રીત અપનાવી કે પછી ગમ્મત પડે એ રીતે સમજાવવાથી બાળક માટે મુશ્કેલ કામ આસાન બની શકે છે. સાથે સાથે એ વાત પર પણ ધ્યાન આપવું જરૂરી છે કે આ ઘડિયાની માત્ર ગોખણપટ્ટી નથી કરવાની, એને સમજીને યાદ રાખવાથી ગણિતનો પાયો મજબૂત બને છે. **पहाडों के लिए मजेदार गाने और कविताएं उपलब्ध हैं । संगीत के साथ याद करने से बच्चे आसानी से पहाडे सीख लेते हैं और उन्हें यह बोझ नहीं लगता आप खुद भी साधारण धुन पर पहाडे गा सकतै हैं.** ગીત કે કવિતાનો સંગીત સાથે સુમેળ કરવાથી બાળકો બહુ સહેલાઈથી ઘડિયા શીખી શકે છે. સાથે સાથે જીવનની કેટલીક શીખ પણ મળે છે. બેના ઘડિયાથી આ વાત સ્પષ્ટ થઈ જશે. **दो एकम दो, आज्ञाकारी हो. दो दुनी चार, झटपट हो तैयार. दो तीया छः, सफ-साफ रह. दो चौके आठ, याद करो पाथ. दो पंजे दस. झगडा करो बस. दो छके बारह, काम करो ज्यादह. दो सते चौदहा, छोटा होता पौधा. दो अठे सोला, सच्चे का बोलबाला. दो नाम अठारा, झूठे का मुंह काला. दो दहाई बीस, प्रभु को नमाओ शीश.** ઘડિયામાં જોઈ શકાય છે કે પ્રત્યેક એકમ સાથે એક સમજણ આપવામાં આવી છે અને અંત્યાનુપ્રાસ અલંકારને કારણે યાદ પણ આસાનીથી રહી જાય છે. જેમ કે દો એકમ દો, આજ્ઞાકારી હો દ્વારા બાળકને આજ્ઞાકારી બનવાની શિખામણની સાથે દો અને હોના અંત્યાનુપ્રાસને કારણે યાદ રાખવામાં સરળતા રહે છે. ત્યારબાદ દો દુની ચાર, ઝટપટ હો તૈયાર પંક્તિમાં શાળાએ જવાની તૈયારીની શીખ સાથે ચાર અને તૈયારનો પ્રાસ બેસાડ્યો હોવાથી આસાનીથી સ્મરણમાં રહે છે. સમગ્ર ઘડિયામાં આ બંને બાબત ઊડીને આંખે વળગે છે. જ્ઞાન સાથે ગમ્મતનું આ વિશિષ્ટ ઉદાહરણ છે.

## UNAMILIAR NUMBERS

આંકડાની દુનિયા અદ્‌ભુત હોય છે. અંક વસ્તુનું પરિમાણ દર્શાવવાની સાથે સાથે એનું કદ પણ દર્શાવે છે. બે અંકની સંખ્યા ત્રણ- ચાર કે પાંચ અંકની બને એ સાથે વસ્તુની વિશાળતાનો ખ્યાલ આવે છે. અંગ્રેજી ભાષામાં એવા કેટલાક પ્રયોગ છે જે આજે વિશેષ ચલણમાં નથી રહ્યા, પણ એનો ઉપયોગ અને એના અર્થ જાણવા જેવા છે. માણસ સગવડ માટે કેવા કેવા પ્રયોગો કરતો એ વાતનો એના પરથી ખ્યાલ આવે છે. સ્કોર શબ્દને આપણે મોટેભાગે રમત સાથે જોડી દેતા હોઈએ છીએ. જોકે, એકસમયે આ શબ્દ વિશિષ્ટ અર્થ ધરાવતો હતો. SCORE means A Group of 20. Used famously in Four Score and Seven Years ago. Lincoln mentions that a new nation was created four score and seven years ago. Since score means 20, four score is 80. Four score and seven years is, therefore, 80 and 7 years, which is 87 years. Lincoln gave the Gettysburg Address November 19, 1863, 87 years after independence in 1776. યુએસના ભૂતપૂર્વ પ્રેસિડેન્ટ અબ્રાહમ લિંકને કહ્યું હતું કે નવા રાષ્ટ્રની રચના 'ફોર સ્કોર અને સેવન યર્સ અગો' થઈ હતી. સ્કોર એટલે ૨૦ અને ફોર સ્કોર એટલે ૮૦ અને બીજા સાત વર્ષ એટલે કે ૮૭ વર્ષ. લિંકને ૧૯ નવેમ્બર ૧૮૬૩ના દિવસે આપેલા એક પ્રવચનમાં આ રજૂઆત કરી હતી જે યુએસને ૧૭૭૬માં મળેલા સ્વાતંત્ર્યના ૮૭ વર્ષ પછી કરવામાં આવેલી રજૂઆત હતી.

૧૨ એટલે એક ડઝન એવી જાણકારી બધાને હશે. એક ડઝન કેરીનો ભાવ શું કે એક ડઝન કેળા લેતા આવજો જેવી વાક્યરચનાથી અનેક લોકો વાકેફ હશે. આ સંદર્ભમાં બે શબ્દ ખાસ જાણવા જેવા છે. DOZEN and BAKER'S DOZEN: We all know that Dozen means 12. This word is still used today, and it is derived from old French word DOUZAINE. ડઝન શબ્દ ફ્રેન્ચ શબ્દ પરથી અવતર્યો છે. Baker's Dozen means 13, one more than dozen - 12. It was used in Mediaeval times by bakers to avoid penalties for underweight bread.



મધ્યકાલીન યુગમાં બ્રેડ અથવા પાઉં વજનથી આપવામાં આવતા ત્યારે ઓછા વજનના બ્રેડ આપનારા બેકરીના માલિકને દંડ કરવામાં આવતો.એ દંડથી બચવા માટે ગ્રાહકોને એક વધારાનું પાઉં આપી દેવામાં આવતું હતું અને માલ ખરીદનારને ૧૨ની બદલે ૧૩ બ્રેડ મળતા જે 'બેકર્સ ડઝન' તરીકે જાણીતા બન્યા હતા.

GROSS and GREAT GROSS: One Gross term was used in Old French especially in trade which meant large quantity. ગ્રોસ એટલે૧૨ ડઝન અથવા ૧૪૪ નંગ. ગ્રેટ ગ્રોસ એટલે ૩ ગ્રોસ. Great Gross meant 3 Gross (12 dozen x 12dozen x 12 dozen =1728). Historically, it was used for shipping or buying small items in massive quantities, such as buttons, pens, screws, or pencils. બટન, પેન, સ્ક્રૂ અથવા પેન્સિલ જેવી નાની ચીજવસ્તુ મોટી સંખ્યામાં લેતી વખતે લેતી વખતે ગણતરીમાં સરળતા રહે એ માટે આ માપ ચલણમાં આવ્યું હતું. ■

# અહીં માત્ર એક્ટિવાની ચોરી થાય છે, કારણ કે...

ઊડતી વાત

ભરત વૈષ્ણવ
feedback@bombaysamachar.com

'ચોરભાઇ' અમે સંબોધન કર્યું. કોઇને આવું સંબોધન ગમે નહીં, પરંતુ અમે લાચાર હતા. અમને તેના શુભનામની ખબર ન હતી.

'સાહેબ, મારી ફોઈએ મારું નામ પાડ્યું છે...' ચોર મહાશયે ઉગ્રતમ વિરોધ નોંધાવ્યો.

'સોરી, તમારું શુભ નામ જણાવવાની કૃપા કરશો?' .

'મારું નામ ઉત્તમ છે.' તેણે પોતાનું નામ જણાવ્યું.

'નાઇસ ટુ મિટ યુ મિસ્ટર ઉત્તમ. અમે 'બખડજંતર' ચેનલના ચીફ રિપોર્ટર છીએ. અમે તમારા વ્યવસાયથી પ્રભાવિત થઇને તમારો ઇન્ટરવ્યૂ લેવા આવ્યા છીએ.' અમે શિષ્ટાચાર દાખવ્યો.

'બખડજંતર' ચેનલના માલિક બાબુલાલ બબૂચકે અમને ઉત્તમનો એકસકલુઝિવ ઇન્ટરવ્યૂ કરવા સૂચના આપી હતી. બાબુલાલને ઉત્તમમાં કેમ રસ પડ્યો હશે એ તો ભગવાન જાણે. ખાનગી ચેનલમાં નોકરી કરવી મુશ્કેલ હોય છે. બોસ જે હુકમ કરે તે કામ કરવું પડે, નહીંતર કપાળ પર બેકારનું સ્ટિકર ચિપકી જાય.આ ઉંમરે કોઇ ચટણી ખાંડવા પણ ન રાખે.

'ભાઇ, તમને ચોરીના શુભ પંથે પ્રસ્થાન કરવા માટે કોના તરફથી પ્રેરણા મળી?' અમે ઉત્તમનો જવાબ ટપકાવવા રાઇટિંગ પેડ ખોલ્યું. પેનનું ઢાંકણું ખોલ્યું.

'સાહેબ, સાચું કહું? મને ચોરીના યશસ્વી માર્ગ પર જવાની પ્રેરણા પિયુષ આદરણીય નાણા મંત્રી પાસેથી મળેલ છે. નાણા મંત્રી બજેટ રજૂ કરીને એક જ દિવસે અમીરોના ગજવા ભરી દે છે અને ગરીબોના ગજવા પર સામૂહિક બ્લેડ મારી કરોડો રૂપિયા સરકાવી લે છે.' ઉત્તમના જવાબે અમને વિચારમાં મૂકી દીધા.

'આ જવાબ ઓફ ધી રેકર્ડ છે કે.?' અમે નજર ઝીણી કરી પૂછ્યું.

'ઓફ કોર્સ. ઓન રેકોર્ડ કહું છું.' તેણે જવાબ કન્ફર્મ કર્યો.

'ઉત્તમ, ચોરીના પ્રોફેશનમાં બરકત છે ખરી?'

'સાહેબ, ચોરીના વ્હાઇટ કલર પ્રોફેશનમાં લોકો માને તેવી બરકત નથી. અમારા ધંધામાં ચાંદી-સોનાના ઢગલાં નથી. બસ, અમારી દાલરોટી નીકળે છે. અમારી સાથે વેપારી અને પોલીસની પણ શાહી બિરયાની નીકળે છે.'

'ઉત્તમભાઈ, તમારા ચોરજગતમાં તરાહ તરાહના ચોર હોય છે. કોઇ લોકો સૂટેડબૂટેડ થઇ ફલાઇટમાં ચોરી કરવા આવે છે અને ચોરી કરીને ફલાઇટમાં પરત ફરે છે. બીજી બાજુ શરીરે તેલ ચોપડી ચડ્ડી બનિયાન પહેરીને લૂંટ ચલાવતી ચડ્ડી બનિયાન ધારી ગેંગ છે. કેટલાક ચોર માત્ર ચેઇન સ્નેચિંગ કરે છે. ઘણા ચોર ચોરી કર્યા પછી પસ્તાવો થતાં ચોરી કરેલ વસ્તુ પરત કરે છે. તમે તમારા વ્યવસાયને કેવી રીતે મૂલવો છો?' અમે દિલચસ્પ પ્રશ્ન કર્યો.

'સાહેબ, હું ખંત, મહેનત અને ધગશથી એક સફળ ચોર તરીકે પોલીસના ચોપડે નોંધાયો તેનો આનંદ છે. જો કે મારા દિલમાં વધુને વધુ ચોરી કરવાની આગ છે. હું ચોરીના ક્ષેત્રે સતત નવા કીર્તિમાન રચવાની ફિરાકમાં હતો, છું અને રહીશ.' ઉત્તમે સંકલ્પ વ્યક્ત કર્યો.

'ઉત્તમ જવાબ...ઉત્તમભાઈ. ચોર લોકો રૂપિયા પૈસા, ઘરેણા, કપડાંલત્તા અને એવી બધી વસ્તુની ચોરી કરવામાં મહારત હાંસલ કરતા હોય છે. તમે શું ચોરવામાં મહારત હાંસલ કરેલ છે?'

'સાહેબ, એક આડ વાત કહું? હું તો ચોર જગતને દૂરથી નવ ગજના નમસ્કાર કરતો હતો. હું આ જગતમાં પદાર્પણ કરવા જ માંગતો ન હતો, પણ ...' ઉત્તમે એકરાર કર્યો.

'અમારી ચેનલના દર્શકોને ચોર જગતમાં તમારા પ્રવેશનું કારણ જાણવામાં રસ છે.' અમે ફટાક ઉત્તમ સામે માઇક ધર્યું.

'સાહેબ, મેં ચોર તરીકે એક્ટિવાની જ ચોરી કરવાનો મક્કમ નિર્ધાર કરેલ. અડગ મનના મુસાફરને હિમાલય પણ ડગાવી શકતો નથી એવું કહેવાય છે. મને પણ મારા લક્ષ્યાંકથી બીજી કોઇ માલમત્તા ચલિત કરી શકી નથી.' ઉત્તમે સંતોષ વ્યક્ત કર્યો.

'બાઇક તો મર્દાના વાહન કહેવાય છે. તેને છોડીને એક્ટિવાની જ ચોરી કેમ?' અમે મૂળ મુદ્દા પર ફોકસ કર્યું.

'સાહેબ. એની અલગ કહાની છે.' ઉત્તમ અટક્યો.

'તમે એક્ટિવાની ચોરી કરીને કોને ઇમ્પ્રેસ કરવા માગતા હતા?' ઉત્તમ પાસેથી સ્ટોરી મળે તે માટે અમે શબ્દોની જાળ બિછાવી.

'કેટલીકવાર ચોર બ્રો ગર્લફ્રેન્ડના મોજશોખ પૂરા કરવા નહીંતર ગર્લફ્રેન્ડને ઇમ્પ્રેસ કરવા ચોરીના રવાડે ચડતા હોય છે. મારા કિસ્સામાં આમાંનું કશું જ નથી.' ઉત્તમે રહસ્ય ગૂંચવ્યું.

'મતલબ?'

'મારી જાનેમન.' ઉત્તમ અટક્યો.

'વોટ? એટલે શું? અમારો પ્રતિભાવ.'



'હું વેર વાળવા ચોર બનેલ. મારી જાનેમન પર મારી જાનેમન સવાર થઇ તેના જાનેમનને મળવા જતી. ક્યારેક બગીચામાં, ક્યારેક હોટલમાં, ક્યારેક સિનેમામાં. એટલે મને જાનેમન પર નફરત થઇ.' ઉત્તમ શું બોલ્યો...તમને સમજણ પડી? મને તો લગીરે સમજણ ન પડી .

'ભાઇ સમજાય તેમ બોલ.' અમારે વિનંતી કરવી પડી.

'મેં મારી પત્ની સાથે પ્રેમ લગ્ન કરેલ. મેં તેને ભેટમાં એક્ટિવા આપેલ. મારી પત્ની એટલે મારી જાનેમન. મારી જાનેમન એટલે મારું એક્ટિવા. પત્નીનો જાનેમન એટલે તેનો પ્રેમી. મારી પત્ની મારા એક્ટિવા પર સવાર થઇને તેના પ્રેમીને મળવા જતી હતી. મને તેણે છૂટાછેડા આપી દીધા. મેં તેનો બદલો લેવા માટે એક પછી એક મળીને અઢીસો એક્ટિવાની ચોરી કરી છે. ચોરેલ એક્ટિવા વેચતો નથી, પરંતુ,, તેને સળગાવી દઉં છું. આ રીતે પત્નીની બેવફાઈનો બદલો લઉં છું. ક્યાંય પણ હું એક્ટિવા જોઉં છું એટલે મેરા ખૂન ખોલને લગતા હૈ. હું માસ્ટર કીથી એક્ટિવા ચાલુ કરી એક્ટિવાની ચોરી કરી લઉં છું...' ઉત્તમે વટાણા વેરી દીધા. ઉત્તમે ભગવાન પરશુરામની જેમ પૃથ્વીને ન એક્ટિવા કરવાનું પણ પ્રણ લીધું છે એમ પણ જાણવા મળ્યું.

મેં ઉત્તમ સાથેનો ઇન્ટરવ્યૂ પૂરો કરીને બહાર નીકળી મારું એક્ટિવા શોધવા આમતેમ ડાફોળિયા માર્યા. મારા એક્ટિવાને ધરતી ગળી ગઇ કે શું? જોકે, પછી મને ખબર પડી કે મારું એક્ટિવા ઉત્તમનો બસો એકાવનમો શિકાર બની ગયેલ. ■

## ૪. ધાર્મીક સંબંધી


|| શ્રી ગોવર્ધન નાથજી વિજયતે ||

**શ્રી ગોવર્ધન નાથજી હવેલી (વાશી)**

| વધાઈ | **છપ્પન ભોગ દર્શન** | વધાઈ |

**સોમવાર તા. ૨૬ જાન્યુઆરી ૨૦૨૬**

સમય સાંજે ૪ થી રાત્રે ૧૦ વાગ્યા સુધી

સ્થળ: શ્રી ગોવર્ધનનાથજી હવેલી, સેકટર- ૨૯, વાશી

આ અલૌકિક દર્શન તથા મહાપ્રસાદનો લાભ લેવા વૈષ્ણવોને ભાવભર્યું આમંત્રણ

મહાપ્રસાદની વ્યવસ્થા બાજુના ગ્રાઉન્ડમાં રાખેલ છે

(બી-૧૭૦૨૩)


## ૯. લગ્ન સંબંધી

■ ખુશહિત મેરેજબ્યુરો યોગ્ય જીવનસાથી માટે સંપર્ક ઉર્મિલાબેન-8879576963. (દહેજ નહીં.). (૭૪૯-સી)

**યુવક**

Born Oct' 92, 5'8" DENTIST MDS Well Settled in Mumbai, handsome Pure Vegetarian નિર્વ્યસની યુવક (વૈષ્ણવ ધર્મમાં માનતા) માટે સંસ્કારી ગ્રેજ્યુએટ કન્યાના વડીલો સંપર્ક કરે. 9870155575/ 9892864570. (દહેજ નહીં). (એસડીબી-૩૦૬૬)

■ એમ.બી.એ. 1981 બિઝનેસ ધરાવતી ઈન્ટેલિજન્ટને વેલસેટ બિઝનેસમેન આવકાર્ય 9920817551. (દહેજ નહીં). (૭૬૦-ઈ)

■ બી.કોમ. વેલસેટ 1977 બિઝનેસ ધરાવતા જૈનને સંસ્કારી કન્યા આવકાર્ય 9920817551. (દહેજ નહીં). (૭૬૦-ઈ)

## ૯. લગ્ન સંબંધી

■ ઘાટકોપરમાં 1981 બી.કોમ. ફેકટરી ધરાવતા વેલસેટને સંસ્કારી કન્યા આવકાર્ય 9920817551. (દહેજ નહીં). (૭૬૦-ઈ)

**SAPTPADI**

**Highly Qualified Jain, Vaishnav, Gujarati, Candidates. "Neela Sheth" - 9833676409 / 7045657510. (No Dowry) (724-A)**

## ૧૦. મહિલાઓ માટે

**મહેમાનોનો ઉતારો**

લગ્નપ્રસંગના બોરીવલી/ કાંદિવલીમાં AC ફુલ્લી ફર્નિશ્ડ - બાપલી બંગલો. 9821112796. (૭૬૦-સી)

# મુંબઈ સમાચાર ના ઓથોરાઈઝ્ડ ક્લાસિફાઈડ ડેપો લીસ્ટ

MIRA ROAD
ASHANSHI ADVERTISING & PRESS RELATION
Tel: 28114235 / 28114295 / 28553722

DAHISAR
KENIA AD AGENCY
Tel: 28905993,28925993

BORIVALI
EXPRESS ADVTG. AG.
Tel. :9820401077/ 9820401099/ 28339977.
KOKISHA ADVERTISING
Tel.: 28950139 / 28932877
Mobile: 9820200500.
SHREE VERSATILE
Tel: 022-28993348 / 022-28993349
TENDER ADS.
Tel.: 28902057/28918881 / 28901049.
Mobile: 9821112796.

KANDIVALI
ARIHANT ADVERTISING
Tel: 28627468/28626679.
Fax: 28631357.
GAYATRI PUBLICITY CO.
Tel: 28055819/32508525.
NEW BOOM ADS.
Tel: 9821153364/9322232712
PRANAV PUBLICITY
Tel.: 28693300/9820295421/ 9820006816
Tele Fax: 28685505/28646115
JEET ADVERTISING AGENCY
Tel: 9820006816/ 28989990
Tele Fax: 55713747.
VIKSON ADVERTISING AGENCY
Tel: 28645005.
Fax: 28644004.

MALAD
SIGNATURE ADVERTISING
Mobile: 9820489442 / 9819454050
SHRADDHA PUBLICITY
Tel: 28880404.
Mobile: 9224674744
SYNERGY ADVERTISING
Tel.: 8169644470/9820735565 9029101801
YASHI ADVERTISING
Mobile: 9820855578/ 9820877810/ 28898297.
Tel.: Fax: 2807 8255
NOBLE PUBLICITY SERVICE PVT. LTD.
Tel: 28881426/28897301.
Fax: 28897567.

GOREGAON
ASHUTOSH LEGEND MULTI-MEDIA P. LTD.
Tel: 28779143, 28742201
Tel. Fax: 28741360.
ADRESULT SERVICES
Tel: 28726291
Tel. Fax: 28762157.
SHARK ADVERTISING PVT.LTD
Tel: 26863587 / 26863597
Mobile: 9820223503
SHREE REKHA AGENCY
Tel: 29275033/ 9819099563
S. ARTS ADVERTISING
M: 8356803979/ 9867615899

JOGESHWARI
TECHNO-KRATS ENTERPRISES
Tel. Fax: 2679 5549.

ANDHERI
PRIME PUBLICITY SERVICE
Tel: 56771190/26839686.
Tel. Fax: 26830304
FAMS ADVERTISER
Tel: 26715389/64173276
SMART ADVERTISERS
Mobile: 9322006833
Tel. Fax: 26846833.
LOKHANDWALA ADVERTISING
Tel: (022) - 46732289
Tele. Fax: 26316960

VILE PARLE
MEHTA ADVERTISING AGENCY
Tel: 26711896, 9821522195
HINDUSTAN ADVERTISING & MARKETING
Tel. 26146229, Mob: 9869577941

SANTACRUZ
URS PUBLICITY
Tel: 26177838. Mobile: 9869088972.

KHAR
KIRTI AGENCIES
Tel: 26047542. Tel Fax: 26053675

MAHIM
CHARUDATTA ADVERTISING
Tel: 24221461. Fax: 24316482.

MATUNGA (C.R.)
PREVIEW ADS & DESIGNS
Tel: 24033462/32509565.
Fax: 24024313.

DADAR
B.Y. PADHYE PUBLICITY SERVICE
Tel: 24229241.

TARDEO
SARJAN ADVERTISING CO.
Tel: 66626983/66602032

OPERA HOUSE
Lemon Star Advertising Agency
Tel: 49711349, M-9323225769

GIRGAON
KAIRLEEN ARTS.
Tel: 23866072 / 23891317
Mobile: 9324945454 / 9892097470

BHULESHWAR
KHOOSHI CREATIONS
Mobile: 9869000624, 7977013553
Tel. 22425899.

BYCULLA
COLOR SPOT
Tel: 23748048/23714748
Tel. Fax:23732511.
TAJ PUBLICITY SERVICES
Tel: 23054894/23052149
Tel Fax: 23079854.

ABDUL REHMAN ST.
GANESH ADVERTISERS
Tel: 23429163/23414596.

C. S. M. T.
JAYA ADVERTISING PVT. LTD.
Tel: 22070382/ 22072500

KALBADEVI
P. V. ADVERTISER
Tel: 26768888
Fax: 26790755

NARIMAN POINT
FCA COMMUNICATION
Tel: 22824213.

MARINE DRIVE
PARTH ADVERTISING & MARKETING
Tel: (022) 35948193
Mobile: 9820689070

THANE
HEM-HIRA PUBLICITY
Tel: 32935537
Tel. Fax: 25360269
Mobile: 9869489269

MULUND
MAHESH ADVERTISING AND DESIGNING
Tel: 25916735/2469.
Tel. Fax: 25682469.
PARESH ADVERTISING SERVICE
Tel: 25618851/25614505.
Mobile: 9820391544
SMITE PUBLICIZE
Tel: 022 - 25609674 - 25612007
Mobile: 9821364422 / 9324811105

GHATKOPAR
MARISHA COMMUNIQUE
Tel: 21022286
Tel.Fax: 21023498
ROYAL ADVERTISERS
Mobile: 9819995622/ 9819175581
Tel: 21026993
SMIT ADVERTISING
Mobile: 9821038260 / 9320038260
SINGHAL PUBLICITY
Tel: 55758001/25966504.
Fax: 25131327.
K PARTH PUBLICITY
Ph. 25010606/25103939
Mob.- 9819116116

VIDYAVIHAR
GAUTAM ADVERTISING
Mobile: 09821054179/ 08080453839.

CHEMBUR
AGARWAL ASSOCIATES
Tel: 25290741
Tel. Fax:25230002.
Mobile: 9004055773/4/6/2

BHAYANDER (EAST)
WHITE ADVERTISING
Tel: (0) - 28171216, 65229804
Mobile: 9324545986

NALLASOPARA (EAST)
RUTURAJ ADVERTISING AGENCY
Tel: 9082826024 / 9819760130, 9773082684

VIRAR (EAST)
AAKAR PUBLICITY
Mobile: 9768110020 / 9892780722

## ૧૨. યાત્રા સહેલગાહ

**શ્રીગણેશ યાત્રા**

અયોધ્યા, કાશી, પ્રયાગ, પશુપતિનાથ, કાટમાંડુ, પોખરા, ચિંતવન, દિવસ-૧૩, ઉપડશે ૨૮ માર્ચ પોતાનું રસોડું. ૯૮૨૦૧૬૪૦૦૭/ ૯૮૯૨૨૬૮૬૬૭. (૭૫૪-ડી)

**કુદરતના ખોળે ડુંગરની ટોચે**

**શ્રી મલ્લીનાથ જૈન તીર્થ કોસબાડ (દહાણુ), કુદરતના સાંનિધ્યમાં મૂળનાયક શ્રી મલ્લીનાથદાદાની સેવા-પૂજા કરવા માટે પધારો. ઉત્તમ ભોજનશાળા, ધર્મશાળા વગેરેની વ્યવસ્થા છે. (૫૦ વ્યક્તિઓ માટે સિદ્ધચક્ર પૂજન ફકત ₹ 28500/- ના નકરામાં બપોરના જમવા સાથે ભણાવવાની વ્યવસ્થા રાખેલ છે.) બુકિંગ માટે સંપર્ક: પુનમબેન 9226297975, 8308676398. (એસડીબી-૩૦૫૯)**

**વ્રજ અયોધ્યા**

કાશી 23/3 થી 2/4 એસી પેકેજ કથા સાથે 18000, 9 દિવસ. 9870122631. (૫૨૦-સી)

## ૧૪. નોકરી ખાલી છે

**ફીમેલ**

**હાર્ડવેર શોપ સ્વતંત્રપણે સંભાળવા લેડી (9.00 - 2.30 / 2.30 - 8.00) - 7000/- રવિવાર ચાલુ, દહિસર:- 9820120537. (૬૯૮-એ)**

**તક**

ફાઈનાન્સ સલાહકાર કામ - સમય સુવિધા તમારા મુજબ:- 8879985966 / 9320132162. (૬૨૨-એ)

**OPPORTUNITY**

For Retires, Pensioners, Sr. Citizens, Flexible Hours. Good Pay + Incentives:- 9867621481. (754-A)

**VALUE PROPERTIES REAL ESTATE**

**Broking Requires in Age (25-45) Calling Executives Language any 2 must Marathi, Hindi, English, Gujarati, Prior experience of Credit Cards, Insurance, BPO Callers, Home Loans, will be advantage, Only Long Term Candidate Apply for Locations Sewri, Dadar E-W, Mahim, Base Salary + Incentives Priyankit +918976954472. (B-16939)**

## ૧૭. જગ્યા આપવી છે

**ઘાટકોપર (ઈસ્ટ)**

૨ બેડરૂમ, હોલ, કિચન, ફુલ્લી ફર્નીશ્ડ, હાયર ફ્લોર, ભાડેથી. બ્રોકર- 9323030141, 8169019857. (૭૫૬-એ)

**અંધેરી (ઈસ્ટ) વેચાણથી**

અનામિકા બિલ્ડિંગ – સ્ટેશન પાસે રેડી પઝેશન OC સાથે, 1.5 BHK - 546' - 2.17 Cr./ 2 BHK - 620' - 2.45 Cr./ 2 BHK - 711' - 2.75 Cr./ 2 BHK - 721' - 2.85. Cr./ 3 BHK - 917' - 3.60 Cr. (પાર્કિંગ, સરકારી ટેક્સ, સોસાયટી ચાર્જીસ સમાવેશ) ''નવકાર રીઅલ એસ્ટેટ'' - 9769542916. (જેપી-૪૫૪૦-જી)

**જુહુ**

3 BHK, 1450' કાર્પેટ, ભાડેથી. 8850666935. (બી-૧૭૦૦૧)

**વિલેપાર્લા**

2 બેડરૂમ, 3 બેડરૂમ, 700' અને 1000' કાર્પેટ ભાડેથી- 8850666935. (બી-૧૭૦૦૦)

**ઘાટકોપર**

ફ્લેટ, ઓફિસ, દુકાન ભાડે/ વેચાણથી લેવા/ વેચવા રમેશ નિમાવત 9320571016 - 9082933313. (૭૦૬-એ)

**વહેલો તે પહેલો**

મલાડ (ઈસ્ટ) 3 બેડરૂમ વેચાણથી, OC સાથે, All માસ્ટર બેડરૂમ, ફુલ્લી ફર્નિશ્ડ, હાયરફ્લોર, 2 પાર્કિંગ, જોતા જ ગમી જાય તેવો, હવેલી દેરાસર સ્ટેશન નજીક, પોદ્દાર રોડ, 2.50 કરોડ નેગોશિયેબલ Joshi Estate 9967664729. (જેપી-૪૫૪૨-સી)

**અંધેરી (ઈસ્ટ)**

**સ્ટેશન/ મેટ્રોની પાસે ૨ બેડરૂમના ફ્લેટો રેડી પઝેશનમાં (૩ વિંગમાં ટેરેસ ઉપર એમેનીટીઝ) વેચાણથી. જીગર પારેખ 9833424281. (એસડીબી-૩૦૪૭)**

**વિલેપાર્લે (વેસ્ટ)**

બજાજ રોડ, સ્ટેશન નજીક, 2 બેડ-736 કારપેટ, 3 બેડ - 934 કારપેટ, પઝેશન નજીક, Boutique બિલ્ડીંગ જીમ અને રુફ ટોપ ગાર્ડન સાથે. Call - 9136663063. (૬૫૯/ઈ)

**જુહુ**

શીવશક્તિ, 10મો રોડ, 2 BHK, 1100' કાર્પેટ, ભાડેથી- 9833766747. (૫૧૨-એ)

## ૧૭. જગ્યા આપવી છે

**જુહુસ્કીમ**

ગુલમહોર રોડ, 3/4 બેડ, 1400થી 5000 કારપેટ, એકસકલુસિવ બિલ્ડીંગ, અંડર કન્સ્ટ્રકશન, લેવા-વેચવા Jigar - 9820511575. (૬૫૯/સી)

**અંધેરી (વેસ્ટ)**

લલ્લુભાઈ પાર્ક, 2/3/4 BHK, રેડી અંડર કન્સ્ટ્રકશન, એમેનીટીઝ જીમ, બેંકવેટ હોલ, સ્વીમીંગ પુલ દેરાસર સાથે, પાર્ક નજીક વેચાણથી. Jigar - 9820511575. (૬૫૯/એ)

**વિલે - પારલા (વેસ્ટ)**

**૨ / ૩ / ૪ બેડરૂમના ફ્લેટો આઉટરાઈટથી / ભાડેથી / લેવા / વેચવા. 9004219776. (૭૫૧-એ)**

■ વડોદરા સનફાર્મા રોડ પર 2 બેડરૂમ હોલ (કિચન પાર્ટલી ફર્નિશ્ડ) સાથેનો ફ્લેટ ૩જે માળે વેચવાનો છે. લીફટ છે. કોન્ટેક્ટ. ૯૮૨૫૮૯૧૭૧૦. (બી-૧૭૦૨૪)

**હરીદાસ નગર - બોરીવલી (વેસ્ટ)**

**૨ બેડરૂમ, ૬૭૫' કાર્પેટ, વેસ્ટ ઓપન, વાસ્તુ પ્રમાણે @ ૧.૮૫ કરોડ. કાપડિયા - 9833115909, 022 - 28996187. (૭૫૮-બી)**

**ગાંજાવાલા રોડ - બોરીવલી (વેસ્ટ)**

**૨ બેડરૂમ - ૫૬૧' કાર્પેટ, ૧૧મે માળે (૧૫મે માળે), સ્ટેશનથી ૫ મીનીટ, ફૂલ હવાઉજાસવાળો, ફુલ્લી ફર્નિશ્ડ ફ્લેટ, વાસ્તુને અનુરૂપ (૧.૯૫ કરોડ) - કાપડિયા - 9833115909, 022 - 28996187. (૭૫૮-એ)**

**ડીબી લિન્ક રોડ - કાંદિવલી (વેસ્ટ)**

**૨ બેડરૂમ, હાયર ફ્લોર, ઓર્ચિડ સબર્બિયા, ફુલ્લી ફર્નિશ્ડ, હવાઉજાસવાળો, વાસ્તુને અનુરૂપ, બધી જ એમેનિટિઝ (રેડી પઝેશન). @ ૨.૫૦ કરોડ. કાપડિયા - 9833115909, 022 - 28996187. (૭૫૮-એ)**

■ સ્પેશ્યાલીસ્ટ ચિંતનભાઈ GHATKOPAR, VIDYAVIHAR, CHEMBUR, વેચાણથી/ ભાડેથી, RESIDENTIAL, COMMERCIAL. 9321234567. (૭૦૧-એ)

**બોરીવલી (વેસ્ટ)**

**3 બેડરૂમ ચંદાવરકર રોડ, ૮૦૦' નવાજ ટાવરમાં હાયર ફ્લોર, દેરાસર પાસે. 9321989026. (૭૪૩-સી)**

**મુલુન્ડ (વેસ્ટ)**

2 BHK, 705 ચો. ફૂટ અને 3 BHK, 951 ચો.ફૂટ ફ્લેટ સાથે 2 પાર્કિંગ પોડિયમ પર વેચાણ માટે. વાલજી લધા રોડ, સંપર્ક - 9930333456 (P51800055546) (એસડીબી-૩૦૫૫)

**ઘાટકોપર**

**ફ્લેટ/ ઓફિસ/ દુકાન/ ગોડાઉન, રેડી પઝેશન/ અંડર કન્સ્ટ્રકશન, લેવા - વેચવા - ભાડેથી ૧૦૦% સોદાની ગેરંટી. ''HOMEALONE PROPERTY'' ભૂપેશ શાહ/ જુગ્નું શાહ - 9833352224. (૭૪૨-એ)**

**ઘાટકોપર ઈસ્ટ-વેસ્ટ**

નીલકંઠવેલી, ૬૦', ૯૦', રાજાવાડી, પંતનગર ૧થી ૫ બેડરુમના ફ્લેટ્સ તૈયાર, બંધાતામાં લેવા-વેચવા ભાડેથી હિતેશભાઈ 9920927958, 9820008003. (૭૩૬-એ)

**કાંદિવલી (વેસ્ટ)**

2 બેડરૂમ 700' કારપેટ, ફર્નિશ્ડ, પાર્કિંગ, 1લો માળ દેરાસરની સામે મહાવીર નગર 2.30 કરોડ-9987233789/ 9967855789. (જેપી-૪૫૪૩-ઈ)

**કાંદિવલી (વેસ્ટ)**

3 બેડરૂમ 970' કારપેટ 14મો માળ, પાર્કિંગ, એસવીરોડ, બિલ્ડિંગને પાંચ વર્ષ થયા છે, 3.15 કરોડ-9987233789/ 9967855789. (જેપી-૪૫૪૩-ડી)

**કાંદિવલી (વેસ્ટ)**

1 બેડરૂમ વેચાણથી 424' કારપેટ, એમજી રોડ, નવા ટાવરમાં હાયરફ્લોર, Ready Possession સંપર્ક A Prop અજય દક્ષિણી 9821695436/ 9699269996. (જેપી-૪૫૪૩-એફ)

**બોરીવલી (વેસ્ટ)**

2 બેડરૂમ વેચાણથી, 885' કારપેટ ફુલ્લી ફર્નિશ્ડ, સરફેસ પાર્કિંગ, Ready Possession સંપર્ક A Prop અજય દક્ષિણી 9821695436/ 9699269996. (જેપી-૪૫૪૩-જી)

**PRABHADEVI, INVESTORS UNITS**

**Sea Views Oceanstar, 4 BHK 1800 cpt 20 Cr. + 2670 cpt 28 Cr. + Possn in Sept 2026 +91 98192 27923 Brokers Excuse. (B-16940)**

## ૧૭. જગ્યા આપવી છે

**PAREL SEWRI**

**Prelaunch Sobha Bldrs, Sattva Bldrs Rustomjee, Lodha Excellent Connectivity Nr. Sewri Worli and Atal Setu. 2, 3, 4 Bed 3.5 Cr., 5.5 Cr., n 10 Cr. onwards. 7 Star Amenities Join Group Bookings Better Pricing +919819227923. (B-16942)**

**WADALA WEST MOST PREMIUM**

**Luxurious 2200 Carpet Deck Flats 13 Cr. Possn 2027, 5 Star Amenities Rooftop Pool/ Club Ready OC Dadar Investors Flats 2100 cpt 10-13 Cr. 2500 cpt 13-16 Cr. Matunga 1 Flat per Floor, 12.5 Cr. Revised to 10.5 Cr. Brokers excuse +919004078342. (B-16797)**

**DADAR - MATUNGA WEST**

**Mega Launches Luxury high rises 2 Bed 2.9 to 3.9 Cr. 3 Bed 4.9 to 5.9 Cr. Pool, Gym, Play Area Get lowest Group Booking Price - 9819016316. (B-16798)**

**PAREL SEWRI BIGGEST**

**New Launches Builder from Bangalore and Dubai now in Mumbai 2, 3 Bed 3.75 and 5.75 cr++ Atal Setu views Plethora of Amenities Pre Register for Group Bookings and Bulk Discount + 91 9819082468. (B-16742)**

## ૧૯. ફેકટરી વર્કશોપ

**■ ઈન્ડસ્ટ્રિયલ પ્લોટ્સ આસનગાંવ - હાઈવે તથા રેલવે સ્ટેશન નજીક ઔદ્યોગિક પ્લોટ્સ ૧૦૦૦ મીટરથી આગળ સંપર્ક: મધુકર ઠક્કર મોબાઈલ 9820016348. (બી-૧૬૯૮૬)**

**વસઈ - કામણ**

**સાતીવલી- વાલીવ- હાઈવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવઘર- ઈન્ડસ્ટ્રીયલ- ગાળા- શેડ- યુનિટ- પ્લોટ- લેવા- વેચવા- ભાડેથી- ગોપીભાઈ- 9326472399 જીતેન્દ્રભાઈ- 9320404145. (૧૫૭૧૨-એ)**

## ૨૦. ધંધાદારી જગ્યા

**ઘાટકોપર (ઈસ્ટ)**

દામજી શામજી કોરપોરેટ સ્કેવર - 10 માળના ભવ્ય ટાવરમાં ઓફિસો, 200'- 2000', ભાડેથી/ વેચાણથી. મયુરભાઈ - 9821147578, 9987254333. (૩૬૮-સી)

**વિલેપાર્લે ઈસ્ટ**

**સ્ટેશન પાસે ૬૦૦' કાર્પેટ, સેલ્ફ કન્ટેન, સેમી ફર્નિશ્ડ ઓફિસ, ૩જે માળે, ફુલ્લી કોમર્શિયલ બિલ્ડીંગમાં લીવલાઈસન્સથી આપવી છે. ૭૫,૦૦૦ ભાડું/ ૫,૦૦,૦૦૦ ડિપોઝિટ. ટ્રાવેલ, એડવોકેટ, આર્કિટેક માટે ઉત્તમ. ઓનર યશ કાણકીયા 9820777095/ 7021154342. (એસડીબી-૩૦૫૮)**

**CHURCHGATE**

Office 230 Carpet Fully Furnished for Sale Jolly Bhavan No. 1 New Marine Lines Whatsup 7021831500. (B-17002)

**GIRGAUM**

One Rent Building Ground Plus two Floors on Main JSS Road having 3 Shops and 6 Residencial Girgaum Mangalwadi for Sale or Redevelopment. Whatsup 7021831500. (B-17003)

## ૨૩. મનોરંજન

**પ્રાર્થના - 6,500/-**

દાંડિયા, સંગીતસંધ્યા, લગ્નગીત, બર્થડે, એનિવર્સરી. કમલેશ માંડલિયા:- 9820889938. (૭૪૭/એ)

**સંગીત સંધ્યા**

**ઓરકેસ્ટ્રા + લગ્નગીત + એન્કરીંગ + કોરિયોગ્રાફી + મિમિક્રી + ગેમ્સ. 9820464530. (૭૩૮-એ)**

## ૩૧. નાણાંકીય

**FUNDING FOR**

NPA, OTS, Real Est. Proj. Difficult Cases, Unsecured, Structured, Order, Import Finance. 25 years exp. financenetwork.in / 9819878744. (718-A)

## ૩૨. જમીન - મિલકત

**ઘોલવડમાં ફાર્મહાઉસ વેચવાનું છે**

ઘોલવડમાં ૧ એકર ૧૦ ગુંઠા એરીયાનું જમીન પરનું ફાર્મ હાઉસ. ફાર્મ હાઉસ ૪૦૦૦ ચો.ફૂટથી વધુનું (ભોયતળીયું + ૨) ખુલ્લા સેન્ટ્રલ પ્રાંગણ સાથે છે. સંલગ્ન શૌચાલય સાથે ૬ એસી. બેડરૂમ છે. મીઠા પાણીના ૧,૧૦,૦૦૦ લિટર્સથી વધુની સંગ્રહ ક્ષમતા સાથે વરસાદના પાણી સંગ્રહ દ્વારા પાણી પૂરવઠો છે. રક્ષણાત્મક વાડ અને ફિલ્ટ્રેશન યુનીટ સાથે ૧૬ ફૂટ વ્યાસ અને ૪ ફૂટ ઊંડો સ્પ્લેશ પૂલ છે. રસ ધરાવતી પાર્ટીઓ કૃપયા સંપર્ક કરો. ૯૮૩૩૧૮૧૧૫૩. (સાંજે ૬ અને ૯ વચ્ચે). (બી-૧૭૦૨૫)

# 'સરકાર વિરુદ્ધ નિર્ણયો આપવા બદલ ન્યાયાધીશોની બદલી યોગ્ય નથી'

### ▸ ન્યાયાધીશ ઉજ્જવલ ભૂઈંઆંએ કોલેજિયમ સિસ્ટમમાં કારોબારીની દખલગીરીની ટીકા કરી

પુણે: સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ જસ્ટિસ ઉજ્જવલ ભૂઈંઆંએ ભૂતપૂર્વ મુખ્ય ન્યાયાધીશ બીઆર ગવઈના કાર્યકાળ દરમિયાન ન્યાયાધીશ અતુલ શ્રીધરનના ટ્રાન્સફર અંગે કોલેજિયમના નિર્ણય પર સવાલ ઉઠાવ્યા છે અને કારોબારી હસ્તક્ષેપની આકરી ટીકા કરી છે. સુપ્રીમ કોર્ટના વર્તમાન ન્યાયાધીશે ભૂતપૂર્વ ચીફ જસ્ટિસ બી. આર. ગવઈના કાર્યકાળ દરમિયાન લેવાયેલા કોલેજિયમના નિર્ણય પર ગંભીર પ્રશ્નો ઉઠાવ્યા છે.

આ મામલો મધ્યપ્રદેશ હાઈકોર્ટના ન્યાયાધીશ જસ્ટિસ અતુલ શ્રીધરનના ટ્રાન્સફર સાથે સંબંધિત છે, જેમને એમપી હાઈકોર્ટથી અલ્હાબાદ હાઈકોર્ટમાં ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા. આ નિર્ણયથી વિવાદ થયો જ્યારે ભૂતપૂર્વ સીજેઆઈ બી. આર. ગવઈએ જણાવ્યું કે જસ્ટિસ શ્રીધરનની ટ્રાન્સફર કેન્દ્ર સરકારની વિનંતી પર કરવામાં આવી હતી. ન્યાયાધીશ ઉજ્જવલ ભૂઈંઆંએ આને કોલેજિયમના નિર્ણયોમાં સરકારી પ્રભાવ ગણાવ્યો હતો. ન્યાયાધીશે એવો સવાલ કર્યો હતો કે શા માટે એક ન્યાયાધીશને એક હાઇકોર્ટમાંથી બીજી હાઇકોર્ટમાં ટ્રાન્સફર કરવા જોઈએ કારણ કે તેઓ સરકારને અસુવિધાજનક નિર્ણયો આપે છે. તેમણે સવાલ કર્યો કે શું આનાથી ન્યાયતંત્રની સ્વતંત્રતા પર અસર નહીં પડે અને કોલેજિયમ સિસ્ટમની નિષ્પક્ષતા અને વિશ્વસનીયતા પર સવાલો ઉભા થશે.

'ન્યાયાધીશોની બદલી અને પોસ્ટિંગ એ ન્યાયતંત્રનો વિષય છે,' એમ તેમણે કહ્યું હતું.

તેમણે કહ્યું હતું કે જ્યારે કોલેજિયમ પોતાના ઠરાવમાં નોંધે છે કે કેન્દ્ર સરકારના ઇશારે ન્યાયાધીશની બદલી કરવામાં આવી હતી, ત્યારે તે બંધારણીય રીતે સ્વતંત્ર ગણાતી પ્રક્રિયામાં કારોબારી દખલગીરીનો પર્દાફાશ કરે છે. તેમણે સ્પષ્ટપણે જણાવ્યું હતું કે હાઇકોર્ટના ન્યાયાધીશોની બદલી અને પોસ્ટિંગ સંપૂર્ણપણે ન્યાયતંત્રનો વિષય છે અને સરકાર તેમાં કોઈ ભૂમિકા ભજવી શકે નહીં. આ ફક્ત ન્યાયના સારા વહીવટ માટે હોવું જોઈએ. ■

# શિક્ષકના પદો અંગે રાજ્ય સરકારના ઠરાવને પડકારતી અરજી પર મહારાષ્ટ્રને સુપ્રીમ કોર્ટની નોટિસ

નવી દિલ્હી: વિદ્યાર્થીઓની સંખ્યાને આધારે શિક્ષકના પદો મંજૂર કરવાના માપદંડમાં ફેરફાર કરવા અંગેના માર્ચ ૨૦૨૪ના સરકારી ઠરાવને પડકારતી અરજી પર મહારાષ્ટ્રનો જવાબ માગ્યો છે. સિંધુદુર્ગ જિલ્લા શિક્ષણ સંસ્થા ચાલક મંડળ દ્વારા દાખલ કરાયેલી અરજી પર ન્યાયાધીશ પી.એસ. નરસિંહા અને આલોક આરાધેની બેન્ચે રાજ્ય સરકાર, શિક્ષણ કમિશનર અને અન્ય લોકોને નોટિસ પાઠવી છે. પિટિશનમાં એવો દાવો કરવામાં આવ્યો હતો કે વિદ્યાર્થી-શિક્ષક ગુણોત્તરના સંદર્ભમાં બહાર પાડવામાં આવેલો આ સરકારી ઠરાવ (જીઆર) શિક્ષણ અધિકાર અધિનિયમ, ૨૦૦૯ની નીતિ અને યોજનાની વિરુદ્ધ છે.

૧૫ માર્ચ, ૨૦૨૪ના જીઆરમાં મહારાષ્ટ્ર રાજ્યમાં પ્રાથમિક, ઉચ્ચ પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં વિદ્યાર્થીઓની સંખ્યાના આધારે શિક્ષકોની જગ્યાઓ મંજૂર કરવાના માપદંડમાં ફેરફાર કર્યા હતા.

'આ જીઆરનું પરિણામ એવું આવ્યું છે કે જે શાળાઓમાં વિદ્યાર્થીઓ ચોક્કસ સંખ્યાથી વધુ નથી, ત્યાં ઘણા વર્ગો માટે ફક્ત એક જ મંજૂર શિક્ષક હશે,' એમ એડવોકેટ અજિત પ્રવીણ વાઘ દ્વારા દાખલ કરવામાં આવેલી પિટિશનમાં જણાવવામાં આવ્યું હતું.

આ અરજીમાં દાવો કરવામાં આવ્યો હતો કે આ જીઆરના પરિણામે ઓછા વિદ્યાર્થીઓ ધરાવતી ઘણી શાળાઓ/ પડોશની શાળાઓ બંધ કરવામાં આવશે, જે આરટીઈ કાયદા ૨૦૦૯ના ઉદ્દેશ્યને નકારી કાઢશે. ■

## ૩૩. ધંધાદારી

**લગ્ન ગિફ્ટ**

તદ્દન નવી આવેલી ગિફ્ટ તથા નોવેલ્ટી આઈટમો હોલસેલ ભાવે. 9892930331. (બી-૧૬૯૫૧)


રીયલ ટેસ્ટ, પ્યોર ક્વોલીટી

**VINIDA'S®**

સ્વાદિષ્ટ ચટણી, સોસ, સ્પ્રેડ, ડેઝર્ટ સોસ

મીઠી ચટણી, ફુદીના સોસ (પાણીપુરી), તીખી ચટણી અને જૈન તીખી, હોટ ગાર્લીક સોસ, ચાટ ચટણી, ડેઝર્ટ સોસીસ (આઈસ્કીમ ટોપિંગ), સેન્ડવીચ સ્પ્રેડ, પિકાંટે (પીત્ઝા સોસ),

દરેક ટ્રેડીશનલ ચટણી, સ્પ્રેડ, ડેઝર્ટ સોસ, મુંબઈ, થાણે, વાશી, પુના, નાશિક, ગુજરાત, હૈદરાબાદ, ચૈનાઈ અને બેંગલોરનાં અગ્રગણ્ય ડ્રાયફ્રુટ, જનરલ પ્રોવિઝન સ્ટોર્સ અને સુપર-સ્ટોર્સમાં મળશે.

Mother & our Choice: Healthy & Tasty Choice*

M: 7977174474, 7506953328

www.naramsfood.com

વેપારિક પૂછ-પરછ આવકાર્ય

(એસડીબી-૩૦૧૩)


**''પ્રતાપ પેકર્સ-મુવર્સ''**

52 વર્ષથી ઓફિસ/ઘરસામાન, ફેરવવા- ૯૮૨૧૦૭૦૩૨૦, ૯૮૨૧૫૪૩૮૧૬, ૨૩૪૮૧૬૪૭. લલિતભાઈ ઠક્કર. (એસએ/૨૬૨૧-એ)

## ૩૫. જ્યોતિષ ભવિષ્ય

**વૈદિક જ્યોતિષ સંસ્થાન (રજી.)**

**જ્યોતિષ, હસ્તરેખા, વાસ્તુશાસ્ત્ર તથા સ્વરજ્ઞાનનો વિસ્તૃત ત્રીવર્ષીય સર્ટીફીકેટ અભ્યાસક્રમનાં ગુજરાતી તથા હીન્દીનાં નિ:શુલ્ક શિક્ષણના વર્ગો મલાડ તથા બોરીવલીમાં, જાન્યુઆરી ૨૦૨૬થી પ્રારંભ. રજિસ્ટ્રેશન કરવું અનિવાર્ય છે. સંપર્ક: આચાર્ય અશોકજી 93222 61709. (૭૧૨-એ)**

## ૩૫. જ્યોતિષ ભવિષ્ય

**જ્યોતિષ અંકવિજ્ઞાન**

**વિવાહ, વ્યવસાય, નોકરી, નાણાંકીય સમસ્યાઓ માટે ચોક્કસ માર્ગદર્શન, જન્મકુંડળી વિશ્લેષણ. 7738679611. (સાંતાક્રુઝ). (૭૪૩-એ)**

## ૫૨. કુરીઅર્સ

**મનસ્વી પાર્સલ**

યુરોપ, અમેરિકા, ન્યુઝીલેંડ, ઓસ્ટ્રેલિયા, કેનેડા, દુનિયાભરમાં સસ્તામાં મોકલવા. ૯૮૨૦૧૯૪૭૧૯, ૭૨૦૮૦૧૯૫૧૫. (૧૫૯૭૫-એ)

**ફોરેન**

પાર્સલ માટે એકમાત્ર જુનુ વિશ્વસનીય નામ રમેશભાઈ- 9702251440 / 9224320626. (બી-૧૬૮૩૫)


**મુંબઈ સમાચાર**

વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.

email id for advertisement: samacharadvt@gmail.com



DAHISAR (W) YASHWANT HEIGHTS OPP STATION & TICKET WINDOW

1 BHK ₹1.08 CR+

2 BHK ₹1.25 CR+

3 BHK ₹1.91 CR+

SCHEME 80 % now 20% on possession

90% Work Completed

Project is Financed by: SWAMIH INVESTMENT FUND I

Site: 99305 73939 / 99306 69211





(B-16926)



**વૈદિક જ્યોતિષ સંસ્થાન** રજી.

નિ:શુલ્ક શિક્ષણ જ્યોતિષ, હસ્તરેખા, વાસ્તુશાસ્ત્ર તથા સ્વરજ્ઞાનનો વિસ્તૃત ત્રિવર્ષીય સર્ટિફિકેટ કોર્સ. અભ્યાસક્રમ. ગુજરાતી હીન્દી

જાન્યુઆરી ૨૦૨૬ થી નવા વર્ગોનો પ્રારંભ.

શનિવાર ૪ થી ૬ આનંદીબાઈ કાલે કોલેજ, સાઈબાબા નગર, બોરીવલી(વે). રવીવાર ૯ થી ૧૧ નગીનદાસ ખાંડવાલા કોલેજ, એમ. કે. ઈ. એસ (એન. એલ.), પાંચમે માળે, ગેટ નં: ૩, ભાદરણ નગર, એસ. વી રોડ, મલાડ (વે). સોમવાર સાંજે ૭ થી ૯ બોરીવલી ના સરનામે.

અભ્યાસના કેન્દ્રો બોરીવલી મલાડ

આચાર્ય અશોકજી 93222 61709

• www.vedicjyotishsansthan.com • vjtvv1@gmail.com

પ્રવેશ માટે અગાઉથી ફોન ઉપર રજિસ્ટ્રેશન કરવું અનિવાર્ય છે.

જ્યોતિષ શીખો.. સ્વ અને લોકનું કલ્યાણ કરો !

(બી-૧૬૮૬૬)

## મુંબઈ સમાચાર ક્લાસિફાઈડ ધમાકા

આપના ઉત્તમ પ્રતિસાદને ધ્યાનમાં લઈ હવે ૩૧મી માર્ચ, ૨૦૨૬ સુધી વિશેષ સ્કીમમાં ક્લાસિફાઇડ જાહેરાત નોંધાવો અને

**વધારાની એક જાહેરાત મફત મેળવો**

તેમજ ઉપરોક્ત મુદત દરમ્યાન બધી જ ક્લાસિફાઇડ ડિસ્પ્લે જાહેરાતો (કલર અથવા B/W) સ્કીમનાં સ્પેશિયલ ભાવ

**રૂ. ૧૦૦/- પ્રતિ સ્કે. સે.મી.** માં મેળવો

* ક્લાસિફાઇડ અને ક્લાસિફાઇડ ડિસ્પ્લે પર વધારાની મફત જાહેરાતની આ ઓફર લાગુ કરાશે.
* વધારાની મફત જાહેરાત કોઇપણ દિવસે છપાવી શકાશે.
* અન્ય બધા જ ભાવ અને નિયમો યથાવત રહેશે.

૧લી મે, ૨૦૧૩થી અમલમાં

**ક્લાસિફાઈડ રેટ કાર્ડ**

ડેઈલી અને વીકલી

**ખાસ નોંધ:** તમામ જાહેરખબરો નીચે દર્શાવેલ ભાવ અને શરતો પર સ્વીકારાશે

| | | |
|---|---|---|
| ગુજરાતી અને અંગ્રેજીમાં | રૂા. ૧૫૦ મિનિમમ (મિનિમમ ૧૦ શબ્દ) (મેક્સીમમ ૧૦૦ શબ્દ) | રૂા. ૧૫.૦૦ શબ્દ દીઠ |
| સંપૂર્ણ બોલ્ડ | રૂા. ૨૦૦ મિનિમમ | રૂા. ૨૦.૦૦ શબ્દ દીઠ |
| સબ હેડિંગ (બોલ્ડ) | (મેક્સીમમ ૪ શબ્દ) | રૂા. ૨૦.૦૦ શબ્દ દીઠ |
| ક્લાસિફાઈડ ડિસ્પ્લે B/W | (મિનિમમ ૨૧ સ્કે. સે.મી.) | રૂા. ૨૦૦.૦૦ દર સ્કે. સે. મી. |
| ક્લાસિફાઈડ ડિસ્પ્લે Colour | (મિનિમમ ૨૧ સ્કે. સે.મી.) | રૂા. ૩૦૦.૦૦ દર સ્કે. સે.મી. |

ક્લાસિક બોનાન્ઝા સ્કીમ ક્લાસિફાઈડ અને ક્લાસિફાઈડ ડિસ્પ્લે માટે

૧લી મે, ૨૦૨૫ થી ૩૦મી એપ્રિલ, ૨૦૨૬ સુધી

**સ્કીમ***

| ચુકવણી થયેલ જા.ખ. | સમય મર્યાદા |
|---|---|
| ૪ | ૩૦ દિવસ |
| ૭ | ૪૫ દિવસ |
| ૧૫ | ૭૫ દિવસ |
| ૨૩ | ૯૦ દિવસ |
| ૩૯ | ૧૬૫ દિવસ |
| ૫૭ | ૨૦૦ દિવસ |
| ૮૩ | ૨૩૦ દિવસ |
| ૧૨૨ | ૨૮૦ દિવસ |
| ૧૮૦ | ૩૮૫ દિવસ |
| ૩૭૦ | ૪૭૫ દિવસ |

* શરતો લાગુ


# અન્ડર-૧૯ વર્લ્ડ કપમાં ભારત વિરુદ્ધ પાકિસ્તાન

## ભારતે શનિવારે ન્યૂ ઝીલૅન્ડને સાત વિકેટે હરાવ્યું: કૅપ્ટન મ્હાત્રેના છ છગ્ગા, બે ચોગ્ગા

હરારે: ભારતની નૅશનલ ટી-૨૦ ટીમે શુક્રવારે રાયપુરમાં ન્યૂ ઝીલૅન્ડને ઇશાન કિશન (૭૬ રન) અને સૂર્યકુમાર યાદવ (૮૨ અણનમ)ના ધમાકેદાર પર્ફોર્મન્સથી હરાવી દીધું ત્યાર બાદ હવે અન્ડર-૧૯ વર્લ્ડ કપમાં પણ ભારતના હાથે ન્યૂ ઝીલૅન્ડે પછડાટ ખાવી પડી છે. ન્યૂ ઝીલૅન્ડને હરાવનાર આયુષ મ્હાત્રેની ટીમ પહેલી ફેબ્રુઆરીએ સુપર-સિક્સીસ રાઉન્ડમાં પાકિસ્તાન સામે ટકરાશે. એ મહા મુકાબલો બપોરે ૧.૦૦ વાગ્યે શરૂ થશે.

શનિવારે ન્યૂ ઝીલૅન્ડની જુનિયર ટીમને માત્ર ૧૩૫ રનમાં ઑલઆઉટ કર્યા પછી ભારતને ડકવર્થ/લુઇસ મેથડ મુજબ ૩૭ ઓવરમાં ૧૩૦ રન કરવા કહેવામાં આવ્યું હતું.

ભારતીય જુનિયર ટીમે કૅપ્ટન આયુષ મ્હાત્રે (૫૩ રન, ૨૭ બૉલ, છ સિક્સર, બે ફોર) અને વૈભવ સૂર્યવંશી (૪૦ રન, ૨૩ બૉલ, ત્રણ સિક્સર, બે ફોર)ના મોટા યોગદાનની મદદથી માત્ર ૧૩.૩ ઓવરમાં ત્રણ વિકેટના ભોગે ૧૩૦ રન કરીને સાત વિકેટના તફાવતથી (૧૪૧ બૉલ બાકી રાખીને) વિજય મેળવ્યો હતો.

એ પહેલાં, ન્યૂ ઝીલૅન્ડને ૧૩૫ રનમાં આઉટ કરાવવામાં બે પેસ બોલર આર. એસ. અંબરિશ (૨૯ રનમાં ચાર વિકેટ) અને વલસાડના હેનિલ પટેલ (૨૩ રનમાં ત્રણ વિકેટ)ની સૌથી મોટી ભૂમિકા હતી. મોડાસાના ખિલન પટેલ તેમ જ મોહમ્મદ એનાન અને કનિષ્ક ચૌહાણે એક-એક વિકેટ લીધી હતી.

# સર ડૉન બ્રૅડમૅનની આખરી મૅચ અને છેલ્લી સેન્ચુરી સ્કૉટલૅન્ડમાં!

## યુરોપનું સ્કૉટલૅન્ડ અગાઉ આઠ વર્લ્ડ કપ રમી ચૂક્યું છે: હવે બાંગ્લાદેશનો 'આભાર' માનતું હશે

ઍબર્ડીન (સ્કૉટલૅન્ડ): બાંગ્લાદેશે મેન્સ ટી-૨૦ વર્લ્ડ કપ માટે પોતાના ખેલાડીઓને ભારત નહીં મોકલવાનો નિર્ણય લીધો એટલે ઇન્ટરનૅશનલ ક્રિકેટ કાઉન્સિલ (આઇસીસી)એ બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડ (બીસીબી)ને ઘણા દિવસ સુધી ફેરવિચારણા કરવાનો મોકો આપ્યા પછી છેવટે બાંગ્લાદેશની ટીમને વર્લ્ડ કપમાંથી કાઢી મૂકી એનો સીધો ફાયદો સ્કૉટલૅન્ડને થયો છે અને હવે સ્વાભાવિક છે કે ક્રિકેટચાહકોની નજર સ્કૉટલૅન્ડના ક્રિકેટ ઇતિહાસ પર રહેશે અને એ સંદર્ભમાં જણાવી દેવાનું કે ઑસ્ટ્રેલિયાના મહાન ખેલાડી સર ડોનાલ્ડ બ્રૅડમૅનનું સ્કૉટલૅન્ડ સાથે બહુ સારું કનેક્શન હતું.

'ધ ડૉન' તરીકે ઓળખાતા સર ડોનાલ્ડ બ્રૅડમૅનનો જન્મ ૧૯૦૮માં ઑસ્ટ્રેલિયાના ન્યૂ સાઉથ વેલ્સમાં થયો હતો. ૨૦૦૧માં ઍડિલેઇડમાં તેમનું ૯૨ વર્ષની વયે નિધન થયું હતું. ક્રિકેટના ગ્રેટેસ્ટ ક્રિકેટર ડૉન બ્રૅડમૅન છેલ્લી ટેસ્ટ-મૅચ ઑગસ્ટ ૧૯૪૮માં ઇંગ્લૅન્ડમાં રમ્યા હતા. ઇંગ્લૅન્ડના એ પ્રવાસેથી પાછા આવતી વખતે ઑસ્ટ્રેલિયાની ટીમે સ્કૉટલૅન્ડમાં થોડા દિવસ મુકામ કર્યો હતો અને એ દરમ્યાન ઑસ્ટ્રેલિયાની ટીમની સ્કૉટલૅન્ડ સામે બે-બે દિવસવાળી બે આંતરરાષ્ટ્રીય મૅચ રાખવામાં આવી હતી. એમાંની બીજી અને છેલ્લી મૅચ બ્રૅડમૅનની છેલ્લી આંતરરાષ્ટ્રીય મૅચ બની હતી. એ મૅચમાં બ્રૅડમૅને ૮૯ મિનિટ સુધી ક્રીઝ પર રહીને બે છગ્ગા તથા ૧૭ ચોગ્ગાની મદદથી ૧૨૩ રન બનાવ્યા હતા અને આઉટ નહોતા થયા. બ્રૅડમૅનની એ આખરી ઇન્ટરનૅશનલ મૅચ હતી જેમાં તેમણે અણનમ સેન્ચુરીથી ઑસ્ટ્રેલિયાને જિતાડ્યું હતું. ઑસ્ટ્રેલિયાએ એ મૅચમાં બ્રૅડમૅનની અંતિમ સદીની મદદથી સ્કૉટલૅન્ડને એક દાવ અને ૮૭ રનથી હરાવ્યું હતું. ૧૯૫૪માં સ્કૉટલૅન્ડના ક્રિકેટરોએ પાકિસ્તાનનો અને ૧૯૫૫માં ભારતનો પ્રવાસ કર્યો હતો.

### સ્કૉટલૅન્ડમાં પ્રથમ મૅચ ૧૭૮૫માં રમાઈ

સ્કૉટલૅન્ડની ટીમ ઘણી આંતરરાષ્ટ્રીય મૅચો રમી ચૂક્યું છે, પરંતુ નવાઈ પમાડનારી એક વાત એ છે કે સ્કૉટલૅન્ડમાં સૌથી પહેલી ક્રિકેટ મૅચ ૧૭૮૫ની સાલમાં ઍલોઆમાં રમાઈ હતી. ૧૮૬૫માં સ્કૉટલૅન્ડની પહેલી પૂર્ણ ક્રિકેટ મૅચ ઇંગ્લૅન્ડની સરે કાઉન્ટી સામે રમાઈ હતી જેમાં સ્કૉટલૅન્ડનો ૧૭૨ રનથી વિજય થયો હતો. ૧૮૭૯માં સ્કૉટિશ ક્રિકેટ યુનિયનની સ્થાપના થઈ હતી અને ૧૮૮૨માં સ્કૉટલૅન્ડની ટીમે ઑસ્ટ્રેલિયાને સાત વિકેટે હરાવી દીધું હતું.

### સ્કૉટલૅન્ડ કયા વર્લ્ડ કપ રમ્યું છે?

સ્કૉટલૅન્ડ માટે મેન્સ વર્લ્ડ કપ કોઈ નવી વાત નથી. યુરોપનો આ દેશ કુલ આઠ વિશ્વ કપમાં રમી ચૂક્યું છે. સ્કૉટલૅન્ડ ૧૯૯૯, ૨૦૦૭ અને ૨૦૧૫માં વન-ડે વર્લ્ડ કપમાં રમ્યું હતું. સ્કૉટલૅન્ડને ટી-૨૦ વર્લ્ડ કપનો પણ બહુ સારો અનુભવ છે. સ્કૉટિશો ૨૦૦૭, ૨૦૦૯, ૨૦૧૬, ૨૦૨૧ અને ૨૦૨૨ના ટી-૨૦ વર્લ્ડ કપમાં રમ્યા હતા. આ વખતે સ્કૉટલૅન્ડ ટી-૨૦ વર્લ્ડ કપ માટે ક્વૉલિફાય નહોતું થયું, પણ બાંગ્લાદેશની હકાલપટ્ટી થતાં એને વર્લ્ડ કપમાં પ્રવેશવા મળી ગયું છે.

### સ્કૉટલૅન્ડની ભારતમાં મૅચો ક્યારે અને ક્યાં?

(૧) ૭ ફેબ્રુઆરી, ૨૦૨૬: કોલકાતામાં વેસ્ટ ઇન્ડિઝ સામે

(૨) ૯ ફેબ્રુઆરી, ૨૦૨૬: કોલકાતામાં ઇટલી સામે

(૩) ૧૪ ફેબ્રુઆરી, ૨૦૨૬: કોલકાતામાં ઇંગ્લૅન્ડ સામે

(૪) ૧૭ ફેબ્રુઆરી, ૨૦૨૬: મુંબઈમાં નેપાળ સામે.

# આજે ભારતની જીતની હૅટ-ટ્રિક સાથે સિરીઝનો વિજય પણ?

ગુવાહાટી: ભારતે ન્યૂ ઝીલૅન્ડને પાંચ મૅચવાળી ટી-૨૦ સિરીઝની પહેલી બન્ને મૅચમાં હરાવ્યું ત્યાર બાદ હવે આજે (સાંજે ૭.૦૦ વાગ્યાથી) ગુવાહાટીમાં ત્રીજી મૅચ રમાશે જે જીતીને વિજયની હૅટ-ટ્રિક કરવાનો અને ૩-૦થી વિજયી સરસાઈ મેળવવાનો ભારતને મોકો છે. પહેલા બે સુપર-શૉ બાદ ન્યૂ ઝીલૅન્ડે આ જ ખેલાડીઓ અથવા અન્ય પ્લેયર્સના પર્ફોર્મન્સ માટે તૈયાર રહેવું પડશે અને સિરીઝની હારથી આજે જ બચવું પડશે.

રણજી ટ્રોફી

# મુંબઈ અને બેન્ગાલ બોનસ પૉઇન્ટ સાથે જીતવાની તૈયારીમાં

હૈદરાબાદ/કલ્યાણી: રણજી ટ્રોફીના ચાર-દિવસીય મુકાબલામાં મુંબઈ બોનસ પૉઇન્ટ સાથે જીતવાની તૈયારીમાં છે અને એ જ રીતે બેન્ગાલ પણ રવિવારે બોનસ પૉઇન્ટ સાથે વિજય મેળવી શકે.

હૈદરાબાદમાં શનિવારે મુંબઈએ હૈદરાબાદને ફૉલો-ઑન થવાની ફરજ પાડ્યા બાદ ૧૬૬ રનમાં એની સાત વિકેટ લઈ લીધી હતી. મોહિત અવસ્થી અને મુશીર ખાને ત્રણ-ત્રણ વિકેટ મેળવી હતી. હૈદરાબાદ હજી ૧૨૭ રન પાછળ છે અને એની ત્રણ જ વિકેટ બાકી છે. હૈદરાબાદ આ ૧૨૭ રન બનાવી લે તો જ મુંબઈએ ફરી બૅટિંગ કરવા આવવું પડે. જોકે મુંબઈને એક દાવથી જીતવાનો સારો મોકો છે. પહેલા દાવમાં મુંબઈએ સરફરાઝ ખાનના ૨૨૭ રન તથા કૅપ્ટન સિદ્ધેશ લાડના ૧૦૪ રનની મદદથી ૫૬૦ રન બનાવ્યા બાદ હૈદરાબાદને ૨૬૭ રનમાં આઉટ કરી દીધું હતું.

પશ્ચિમ બંગાળના કલ્યાણી શહેરમાં બેન્ગાલે પ્રથમ દાવમાં સુદીપ ચૅટરજીના ૨૦૯ રનની મદદથી ૫૧૯ રન કર્યા બાદ સર્વિસીઝની ટીમ ૧૮૬ રનમાં આઉટ થઈ ગઈ હતી અને ફૉલો-ઑન બાદ સર્વિસીઝે ૨૩૧ રનમાં આઠ વિકેટ ગુમાવી દીધી હતી. સર્વિસીઝની ટીમ સરસાઈ ઉતારતાં પહેલાં હજી ૧૦૨ રન પાછળ, પરંતુ એની બે જ વિકેટ બાકી છે. બેન્ગાલના મોહમ્મદ શમીએ આખી મૅચમાં કુલ સાત વિકેટ (બે અને પાંચ વિકેટ) લીધી છે. બેન્ગાલને પણ એક દાવથી જીતવાની તક છે.

અન્ય મૅચોમાં બરોડાએ નાગાલૅન્ડને અને સૌરાષ્ટ્રએ પંજાબને હરાવ્યા બાદ હવે ગુજરાત-રેલવેની મૅચમાં રસાકસી થઈ છે. પ્રથમ દાવમાં ગુજરાતના ૧૭૫ રનના જવાબમાં રેલવેએ ૪૩૪ રન કર્યા હતા. બીજા દાવમાં ગુજરાતે જયમીત પટેલના ૧૦૧ રન અને વિકેટકીપર ઉર્વિલ પટેલના ૬૪ રનની મદદથી ૩૪૭ રન કર્યા હતા અને ગુજરાત હવે ૯૮ રનથી આગળ છે. આ મુકાબલો ડ્રૉમાં પણ જઈ શકે.

# પાકિસ્તાનના રવાડે ચડેલું બાંગ્લાદેશ ₹ ૧૩.૭૫ અબજ ગુમાવી શકે: ખેલાડીઓમાં નારાજગી ફેલાઈ શકે

દુબઈ/ઢાકા: ઇન્ટરનૅશનલ ક્રિકેટ કાઉન્સિલ (આઇસીસી)એ આવતા મહિને ભારત અને શ્રીલંકામાં રમાનારા મેન્સ ટી-૨૦ વર્લ્ડ કપમાં બાંગ્લાદેશના સ્થાને સ્કૉટલૅન્ડનો સમાવેશ કરી નાખવામાં આવ્યો છે એવું સત્તાવાર રીતે બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડ (બીસીબી)ને જણાવી દીધું એ સાથે આ જલદ વિષયમાં કેટલાક નવા વળાંકો જોવા મળશે અને વિવાદના નવા ફણગા ફૂટશે એમાં બેમત નથી. સૌથી મોટી વાત એ છે બાંગ્લાદેશ ક્રિકેટને આ બહિષ્કારથી આર્થિક રીતે બહુ મોટું નુકસાન થશે.

આઇસીસીની મીટિંગમાં બાંગ્લાદેશની માગણીને એકમાત્ર પાકિસ્તાને ટેકો આપ્યો હતો. પાકિસ્તાને જ બાંગ્લાદેશને ભારતમાં પોતાના ખેલાડીઓ ન મોકલવા ભરમાવ્યું હતું. બાંગ્લાદેશે ધાર્યું હશે કે આઇસીસી સહાનુભૂતિ બતાવીને એની માગણી સ્વીકારશે, પણ આઇસીસી ટસનું મસ ન થયું અને સખત વલણ અપનાવીને એના સ્થાને સ્કૉટલૅન્ડનો સમાવેશ કરીને યોગ્ય ફેંસલો આપી દીધો.

ટૂંકમાં, બાંગ્લાદેશના ખેલાડીઓ દેશની સરકાર અને ક્રિકેટ-સત્તાધીશોની મેલી રાજરમતનો શિકાર થયા છે. તેમને વર્લ્ડ કપમાં નહીં રમવા મળે એ બદલ તેમનું ક્રિકેટ બોર્ડ તેમને વળતર આપવાની સ્થિતિમાં પણ નથી, સાવ કંગાળ છે. બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડના હોદ્દેદારોમાં મોટી ફેરબદલ પણ જોવા મળશે તો નવાઈ નહીં લાગે. એક અંદાજ મુજબ બાંગ્લાદેશને વર્લ્ડ કપમાંથી કાઢી મૂકવામાં આવ્યું એનાથી બાંગ્લાદેશ ક્રિકેટને કુલ મળીને ૧૫૦ મિલિયન ડૉલર (આશરે ૧૩.૭૫ અબજ રૂપિયા)નું નુકસાન થઈ શકે. આઇસીસી તરફથી કુલ આવકમાંથી મળનારો ૨૪૦ કરોડનો હિસ્સો હવે બાંગ્લાદેશને નહીં મળે. વર્લ્ડ કપ માટે અગાઉથી બ્રૉડકાસ્ટિંગ કૉન્ટ્રૅક્ટ થયા હશે, પણ હવે બાંગ્લાદેશનો વર્લ્ડ કપમાંથી એકડો નીકળી જતાં બ્રૉડકાસ્ટિંગ દ્વારા મળનારી કરોડો રૂપિયાની કમાણી પણ ગુમાવવી પડશે. સ્પૉન્સર્સ સાથેના કરાર પણ હવે પૂર્ણ નહીં થાય. ક્રિકેટ બોર્ડની વાર્ષિક આવકમાં ૬૦ ટકા જેટલો ઘટાડો જોવા મળી શકે.

## વેપાર વાણિજ્ય

# ટ્રમ્પનું ટૅરિફ હથિયાર બુઠ્ઠું થઇ રહ્યું છે ?

**ઓપિનિયન**

**સી. એ. પ્રકાશ દેસાઈ**

૨૦૨૫ના વર્ષમાં દુનિયાભરના દેશોમાં અમેરિકન પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે જે આજ સુધી કોઇ અમેરિકન પ્રેસિડન્ટે નથી કર્યું તે ટૅરિફના હથિયારથી દુનિયાભરની ઇકોનોમિમાં હલચલ મચાવી દીધેલ છે અને તે દુનિયા કોન્કર કરવા નીકળી રહ્યાં છે. ટ્રમ્પ ક્લેઇમ કરે છે કે ભારત, બ્રાઝીલ જેવા દેશો ઉપર ૨૫ ટકા ટૅરિફ પ્લસ ૨૫ ટકા પેનલ્ટી તેમ કુલ ૫૦ ટકા એક્સપોર્ટ ટૅરિફ લાદેલ છે.

ટ્રમ્પનો દાવો છે કે આના કારણે અમેરિકાએ ૨૦૦ બિલ્યન ડૉલર્સની આવક ઉચ્ચી ટૅરિફથી એકઠી કરેલ છે. પણ સવાલ એ આવે છે કે જ્યારે કોઇ દેશ ઇમ્પોર્ટ ઉપર ટૅરિફ લગાવે તો તેનું ભુગતાનતો તે દેશના આયાતકારોએ જ ચુકવવાનું હોય કોઇ નિકાસકાર તો ચુકવતો નથી તો આ ૨૦૦ બિલ્યન ડૉલર્સની આવક અમેરિકનોએ જ અમેરિકન સરકારને ચૂકવી છે. ઘરના જ ભુવાને ઘરના જ ડાકલા !

ભારત ઉપર કારણ કે તે રશિયાથી તેલની આયાત કરે છે માટે ૨૫ ટકા ટૅરિફ અને ૨૫ ટકા પેનલ્ટી તેમ ૫૦ ટકા ટૅરિફ લાદીને ટ્રમ્પને હતુ કે ભારત અને તેની સરકાર કરગરતી તેના પાસે રાહતની ભીખ માગવા આવશે પણ આમાનું કાંઇ નથી થતા દાવોસમાં ટ્રમ્પ કહે છે કે ભારત સાથે બહુ સારી ડીલ થવાની છે. ટ્રમ્પ અને અમેરિકા જેવા શક્તિશાળી દેશની ટૅરિફની ધમકીઓનો હિંમતથી સામનો કરવો અને પાછુ વાતચીતમાં કોઇ પ્રકારનું તોછડાપણું નહીં લાવતા કે કોઇ જીભાજોડી નહીં કરતા કે અમેરિકા વિરુદ્ધ કોઇ પબ્લિક સ્ટેટમેન્ટ નહીં કરતા ભારતે તેને ઇગનોરન્સ ઇઝ ધ બેસ્ટ પૉલિસી અપનાવીને ચૂપચાપ રહીને શાંતિથી જે રીતે પરિસ્થિતિ હેન્ડલ કરેલી છે તે મારા જેવા માટે મોટી શીખ છે કે વ્યવસાયમાં, સમાજમાં કે કુટુંબમાં જ્યારે એવી પરિસ્થિતિ ઉત્પન્ન થાય કે જ્યારે આપણને લાગે કે સામેવાળો સાવ દમ વગરની વાતો એટીટયુડથી કરે છે ત્યારે તેની સાથે માથાકુટ કર્યા વગર સબસે બડી ચુપનો રસ્તો અપનાવો જરૂરી છે. આપણામાં તો કહેવાય છે ને કે મરતાને પણ મર ના કહેવાય !

અમેરિકા ઉપર ટ્રમ્પના ટૅરિફના નાચની અસર કેવી થઇ છે તેના ઉપર યુરોપની કેઇલ ઇન્સ્ટિટયૂટ ફોર ધ વર્લ્ડ ઇકોનોમીના સર્વેમાં અઢી કરોડ ટ્રાન્ઝેક્શન કે જેની વેલ્યુ ચાર ટ્રિલ્યન ડૉલર્સ થાય છે. તેમાં જાણવા મળ્યું છે કે બ્રાઝીલ ઉપર લાદેલી ૫૦ ટકા ટૅરિફ હોવા છતાં બ્રાઝીલના નિકાસકારોએ અમેરિકાએ લાદેલી એક્સપોર્ટ ટૅરિફની પરવા કર્યા વગર પહેલાના ભાવે જ માલ નિકાસ કરેલ છે અને આ વધારેલી ટૅરિફની કોસ્ટ અમેરિકન આયાતકારોએ અમેરિકન ઉપભોક્તાઓને પાસ ઓન કરેલ છે જેનો ભાર આખરે ઉપભોક્તાઓના ખિસ્સા ઉપર આવેલો છે. સર્વેમાં જાણવા મળેલ છે કે નિકાસકર્તા દેશોએ ઊંચી ટૅરિફના ડરથી તેઓનો માલ અમેરિકન આયાતકારોને વધારે મોંઘો પડશે તો તેની પરવાહ કર્યા વગર નિકાસકારોએ તેના ભાવ નીચા નથી ઉતારતા પછી ભલેને નિકાસનું વોલ્યુમ ઓછું થઇ જાય.

સર્વેમાં જણાવે છે કે ઊંચી ટૅરિફ એ અમેરિકન્સ ઉપર લાદેલા કન્ઝમશન ટેક્સ બરાબર છે.

ખાસ કરીને એશિયન અમેરિકન અને પેસિફિક આઇસલેન્ડર્સ જે ટૂંકમાં આપીના નામથી ઓળખાય છે તેઓને એમરિકન ટૅરિફનો માર વધારે પડયો છે.

કારણકે આ લોકોની રોજિંદી જિંદગીથી ખાધાખોરાકી અમેરિકન નહીં પણ તેઓની એથનિક હોવાના કારણે તેઓની ખાધાખોરાકી માલની ખરીદી આયાત થયેલા માલમાંથી જ હોય છે. જેમ કે ઇન્ડિયન અમેરિકન કે જેના માટે ભારતની દાળ ચોખા કે સાબુદાણા જેવી સેંકડો આઇટમો જોઇએ જ પછી ભલે તે ગમે તેટલી મોંઘી હોય. આ જ રીતે તે શ્રીલંકન, આફ્રિકન કે વેસ્ટ ઇન્ડિયન્સને લાગુ પડે છે.

આવા બધા લોકોને ૫૦ ટકાના ટૅરિફના કારણે ભલે વધારે કિંમત ચૂકવવી પડે તો પણ તેઓ તેની ખરીદી કરે છે કારણ કે તો જ તેઓને સંતોષ થાય છે પછી તે વેશભૂસા હોય કે ખાધાખોરાકીની ચીજો. ટૂંકમાં ઊંચી ટૅરિફનો ભાર અંતે તો ઉપભોક્તાઓ એ જ ચુકવવાનો આવે છે. ટ્રમ્પના ગાઝા બોર્ડ ઓફ પીસમાં સ્થાન મેળવવા આતુર દેશોએ અમેરિકાને એક બિલ્યન ડૉલર્સની કિંમત ચુકવવાના ગતકડાંનો કોઇ લેવાલ નથી. કૅનેડાના પ્રાઇમ મિનિસ્ટર માર્ક કેનેરીએ દાવોસમાં અમેરિકા કે ટ્રમ્પનું નામ લીધા વગર બન્નેને જે ખરી-ખોટી સુનાવી ત્યારબાદ ટ્રમ્પએ કૅનેડાએ બોર્ડ ઓફ પીસમાં જોડાવવાનું આમંત્રણ પાછું ખેંચી લીધેલ છે.

ગ્રીનલૅન્ડમાં અમેરિકાને સાથ નહીં આપવા બદલ આઠ નાટો દેશો ઉપર લાદેલી ૨૫ ટકા ટૅરિફ નાટો દેશોના ઉગ્ર વિરોધના કારણે ટ્રમ્પએ પાછી ખેંચવી પડેલ છે.

નાટોના એગ્રિમેન્ટમાં એવી જોગવાઇ છે કે જ્યારે કોઇ બીજો દેશ નાટોના કોઇપણ દેશ ઉપર આક્રમણ કરે તો નાટોના બીજા બધા દેશોએ તેના બચાવમાં મદદ કરવી પડે પણ કોઇએ ત્યારે એવું નહીં કલ્પેલું કે જ્યારે નાટોનો એક દેશ નાટોના બીજા દેશ ઉપર હુમલો કરે તો કોની સાઇડ લેવી ! અમેરિકા અને ગ્રીનલૅન્ડ બન્ને નાટો દેશોનો એક ભાગ છે !

જ્યારે ફ્રાન્સના પ્રેસિડેન્ટ મેક્રોનએ ગાઝા બોર્ડ ઓફ પીસમાં જોડાવવાના અમેરિકાના પ્રસ્તાવને ઠુકરાવી દીધો તો ટ્રમ્પ એ પ્રેસમાં વાર્તાકારોને જણાવ્યું કે એ જ્યારે ફ્રાન્સ ઉપર ૨૦૦ ટકા ટૅરિફ લગાવશે તો મેક્રોન દોડીને બોર્ડ ઓફ પીસમાં જોડાય જશે. પણ આ ધમકીથી ડર્યા વગર મેક્રોને તો દાવોસમાં તેની સ્પીચમાં ટ્રમ્પનું કે અમેરિકાનું નામ લીધા વગર ખરાખરી સંભળાવી દીધું કે દુનિયાનો શક્તિશાળી દેશ ડેમોક્રેસીના પ્રિન્સિપલ ભૂલીને ઓટોક્રેટીક બની રહ્યો છે. જેમાં વૈશ્વિક કાયદાઓ અને નોર્મ્સને પગતળે કચડીને પોતાની મનમાની રમત રમી રહ્યા છે જે એક સ્ટેબલ વર્લ્ડ ઓર્ડર માટે બહુ મોટો ખતરો છે.

આજ દાવોસના વર્લ્ડ ઇકોનોમિક ફોરમમાં બોલતા યુરોપિયન યુનિયનના ચીફ ઉર્સુલા વૉનો જણાવ્યું કે તે દાવોસથી સીધી ભારતની મુલાકાત કરશે અને યુરોપ સાથેના ભારતના ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ કે જે મધર ઓફ ઓલ એગ્રિમેન્ટ હશે તે ફાઇનલ કરશે.

ઉર્સુલાના આ સ્ટેટમેન્ટ બાદ ટ્રમ્પને લાગી રહ્યું છે કે ભારતને પ્રેસરમાં લાવવાના તમામ પ્રયાસો નિષ્ફળ જઇ રહ્યાં છે અને ભારતનો યુ.કે., ન્યૂ ઝીલેન્ડ, ઓસ્ટ્રેલિયા અને યુરોપિયન યુનિયન સાથે ફ્રી ટ્રેડ એગ્રિમેન્ટ કરીને દાદાજીની ભાષામાં અમેરિકાને તડકે મૂકી દીધેલ છે અને અમેરિકન કોર્ટ શા માટે ટ્રમ્પની ટૅરિફ પૉલિસીની કોન્સ્ટિટયુશનલ પાવર ઉપરનું જજમેન્ટ વારંવાર તારીખો પાડીને મુલતવી રાખે છે. તેમાં પણ કંઇક રંધાય રહેવાની ગંધ આવતી લાગે છે. લાગે છે કે ટ્રમ્પે અમેરિકન ઇતિહાસ બરાબર ભણ્યો નથી કારણકે અમેરિકાના ત્રીજા પ્રમુખ થોમસ જેફરસને કહેલું હતું કે 'વ્હને ટાયરની બીકમ્સ લો, રિબેલિયન બીકમ્સ ડયુટી' અને દુનિયા ખાસ કરીને ફ્રાન્સ, બ્રાઝીલ, ચીન અને કંઇક અંશે આપણે પણ આ જ ભાષામાં ટ્રમ્પને તેની ઠુઠૂ થઇ રહેલી ટૅરિફની તલવારને જવાબ આપી રહ્યાં છીએ.

# સ્મોલ ગ્રેડની ખાંડમાં ₹ ચારથી આઠની પીછેહઠ

નવી મુંબઈ: મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્મોલ ગ્રેડની ખાંડમાં સ્થાનિક તેમ જ દેશાવરોની માગ જળવાઈ રહી હોવા છતાં ઊંચા મથાળેથી નફારૂપી વેચવાલીનું દબાણ રહેતાં ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૧૦ના ઘટાડા સાથે રૂ. ૩૬૬૦થી ૩૭૦૦માં થયાના નિર્દેશો સાથે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં પણ સ્મોલ ગ્રેડની ખાંડમાં ક્વિન્ટલે રૂ. ચારથી આઠનો ઘટાડો આવ્યો હતો, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં ટકેલું વલણ રહ્યું હતું.


PUBLIC NOTICE પબ્લિક નોટીસ

**પશ્ચિમ રેલવે**

**પાર્સલ SLR/VPના લિઝિંગના કોન્ટ્રાક્ટ માટે ઈ-ઓક્શન**

DRM (C) - BCT દ્વારા મુંબઈ ડિવિઝનથી ઉપડતી ટ્રેનોમાં પાર્સલ SLR લિઝ આઉટ કરવા માટે કોન્ટ્રાક્ટ માટે ઈ-ઓક્શન. કેટલોક IREPS વેબસાઈટ પર પહેલાથી જ પ્રકાશિત કરવામાં આવી છે. વિગતો નીચે મુજબ છે:- **કોન્ટ્રાક્ટના પ્રકાર: પાર્સલ, કેટેગરી : પાર્સલ SLR.**

૧. ઓક્શન કેટલોગ નં. MMCT-PLS-૨૬-૦૭ — લોટ નંબર: ૧૨૯૬૧- SLR-R૧ MMCT-INDB ૨૫-૨; ૨૨૯૧૩- SLR-R૧ BDTS-SHC- ૨૪-૧. ઈ-ઓક્શનની તારીખ & સમય: લોટ માટે ઈ-ઓક્શન પ્રારંભ ૨૭.૦૧.૨૦૨૬ના ૧૨.૦૦ ક. પ્રારંભિક કૂલિંગ મુદત ૩૦ મિનિટનો છે. કોન્ટ્રાક્ટ મુદત: ૦૩ વર્ષ.

૨. ઓક્શન કેટલોગ નં. MMCT-PLS-૨૬-૦૮ — લોટ નંબર: ૧૯૦૯૧- SLR-R૧ BDTS-GKP- ૨૬-૧. ઈ-ઓક્શનની તારીખ & સમય: લોટ માટે ઈ-ઓક્શન ૨૮.૦૧.૨૦૨૬ના ૧૨.૦૦ ક. પ્રારંભિક કૂલિંગ મુદત ૩૦ મિનિટનો છે. કોન્ટ્રાક્ટ મુદત: ૦૩ વર્ષ.

૩. ઓક્શન કેટલોગ નં. MMCT-PLS-૨૬-૦૯ — લોટ નંબર:

| | |
|---|---|
| 09049-SLR-F1 DDR-BSL-26-1 | 21903-SLR-F1 BDTS-BKN-25 2 |
| 09049-SLR-F2 DDR-BSL-26-1 | 21903-SLR R1-BDTS-BKN 25-2 |
| 09049-SLR-R1 DDR-BSL-26-1 | 20907-SLR-F1 DDR-BHUJ 25-2 |
| 09051-SLR-F2 DDR-BSL-26-1 | 22971-SLR R1-BDTS PNBE-25-1 |
| 19003-SLR-F2 DDR-BSL-26-1 | 12925-SLR-F1 BDTS-ASR-26 1 |

ઈ-ઓક્શનની તારીખ & સમય: લોટ માટે ઈ-ઓક્શન પ્રારંભ ૦૩.૦૨.૨૦૨૬ના ૧૨.૦૦ ક. પ્રારંભિક કૂલિંગ મુદત ૩૦ મિનિટનો છે. કોન્ટ્રાક્ટ મુદત: ૦૩ વર્ષ.

૪. ઓક્શન કેટલોગ નં. MMCT-PLS-૨૬-૦૯ — લોટ નંબર: ૦૯૦૬૫- SLR-R૧ ST-CPR ૨૬-૧; ૦૨૧૩૩- SLR-R ૧ BDTS-JBP- ૨૫-૪; ૦૨૧૩૩- SLR-F૧ BDTS-JBP-૨૫-૩. ઈ-ઓક્શનની તારીખ & સમય: લોટ માટે ઈ-ઓક્શન પ્રારંભ ૦૩.૦૨.૨૦૨૬ના ૧૨.૦૦ ક. પ્રારંભિક કૂલિંગ મુદત ૩૦ મિનિટનો છે. કોન્ટ્રાક્ટ મુદત: ૦૩ મહિના.

નોંધ: કૃપા કરીને પાર્સલ SLR / VPs https://www.ireps.gov.in ના ઈ-ઓક્શનની વિગતો માટે આ સાઈટની મુલાકાત લો. 1049

અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: X.com/WesternRly

**પશ્ચિમ રેલવે**

**વ્યાપક વાર્ષિક જાળવણી કોન્ટ્રાક્ટ**

ડે. ચીફ વર્કશોપ મેનેજર, કેરેજ રિપેર વર્કશોપ, પશ્ચિમ રેલવે, N. M. જોષી માર્ગ, લોઅર પરેલ, મુંબઈ-૪૦૦૦૧૩, ઈ-ટેન્ડર નોટિસ નં.: WR-PLCAMC-DV ટેસ્ટ બેન્ચ તારીખ: ૨૨.૦૧.૨૦૨૬ મંગાવે છે. કામનું નામ સાથે તેનું સ્થળ: લોઅર પરેલ વર્કશોપ ખાતે ૦૨ વર્ષ માટે કમ્પ્યુટરીઝ્ડ DV ટેસ્ટ બેન્ચ, BMBC ટેસ્ટ બેન્ચ અને SCTR ટેસ્ટ બેન્ચનું વ્યાપક વાર્ષિક જાળવણી કોન્ટ્રાક્ટ (CAMC). અંદાજિત કિંમત: ₹ ૯,૬૧,૭૦૦/-. બાનાડી: ₹ ૧૯,૨૦૦/-. સુપ્રતિ માટે છેલ્લી તારીખ અને સમય: ૧૧.૦૨.૨૦૨૬, ૧૫.૦૦ ક. સુધી. ખોલવાની છેલ્લી તારીખ અને સમય: ૧૧.૦૨.૨૦૨૬ના ૧૫.૩૦ ક. વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઈટ www.ireps.gov.in ની મુલાકાત લો. 1048

અમને લાઈક કરો: facebook.com/WesternRly

**પશ્ચિમ રેલવે - ભાવનગર મંડળ**

**વિવિધ એન્જિનિયરિંગ કાર્યો**

**ટેન્ડર નં. 256-2025-26 થી 262-2025-26**

| નં: | ઇ-ટેન્ડર નં. | કાર્યનું નામ | ટેન્ડર કિંમત (રૂ.) | EMD રૂ. |
|---|---|---|---|---|
| 1 | 256-2025-26 | પશ્ચિમ રેલવેના ભાવનગર ડિવિઝનમાં ફ્લેશ બટ વેલ્ડ્સનું ફેઝ્ડ એરે યુએસએફડી ટેસ્ટિંગ (PAUT). | 13,55,39,604.00 | 8,27,700.00 |
| 2 | 257-2025-26 | ભાવનગર મંડળ - Sr.DEN (સેન્ટ્રલ) ના અધિકારક્ષેત્ર હેઠળ એલસી નંબર 43, 46, 50, 51, 57, 78, 85, 86, 89, 94, 99, 101 (ઢસા-રાજુલા સેક્શન), એલસી નંબર 112X (રાજુલા-મહુવા સેક્શન), એલસી નંબર 10, 13 (રાજુલા-પીપાવાવ સેક્શન), એલસી નંબર 07 (ઢસા-જેતલસર સેક્શન), અને એલસી નંબર 29 (રાજકોટ-જેતલસર સેક્શન) પર રોડ અંડર બ્રિજ/મર્યાદિત ઊંચાઈવાળા સબવે બનાવીને 17 લેવલ ક્રોસિંગ નાબૂદ કરવા માટે ગ્રુપ વર્ક. | 1,31,60,90,546.16 | 67,30,500.00 |
| 3 | 258-2025-26 | રાજુલા-પીપાવાવ અને ઢસા-રાજુલા વિભાગમાં 87 નંબરના સ્વીચ એક્સપાન્શન જોઈન્ટ્સ (SEJ) ના રિપ્લેસમેન્ટ સાથે 1604 નંબરના વેલ્ડના મંજૂર વર્ક થ્રુ વેલ્ડ રિન્યુઅલ (TWR) સામે ટ્રેક સંબંધિત કાર્ય. | 98,47,017.00 | 1,97,000.00 |
| 4 | 259-2025-26 | DEN-W અધિકારક્ષેત્રના સંદર્ભમાં ટ્રેકનું કામ - 5 સ્ટેશનો પર ટ્રેક મશીન સાઈડિંગ પૂરું પાડવું. | 2,74,87,903.68 | 2,87,400.00 |
| 5 | 260-2025-26 | DEN - W અધિકારક્ષેત્રના સંદર્ભમાં સિવિલ વર્ક - 5 સ્ટેશનો પર ટ્રેક મશીન સાઈડિંગ પૂરું પાડવું. | 8,91,65,294.53 | 5,95,800.00 |
| 6 | 261-2025-26 | એડીઈએન પોરબંદર અધિકારક્ષેત્ર: વિવિધ વસાહતોના ક્વાર્ટર્સમાં સુધારો. | 1,55,47,305.31 | 2,27,700.00 |
| 7 | 262-2025-26 | એસએસઈ (ડબલ્યુ) ભાવનગર પરા અધિકારક્ષેત્ર હેઠળ ભાવનગર પરા ખાતે સ્ટાફ વાહનોના પાર્કિંગ માટે ડીઆરએમ ઓફિસના કમ્પાઉન્ડ વિસ્તારનું વિસ્તરણ વગેરે. | 1,06,41,455.56 | 2,03,200.00 |

ઉપરોક્ત તમામ ટેન્ડર માટે: બિડિંગ શરૂ થવાની તારીખ: 02/02/2026 બિડિંગ બંધ થવાની તારીખ: 16/02/2026 NIT ને રેલવે વેબસાઈટ www.ireps.gov.in પર તારીખ-23/01/2026 ના રોજ અપલોડ કરવામાં આવેલ છે BVP 254

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly


# વિદેશી હૂંડિયામણની અનામતમાં ૧૪ અબજ ડૉલરનો ઉછાળો

મુંબઈ: ગત ૧૬મી જાન્યુઆરીના રોજ પૂરા થયેલા સપ્તાહે દેશની કુલ વિદેશી હૂંડિયામણની અનામત ૧૪.૧૬૭ અબજ ડૉલર ઉછળીને ૭૦૧.૩૬ અબજ ડૉલરની સપાટીએ રહી હોવાનું આરબીઆઈ એ જણાવ્યું છે. દેશની કુલ અનામતમાં બહોળો હિસ્સો ધરાવતી વિદેશી ચલણી અસ્ક્યામતો ૯.૬૫૨ અબજ ડૉલર વધીને ૫૬૦.૫૧૮ અબજ ડૉલરના સ્તરે રહી હતી.

વિદેશી ચલણી અસ્ક્યામતોમાં ડૉલર ઉપરાંત યુરો, પાઉન્ડ અને યેન જેવાં અન્ય મુખ્ય ચલણો સામે રૂપિયામાં થયેલી વધઘટને પણ ધ્યાનમાં લેવામાં આવતી હોય છે. વધુમાં સપ્તાહ દરમિયાન સોનાની અનામત ૪.૬૨૩ અબજ ડૉલર વધીને ૧૧૭.૪૫૪ અબજ ડૉલરના સ્તરે રહી હતી. જોકે, આઈએમએફ સાથેના સ્પેશિયલ ડ્રોઈંગ રાઈટ્સ ૩.૫ કરોડ ડૉલર ઘટીને ૧૮.૭૦૪ અબજ ડૉલરના સ્તરે અને ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ સાથેની અનામત પણ ૭.૩ કરોડ ડૉલર ઘટીને ૪.૬૮૪ અબજ ડૉલરના સ્તરે રહી હતી.

### સાત કિલોમીટર સુધી વાહનોની લાંબી લાઈન

# સળંગ રજા મળતાં મુંબઈગરા ફરવા નીકળી પડ્યાઃ મુંબઈ-પુણે એક્સપ્રેસ-વે પર ટ્રાફિક જૅમ

## મુંબઈ-પુણે એક્સપ્રેસ-વે અને જૂના મુંબઈ-પુણે હાઈવે પર વાહનોની સંખ્યા અધધધઃ કલાકો સુધી વાહનધારકો રઝળી પડ્યા



મુંબઈઃ સળંગ ત્રણ દિવસની રજા મળતાં જ મુંબઈગરા ફરવા નીકળી પડ્યા હોવાનું મુંબઈ-પુણે એક્સપ્રેસ વે અને જૂના મુંબઈ-પુણે હાઈવે પરના ટ્રાફિક જૅમ પરથી લાગી રહ્યું છે. પુણે જતા માર્ગ પર અચાનક વાહનોની સંખ્યા વધી જવાને કારણે સાત કિલોમીટર સુધી વાહનોની લાઈન લાગી હતી, જેને કારણે કલાકો સુધી વાહનધારકો રઝળી પડ્યા હતા.

૨૪, ૨૫ અને ૨૬ તારીખે ચોથો

(જુઓ પાનું ૪) ▸▸

# મીરા-ભાયંદરમાં કૉંગ્રેસ-શિંદે સેનાની યુતિ

મુંબઈઃ ભાજપે મ્યુનિસિપલ ચૂંટણીમાં મોટો ધમાકો કર્યો. ભાજપે ઘણી નગરપાલિકાઓમાં મૈત્રીપૂર્ણ પક્ષો તેમજ વિરોધીઓનો અનાદર કર્યો. દરમિયાન, ઘણી નગરપાલિકાઓમાં મૈત્રીપૂર્ણ પક્ષો તેમજ વિરોધીઓ ભાજપ સામે એક થયા છે. ઘણી નગરપાલિકાઓમાં 'આપણે બધા ભાજપ વિરુદ્ધ છીએ' જેવો નાટકીય પ્રયોગ રમાઈ રહ્યો છે. ચંદ્રપુર, અકોલા, અમરાવતી સહિત ઘણી જગ્યાએ ભાજપને સત્તાથી દૂર રાખવા માટે સ્થાનિક સ્તરે મોટી લડાઈ ચાલી રહી છે. મીરા-ભાયંદર મ્યુનિસિપલ કોર્પોરેશનમાં પણ 'આપણે બધા ભાજપ વિરુદ્ધ છીએ' આ પ્રયોગની ચર્ચા થઈ રહી છે. એકનાથ શિંદેના શિવસેના નેતા અને પરિવહન પ્રધાન પ્રતાપ સરનાઈકે આ અંગે ભાજપને ચેતવણી પણ આપી છે.

મીરા-ભાયંદરમાં અન્ય પક્ષોએ ભાજપ વિરુદ્ધ ગઠબંધન બનાવ્યું છે. કોંગ્રેસ-શિવસેના શિંદે જૂથે અહીં ગઠબંધન બનાવ્યું છે. આ બંને પક્ષોએ સાથે મળીને 'શહેર વિકાસ આઘાડી' બનાવી છે. ભારતીય જનતા પાર્ટીએ મીરા-ભાયંદર મ્યુનિસિપલ કોર્પોરેશન ચૂંટણી ૨૦૨૬માં સ્પષ્ટ બહુમતી મેળવીને સત્તા મેળવી છે. વિરોધ પક્ષોની ગતિવિધિઓને કારણે મ્યુનિસિપલ કોર્પોરેશનમાં રાજકારણ ગરમાવા લાગ્યું છે. કોંગ્રેસ અને શિવસેના (શિંદે જૂથ)ના કોર્પોરેટરોએ 'શહેર વિકાસ આઘાડી' બનાવવા માટે ભેગા થઈને બધાનું ધ્યાન ખેંચ્યું

(જુઓ પાનું ૪) ▸▸

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"

# ₹ ૧૦,૦૦૦ કરોડના મહારાષ્ટ્ર સદન કૌભાંડઃ ભુજબળ નિર્દોષ

મુંબઈઃ રાજકારણમાં આરોપ-પ્રત્યારોપ નવા નથી. જોકે, કેટલાક એવા કિસ્સાઓ છે જે સમગ્ર રાજ્યના રાજકારણમાં હલચલ મચાવી દે છે. આવો જ એક બહુચર્ચિત કેસ 'મહારાષ્ટ્ર સદન કૌભાંડ' છે. ૧૦,૦૦૦ કરોડ રૂપિયાના ભ્રષ્ટાચારના આરોપો, એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઇડી) ની એન્ટ્રી અને ઘણા વર્ષો સુધી ચાલેલી કાનૂની લડાઈ, આ બધા માંથી છગન ભુજબળનો છુટકારો થયો છે.

અંધેરીની ઝૂંપડપટ્ટી અને દિલ્હી વચ્ચેનું કનેક્શન!

આ સમગ્ર ઘટનાના મૂળ મુંબઈના

(જુઓ પાનું ૪) ▸▸

# આજે રેલવેની ત્રણેય લાઇનમાં બ્લોક

મુંબઈઃ દર રવિવારની જેમ આ રવિવારે પણ સિગ્નલ, ટ્રેક મેઇન્ટેનન્સ સહિત મહત્ત્વના કામ હાથ ધરવામાં આવવાનું હોવાથી રેલવે દ્વારા ત્રણેય લાઈન પર મેગા બ્લોક હાથ ધરવામાં આવશે. આ બ્લોકને કારણે ત્રણેય લાઈન પર લોકલ ટ્રેનોના ધાંધિયા જોવા મળશે.

મધ્ય રેલવે દ્વારા આપવામાં આવેલી માહિતી

(જુઓ પાનું ૪) ▸▸




# સોલાપુરમાં એકનાથ શિંદે - ઉદ્ધવ ઠાકરેની શિવસેનાએ હાથ મિલાવ્યા!!

## એકનાથ શિંદેનો નનૈયો

મુંબઈઃ શિવસેના (ઠાકરે) પક્ષના વિધાનસભ્ય દિલીપ સોપલે સોલાપુરના બાર્શી માટે મહાગઠબંધન બનાવ્યું છે અને તેમાં એકનાથ શિંદેની શિવસેનાનો પણ સમાવેશ કર્યો છે.

બંને શિવસેનાએ સોલાપુરના બાર્શી તાલુકામાં જિલ્લા પરિષદની ચૂંટણી માટે ગઠબંધન બનાવ્યું છે.

રાજ ઠાકરેએ તાજેતરમાં કહ્યું હતું કે રાજ્યમાં હાલનું રાજકારણ એક દુઃસ્વપન છે. રાજ્યમાં કયો પક્ષ કોની સાથે ગઠબંધન કરી રહ્યો છે તેનો કોઈ સંકેત નથી. ભાજપ અને એમઆઈએમ પણ ગઠબંધન બનાવતા જોવા

(જુઓ પાનું ૪) ▸▸

# ઈલોન મસ્ક સાથે લગ્નની ઘેલછાઃ મહિલાએ ₹ ૧૬.૩૪ લાખ ગુમાવ્યા

મુંબઈઃ વિશ્વના સૌથી ધનાઢ્ય વ્યક્તિઓમાંના એક ઈલોન મસ્ક સાથે લગ્ન કરવાની ઘેલછામાં ચેમ્બુરની મહિલાએ ૧૬.૩૪ લાખ રૂપિયા ગુમાવ્યા હોવાનું સામે આવ્યું હતું. સોશ્યલ મીડિયા પર ઈલોન મસ્કના નામે બોગસ આઈડી તૈયાર કરી તેના માધ્યમથી સાયબર ફ્રૉડે મહિલા સાથે ચૅટિંગ કરવા માંડ્યું હતું. પછી અમેરિકામાં વૈભવી જીવનશૈલીનાં સપનાં દેખાડી વિઝા ફી સહિત વિવિધ બહાને મહિલા પાસેથી નાણાં પડાવ્યાં હતાં.

ચેમ્બુરમાં રહેતી અને વીમા કંપનીમાં કામ કરતી ૪૦ વર્ષની મહિલાએ આ પ્રકરણે સાયબર પોલીસમાં ફરિયાદ

(જુઓ પાનું ૪) ▸▸

# અંધેરીમાં ગોળીબારના કેસમાં એક્ટર કમાલ આર ખાનની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)



મુંબઈઃ અંધેરીના લોખંડવાલા પરિસરમાં આવેલી પૉશ ઈમારતમાં ગોળીબારના કેસમાં પોલીસે શનિવારની વહેલી સવારે કેઆરકે તરીકે જાણીતા અભિનેતા કમાલ આર ખાનની ધરપકડ કરી હતી. લાઈસન્સવાળી પિસ્તોલની ટેસ્ટિંગ દરમિયાન ગોળીબાર થયો હોવાનો દાવો અભિનેતાએ કર્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. એક વરિષ્ઠ

(જુઓ પાનું ૪) ▸▸




ROC - D5355

"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Weekly) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. RNI Registration No. 1689/1957. ''મુંબઈ સમાચાર સાપ્તાહિક'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨, દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર) ઈ-મેઈલઃ samachar.bombay@gmail.com ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. R.N.I. No. 1689/1957.